# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર

**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**
હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પ્રત-પુસ્તકોને સ્કેન કરાવીને ૫૪ પુસ્તકોના સેટ નં.-૧ ની
ડી.વી.ડી. (DVD) બનાવી તેની યાદી ----- ઈ. સ. ૨૦૦૯ (સં. ૨૦૬૫)

*આ પુસ્તકો www.jainelibrary.org / www.jainelibrary.com વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્ત્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |
| 026 | तत्त्पोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |

| | | | |
|---|---|---|---|
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय३ (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર – ૧૪

## શિલ્પશાસ્ત્ર ગ્રંથ

# રાજવલ્લભ યાને શિલ્પશાસ્ત્ર

**: દ્રવ્ય સહાયક :**

અધ્યાત્મયોગી આચાર્ય મહારાજા શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ને જ્ઞાનનો એટલો રસ, વિહાર ગમે તેટલો કરીને આવ્યા હોય છતાં મહાત્માઓને વાચના આપે જ, તેઓશ્રીના હાથમાં પુસ્તક હોય જ, ક્યારે પણ પુસ્તક વીના બેઠેલા જોયા નથી... જેઓશ્રીએ જ્ઞાન માટે અથાગ મહેનત કરી હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક ગચ્છનાયક પ.પૂ. કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તીની સરલ સ્વભાવી પ.પૂ. ન્યાયશ્રીજીના શિષ્યા માતૃહૃદયા પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજીના શિષ્યા વિક્રમઇન્દ્રાશ્રીજીના શિષ્યા શ્રીઈન્દ્રયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કેશવબાગ કોલોનીના બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી

**: સંયોજક :**


**શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા**

**શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

**શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન**

હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦



**સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯**

"Aho Shrutgyanam"

# राजवल्लभ.

અથવા

# शिल्पशास्त्र.

જુના પુસ્તકો ઉપરથી તૈયાર કરી શિલ્પકામ સમજવા ઇચ્છા

રાખનાર માટે સચિત્ર ગૂજરાતીમાં ભાષાન્તર કર્તા.

**પાટણના નારાયણભારતી યશવંતભારતી ગોસાંઇએ**

**શાસ્ત્રી મહાસુખરામ નારણજી અને હિમ્મતવિજયજી કસ્તુરવિજયજીની**

**મદદવડે તૈયાર કરેલું તે.**

છપાવી પ્રસિદ્ધ કરનાર.

**બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.**

**ત્રણ દરવાજા—અમદાવાદ.**

આવૃત્તિ ૩ જી. પ્રત. ૧૦૦૦

અમદાવાદ શ્રી સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યો.

સન. ૧૯૧૧ સંવત. ૧૯૬૭

મુલ્ય. રૂ. ૩)

"Aho Shrutgyanam"

આ પુસ્તક સંબંધી સર્વે હક્ક પ્રસિદ્ધ કર્ત્તાએ સંવત ૧૯૬૭ ના
૨૫ મા આકટ મુજબ રજીસ્ટર કર્યા છે. માટે પ્રસિદ્ધ
કર્ત્તાની પરવાનગી શીવાય તેમાના શ્લોક અથવા
ભાષાન્તરનો કોઈ પણ નાનો મોટો ભાગ
અગર લાઇન છાપવી છપાવવી અથવા
અન્ય કોઈ ભાષામાં ભાષાન્તર
કરવી નહીં.

"Aho Shrutgyanam"

# પ્રસ્તાવના.

સંસારમાં દિગંબર વિના એવો બીજો કોણ પ્રાણી હશે, કે જે પોતાના સુખને ઇચ્છે નહિ ? સર્વ સુખને ઇચ્છે છે, જુઓ સમુદ્રની ઉંડાઈ તથા આકાશની ઉંચાઈ અને પૃથ્વીની સીમાનો પાર પામવા પોતાના પ્રાણનો યાહોમ થવાની ધાસ્તી ન રાખતાં નિડરપણે અનેક કષ્ટો સહન કરનાર સાહસિક પુરૂષો પણ પોતાને સુખ મળવાની ઇચ્છા રાખે છે, એટલુંજ નહિ, પણ કીડીથી હસ્તિ પર્યંત અનેક પશુઓ જેને કેવળ આહાર, ભય, નિદ્રા અને મૈથુન વિના પાંચમું જાણપણું નથી એવા રાત્રીએ ભ્રમણ કરનાર દિવસનું સુખ ઇચ્છે છે અને દિવસે ભમનાર રાત્રી વિષે સુખ પ્રાપ્ત થવાનો પ્રયત્ન કરે છે, એવું અમૂલ્ય જે સુખ તે આ સંસારમાં **આશ્રમ** વિના બીજું શું હશે? સર્વ પ્રકારનાં સુખો આશ્રમવડેજ મળે છે પછી જેવું જેને ઘટે તેવું તેને આશ્રમ હોય તો આશ્રમીને સુખનો સ્વાદ પ્રાપ્ત થાય છે.

જેને સુખ કહેવામાં આવ્યું છે તે દૃશ્ય પદાર્થ નથી કે નિર્બળ પાસેથી સબળ છીનાવી લેશે, અગર તેમ બને તોપણ નિર્બળને ફરી પ્રાપ્ત નહિ થાય એમ તો થાયજ નહિ કારણ કે નિર્બળને જે ઠેકાણે આશ્રમ મળે તે ઠેકાણે સુખ હોયજ, સુખરૂપ અદૃશ્ય છે તે પ્રાણીના અંતઃકરણને આનંદ આપનાર છે તેવા આનંદનું મૂળ તો **ઘર** છે.

જગત્‌માં મનુષ્યોને સુખનું સાધન ઘર છે તે ઘર ગણિત અને માપ સાથે સુશોભિત થાય છે તો હર્ષપૂર્વક તેનો ઉપભોગ લેવાય છે. અરે ! આ લોક અને પરલોકમાં સર્વ ગૃહાશ્રમી છે. પ્રથમ ઘર હોય તોજ અન્ય પદાર્થો સુખની બુદ્ધિ કરનાર છે.

આશ્રમ વિના કોઇને ચાલેજ નહિ, એમ નિશ્ચય થવે જેમાં અનેક કળાઓનો પાર નથી એવા અગાધ સમુદ્રરૂપી શિલ્પશાસ્ત્રના મુખ્ય આચાર્ય **વિશ્વકર્માએ**, શિલ્પના અનેક ગ્રંથો રચ્યા કહેવાય છે, તેના આધારે બીજા થતા આવેલા શિલ્પકારોએ ઘણા ગ્રંથો રચ્યા હતા. તેમાં કહેલા નિયમને અનુસરી પૂર્વેના શિલ્પકારોના હાથે બનેલા પ્રાસાદોનાં વર્ણનો આપણે વાંચીએ છીએ તો તેમાં અદ્‌ભૂતતા દેખાવાથી અતિશયોક્તિ વાપરેલી છે, એમ માનવામાં આવે છે, પણ તેવા પ્રાસાદોના રહેલા ભાગોની પ્રશંસા સમુદ્રપાર થાય છે. જુઓ "**આબુ**માં દેલવાડાના જૈન પ્રાસાદો" તથા "**સિદ્ધપુર**માં મહારૂદ્રાલય" તથા જુઓ **મારવાડ** અને **મેવાડ**ની સીમાસંધી ઉપર રાણપુર

"Aho Shrutgyanam"

પ્રાસાદ" અને જુઓ "*મુંઢેરામાં સૂર્યપ્રાસાદ" ની અદ્ભુત કારીગરી હોવાથી જેની પ્રતિકૃતિ ( Medal ) વિલાયતમાં મોકલાઈ હશે, એટલુંજ નહિ પણ કોકણ, ધારવાડ અને મદ્રાસ ઈત્યાદિ દેશોમાં પ્રાચીન વખતમાં બનેલા પ્રાસાદોમાં કરેલા શિલ્પકામ પ્રમાણે તેની નકલ કરવા આજ કોણ શિલ્પકાર હિમ્મત ભરે છે? માત્ર ફોટોગ્રાફયંત્રવડે નકલ કરવામાં આવે તોજ તે અસલ પ્રમાણે થાય છે; શિલ્પશાસ્ત્રરૂપી સમુદ્રમાં અનેક પ્રકારની કારીગરીના કોઠારો ભરેલા છે, તેના ઉપર પાણી ફરી વળવે અદૃશ્ય થઈ ગયા છે ! ! પાણી એટલે પીવાનું નહિ પણ ભારતવર્ષની માલકીપણાનો અભિમાન ધરનાર પ્રચંડ ભુજદંડવાળા શુરવીર ક્ષત્રીઓમાં કુસંપરૂપી વૃક્ષે અંકુર પ્રકટ કરવાથી હું મૂર્તિને તોડનાર છું: પણ તેનો વેપાર કરનાર નથી, તથા અન્ય ધર્મનો નાશ કરી દીનમાં લાવવાથી મને મોટું પુન્ય થાય છે, એવું માનનારા **મહમદ** વંશીની સલ્તનતના જુલમી ઝપાટામાં આર્યોને વટલાવતા અને મુસલમાની ધર્મ સ્વીકારે તેને જીવતદાન પણ આપતા હતા; એટલેથી બસ નથી પણ એક વાઘ બકરાને કહે કે હું પાણી પીતો હતો તે વખત તેં પાણી શામાટે ડોહોળી નાખ્યું ? બકરૂં કહે, મેં તો પાણીમાં હજી પગ પણ મુક્યોજ નથી, વાઘે કહ્યું ત્યારે દૂરથી મને દેખી તું ગાળો કેમ બોલતો હતો ? બકરૂં કહે, સ્વપ્નામાં પણ તેમ થયું નથી. વાઘે કહ્યું, તું નહિ બોલ્યો હોય તો તારા બાપે મને ગાળો દીધી હતી તેનું વૈર વાળવું જોઇએ એમ કહી બકરાને મારી નાખ્યું. એ રીતે મુસલમાનો પણ આર્યોની છેડતી શોધી વિનાઅપરાધે ધારાતીર્થમાં સ્નાન કરાવતા હતા તથા જેના માટે લાખો રૂપિયા ખરચી અનેક દુઃખો સહન કરેલાં એવા પ્રાસાદોના કટકેકટકા કરી નાંખે અને તેવાં બનાવવા પણ ન દે, તેથી શિલ્પશાસ્ત્રના અભ્યાસની જરૂર નહિ રહેવાથી કેટલાક ગ્રંથો ઉધઇનો ભોગ થઈ પડ્યા અને કેટલાક ગ્રંથો મુસલમાનોને હાથ આવ્યા તેને તો અગ્નિમાં આહુતિ આપી દીધી, તોપણ કોઈ પાસે રહી ગયા હશે તો ભીતિના કારણે તે કોઇને બતાવે નહિ. વળી કારીગરો પણ થોડાજ રહ્યા એટલે એકબીજાથી ચોરી રાખવા લાગ્યા ( તેથીજ ભારતમાં ભીખ માગતા થયા ) અગર મોટા પ્રયાસે કોઇના પાસેથી

---

* **મુંઢેરાના** દેવળની નકલ મેહેરબાન **એ. ફોર્બીસ** સાહેબે મારી મારફતે પાટણના સલાટ **ગણુપતના** હાથે પારેવા પથ્થરમાં કોતરાવી હતી તે વિલાયત મોકલાવી છે એમ સાહેબ માસુફ કહેતા હતા. એ **ગણુપત** સલાટ જેવો હવે પાટણમાં કારીગર નથી.

"Aho Shrutgyanam"

વાંચવાના બાને કોઇને ગ્રંથ મળે તો તે પંદર દિવસનું કામ હોય તોપણ બમણી ફી આપી બે દિવસમાં લખાવી ઘરમાં બાંધી મુકે, લેખકે સેંકડો ભુલ કરી હોય તેને દૂર કરવાનું સાધન વિદ્યા છે પણ તે તો પ્રથમથીજ વિદાય થયેલી હતી, તોપણ જ્યારે કોઈ ઠેકાણે શિલ્પકામની તકરાર પડે તે વખત બોલી ઊઠે કે મારી પાસે શિલ્પના ફલાણા ફલાણા ગ્રંથો છે તેમાં ફલાણી રીતે કહ્યું છે, સામાવાળો વાંચી બતાવવા કહે ત્યારે તો કહેશે કે ચાલો ફલાણા ગોર પાસે ? ! ! શિલ્પના પારિભાષિક શબ્દોમાં ગોર શું જાણે ? તોપણ પગે વળગેલી બલા ટાળવા આડું અવળું સમજાવી કાઢે, એ રીતે શિલ્પશાસ્ત્ર ઉપર "પાણી ફરીવળ્યું" છે, તોપણ મોજે **કોસીલા** તાલુકે **પાલી** ઇલાકે **જોધપુરના** ગામના સોમપુરા શિલાવટ **કેવળરામ રઘુનાથજી** વૃદ્ધ વયના છે તેમણે પોતાની પાસેનાં કેટલાંક પુસ્તકો અને પ્રાચીન વખતના નકશાઓ રાજવલ્લભને મદદ કરતા થાય તેવા **હિમ્મતવિજયજી** સાથે મોકલ્યા હતા, તે **કેવળરામને** બીજા કારીગરોના સ્વભાવની અસર થઈ નથી માટે ધન્ય માનિયે છિયે. સાંપ્રતકાળમાં નીતિવાન ઇંગ્રેજી રાજ થયા પછી અનેક સુખો પ્રાપ્ત થયાં, વૈભવ પ્રકાશ પામ્યો અને ભય દૂર થવે અનેક ગ્રંથો પ્રસિદ્ધ થયા, થાય છે અને થશે; પણ રાજ્યાશ્રય વિના ગ્રંથોને જે માન મળે છે તે જાણે વાદળમાં ઢંકાયેલા સૂર્યના જેવો પ્રકાશ પામે છે, પણ રાજવલ્લભના કર્તાએ અનેક ગ્રંથોનું સંશોધન કરી રાજાના આશ્રય નીચે રચવાથી રાજવલ્લભનું નામ સાંભળનારને વાંચવાની ઇચ્છા થાય છે તથા જેણે વાંચ્યો હશે તે વખાણે છે, એનું કારણ સૂર્યવંશને ઉન્નતિ આપનાર હિંદુપત પાતસાહ બિરૂદ જેને પ્રાપ્ત થયેલું છે એવા **મેદપાટ** ( મેવાડ ) જનપદના **ઉદેપુરની** રાજગાદીએ મહારાણાની એકતાળીસમી પેઢીમાં થયેલા પ્રતાપી મહારાણા "**કુંભકર્ણ**" ( કુંભોરાણો ) જેની સ્ત્રી વખણાતી સર્વ સતીઓની શિરોમણિ "**મીરાંબાઇ**" આખા ભર્ત્તખંડમાં પ્રસિદ્ધ છે.

તે કુંભકર્ણ મહારાણાએ **કુંભલમેર** નામનો મોટો કિલ્લો બનાવ્યો છે, તેવો બીજો કિલ્લો મેવાડમાં નથી, તે સિવાય બીજા કિલ્લા, તળાવો અને કૂવાઓ તેણે કરાવેલા છે, તે વખત તેનો શિલ્પશાસ્ત્રી કોણ હશે તે જાણવામાં આવે તેમ ન હતું, પણ પૂર્વે ઘણા દેશો ઉપર સત્તા ભોગવનાર ગુર્જરદેશમાં **અણહિલ્લપુર** તો અણહદ્દપુરજ હતું, કેમકે, તેમાં વસનાર લોકો સર્વ પ્રકારે કુશળ હતા. અરે ! લોકો તો શું, પણ મહારાજા **ભોજ** અને **ભીમદેવની** સભાના પંડિતોમાં શાસ્ત્ર અને સમસ્યાના સંવાદોના સંગ્રામો થતા તે વખત ભોજની સભાના પંડિતોના ગર્વ અણહિલ્લપુરની વેશ્યા ઉતારતી હતી ! ! એ

"Aho Shrutgyanam"

અણહિલ્લપુરનો રહેનાર એક શિલાવટ કાંઈ કારણથી મેવાડમાં **ચિત્રકૂટ** અથવા **ચીતોડ**માં જઇ વસેલો હતો, તેની ત્રીજી પેઢીએ **ખેતા** નામે શિલાવટ થયો તે ખેતાને બે પુત્રો હતા; તેમાં નાનો **નાથુ** અને મોટાનું નામ "**મંડન** હતું." એ મંડને પોતાના નામને એવો પ્રકાશ આપ્યો કે, તે વખતના કારીગરોના સમુદાયનો શિર મંડન તે થયો. ( રાજવલ્લભના પાના ૧૩૬ વિષે મંડન પંડિતના વંશમાં ત્રણ ચાર પેઢી છેટે તેનો પૌત્ર અથવા પ્રપૌત્ર **નાથો** એમ લખ્યું છે,પણ મેવાડથી ખબર મંગાવતાં એ બન્ને ભાઈ છે એમ નક્કી થયું છે.)

**મંડન** અને **કુંભકર્ણ**ને પ્રીતિ હશે એમ તેણે બનાવેલો રાજવલ્લભ બતાવી આપે છે કારણ કે, પૂર્વે અનેક ભૂપોનાં અનેક નગરોમાં, અનેક પંડિતો થઇ ગયા છે. તેમના બનાવેલા ઘણા ગ્રંથોમાં પોતાના રાજાનું નામ તો કોઇકજ ઠેકાણે જોવામાં આવે છે, રાજાઓ પંડિતોને કાંઈ આશ્રય આપે નહિ ત્યારે પંડિતોએ રચેલા પુસ્તકરુપી બાગમાં રાજાના નામરુપી બાવળ કોણ રોપે ? એમ તેઓ ધારતા હતા.

મંડને શિલ્પનો ઉદ્ધાર કરી **રૂપમંડન, વાસ્તુમંડન, પ્રાસાદમંડન, આયતત્વ, વાસ્તુસાર**. ઈત્યાદિ ગ્રંથો રચેલા છે. તેમજ તેના નાના ભાઈ નાથુએ પણ **વાસ્તુમંજરી** ગ્રંથ રચેલો જોવામાં આવે છે, એ મંડન ભંગોરા જ્ઞાતિનો ( બ્રાહ્મણ ) હતો અને ભારદ્વાજ તેનું ગોત્ર છે. ( કર્મવડે શિલાટ કહેવાય છે ) શિલાટનું મૂળ શોમપુરા બ્રાહ્મણ છે, મહાદેવના ઉપાસક છે, એવા બ્રાહ્મણોનો સમુદાય સોમપુરમાં ( **પ્રભાસપાટણ**માં ) છે, શિલાટ શબ્દ અપભ્રંશ થયો હોય એમ જણાય છે, પણ ખરો શબ્દ " શિલાપાટ " હોવો સંભવે છે, " શિલા–પથ્થર " " પાટ–ચીરનાર " થાય છે, માગધીભાષામાં **પ** નો **વ** થાય છે. એટલે શિલાપાટનો શિલાવાટ થઈ શિલાવટ પછી શિલાટ અને છેવટ શલાટ બોલાય છે.

ભુવનદેવાચાર્ય ( વિશ્વકર્મા ) ના ચાર પુત્રો હતા. ૧ **જય**, ૨ **મય**, ૩ **સિદ્ધાર્થ** અને ૪ **અપરાજિત**. એ ચારે પુરૂષોએ પોત પોતાને નામે ગ્રંથો રચ્યા છે. "**જય**" "**મય**" "**સિદ્ધાર્થ**" અને "**અપરાજિત**" અથવા "**સૂત્રસંતાન**" એ ગ્રંથોમાં શિલ્પની રીતિઓ સારી રીતે બતાવી છે.

વૈશ્યકડિયા અને વૈશ્યસૂતારો આ બન્ને એકજ જ્ઞાતિ છે, પણ તેમનાં કામો જૂદાં છે. સૂત્રધારનો અપભ્રંશ સૂતાર અથવા સૂથાર કહેવામાં આવે છે વળી **સૂ** અક્ષર જાણે ઉપસર્ગ હોયની–એમ જાણી તેને કાઢીનાખી **થાર** અ-

"Aho Shrutgyanam"

થવા ઠાર કહી બોલાવે છે; તે માન ભરેલું સમજે છે. તેજ રીતે કડિયાને થાર અથવા ઠાર નામથી સારૂં લાગે છે પરંતુ કડિયા નામ ગુજરાતમાં કયાંથી થયું હશે? તે કાંઈ સમજાતું નથી.

કડિયા અને સૂતારો કહે છે કે અમે વિશ્વકર્માના વંશજો છીએ તથા શિલાવટો વિશ્વકર્માના શિષ્યપણાનો ગર્વ ધરાવે છે, તે શિલાટો શિલ્પકામમાં ઘણા કુશળ હોવાનું કારણ એવું બતાવે છે કે–વિશ્વકર્મા પોતાના પુત્રો અને શિષ્યને શિલ્પકામ શીખવતાં પ્રસંગ આવ્યેથી સૂત્રપાતન કરવા દોરો રંગી લાવવા આજ્ઞા કરી, એટલે પુત્રો તો ગેરૂ અથવા રમચી લેવા માટે બજારમાં ગયા અને શિષ્યે તો કોયલો ઘસી તેમાં રંગીને ઝટ સૂત્ર રજુ કરવેથી તેને તેમણે બુદ્ધિમાન સમજી પ્રીતિપૂર્વક કામ શીખવ્યું હતું.

શિલ્પકામ કરવાનો ગર્વ રાખનાર શિલ્પિનો કેટલો અભ્યાસ હોવો જોઇયે. તથા તેનામાં કેવાં લક્ષણો જોઇયે અને તેમ ન હોય તો રાજાઓએ તેને કેવી શિક્ષા કરવી? એ માટે ગ્રંથોમાં લખે છે કે—

| | |
|---|---|
| ૧ શિલ્પવિદ્યાભ્યાસ હોવો જાઇએ. | ૨ ચણતર કામ જાણવું જોઇયે. |
| ૩ જડવાનું કામ આવડવું જાઇયે. | ૪ ઘડવાનું કામ આવડવું જોઇયે. |
| ૫ સામુદ્રિક સમજવું જોઇએ. | ૬ ગણિત શીખવું જોઇએ. |
| ૭ જ્યોતિષ્ જાણવું જોઇએ. | ૮ છંદશાસ્ત્ર શીખવું જોઇએ. |
| ૯ શિલ્પજ્ઞાન મેળવવું જોઇએ. | ૧૦ યંત્રકર્મ આવડવું જોઇએ. |
| ૧૧ વાસ્તુના *મર્મ સમજવા જોઇએ. | ૧૨ વાસ્તુની પીઠ+ભાગ જાણવો જોઇએ. |
| ૧૩ ×શીરાઓની ખબર હોવી જોઇએ. | ૧૪ વાસ્તુનાં સ્થાનો સમજવાં જોઇએ. |
| ૧૫ વાસ્તુનું માન સમજવું જોઇએ. | ૧૬ ક્ષેત્ર પ્રમાણે ક્રિયા કરાવતાં આવડવું જોઇએ. |
| ૧૭ ÷લુંબી આળેખી જાણવી. | ૧૮ ✓છાદ્યભેદ જાણવા જોઇએ. |

* મર્મ એટલે જે સ્થાને થોડો પ્રહાર થાય તોપણ શરીરને નુકસાન થયાવિના રહે નહિ માટે વાસ્તુના એવા મર્મસ્થાન ઉપર નજર રાખી કામ કરવું એ માટે ગ્રંથમાં કહેલું છે તે વાંચવું.

\+ વાસ્તુની પીઠના કરોડાનો ભાગ જાણવો જોઇએ તે ઠેકાણે સ્તંભો આવે નહિ.

× રેખાઓનું જ્ઞાન જોઇએ.

÷ લુંબી અથવા લુંબ મંડળના નીચે હોય તે.

✓ પ્રાસાદ અથવા ઘરને પથ્થરવડે ઢાંકવામાં આવે તે છાદ્ય કહેવાય છે, તેના ભેદો રાજવલ્લભમાં બતાવ્યા છે.

"Aho Shrutgyanam"

૧૯ પાશાણુ સંધી×કર્મ શીખવું જોઇએ. ૨૦ ભાગો કરી રૂપ ઉત્પન્ન કરતાં આવડવું જોઇએ.

૨૧ ચિત્રકામ જાણવું જોઇએ. ૨૨ +પાષાણસિદ્ધિ આવડવું જોઇએ.

એટલુંજ નહિ પણ, પ્રસિદ્ધ શાસ્ત્રોનાં દૃષ્ટાંતોવડે વાસ્તુજ્ઞાન સાધતાં આવડવું જોઇએ.

ઉપર બતાવેલા ગુણોમાં રમનાર શિલ્પિ હોય તથાપિ બુદ્ધિમાન અને શીળવાન હોવો જોઇએ અગર શાસ્ત્રોમાં અને ક્રિયાકર્મમાં કુશળ હોય પણ બુદ્ધિમાન ન હોય તો મદ વિનાના હસ્તિ જેવો તે ગણાય, માટે જેની પ્રત્યુત્પન્ન મતિ હોય ( કામ કરવાનું હોય તેનો વિચાર કરતાં વિલંબ કરે નહિ અને તાત્કાળિક કામનું રૂપ પ્રકાશ કરી આપે ) તથા જે બાબત જાણી શકાય નહિ એવી દુઃખે જાણવા એવી હોય તથા જેમાં ગૂઢ અર્થ હોય અને વિસ્તાર ઘણો હોય એવા બુદ્ધિરૂપી નાવમાં બેઠો હોય તે વાસ્તુકર્મ કરી શકે. કદાચ જ્ઞાનવાન હોય, પ્રમાણિક હોય અને શિલ્પકર્મમાં નિપુણ હોય પણ શીળવાન ન હોય તો તે શ્રેષ્ઠ ગણાય નહિ, કારણ કે રાગથી અથવા દ્વેષથી અથવા લોભે કરીને જો કરવાનું હોય એક તો તે કરે બીજું.

મિથ્યાજ્ઞાની જે શિલ્પિ અહંકાર રાખતો હોય તથા શાસ્ત્રમાં પરિશ્રમ કરેલો ન હોય તો તેવા શિલ્પિઓ મનુષ્યોનું અકાળમૃત્યુ છે, તથા જે શિલ્પિ કેવળ શાસ્ત્ર જાણે છે પણ ક્રિયામાં અજાણ્યો હોય તો સંગ્રામમાં કાયર જેમ મુંઝાય તેમ ક્રિયા વખતે તે મુંઝાય છે; વળી જે કેવળ ક્રિયાજ જાણતો હોય ને શાસ્ત્રાર્થ ન જાણે તો થોડે દૂર માર્ગે ચાલી પછી આંધળાની પેઠે તે અટકે છે, અને જે શિલ્પિ કાંઈ પણ શિલ્પ જાણતો નથી છતાં શિલ્પવેત્તાપણું બતાવી શિલ્પકામ કરે છે એવા શિલ્પકારને રાજાએ દેહાંત શિક્ષા કરવી જોઇએ એમ સમરાંગણ ગ્રંથકર્ત્તા ભોજરાજા લખે છે. વળી કડિયા, સૂતાર, શિલાવટ, વગેરે શિલ્પકામ કરનારાઓ પાસે ગજ અવશ્ય જોઇએ અને તે ગજ ઉપર આંગુળોની જે રેખાઓ છે તેનાં પૃથક્ પૃથક્ નામો છે તે નામો કારીગરોને થોડાંજ યાદ હશે માટે લખવાં અવશ્ય છે.

૧ એક આંગુળનું નામ **"માત્રા,"** ૨ બે આંગુળનું નામ **"કળા"**, ૩ આં० **"પર્વ"**, ૪ આં०, **"મુષ્ટિ"**, ૫ **"તળ"**, ૬ **"કરપાદ"**, (પાગજ)

× પથ્થરની સાંધો બરોબર બેસાડતાં આવડવી જોઇએ.

+ બીજા પદાર્થોની મેળવણી કરી બનાવટી પથ્થર કરતાં આવડવું જોઇએ.

"Aho Shrutgyanam"

૭ "**દૃષ્ટિ**", ૮ "**તુણી**", ૯ "**પ્રાદેશ**", ૧૦ "**સયતાળ**", (પુંચાથી મધ્યમાના અંત સુધી) ૧૧ "**ગોકર્ણ**", ૧૨ "**વિતસ્તિ**", (વેંત) ૧૪ "**અનાહપદ**", ૨૧ "**રત્નિ**", ૨૪ **આંગુળ** અથવા પૂરા ગજને "**અરત્નિ**" કહે છે. તથા ૪૨ આંગુળનું નામ "**કિષ્કુ**", ૮૪ આંo "**પુરૂષ**", ૯૬ આંo "**ધનુષ**", ૧૦૬ આંo "**દંડ**", ૧૦૦૦ ધનુષનો "**કોશ**", બે કોશની એક "**ગવ્યુતિ**" અને બે ગવ્યુતિનો એક "**યોજન**" થાય.

શિલ્પશાસ્ત્ર વિષે અનેક પ્રકારનાં મકાનો બનાવવાની રીતો બતાવી છે, તે પ્રમાણે કરતાં અનેક વિધિ કરવાનું બતાવે છે તેને હાલના વખતમાં કેવળ વેહેમનો કોઠાર છે એમ કહેવામાં આવશે; કેમકે તેમાં અનેક પ્રકારના વેધ દોષો ગણાવ્યા છે તેને ટાળવા જોઇએ અને ટાળે નહિ તો ફલાણા પ્રકારની હાનિ થાય, તથા ફલાણા માસમાં ઘર કરવાનો આરંભ અને પ્રવેશ કરવાથી સુખ થાય; પણ તેથી ઉલટી રીતે કરે તો નુકસાન થાય; તથા ગ્રહ, રાશી, તારા, આય, વ્યય, નક્ષત્ર, વર્ગ, અંશ, એ વગેરે બાબતો મેળવવામાં કેટલીક માથાકુટ જાણવામાં આવશે. વળી વાસ્તુ પૂજતાં અનેક પ્રકારના દેવ દેવીઓને અનેક પ્રકારનાં બળિદાનો આપવાનું લખે છે, એ દેવોને આપવાની વસ્તુઓ જેમ વિચિત્ર છે તેમ તેવા દેવ અને દેવીઓની આકૃતિ બતાવી હોય તો તે પણ વિચિત્રજ લાગે. હાલના વખતના જેને સુધરેલા કહેવામાં આવે છે તે તેને દેખે તો જરૂર શિલ્પશાસ્ત્રના કર્ત્તાનું હાસ્ય કર્યા વિના રહે નહિ પણ પૂર્વે બનેલા પ્રાસાદોમાં તેવાં રૂપો જોવામાં આવે છે. આ બધી વાતો નવી અને ખુલ્લી જમીન હોય તેમાં ઘર કરતાં જોવાની છે.

ઘર, પ્રાસાદ, મંદિર કે મઠ ઈત્યાદિ મકાનોની મુખ્ય શાળામાં (નીચેના ખંડમાં) [1]સૂર્યનાં કિરણો પડવાં જોઈએ નહિ, તેમજ પવનનો સંચાર પણ આવે નહિ એમ બતાવ્યું છે તે વાત હાલના વખતમાં બિલકુલ છાજશે નહિ. હાલમાં સર્વ મનુષ્યોને હવા પ્યારી થવે હવાખોર થયાથી શરીરે નિર્બળ થયા અને થશે. "બકા સોઈ નફા" એમ વૃદ્ધો કહે છે. બળિદાનોમાં માંસને બદલે "માષ" (અડદ) આપવામાં આવેછે, એમ આર્યોની ઓળખ રહેવાનાં સ્વલ્પ ચિન્હો રહ્યાં છે, તે નાબુદ થશે નહીં, કારણકે, સાંપ્રતમાં સુધરેલા ગણાતા

૧ ધન રહેતું હોય તેવા ઓરડામાં તથા જ્યાં પ્રસૂતિ ઘરમાં જાલી કે બારી હોય તો નુકશાન છે. પ્રાસાદ, મંદિરમાં છિદ્ર હોય તો વાયુનું જોર થવે દીપક રહે નહિ અને મઠમાં સાધુ પુરૂષોની વૃત્તિ સ્થિર કરવી ઠીક પડે.

"Aho Shrutgyanam"

ઘણી બાબતોને માનતા નથી પણ દુનિયાના વેહેવાર સાચવતાં સર્વ રીતિ માની અંગીકાર કરે છે, નહિતો લગ્ન વખતે અગ્નિની સાક્ષીએ ચોરીમાં વરકન્યા ફેરા શામાટે ફરે? આપણા ભૂદેવોએ ઝાડ, પહાડ, નદી, સરોવર, કૂવા, ગાય અને છેવટ ગર્દભને પૂજવાની રુઢીનો પ્રસાર બાંધવાથી યદ્યપિસુધી વેહેવારમાં માનવો પડે છે અને એકાંતમાં કેટલાક ધિક્કારે છે પણ એ પેહેલી મેખ મૂળમાંથી ઉખડવી મુશ્કીલ છે, તેજ રીતે શિલ્પમાં બતાવેલી રીતિઓ સર્વ નહિ તોપણ થોડી ઘણી તો અમલમાં લાવવી પડેછે. જૈનધર્મનું જોર વધવાથી બલિદાન બંધ થયાં હશે.

શિલ્પગ્રંથનો અભ્યાસ થશે તો કારીગર લોકો મનસ્વીપણે કામ કરી ઘરધણીને નુકસાન કરી શકશે નહિ, તેમજ જે ઘરને દેખી મન આનંદ પામે એવું રમણીય થવું જોઇએ; તેના બદલામાં ઘર થયા પછી ઘરમાં બરોબર સવડ થઈ નહિ એમ કહી પશ્ચાત્તાપ કરવામાં આવશે નહિ. હમેશાં એટલું યાદ રાખવાનું છે કે થોડું દ્રવ્ય હોય તોપણ ઘરમાં ઇચ્છાનુસારે સુશોભિત કામ અને તેમાં જોઈતી એવી સવડ રાખવી કે એ ઘરમાં કોઈ પણ આવી બેસે તો તેની મનોવૃત્તિ એવીજ થાય કે ઘર કરાવતાં તે કેટલીક બાબતો પોતાના ઘરમાં ઉતારે, અગર તંગ જગો હોય તો વિસ્તારમાં તો નજ થાય પણ હરકોઈ વસ્તુને ખુબસુરતપણું આપવું એ બુદ્ધિમાન અને કામના જાણનારનું કામ છે, જેમ કવિ લોકો ગમે ત્યાંથી લાવી અલંકાર ગોઠવે છે; દ્રવ્ય પુષ્કળ ખરચ્યું હોય, અંદર ગાલીચા અને ફરનીચર પુષ્કળ હોય, ચિત્રકામ વિવિધ હોય અને સૈકડો હવાબારી હોય તોપણ તેમાં વસનારનું ચિત્ત લોભાય નહિ, મન આનંદ પામે નહિ, આ કેવું મઝેનું મારૂં મકાન છે એમ વારંવાર મન સાથે માલીક વાતો ન કરે, તેમજ ચાતુર શિલ્પકારો માલીકની પીઠ પાછળ ચકિત ન થાય તથા દૂરથી દેખનારનું મન હર્ષ પામી જોવા માટે તેના મનને આકર્ષણ ન કરે તો પછી જે દ્રવ્ય ખરચાણું હોય તે ખરચેલું કહેવાય નહિ પણ પોતાના બળવાનપણા સામે નિર્બળ લોકો લૂંટ કરી ગયા એમ થયું કહેવાય, કેમકે જેણે સુખ માટે ધન ખરચ્યું તે તો વારંવાર પશ્ચાત્તાપ કરી બીજાં મકાનો પસંદ કરે છે!!

સોની લોકો હરવખત નવીન પ્રકારના દાગીના કરે છે તેવા એક સ્ત્રી પાસે બીજી દેખી પોતાના પતી સાથે વિષાદ કરીને તેવો દાગીનો કરાવે છે, તેજ રીતે એક જણે સુશોભિત ઘર કરાવ્યું તે દેખી તેનાથી પણ શ્રેષ્ઠ બનાવવાની ધારણા ધારે નહિ ત્યારે બનેલું મકાન નિર્જિવ સમજવાનું છે.

"Aho Shrutgyanam"

શિલ્પમાં અનેક વેધો, તેવાજ દોષો અને ન બને તેવી રીતો બતાવી છે તેમાં કેટલીક બાબતો તજવી અશક્ય છે, ( ગરીબોને ) પણ મોટા મોટા વેધો કેમ નહિ તજવા ? જે ઘરના આગળ ખડકો અથવા વક્રદ્વાર અથવા પરસાળ અથવા મુખ્ય ઓરડાના દ્વાર વચ્ચે થાંભલો આવે તે મોટો વેધ છે એને માટે શિલ્પમાં તો જૂદી રીતે કહ્યું છે પણ પ્રથમ તો દૃષ્ટિને તે કેવું ખરાબ લાગે છે ? જ્યારે દૃષ્ટિને ગમે નહિ ત્યારે મનને શી રીતે પસંદ પડે? જ્યારે નાપસંદ થાય ત્યારે તે દોષવાન્ છેજ, શિલ્પ રીતે હીનફળ થવાનું ન માનીએ તો તેની જરૂર નથી પણ વખતે માથામાં અફળાય તો તે હીનફળ સમજવાનું છે, માટે જે વેધોમાં દોષો બતાવ્યા છે; તે આવા કારણુસર છે એમ હવે આપણે માનિયે તો કાંઇ હરકત નથી, પણ પૂર્વેના પંડિતો વ્યવહારિક કામમાં પણ ધર્મ રીતની ધાસ્તી બતાવતા હતા તેનું કારણ લોકો વિનય અને મર્યાદા રહીત ન થતાં ઈશ્વરનો ભય રાખે અને ઉન્મત્ત થાય નહિ.

શિલ્પશાસ્ત્રોમાં જણાવેલી ઘણી વાતો પાશ્ચિમાત્ય વિદ્યાની આંખે જોતાં વહેમીને નકામી લાગે છે શાસ્ત્રકારોએ દરેક દરેક વિષયમાં ધર્મને દાખલ કર્યો છે. અને કોઈ પણ વાતનું કારણ આપ્યું નથી એટલે હાલના કારણ શોધક લોકોના મનનું સમાધાન થતું નથી, પરંતુ પૂર્વના મહાજ્ઞાનીઓ ને મહર્ષિઓ વગર સમજે કે વિના કારણ ગમે તેવી ગપ્પોજ મારી ગયા હોય એ વાત વિચાર કરી જોતાં સંભવિત લાગતી નથી. કદાચ તેમનો ખરો આશય આપણે ખોળી શકતા નથી. તેમાં ધર્મતત્વ ગમે તે હશે પરંતુ હાલની પદ્ધતિને અનુસરી પાદાર્થિક કારણો ખોળીશું તો ઉપર જેમ વક્રદ્વાર વિષે કે સ્તંભ વિષે મનપતીજ ખુલાસો થાય છે તેમ બીજી ઘણી બાબતો વિષે બારીક વિચાર કરતાં ખુલાસો મળી સકશે. થીઓસોફીવાળા અને તેવા તત્વજ્ઞાનીઓ તો કદાચ સઘળી બાબતો સકારણજ છે, એમ બતાવી સકશે.

હિંદુ બાંધણી યૂરોપી લોકોને પણ અજાયબી પમાડે છે. દુનિયામાં જે ત્રણ મુખ્ય બાંધણીઓ ગણાય છે તેમાં હિંદી બાંધણી પણ છે. અસલનાં દેવાળયો, બાંધણીના અદ્ભુત નમુના છે. જૂનું કોતરકામ આશ્ચર્ય ઉપજાવે છે, અને તેના નમુના વિલાયત અને અમેરિકા સુધી જાય છે. રૂદ્રમાળ વગેરે ભવ્ય મકાનોમાં વપરાયલા રાક્ષસી પાષાણો યાંત્રિક સાધનો વગર શી રીતે આણ્યા હશે ને કેમ ઉંચા ચઢાવ્યા હશે તે વિચાર કરતાં અક્કલ કહ્યું કરતી નથી. ઘર બાંધણીમાં હિંદી ચોકની રીત પસંદ કરવામાં આવે છે. આવી હિંદી બાંધણી શાસ્ત્રીય જ્ઞાન વગર બંધાય, નકશા કે નમુનાની યોજના વગર ચાલી શકે, બિલકુલ યાંત્રિક સાધનો વગર નભી શકે એમ માની શકાતું

"Aho Shrutgyanam"

નથી. સંસ્કૃતમાં લખાએલા અનેક શિલ્પશાસ્ત્રના ગ્રંથ જોયા વગર એ વિષે પ્રાચીન વિદ્વાનો કેટલું કહી ગયા છે તે કહી શકાતું નથી.

શિલ્પના ઘણા ગ્રંથો છે, તે પૈકી રાજવલ્લભ પ્રથમજ ગુજરાતી ભાષાને માન આપવા પ્રસિદ્ધ થઈ તેના ભાવિક ભક્તોને દર્શન દેવા ઉત્કંઠા બતાવી અને તેનાથી વિમુખ થયેલા તેના આશ્રિતોનો અપરાધ ક્ષમા કરી તેમનું માન વૃદ્ધિ પામે એવા સુવિચારો પ્રદર્શિત કર્યા છે, એજ મહાન્‌પણાનું મૂળ છે. શિલ્પજ્ઞાન ધરાવનાર જે કારીગરો શિળપણું રાખી ઘરધણી પાસે દીનતા દાખવે નહિ, એવાને શિલ્પિ નામનું માન ઘટે છે, પણ પૈસાના લોભે ઘરધણીને સંતાપે તથા યોગ્યાયોગ્ય રીતે નુકસાન કરવા ઈચ્છે તેમજ કામ દેખાડી માલીકને રંજન ન કરે તેને શિલ્પિ નહિ પણ "શિલા" અર્થાત્ પથ્થર છે એમ કહેવાને હરકત નથી.

પાટણમાં શ્રીમહારાજ કુમાર શ્રીફતેસિંહરાવે સાર્વજનિક પુસ્તકાલયનું નવીન મકાન તૈયાર કરાવવાના કામમાં તન, મન અને ધન ખરચી રાત દિવસ ત્યાંજ રહી ચૌદ મહિના સુધી ઘણો શ્રમ વેઠયો હતો.

સન ૧૮૯૧ સંવત્ ૧૯૪૭
અણહિલ્લપુર ( પાટણ ). } **નારાયણભારતી યશવંતભારતી ગોસાંઈ.**

---

## ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ ત્રીજી આવૃત્તિમાં કંઇ પણ સુધારો, વધારો કે ફેરફાર કર્યા શિવાય જેમની તેમ અક્ષરશઃ છાપવામાં આવી છે. કેટલાક શિલ્પકાર્યવિદ્ જનોને બાળબોધ લીપીનું ઝાઝું જ્ઞાન નહિ હોવાથી પાછલી બે આવૃત્તિની ટીકા બાળબોધ અક્ષરે હતી તેથી તે અડચણ દૂર થવા ગુજરાતી અક્ષરથી કેટલાક સુભેચ્છુજનોની માગણીથી છાપવામાં આવી છે તેથી બાળબોધ નહીં જાણનારને તે વધારે ઉપયોગી થઇ ગ્રંથનો બોહોળો ફેલાવો પામવાની શુભેચ્છા છે.

આ આવૃત્તિ છાપતી વખતે એ ગ્રંથની પ્રથમાવૃત્તિ વડોદરા વિરક્ષેત્ર મુદ્રાલય પ્રેસમાં છપાવેલી તેનાં પ્રુફસીટ જોનાર પ્રથમ ગ્રંથ છાપતાં **નારાયણભારથીને** મળી સમજુત લીધેલી એવા બાહોશ પ્રુફરીડર **છગનલાલ દાજીભાઇ દ્વિવેદી** ઉમરેઠવાસીએ કાળજીપૂર્વક સુધારી છે તે બાબે ધન્યવાદ આપીએ છીએ. પાછલી બે આવૃત્તિઓ બાળબોધ લીપીમાં છાપેલી હતી તેનો લાભ સાધારણ શિલ્પિ પણ લે તેવા ઉદ્દેશથી મૂળ સંસ્કૃત અને ટીકા ગુજરાતી અક્ષરે છપાવી છે.

સન ૧૯૧૧ સંવત્ ૧૯૬૭
અમદાવાદ-ત્રણ દરવાજા. } બુકસેલર
**મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.**

"Aho Shrutgyanam"

# રાજવલ્લભ રાજપ્રિય કેમ ન હોય ?

વિક્રમ સંવત ૧૪૮૦ ના સુમારે ઉદેપુરના મહારાણા શ્રી **કુંભકર્ણ**ના આશ્રય નીચે મંડન સૂત્રધારે આ ગ્રંથ રચ્યો હોય એમ મેવાડના આખા પ્રદેશમાં તે વખતનાં બનેલાં ભવ્ય કામો દેખનારની દૃષ્ટિમાં શીતળતા પાથરે છે, તે ઉપરથી માલૂમ પડે છે અને "શ્રીમેદપાટે નૃપ કુંભકર્ણ" એવું વાક્ય પણ છે.

મહારાણાશ્રીનો પ્રથમ આશ્રય મળવે આ રાજવલ્લભ સર્વને પ્રિય અને જગત્માં પ્રખ્યાતિ પામ્યો અને બીજી વખત ગુર્જર દેશાધિપતિ ગાયકવાડ સરકાર વિદ્યોત્તેજક શ્રીમંત સયાજીરાવ મહારાજ વલ્લભ થવે આશ્રય મળવાનો એટલે રાજવલ્લભને પુનઃ યૌવન પ્રાપ્ત થયું એમ ગણાશે.

આ રાજવલ્લભ સયાજીરાવ મહારાજને-વલ્લભ થવાનું કારણ એવું છે કે, પ્રાચીન વખતમાં લખાએલા ગ્રંથો અપ્રસિદ્ધ છે તેવા ગ્રંથો લખાવવા માટે રૂ. ૩૦૦૦ મંજુર કરી તે કામ મને સોંપવામાં આવ્યું. પ્રથમ પ્રયાસમાં રાજવલ્લભ લખાવી વડોદરે મોકલ્યો. તે ગ્રંથ ઉપયોગી જાણી તેનું ભાષાન્તર કરવાનું કામ મારી તરફથી શરૂ થયું. તે પછી મહારાજશ્રીએ તેનું ભાષાન્તર કરાવી પ્રસિદ્ધ કરવા આજ્ઞા કરી એમ ખબર મળવાથી મેં વિજ્ઞપ્તિ કરી તે મંજુર રાખી હું છપાવું એવો હુકમ આપ્યા પછી જ્યારે વિલાયત દેશાટન કરવા પધાર્યા તે વખત તે દેશમાં પણ રાજવલ્લભ યાદ આવવાથી તે તૈયાર થયો કે નહિ ? એમ મેહેરબાન રા૦ સા૦ હરગોવિંદદાસ દ્વારકાદાસ ડિરેક્ટર ઑફ વર્નાક્યુલર ઇન્સ્ટ્રક્શન સાહેબની મારફત પૂછી મંગાવ્યું હતું; એટલુંજ નાહ પણ અપ્રસિદ્ધ ગ્રંથો લખાવવાનું કામ મેં વિના પગારે સાત વરસ સુધી કરેલું તેની કદર જાણી માન તરીકે રૂ. ૧૦૦૦ ) ઇનામ આપવા મને વડોદરે બોલાવ્યો તે વખત હજૂરમાં હાજર થયા વિના બારોબાર જવું નહિ એમ મેહેરબાન દિ૦ બા૦ **મણિભાઇ જશભાઇ** દિવાન સાહેબ તરફ ચીઠ્ઠી આવી તે પ્રમાણે ખબર મળવે હું મકરપુરે હાજર થયા બરોબર જાણે મારી રાહ જોવાતી હોય એમ મહારાજ સાહેબ આવી વિરાજમાન થયા હતા. મારી પાસે લખેલું રાજવલ્લભનું પુસ્તક અને તેમાં મૂકવાના ચીતરેલા નકશાઓનું પોટકું હતું તે રજુ કરતાં પહેલાંજ "આ શું રાજવલ્લભ લાવ્યા છો ?" એમ મધુર વચનો વડે જાણે રાજવલ્લભનો વિયોગ થવેથી અહોનિશ તેનુંજ ચિંતવન થતું હોય એમ ભાસ્યું; એટલામાં અચાનક દૃષ્ટિગોચર થવે અપાર હર્ષ પ્રાપ્ત થાય તે રીતે તે વખત મહારાજાસાહેબના અંગમાં આનંદ ઉભરાતો હતો, નકશાઓ દેખી કેટલાક તર્ક કરી પ્રશ્નો પૂછયા અને પુસ્તક જોઈ ગુજરાતી પુસ્તકો લેવામાં આવે છે તેમાં આ પુસ્તક લેવું એમ મે૦ સેક્રેટરી સાહેબને આજ્ઞા આપીને શ્રી નિવાસાલયમાં પધાર્યા હતા, એવી પ્રીતિના કારણે શ્રી સયાજીરાવ મહારાજ વલ્લભનામ શોભા આપે છે.

સન ૧૮૯૧
પાટણ.

નારાયણભારતી યશવંતભારતી.

"Aho Shrutgyanam"

# ઉપકારપત્રિકા.

શિલ્પશાસ્ત્રના ઘણા ગ્રંથો અપૂર્ણ અને અપાર અશુદ્ધ છે, તેજ પ્રમાણે રાજવલ્લભ હોવા છતાં શિલ્પકામ સારી રીતે જાણનાર અને શિલ્પના પુસ્તકોમાં જેનો પ્રવેશ છે; એવા મારા પરમમિત્ર, યતિ **હિમ્મતવિજયજી કસ્તૂરવિજયજી** એમણે અનેક પ્રતો દેશ પરદેશથી લાવી ગ્રંથ શુદ્ધ કરાવી ભાષાંતર કરાવી આપ્યું અને તમામ નકશાઓ પણ તેમનાજ હાથે કરી ગ્રંથ તૈયાર કરાવ્યો અને તેજ રીતે મારા ઉપર પૂર્ણ પ્રીતિ રાખનાર શાસ્ત્રી **મહાસુખરામ નારણજીએ** તન મનથી એકાગ્ર ચિત્તે અને આજીવિકાનું નુકશાન શોષી ઘણા પ્રકારની મેહેનત કરી ગ્રંથનું ભાષાન્તર કરી આપ્યું. તેથી એ બન્ને શુદ્ધ મનના પરોપકારી પુરૂષોનો હું મોટો ઉપકાર માનું છું, આ ગ્રંથમાં જોડાએલા તેમના નામોની અમર કીર્ત્તિ દેશાન્તરોમાં જય પામો. તથાસ્તુ.

"Aho Shrutgyanam"

# अनुक्रमणिका.

## અધ્યાય ૧ લો.


| | પૃષ્ઠ. |
|---|---|
| ઘર કરવા માટે અને પ્રવેશ કરવાની રીતિ. ... ... ... | ૧—૩ |
| ઘરનો આરંભ કરતાં વત્સદોષ જોવાનું વત્સચક્ર. ... ... ... | ૪—૬ |
| દેશી સાધન માટે. ... ... ... ... ... | ૭–૧૧ |
| કઇ રાશીવાળાને કઇ દિશાના મુખનું ઘર કરવું. ... ... ... | ૧૨ |
| કઈ જાતિના લોકોને કઇ જાતિની જમીનમાં ઘર કરવું અને તે જમીનની પરીક્ષા શી રીતે કરવી ? તથા જમીન ત્રેવડવાની રીત અને શલ્યશોધન. | ૧૨–૨૦ |
| ખાત મુહુર્ત્ત અને શેષના મુખની સમજ. ... ... ... | ૨૧–૨૨ |
| ઘરના આરંભથી તે પ્રવેશ કરતાં સુધી પાંચ પ્રકારનાં વાસ્તુ માટે. ... | ૨૩ |
| ઘર સમીપે કઈ જાતિનાં વૃક્ષો રોપવાં. ... ... ... | ૨૩ |
| ઘરની સામે કઇ જાતિનાં વૃક્ષો નહિ રોપવાં. ... ... ... | ૨૩–૨૫ |
| ઘર વિષે કઈ જાતિનો પ્રવેશ સારો અને કિયો ખોટો. ... ... | ૨૬–૨૭ |
| ગજ કિયા માપનો અને તેની રચના કેવી જોઇએ. ... ... | ૨૭–૩૦ |
| શિલ્પ કામ કર્તાને કેટલાં કિયાં સૂત્રોથી ભૂમિ વગેરેની સીધાઇ થાય છે ? તે સૂત્રોનાં રૂપો. ... ... ... ... ... | ૩૦–૩૧ |


## અધ્યાય ૨ જો.


| | |
|---|---|
| વાસ્તુ પુરૂષ, વાસ્તુનાં યંત્રો અથવા મંડળ તથા તેના દેવોનું પૂજન, નૈવેદ્ય બલિ, વગેરે તથા વાસ્તુમર્મ યજ્ઞકુંડ. ... ... ... ... | ૩૨–૪૩ |


## અધ્યાય ૩ જો.


| | |
|---|---|
| આય લક્ષણ અને તેનાં રૂપો. ... ... ... ... | ૪૪–૪૭ |
| નક્ષત્ર, અંશ, તારા, ગણ, વય, વર્ગ, અને નાડીચક્ર વગેરે. ... | ૪૮–૫૭ |


## અધ્યાય ૪ થો.


| | |
|---|---|
| નગરોની રચના તથા શુભ અને અશુભ નગરો તથા કિલ્લા અને તોપો વગેરે યંત્રો. ... ... ... ... ... ... | ૫૮–૭૫ |
| કૂવા, તળાવ, વાવડી, અને કુંડ.... ... ... ... ... | ૭૬–૮૦ |


## અધ્યાય ૫ મો.


| | |
|---|---|
| રાજાનો દરબાર કેટલા વિસ્તારનો અને કઇ દિશાએ કરવો.. ... ... | ૮૧–૮૨ |
| શાળાના વ્યાસ ઉપરથી ભીતનું, દ્વારનું અને ઉદયનું પ્રમાણ. ... ... | ૮૩–૮૬ |
| ઘર વિષે કઇ જાતિનું કાષ્ઠ નાખવું. ... ... ... ... | ૮૭ |
| ઘરના ઉદયથી સ્તંભનું પ્રમાણ તથા શાળાના વ્યાસથી અલિંદનું પ્રમાણ તથા પદ વિભાગ, ઘોડાગર્ભ, દીપસ્થાન અને ખડકીનું દ્વાર કરવાની રીતિ વગેરે ( સચિત્ર ). ... ... ... ... | ૮૮–૮૯ |
| ઘરના દ્વારોની રીતિ અને તે કિયા સ્થાને મુકવું. ... ... ... | ૯૦–૯૩ |
| ઘર, દેવમંદિર અને મઠ વગેરે માટેની રીતિ તથા અલિંદની સમજણ અને ગોળ સ્તંભાઓ કોને જોઇએ. ... ... ... ... | ૯૩–૯૫ |


"Aho Shrutgyanam"

ઘરના કરાઓનું પ્રમાણ, ઘરમાં નીસરણી ક્યાં રાખવી, ઘરમાં સારા નરસા પ્રવેશ, જીર્ણ ઘર પાડવાની રીતિ, મોટું ઘર કરવાની સમજણ અને ઘરમાં કોનું સ્થાન કઇ દિશાએ રાખવું. ... ... ... ૯૬ ૧૦૧

અધ્યાય ૬ ઠ્ઠો.

એક શાળા લક્ષણ અને તે કેવી રીતે ઉત્પન્ન થાય તથા ઉત્પન્ન કરતાં લઘુ ગુરૂના પ્રસ્તારની સમજણ અને છેવટ બે શાળા સુધી. ... ... ૧૦૨–૧૨૧

અધ્યાય ૭ મો.

દ્વિશાળ, ત્રીશાળ, અને ચતુઃશાળના ઘરોની રીતિ. ... ... ... ૧૨૨–૧૩૩

અધ્યાય ૮ મો.

રાજાઓ માટેના પલંગનું પ્રમાણ, સિંહાસન અને છત્ર માટેની રીતિ. ... ૧૩૪–૧૩૭

ગવાક્ષ ( ગોખ ), સભાઓ, વેદી અને દીપસ્તંભ માટે. ... ... ૧૩૭–૧૪૨

અધ્યાય ૯ મો.

રાજાઓ માટે ત્રિશાળ ઘરોની રીતિ અને પ્રતાપવર્દ્ધનાદિથી કમળોદ્ભવ સુધીના રાજમહેલો કરવાની રીતિ. ... ... ... ... ૧૪૩–૧૪૬

રાજાઓના ઘરના સ્તંભો, વેદી, રાજસેન, રાજાઓના ઘરોના ૭ પ્રકારના છંદ ભેદો અને બાગ તથા હોજ ને વૃક્ષો રોપવાની રીતિ. ... ૧૪૭–૧૫૨

અશ્વશાળા, સિંહદ્વાર, ગજશાળા. ... ... ... ... ૧૫૨–૧૫૫

રાજાનાં ઘરો, કુમારોનાં ઘરો, રાણીનાં ઘરો, સામંતાદિ પ્રધાનનાં ઘરો, વેશ્યા, શિલ્પિ અને કંચુકી વગેરેનાં ઘરોનાં પ્રમાણ અને રીતિ વગેરે... ૧૫૬–૧૬૨

શાળા અને અલિંદ લાવવાનું તથા ગણિત શાળાને એકથી તે ચાર દ્વારો સુધીની રીત. ... ... ... ... ... ... ૧૬૨–૧૬૩

અધ્યાય ૧૦ મો.

લીખથી ગજ સુધીનું પ્રમાણ, ચતુરસ્ત્ર, ઘનચતુરસ્ત્ર, વર્તુલ, ઘનવર્તુલ, ચાપાકૃતિ ગણિત, અષ્ટકોણ, ષટ્કોણ, પંચકોણ, ષોડશાસ્ત્ર ઇત્યાદિનાં ક્ષેત્રફળો અને બાહુ લાવવાનું ગણિત. ... ... ... ... ૧૬૪–૧૭૭

અધ્યાય ૧૧ મો.

તિથિ, યોગ, નક્ષત્ર, વાર, શુભાશુભફળ, ચંદ્ર, કરણ, લગ્ન, ગ્રહ, ઘરનું આયુષ, વગેરે જ્યોતિષ પ્રકરણ. સ્ત્રીના ગુણ દોષ ઇત્યાદિ.... ... ૧૭૮–૧૮૯

અધ્યાય ૧૨ મો.

ગોચર, દિન રાત્રીમાન, સ્વરોદય અને માત્રિકા લક્ષણ. ... ... ૧૯૦–૨૦૬

અધ્યાય ૧૩ મો.

જ્યોતિષ લક્ષણ. ... ... ... ... ... ... ૨૦૮–૨૨૦

અધ્યાય ૧૪ મો.

વૃદ્ધ જનોએ બનાવેલા શકુન લક્ષણ. ... ... ... ... ૨૨૧–૨૪૦

આ વિષયમાં અમારો પ્રવેશ હોવાથી કોઈ પ્રકારે ચૂક હોય તો પૂર્ણ રીતે શિલ્પજ્ઞાન ધરાવનાર પુરુષો ક્ષમા કરશે.

---

"Aho Shrutgyanam"

राजवल्लभ अध्याय १

विश्वकर्मा चतुर्बाहु

अक्षमालां च पुस्तकं कंबाकमंडलुं धत्ते त्रिनेत्रो हंसवाहनः १ "ज्ञानरत्नकोशे"

यह चित्र कामके

ऊपर प्रशस्त होनेका है और बाजुपर श्लोकमें जो रूप बताया है सो देव पंक्तीका है.



श्री करुणेश प्रिंटिंग प्रेस. खेतवाडी मे. रोड, मुंबई.

"Aho Shrutgyanam"

ॐ

॥ श्रीगणेशायनमः श्रीसरस्वत्यैनमः ॥

॥ श्रीविश्वकर्मणेनमः ॥

अथ

# ॥ राजवल्लभ. ॥

## अनुष्टुप.

आनंदंवोगणेशार्कविष्णुगौरीमहेश्वराः ॥
देवाःकुर्युःश्रियंसौख्यमारोग्यंत्वद्गृहेसदा ॥ १ ॥

**અર્થઃ**—ગણુપતિ, સૂર્ય, વિષ્ણુ, પાર્વતી અને મહાદેવ; એ દેવો તમને આનંદ આપો તથા નિરંતર લક્ષ્મી તમારા ઘરમાં સુખ અને આરોગ્યપણું આપો !

## वसन्ततिलका.

देवंनमामिगिरिजासुतमेकदंतंसिंदूरचर्चिततनुंसुविशालशुंडं ॥
नागेंद्रमंडितवपुर्युतसिद्धिबुद्धिंसेव्यंसुरोरगनरैःसकलार्थसिद्ध्यै॥२॥

**અર્થ**:—જેને એક દંત છે, જેનું શરીર સિંદૂરવડે શોભાયમાન છે, વિશાળ જેની શુંડ છે, સર્પવડે સુશોભિત જેની દેહ છે તથા સિદ્ધિ અને બુદ્ધિ એવા નામની જેની પાસે રહેલી બે સ્ત્રીઓ છે; એટલુંજ નહિ પણ, સર્વ કાર્યની સિદ્ધિ માટે દેવલોક, નાગલોક અને મનુષ્યો જેને સેવે છે એવા પાર્વતીના પુત્રને ( ગણુપતીને ) હું વંદન કરૂં છું. ૨

## स्रग्धरा.

याब्रह्माद्यैरलक्ष्यात्रिभुवननमिताब्रह्मपुत्रीशिवाद्या
ब्रह्माविष्णुश्चरुद्रःप्रणमतिबहुशोयासदानंदरुपा ॥
वाणींचैतन्यरूपावसतिचसकलेप्राणिनिद्राक्षुधातृद्
सानित्यासुप्रसन्नावितरतुविभवंविश्वरूपावलोके ॥ ३ ॥

"Aho Shrutgyanam"

**અર્થઃ**—જેને જાણવાને બ્રહ્માદિક સમર્થ નથી તથા જેને ત્રણલોક નમે છે તેમજ કલ્યાણકારી અને જે આદ્ય છે, વળી બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર જેવા જેને વારંવાર નમસ્કાર કરે છે ને નિરંતર આનંદરૂપે સર્વપ્રાણી વિષે, નિદ્રા, ક્ષુધા અને તૃષારૂપે જે રહેલી છે, એવી ચૈતન્યરૂપ બ્રહ્મપુત્રી (સરસ્વતી) મને પ્રસન્ન થઇ નિરંતર વિશ્વનું રૂપ અવલોકન કરવાની શક્તિ આપો. ૩

कंबासूत्रांबुपात्रंवहतिकरतलेपुस्तकंज्ञानसूत्रं
हंसारूढस्त्रिनेत्रःशुभमुकुटशिराःसर्वतोवृद्धकायः ॥
त्रैलोक्यंयेनसृष्टंसकलसुरगृहंराजहर्म्यादिहर्म्यं
देवोसौसूत्रधारोजगदखिलहितःपातुवोविश्वकर्मा ॥ ४ ॥

**અર્થઃ**—જેણે એક હાથમાં કાંબી (ગજ), બીજા હાથમાં સૂત્ર, ત્રીજામાં જળપાત્ર (કમંડળ) ને ચોથા હાથમાં પુસ્તક ધારણ કરેલું છે, વળી જે હંસારૂઢ છે (હંસ ઉપર બેઠાછે), જેને ત્રણ નેત્ર છે અને જેણે મસ્તકઉપર સુંદર મુકુટ ધારણ કરેલો છે, એટલુંજ નહિ, પણ સર્વ પ્રકારે જેનું શરીર વૃદ્ધિ પામેલું છે, તથા ત્રણ લોક જેણે સરજેલાં છે, તેમજ સર્વ પ્રકારનાં ~~દેવઘરો~~, રાજઘરો, અને બીજા સર્વ સામાન્ય લોકોનાં ઘરો જેણે રચેલાં છે, એવા સર્વ જગતનું હિતકર્ત્તા વિશ્વકર્મા જે સૂત્રધાર તે તમારૂં રક્ષણ કરો.

## शार्दूलविक्रीडित.

स्त्रीपुत्रादिकभोगसौख्यजननंधर्मार्थकामप्रदं
जंतूनांलयनंसुखास्पदमिदंशीतांबुघर्मावहं ॥
वापीदेवगृहादिपुण्यमखिलंगेहात्समुत्पद्यते
गेहंपूर्वमुशंतितेनविबुधाःश्रीविश्वकर्मादयः ॥ ५ ॥

**અર્થઃ**—જે ઘર વિષે સ્ત્રી અને પુત્રાદિકના ભોગ અને સુખ પ્રાપ્ત થાય છે, તથા જે ઘરવડે ધર્મ, અને કામની પ્રાપ્તિ થાય છે, એવું જે ઘર તે પ્રાણીનું વિશ્રામસ્થાન છે. એટલુંજ નહિ પણ શીત, ( ટાઢ–થંડી ) વર્ષાદ અને તાપનો ભય નિવારણ કરનાર પણ ઘર છે અને તે ઘરવડે વાવડી તથા કૂવાનું સુખ અને ~~દેવમંદિરનું પુણ્ય મળેછે~~, એ સર્વ ઘરવડેજ મળેછે, માટેજ વિશ્વકર્માદિ પંડિતો અને દેવતાઓ વગેરે સૌથી પેહેલાં ઘરની ઇચ્છા કરે છે. ૫

"Aho Shrutgyanam"

## उपजाति.

सिद्धचैगृहारंभमुशंतिवृद्धायथोदितेमासिवलक्षपक्षे ॥
शशांकवीर्येसुदिनेनिमित्तेशुभेरवौसौम्यगतेप्रवेशं ॥६॥

**અર્થઃ**—શાસ્ત્ર વિષે કહેલા માસમાં, શુકલ પક્ષમાં, ચંદ્રમાના બળમાં, સારા દિવસે અને સારા શકુન જોઇ ઉત્તરાયનના સૂર્યમાં ઘરનો આરંભ અને ઘરમાં પ્રવેશ કરવાનું કહ્યું છે. ૬

## शार्दूलविक्रीडित.

चैत्रेशोककरंगृहादिरचितंस्यान्माधवेऽर्थप्रदं
ज्येष्ठेमृत्युकरंशुचौपशुहरंतद्वृद्धिदंश्रावणे ॥
शून्यंभाद्रपदेऽश्विनेकलिकरंभृत्यक्षयंकार्त्तिके
धान्यंमार्गसहस्ययोर्दहनभीर्माघेश्रियंफाल्गुने ॥ ७ ॥

**અર્થઃ**—ચૈત્ર માસમાં ઘરનો આરંભ તથા ઘરમાં પ્રવેશ કરવામાં આવે તો શોક ઉત્પન્ન કરાવે, વૈશાખમાં ઘરનો આરંભ કે ઘરમાં પ્રવેશ કરવામાં આવે તો ધનની પ્રાપ્તિ થાય, જ્યેષ્ઠ માસમાં તેમ કરવામાં આવે તો મૃત્યુ થાય, આષાઢમાં તેમ કરવામાં આવે તો પશુનો નાશ થાય, શ્રાવણમાં તેમ કરવામાં આવે તો પશુની વૃદ્ધિ થાય, ભાદ્રપદમાં તેમ કરવામાં આવે તો તે ઘર શૂન્ય રહે, આશ્વિનમાં તેમ કરે તો કલેશ થાય, કાર્ત્તિકમાં તેમ કરે તો ચાકરનો નાશ થાય, માર્ગશીર્ષમાં અને પોષ માસમાં ઘરનો આરંભ કરવામાં આવે કે ઘરમાં પ્રવેશ કરવામાં આવે તો ધાન્યની પ્રાપ્તિ થાય, માઘ માસમાં તેમ કરવામાં આવે તો અગ્નિનો ભય થાય, અને ફાગણમાં ઘરનો આરંભ કરે અગર ઘરમાં પ્રવેશ કરવામાં આવે તો તેથી લક્ષ્મીની વૃદ્ધિ થાય એમ કહ્યુંછે. ૭

आदित्येहरिकर्कनक्रघटगेपूर्वापरास्यंगृहं
कर्त्तव्यंतुलमेषवृश्चिकवृषेयाम्योत्तरास्यंतथा ॥
द्वारंभिन्नतयाकरोतिकुमतिर्द्रव्यप्रणाशस्तदा
कन्यामीनधनुर्गतेमिथुनगेत्वास्मिन्नकार्यंगृहं ॥ ८ ॥

"Aho Shrutgyanam"

**અર્થ**:—સિંહ, કર્ક, મકર, કુંભ, એટલી રાશીના સૂર્યમાં પૂર્વ અને પશ્ચિમ દિશાના દ્વારવાળું ઘર કરવું, તથા તુલા, મેષ, વૃશ્ચિક અને વૃષ, એટલી રાશિના સૂર્યમાં દક્ષિણ અને ઉત્તર દિશાના દ્વારવાળું ઘર કરવું; પણ કુમતિવડે તેથી ઉલટી રીતે કોઈ કરે તો તેથી દ્રવ્યનો નાશ થાય તેમ કન્યા, મીન, ધન ને મિથુન એટલી રાશિના સૂર્યમાં ઘર કરવું [૧]નહિ. ૮

**कन्यादित्रिषुपूर्वतोयमदिशित्याज्यंचचापादितः**
**द्वारंपश्चिमतस्त्रिकेजलचरात्सौम्येरवौयुग्मतः ॥**
**तस्माद्वत्समुखंदिशासुभवनद्वारादिकंहानिकृत्**
**सिंहंचाथवृषंचवृश्चिकघटंयातेहितसर्वतः ॥ ९ ॥**

**અર્થ**:—કન્યા, તુલા અને વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં [૨]વત્સનું

---

૧ ગ્રંથાંતરે લખે છે કે, નિષેધ કરેલી સંક્રાંતિઓમાં ચારે દિશાના દ્વારવાળું ઘર કરે તો દોષ નથી.

૨ વત્સ એટલે શું હશે ? એવી વાંચનારને શંકા થશે, તેનું સમાધાન થવા માટે ખુલાસો કરવાની જરૂર જણાયાથી તેમજ વાંચનારને સુગમ પડવા માટે લખું છું કે, શાસ્ત્રમાં લખ્યાપ્રમાણે રૂપ બની શકે નહિ તોપણ તેના શરીરનું વર્ણન કરવું અવશ્યનું જાણી જ્યોતિષ ગ્રંથો પૈકી "નારચંદ્ર" નામના ગ્રંથે બતાવેલી આકૃતિનું વર્ણન એવું છે કે:-

**पंचशीर्षस्त्रिपुच्छश्चनवनाभिःषोडशांघ्रयः**
**त्रिशतानिचषष्ठिश्चशृंगाणिचकराःशतं ॥ १२ ॥ इतिवत्सस्वरूपं ॥ नारचंद्रे ॥**

અર્થ:—જેનાં પાંચ મસ્તક, ત્રણ પૂંછડાં, નવ નાભિ, સોળ પગ, ત્રણસેં ને સાઠ શીંગડાં અને સો ( ૧૦૦ ) હાથ છે, ૧૨. એવા આકાશપથે રહેલા વત્સ સામે અને તેની પાછળ ઘરનું દ્વાર મુકવું નહીં, પણ ફક્ત ચાર રાશિના સૂર્યમાં દ્વાર મુકતાં દોષ બતાવ્યો નથી.

વત્સનું રૂપ ઓળખવા ગ્રંથોમાં લખેલી વાતો વાંચી, કુશળપણું મેળવી શકાતું નથી; પણ એવી બાબતો માટે જેણે પ્રયાસ કરેલો હોય તે દ્વારાથી અનુભવ લઈ હરેક વાત ઓળખવી એટલે કોઇ પણ સભાસ્થાનમાં પોતાનો ગુણ પ્રકાશતાં માન્યમાં ન્યૂનતા થાય નહિ એ વાત યાદ રાખી કાર્યમાં પ્રવૃત્ત થવું એ ઠીક છે.

હવે વત્સ માટે શાસ્ત્રકારે તેનું રૂપ, ગુણ, આકૃતિ, સ્થાન, અને દોષ ઈત્યાદિ બતાવ્યું છે, પણ પ્રત્યક્ષ ઓળખ્યા વિના વાંચનારને સંકલ્પવિકલ્પ થયા કરશે એટલુંજ નહિ પણ, દર ત્રણ રાશિના સૂર્યમાં એ વત્સનું શરીર પૂર્વાદિ દિશાઓમાં ફરે છે, એવું વાંચવાથી તો વધારે આશ્ચર્યપણું થશે. વળી એમ પણ સમજાશે કે જે દિશા સામે વત્સનું મુખ હોય તે દિશાની સામેની દિશામાં વત્સનું પૂચ્છ હશે.

"Aho Shrutgyanam"

મુખ પૂર્વમાં હોય છે, ધન, મકર અને કુંભ એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ દક્ષિણે હોયછે; તથા મીન, મેષ અને વૃષ એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ પશ્ચિમે હોયછે, અને મિથુન, કર્ક ને સિંહ એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ ઉત્તરમાં હોય છે. માટે વત્સ સામે ઘરનું દ્વાર મુકવામાં

---

જે ઋતુમાં વાદળનો ઘેરાવો ન હોય પણ આકાશ સ્વચ્છ અને નિર્મળ હોય તેમજ ચંદ્રનો પ્રકાશ હોય નહિ, એવા વખતમાં સૂર્ય અસ્ત થયા પછી ગગન માર્ગે દૃષ્ટિ દેવામાં આવે તો ચોખ્ખી રીતે એ વત્સનું લાંબુ શરીર દેખાશે. તેનું પૂર્વ સામે મુખ હોય તો પશ્ચિમમાં તેનું પૂછડું હશે અને ઉત્તર સામે મુખ હોય તો દક્ષિણે પૂછડું હોય. એ રીતે ચાર દિશાઓ મધ્ય સીધી લીટીમાં રહે છે.

એ વત્સની આકૃતિ એવી હોય છે કે, આકાશમાં જાણે એક લાંબી સડક હોય અને તે સડકની બન્ને કિનારિઓ ઉપર ( ડાબે અને જમણે ) તારાઓના જથાબંધ દેખાવ હોય છે; તે એવી રીતે કે, વત્સના શરીરના જે ભાગમાં પુષ્ટાઇ હોય તે ભાગમાં તારાઓનો સમૂહ વધારે હોય છે, અને જે ઠેકાણે વત્સના શરીરનો કૃશ ભાગ હોય તે ઠેકાણે તારાઓનો સમૂહ ઓછો હોય છે; વળી એ બન્ને તરફ તારાઓના સમૂહો વચ્ચે વત્સનું શરીર અર્ધગોળ અથવા ધનુષ્યાકૃતિ રુપે હોય છે. તે શરીર જાણે બારીક વાદળાંવડે બંધાયું હોય અથવા જેમ આછો ધુમાડાનો રસ્તો, કોઇ વખત વાયુ નથી હોતો તે વખત બંધાય છે તેવો શ્યામ અને શ્વેત મિશ્રિત રંગ હોય (સફેતાઇ વિશેષ હોય) છે.

શિયાળામાં જંગલ વિષે પવન ન હોય તે વખતે સવારમાં અથવા સાંજે ધુમ્ર માર્ગ જોવામાં આવે છે, તે જાણે અધર સ્થિર સડક રહેલી હોય એ રીતે આકાશમાં વત્સનું રુપ તારાઓના સમૂહમાં દેખાય છે. એ વત્સને કેટલાક લોકો સ્વર્ગનો માર્ગ કહે છે અને શાસ્ત્રાધાર પ્રમાણે કેટલાક લોકો તેને “ શિશુમારચક્ર ” કહે છે. એટલુંજ નહિ, પણ કેટલાક લોકો આકાશગામિની ગંગા કહે છે અને તેની આજુબાજુ તારાના જથા દેખાય છે. તેને દેવલોકો સ્નાન કરવા ઉતરેલા હોવાથી તેમના વિમાનોની પંક્તિ ગોઠવાએલી છે એમ કલ્પે છે, વળી જ્યોતિષ વેત્તાઓએ તો તેને સેતુ રુપે કલ્પ્યોછે અને આકાશપથ પણ બતાવ્યો છે.

વત્સનું દર ત્રણ સક્રાંતિએ એકથી બીજી દિશાએ ફરવું થાય છે, એટલે બાર માસમાં ચારે દિશાએ ફરી રહેછે. જ્યારે જે દિશામાં વત્સ હોયછે તે દિશામાં ત્રણ સંક્રાંતિના નેવુ દિવસ સુધી જ્યોતિષ જાણનાર લોકો ઘરનું દ્વાર મુકવા દેતા નથી તથા પ્રતિષ્ઠા કરવા દેતા નથી. અને ખાત મુહૂર્ત્ત પણ આપતા નથી. પણ તેમાં ખરી રીત સમજ્યા વિના ત્રણ માસ સુધી મુહૂર્ત્ત આપવું નહિ એ વાત વ્યાજબી નથી, કેમકે ત્રણ સંક્રાંતિના નેવુ દિવસ સુધી વત્સનું મુખ એકજ દિશામાં રહેતું નથી.

"Aho Shrutgyanam"

# જૂઓ વત્સચક્ર.




આ વત્સચક્ર છે એટલે મિથુન, કર્ક અને સિંહ એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ ઉત્તર દિશા સામે હોય છે. અર્થાત્ જ્યેષ્ઠ, આષાઢ અને શ્રાવણ એ ત્રણ માસ સુધી ઉત્તરમાં હોય ત્યાં સુધી ઉત્તર અને દક્ષિણ એ બન્ને દિશાઓમાંથી ઘરનું દ્વાર એકે દિશાએ મૂકવું નહિ. એમ સાધારણ જ્યોતિષ જાણનાર કહે છે; પણ હુંશિયાર જ્યોતિષી તો એ ત્રણ માસમાં સારો દિવસ કહાડી દ્વાર મુકવાનું મુહૂર્ત્ત આપે છે. એટલે વાદવિવાદ ઉત્પન્ન થાય છે: માટે તેમ નહિ થવા સર્વ જનો એક સરખી રીતે સમજે એવા હેતુથી ખુલાસો લખવામાં આવે છે કે—

**कन्नाइतिन्निपुव्वेधणाइतियदाहिणेभवेवच्छो ॥ पच्छिममीणाइतियं**
**उत्तरमिहुणाइतिंयणेयं ॥१८॥ गिहभूमिसत्तणायंपण ५ दह १०**
**तिहि १५ तीस ३० तिहि १५ दस १० छ ५ कमेइयदिणसंच·**
**उद्दिसिसिरीपुंछसमंकिवच्छठिई ॥ १९ ॥ इतिवास्तुसारे ॥**

"Aho Shrutgyanam"

આવે તો હાનિ થાય અને વત્સની પાછળ દ્વાર મુકાય તો આયુષનો ક્ષય થાય; પણ સિંહ, વૃષ, વૃશ્ચિક અને કુંભ એ ચાર રાશિના સૂર્યમાં *ઘરને ચારે દિશામા દ્વારો મુકવામાં આવે તો વત્સનો દોષ આવે નહિ. ૯

**प्राचीमेषतुलारवीउदयतेस्याद्दैक्षणवेवन्हिभे**
**चित्रास्वातिभमध्यगानिगदिताप्राचीबुधैःपंचधा ।**
**प्रासादंभवनंकरोतिनगरंदिग्मूढमर्थक्षयं**
**हर्म्येदेवगृहेपुरेचनितरामायुर्धनंदिग्मुखे ॥ १० ॥**

---

* ઘરની ભૂમિની ચારે દિશાઓના મધ્ય ભાગના સાત સાત વિભાગો કરવામાં આવ્યા છે અને દરેક કોણનો વિભાગ જૂદો છે. તે કોણોમાંથી એકે કોણમાં દ્વાર મુકાય નહિ ( ગમે તેવો ચોખ્ખો દિવસ હોય તોપણ દ્વાર મૂકાય નહિ ) કારણ કે કોણનો ભાગ વિમ્મૂઢપણાનો છે; એટલુંજ નહિ પણ કોણોના ભાગે વાસ્તુદેવની સંધિ અને શીર વગેરેનો ભાગ છે, તેમજ અષ્ટ સૂત્રિ અને ષટ્ સૂત્રિને પીડા કરવી નહિ એમ બીજા અધ્યાયના શ્લોક ૨૦–૨૧ વિષે આવશે તે જોવું. હવે દિશાઓમાં દ્વાર મુકવાનું હોય તેવા વખતમાં તે દિશા સામે વત્સ હોય તે વત્સનો દોષ ત્રણ માસ સુધી રહે છે. તેવા વખતે દ્વાર મુકવાની જરૂર હોય છે ત્યારે સૂક્ષ્મ મતે એવી રીત છે કે, દિશાઓના સાત વિભાગો કરેલા છે, તે દરેક વિભાગે ત્રણ માસ સુધી વત્સ રહે છે. તેમાં સમજવાનું એવી રીતે છે કે,

મિથૂન, કર્ક અને સિંહ, એ ત્રણે રાશિના સુર્યમાં (જયેષ્ઠ, આષાઢ અને શ્રાવણમાં) વત્સ ઉત્તર દિશા ભોગવે છે. તે ઉત્તરનો ભાગ ઈશાન અને વાયવ્ય કોણ વચ્ચેનો છે. તે ભાગમાં સાત વિભાગો કર્યા છે, તેમાં પ્રથમ પાંચ દિવસ સુધી વત્સનું રહેવું છે, બીજામાં દશ, ત્રીજામાં પંદર દિવસ રહે અને ચોથા વિભાગમાં ત્રીશ દિવસ સૂધી રહે છે, એ ચોથો વિભાગ છે, તે દિશાનું "મધ્યબિંદુ" છે એમ જાણવું, અને તે પછી પંદર દિવસ પાંચમા વિભાગે તથા દસ દિવસ છઠ્ઠામાં અને પાંચ દિવસ સાતમા વિભાગે વત્સ રહે છે. એ રીતે દરેક દિશામાં વત્સનું રહેવું થાયછે. તે રીત જાણનાર હુંશિયાર જ્યોતિષી લોકો તેવા વખતમાં દ્વાર મુકવાનું સુહૂર્ત્ત આપે છે, પણ જે વખત દિશાના મધ્યબિંદુમાં વત્સ હોય તે વખત વત્સના સામે કે વત્સની પાછળ દ્વાર મુકવા દેતા નથી અને ઉતાવળના પ્રસંગે દિશાના મધ્યબિંદુથી ડાબે અથવા જમણી તરફ વત્સ હોય તેવા વખતમાં તારા, ચંદ્રબળ, નક્ષત્ર, તિથિ, વાર એ વગેરે શ્રેષ્ટ આવતાં હોય તો દ્વાર મુકવાનું સુહૂર્ત્ત આપે છે, એજ રીત ચારે દિશાઓની છે, એમ જાણવું.

એ રીતે વત્સના ગુણ દોષો છે અને તેનું રૂપ છે, તેમ છતાં નારચંદ્ર ગ્રંથમાં તે વત્સને વૃષભરૂપે બતાવ્યો છે, તે કોઈ ગ્રંથના આધારે કહ્યું હશે પણ તેનું નામ વત્સ છે એટલે, તેનું વધારે વિવેચન કરવાની જરૂર નથી. માત્ર કાર્ય કરવાનું છે.

* બંગલાકારે ઘર કરવું હોય તો દોષ આવે નહિ. ચાર દ્વારોવાળું મકાન ઈંગ્રેજી રીતિનું છે એમ કેટલાકની સમજ હોય તો તે ખોટી છે.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—જે દિશામાં મેષ અને તુળા રાશિનો સૂર્ય ઉગે તથા શ્રવણ અને કૃતિકા નક્ષત્રો ઊગે તેજ પૂર્વ દિશા છે એમ સમજવું; તથા ચિત્રા અને સ્વાતિ, એ બે નક્ષત્રોનો જે મધ્ય ભાગ છે તેજ પૂર્વ દિશા સમજવી; એ રીતે પાંચ પ્રકારે પૂર્વ દિશા પંડિતોએ બતાવી છે. તે દિશા સાધી ઘર તથા [1]પ્રાસાદ અને નગર બાંધવામાં આવે તો આયુષ અને ધનની વૃદ્ધિ થાય, પણ દિગ્મૂઢ અથવા દિશાના ભાગમાં ન રહેતાં વાંકું ચૂંકું ઘર, પ્રાસાદ કે નગર રચાય તો આયુષ અને ધનનો ક્ષય થાય. ૧૦

**तारेमार्कटिकेध्रुवस्यसमतांनीतेऽवलंबेनते**
**दीपाग्रेणतदैक्यतश्चकथितासूत्रेणसौम्यादिशा ॥**
**शंकोर्नेत्रगुणेतुमंडलवरेछायाद्वयान्मत्स्ययोः**
**जातायत्रयुतिस्तुशंकुतलतोयाम्योत्तरेऽतःस्फुटे ॥ ११ ॥**

**અર્થઃ**—ધ્રુવની [2]માંકડીના આદ્ય ભાગે જે બે તારાઓ છે તે તારિકાઓ

---

૧ પ્રાસાદ એટલે દેવમંદિર કહેવાય છે. તેમજ રાજાના મેહેલને પણ પ્રાસાદ નામ આપ્યું છે.

૨ માંકડી અથવા મર્કટી ધ્રુવની આજુબાજુ ચારે તરફ ફરે છે પણ તે માંકડી કેવી રીતની હશે ?

એમ વાંચનારને પ્રશ્ન ઉત્પન્ન થશે તેના સમાધાન માટે ધ્રુવ અને તેની માંકડીની આકૃતિ સાથે બરોબર રીતે સમજી શકાય તેમ કરતાં આ ટીપ વિસ્તાર પામશે. તોપણ તેના ઉપર લક્ષ આપવાથી બીજાને પૂછવાની દરકાર મટશે એ રીતે બતાવવામાં આવે છે તે વાંચો.

ધ્રુવની માંકડીમાં ૭ તારિકાઓ હોય છે. તે ઘડિયાળના કલાક કાંટાની પેઠે ચોવીશ કલાકે ધ્રુવની પ્રદક્ષણા કરી રહે છે, એવી માંકડીના ૭ તારા પૈકી ધ્રુવ નજીક રહેનાર બે તારા જે કે એક બીજા ઉપર સમસૂત્ર રહે છે, તે બે જ્યારે ધ્રુવ ઉપર અથવા નીચે, ધ્રુવની સીધી લીટીમાં આવે તે વખત તેજ ઉત્તર દિશા છે એમ નકી થાય છે, પણ એકલા ધ્રુવના આધારે દિશા નકી થતી નથી. કારણ કે ધ્રુવને આખું જગત્ અચળ માનતું હશે પણ ચળાયમાન છે. સાંજે એક ભીંતના ખુંણા ઉપર ધ્રુવને રાખી પ્રભાતે જોવામાં આવશે તો ભીંતના ખુંણાથી આશરે અર્ધ હાથ પૂર્વ તરફ ગયો માલુમ પડશે; તોપણ તે પોતાનું મંડળ મૂકી બહાર જશે નહિ. ધ્રુવ નામ અચળ છે તેથી તેના આધારે સમુદ્ર વિષે વહાણોનું પરદેશે ગમન થાય છે; તોપણ કોઇ વખત બીજા તારાઓનો સંદેહ થવે રસ્તે ચાલનાર ભૂલાવો ખાય છે. એટલે દિશિશૂન્ય થાય છે. માટે ધ્રુવની માંકડી ઓળખી રાખી હોય તો તેથી ધ્રુવની ઓળખાણ બરોબર રહેશે, વળી કેટલાક લોકોને મૃત્યુ પહેલાં ૭ માસ આગમચ ધ્રુવનું દેખાવું બંધ થાય છે. એમ ઘણા લોકો કહે છે તે પણ નકી થશે.

"Aho Shrutgyanam"

ધ્રુવની સીધી લીટીમાં આવે તે વખત તેની સામે અવલંબ (ઓળંબો) ઝાલવો અને જ્યારે એ બે તારિકાઓ ધ્રુવની સીધી લીટીમાં આવ્યાથી અવલંબની

---

વર્તમાન કાળમાં અગાધ બુદ્ધિવાન્ અંગ્રેજોએ ધ્રુવની માછલી (ડાબલી) કરી છે. તે આધારે હાલના શિલ્પ લોકો વર્ત્તે છે; પણ એવાં સાધનો વડે ઉદ્યોગી મનુષ્યોના અંગમાં પ્રમાદરૂપી ગોદડું પડી જવે પ્રાચીન રીતિ અંધારામાં અથડાતી ફરે છે; તો તેમ ન કરતાં પ્રાચીન રીતો શ્રેષ્ઠ છે તે અવશ્ય યાદ રાખવી જોઇએ. કારણ કે ધ્રુવની ડાબલી નહિ મળવાનો પ્રસંગ આવીપડે એવા સ્થળમાં કાર્ય કરવાનો વખત આવે તો પછી યાંત્રિક સાધન વિના શિલ્પિએ શું કરવું ? અરે! પણ અમે ભૂલતા ન હઇએ તો એવાં કેટલાંક સાધનો મળવે કારીગરોએ અસલના ગ્રંથનો અભ્યાસ મુકી દેવાથી કેટલીક બાબતોનો લોપ થઇ ગયો છે. માટે પછીથી પસ્તાવું થાય તેમ ન કરતાં પ્રાચીન રીતિ યાદ રાખવી એ સારૂં છે.

○ આ ધ્રુવ છે.

○ આ તારા અને

○ આ તારા એ બે ધ્રુવ નીચે અથવા ઉપર એકસૂત્રમાં આવે એટલે બસ છે.



ઉપર બતાવેલી ૭ તારાની માંકડી વાંકી આકૃતિની છે. ( તે માંકડીમાં છેલ્લા બે તારા ધ્રુવથી નીચે ઘણે દૂર દેખાય છે ). એ ગાંકડીના મથાળે બે તારાઓ ફાગણ શુદ ૨ બીજની રાત્રે આઠ વાગતે સીધી લીટીમાં આવેલા મેં જોયા હતા. એ પ્રકારે ધ્રુવ સાધવાની એક રીતિ થઇ; અને બીજી રીતિ પ્રથમ બતાવ્યા પ્રકાર વડે કરેલા મંડળમાં શંકુ થાપી છાયાનું પ્રમાણ લેવાનું છે એ વિષે વિશેષ સમજણ એવી રીતે છે કે, પ્રકારની બન્ને અણિયો સોળ આંગળ પહોળી કરી પ્રકાર ફેરવવો; એટલે બત્રીશ આંગળ વિસ્તારવાળું મંડળ થશે. તે મંડળના મધ્યમાં બાર આંગળ લાંબો અણીદાર શંકુ સ્થાપન કરવો. તે શંકુનું રૂપ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેરૂ, અથવા દીપકના રૂપ જેવું, અથવા ચંપાની નીકળતી કળી જેવું, અથવા ગાજર જેવી આકૃતિ હોવી જોઇએ. એ શંકુ બાર આંગળ લાંબો હોય તો તેની નીચેની પરિધિ અથવા પડધિ સાડાસાત આંગળના ફેરમાં હોય; ત્યાર પછી તેથી ઉતરતો ભાગ ચાલી છેવટ અણી સુધી બાર આંગળ લંબાઇમાં થાય તેવા શંકુમાં જરા પણ વાંકાપણું જોઇએ નહિ. ગ્રંથાંતરે તો હાથીના દાંતનો શંકુ કરવો કહ્યો છે, પણ શિશમનો તો જરૂર જોઇએ.

શંકુની છાયા જેમ એક મંડળમાં સાધવાથી દિશા નક્કી થાય છે તેજ બત્રીશ આંગળના મંડળ ઉપર પ્રકારની બે અણિયો આઠ આંગળ પહોળી રાખી મંડળ ઉપર બીજું મંડળ ફેરવવું અને તેથી પણ વધારે ખાત્રી કરવી હોય તો એ બે મંડળ ઉપર વળી ત્રીજું આઠ આંગળ પહોળાઇવાળું મંડળ ફેરવવું અને તે મંડળોમાં પ્રથમની રીતે છાયા આવતી

"Aho Shrutgyanam"

સીધી લીટીમાં અથવા ધ્રુવ તથા બે તારિકાઓ અને અવલંબ, એ ત્રણે એક સૂત્રમાં થાય ત્યારે સમજવું કે, તે બરોબર ઉત્તર દિશા છે, અને ધ્રુવ તથા ધ્રુવની માંકડીના આધના બે તારા ને અવલંબ, એ એકસૂત્રમાં થાય ત્યારે તે અવલંબની પાછળ એક ઘડા ઉપર દીવો મુકી જોવું કે એ દીવો અને અવલંબ એક સૂત્રમાં છે તો તે દીવાવાળી દિશા દક્ષિણ સિદ્ધ થઇ.

---

જાય તે ઠેકાણે બિંદુઓ અથવા ચિન્હો કરવાં. પણ યાદ રાખવું કે, દિશા સાધનમાં જે જમીન ઉપર આવર્ત અથવા મંડળ કરવું હોય તે જમીન નીચી ઉંચી ન જોઇએ; પણ એક સરખી સપાટી અથવા સરખો ચોરસ મથાળો જોઇએ. તેમજ સવારથી સાંજ સુધી તે મંડળ ઉપર સૂર્યનો તડકો રહેવો જોઇએ. અર્થાત્ કોઇ વસ્તુની છાયા મંડળના કોઇ ભાગ ઉપર પડવી જોઇએ નહીં. એવા મેદાનમાં મંડળ કરવું.

હવે દિશિ સાધતાં ઋતુના કારણે સૂર્યનું ફરવું એટલે એકથી બીજી દિશાએ જવું થાય છે, તે વખત છાયાની સીધાઇ આવતી નથી, પણ છાયા વક્ર ગતિને પામે છે. એટલે દિશા સાધ્યા છતાં દિઙ્મૂઢપણું રહેશે એટલે પ્રાસાદ કે ઘરના કામમાં દોષ આવશે. તે દોષ દૂર થવા માટે પ્રાચીન વખતના બુદ્ધિમાન્ પુરૂષોએ કાંઇ બાકી રાખ્યું નથી. જુવો કુંડસિદ્ધિ નામના ગ્રંથમાં લખે છે કેઃ—

## શાલિની વૃત્ત.

**कर्केकीटेगोमृगेयूकयासाद्वाभ्यांचाल्यासिंहकुंभत्रिकेपि ॥**
**यामाशांवैभानुमान्यातितस्यांचाल्याद्वंद्वेकार्मुकेचालनंन ॥८॥**

**અર્થઃ**—કર્ક, વૃશ્ચિક, વૃષ, અને મકર, એ ચાર સંક્રાંતિઓમાં એક એક યૂકા (જૂ) પ્રમાણે શંકુની છાયા જે દિશામાં સૂર્ય હોય તે દિશા સામે ચલાવવી. અર્થાત્ શંકુની છાયાથી સૂર્ય સામેની દિશાએ એક યૂકા જેટલે છેટે ચિન્હ કરવું તથા સિંહ, કન્યા અને તુળા એ ત્રણ સંક્રાંતિઓમાં તેમજ કુંભ, મીન અને મેષ એ ત્રણ સંક્રાંતિઓ મળી છ સંક્રાંતિઓમાં સૂર્ય જે દિશામાં હોય તે દિશા સામે શંકુની છાયાથી બે બે યૂકા પ્રમાણે છેટે ચિન્હ કરવું ( ઉત્તર અને દક્ષિણ એ બે દિશામાં સૂર્ય રહે છે. ) અને મિથુન તથા મકર એ બે સંક્રાંતિઓમાં શંકુની છાયા ચલાવવાની જરૂર નથી. ૮

ઉપર બતાવ્યા પ્રમાણે દિશિસાધન—સંક્રાંતિઓ બદલવાની રીતિ બતાવી છે. પણ તે સંક્રાંતિઓ કયા વખતે બદલાય છે ? એ વાતની સર્વને ખબર હોતી નથી. એટલે બીજાને પૂછવાનું રહે છે. તેમ ન રહેવા એક સરખી રીતે સર્વને જાણવા માટે આ નીચે બતાવીએ છીએ.

ચૈત્ર માસમાં "મેષ" સંક્રાંતિ, વૈશાખમાં "વૃષ" સંક્રાંતિ, તથા જ્યેષ્ઠમાં "મિથુન", અષાઢમાં "કર્ક," શ્રાવણે "સિંહ," ભાદ્રપદે "કન્યા," આશ્વિને "તુલા," કાર્તિકે "વૃશ્ચિક," માર્ગશીર્ષે "ધન," પૌષે "મકર," માઘે "કુંભ" અને ફાલ્ગુન માસમાં "મીન" સંક્રાંતિ હોય છે, એ રીતે દર

"Aho Shrutgyanam"

હવે બીજી રીતે દિશા સાધવા માટે પ્રકારવડે બત્રીશ આંગળનું એક ગોળ આવૃત્ત અથવા મંડળ કરી તેમાં શંકુ સ્થાપન કરવો (સૂર્યોદય થતા પહેલાં) અને જોવું કે, સૂર્ય ઉદય થતાંજ શંકુની છાયા મંડળ બહાર પશ્ચિમ સામે દૂર નીકળી જશે, પણ જેમ જેમ સૂર્ય ચઢતો આવશે તેમ તેમ શંકુની છાયા મંડળ સામે ખેંચાતી આવશે. તે વખત ધ્યાન રાખવું કે, મંડળની લીટી ઉપર શંકુની છાયાની અણીનો છેલ્લો ભાગ જ્યાં આવે ત્યાં એક બિંદુ અથવા ચિન્હ કરવું, તથા તે છાયામંડળના મધ્ય ભાગે (શંકુની પરિધિ અથવા પડધિ નીચે) આવે તે ઠેકાણે એક ચિન્હ કરવું, અને ત્યાર પછી જેમ જેમ સૂર્ય પશ્ચિમે જશે તેમ તેમ શંકુની છાયા પૂર્વ દિશા સામે ચાલતાં છેવટ મંડળની લીટી ઉપર દાખલ થાય એટલે ત્યાં પણ એક ચિન્હ કર્યા પછી આદ્યના બિંદુ અથવા અંત્યના બિંદુ અથવા ચિન્હઉપર પ્રકારની એક અણી મૂકી ગોળ ફેરવવો, અને તેજ રીતે બીજા બિંદુઉપર પ્રકાર ફેરવવો એટલે

---

માસે સંક્રાંતિઓ બદલાય છે, પણ એમ સમજવું નહિ કે માસ બેસતાંજ સંક્રાંતિ બેસે. કોઇ માસના શુક્લપક્ષમાં અને કોઇ માસના કૃષ્ણપક્ષમાં બેસે છે પણ પક્ષોની પેઠે માસનો બદલો થતો નથી.

હવે દિશા સાધવા માટે આ નીચે બતાવેલાં મંડળઉપર ધ્યાન આપો એટલે પ્રત્યક્ષ રીતે દિશિસાધન જોવામાં આવશે. માટે તે પ્રમાણે દિશિ નક્કી કરી તે પછી ઘર કરવાનો આરંભ કરવો. એટલે દિગ્મૂઢ ઘર થશે નહિ.

ઉપર બતાવેલાં મંડળો અથવા આવર્ત્તોમાં સ્થાપવા માટે "श" શંકુ છે તે પ્રથમ (૧) ક આવર્તમાં સ્થાપવે "न" પશ્ચિમ દિશાના બિંદુ પાસેની લીટી ઉપર શંકુની અણીની છાયા આવ્યેથી ત્યાં બિંદુ અથવા ચિન્હ કરવું, તથા મધ્યાન્હે "र" બિંદુ ઊપર છાયા આવ્યેથી તે ત્યાં ચિન્હ કરવું અને સાંજે "च" પૂર્વ દિશાની લીટી ઊપર શંકુની છાયા જાય તે વખત ત્યાં ચિન્હ કરવું. એટલે "न" પશ્ચિમ અને "च" પૂર્વ દિશા છે એમ સિદ્ધ થયું. તેજ રીતે "ग" મંડળના બે આવર્તના પાંચ બિંદુઓ ઉપર છાયા લેવાની રીતિ છે અને તેજ પ્રમાણે "स" મંડળ માટે છે.

"क" મંડળમાં શંકુ ઊભો કરવાનું સ્થાન જેમ "र" મધ્યબિંદુ છે, તેમ "ग" મંડળનું મધ્ય બિંદુ "ण" છે અને "स" મંડળમાં શંકુ સ્થાપન કરવા માટે શંકુનું સ્થાન "म" મધ્યબિંદુ છે. એ રીતે "क" "ग" અને "स" એ ત્રણ મંડળોઉપરથી પૂર્વ અને પશ્ચિમ દિશા સિદ્ધ થશે. અને એથી પણ વિશેષ ખાત્રી કરવી હોય તો "इ" મંડળ છે તે "र" મંડળ સમજી તે ખેંચી "र" મંડળના મધ્યબિંદુ ઉપર પ્રકારનો એક છેડો અથવા અણી મુકીને પ્રકાર ફેરવવો; અને બીજી વખત "च" મંડળના મધ્યબિંદુમાં તેજ રીતે પ્રકાર ફેરવવો એટલે "इ" મંડળમાં મત્સ્યાકૃતિના મધ્ય ભાગે બિંદુ આવશે. તે મધ્ય બિંદુને છેદી સીધી લીટી ખેંચવી એટલે "त" ઉત્તર અને "व" દક્ષિણ દિશા થશે, એ રીતે પ્રાચી સાધવાનો નિયમ છે; માટે ઘર તથા પ્રાસાદ કે એવાં અન્ય શિલ્પકામ કરવા પ્રવૃત્ત થનાર કારીગરે પ્રથમ દિશિ સાધવાની રીતિ શીખ્યા પછી કામનો આરંભ કરવો.

"Aho Shrutgyanam"

બન્ને ગોળ મંડળો પ્રથમના મંડળના મધ્યે સ્થાપેલા શંકુ નીચે કરેલા ચિન્હનો સ્પર્શ ન થતાં મધ્યબિંદુની આજુબાજુ મત્સ્યાકૃતિ અથવા માછલાના પેટ જેવો ભાગ થશે, તે ભાગમાં રહેલા મધ્યબિંદુને લગાવી એક ઉત્તર અને બીજી દક્ષિણ સામે સીધી લીટી ખેંચી દેવી અથવા રેખા પાડવાથી મત્સ્યના પાછળની દિશા દક્ષિણ અને આગળની દિશા ઉત્તર થશે, એ દિશા સિદ્ધ થઈ જાણવું. ૧૧

## शार्दूलविक्रीडित.

राशीनामलिमीनसिंहभवनंपूर्वामुखंशोभनं
कन्याकर्कटनक्रराशिगृहिणांयाम्याननंमंदिरम् ॥
राशेर्धन्वतुलायुगस्यसदनंशस्तंप्रतीचीमुखं
पुंसांकुंभवृषाजराशिजनुषांसौम्याननंस्यादगृहम् ॥ १२ ॥

**અર્થઃ**—વૃશ્ચિક, મીન અને સિંહરાશિવાળા પુરૂષોએ પૂર્વ દિશાના દ્વારવાળું ઘર કરવું, તથા કન્યા, કર્ક અને મકર રાશિવાળા પુરૂષોએ દક્ષિણ દિશાના દ્વારવાળું ઘર કરવું; તથા ધન, તુળા અને મિથુન રાશિવાળા પુરૂષોએ પશ્ચિમ દિશાના દ્વારવાળું ઘર કરવું, અને કુંભ, વૃષ ને મેષ રાશિવાળા પુરૂષોએ ઉત્તર દિશાના દ્વારવાળું ઘર કરવું. ૧૨

श्वेताब्राह्मणभूमिकाचघृतवद्गंधाशुभस्वादिनी
रक्ताशोणितगंधिनीनृपतिभूःस्वादेकषायात्रसा ॥
स्वादेम्लातिलतैलगंधिरुदितापीताचवैश्यामही
कृष्णामत्स्यसुगंधिनीचकटुकाशूद्रेतिभूलक्षणम् ॥ १३ ॥

**અર્થઃ**—જે પૃથ્વી રંગે ધોળી હોય તથા ઘી જેવી સુગંધી હોય અને જેનો સ્વાદ સારો હોય તેવી ભૂમિમાં બ્રાહ્મણે ઘર કરવું; તથા જે પૃથ્વી રંગે લાલ હોય તથા રૂધિર જેવી સુગંધી હોય અને કષાય જેનો સ્વાદ હોય (હીમજ અથવા હરડે જેવો કડવો સ્વાદ) તેવી ભૂમિમાં ક્ષત્રિજાતિએ ઘર કરવું; તથા જે પૃથ્વીનો રંગ પીળો હોય તથા તલના તેલ જેવી જેની સુગંધિ હોય અને સ્વાદમાં જે ખાટી હોય તેવી ભૂમિમાં વૈશ્યલોકે ઘર કરવું, અને જે પૃથ્વીનો રંગ કાળો હોય તથા માછલાં જેવી જેની સુગંધી હોય અને સ્વાદમાં* કટુક હોય

* કટુક એટલે કડવી થાય છે પણ અમરકોશનો ટીકાકાર લખે છે કે, કટુ એટલે મરિચ અથવા કાળાં મરચાં જેવો સ્વાદ હોય છે અર્થાત્ તીખો સ્વાદ કહ્યો પણ, ભૂમિ વિષે તેટલી તીખાશ સંભવે નહિ, પરંતુ લેશ માત્ર તીખાશ જેવો સ્વાદ હોય તેમજ કડવાશમિશ્રિત હોવાનો સંભવ છે. ( મારવાડ દેશમાં ખારા સ્વાદને કડવો કહે છે. )

"Aho Shrutgyanam"



"Aho Shrutgyanam"

## उपजाति.

स्वादेभवेद्यामधुरासिताभाचतुर्षुवर्णेषुमहीप्रशस्ता ॥
स्नेहान्वितावभ्रुभुजंगयोर्यासौहार्दवत्याखुबिडालयोर्या ॥१४॥

**અર્થઃ**—જે પૃથ્વી સ્વાદે મીઠી હોય, તથા રંગે ધોળી હોય અને જે પૃથ્વીમાં નોળિયો અને સર્પ પ્રીતિવડે એકઠા રહેતા હોય, તેમજ બીલાડી અને ઉંદર સંપ કરી રહેતા હોય, એવી ભૂમિમાં ચારે જાતિના મનુષ્યોએ ઘર કરવું એ શ્રેષ્ઠ છે, એમ બીજા પક્ષાંતરે કહ્યું છે. ૧૪

परीक्षितायांभुविविघ्नराजंसमर्चयेच्चंडिकयासमेतं ॥
क्षेत्राधिपंचाष्टदिशाधिनाथान्सपुष्पधूपैर्बलिभिःसुखाय॥१५॥

**અર્થઃ**—પૃથ્વીની પરીક્ષા કરી ચંડી સહિત ગણપતિનું પૂજન કરવું, તેમજ ક્ષેત્રપાળ અને આઠે દિક્પાળોનું પૂજન પુષ્પ, ધૂપ અને બળિવડે કરવાથી સુખ થાય. ૧૫

## शार्दूलविक्रीडित.

खातंभूमिपरीक्षणेकरमितंतत्पूरयेत्तन्मृदा
हीनेहीनफलंसमेसमफलंलाभोरजोवृद्धितः ॥
तत्कृत्वाजलपूर्णमाशतपदंगत्वापरीक्ष्यंततः
पादार्द्धेनविहीनकेथनिभृतेमध्याधमेष्टंजले ॥ १६ ॥

**અર્થઃ**—પૃથ્વીની પરીક્ષા બીજા પ્રકારે કરવાનું કહ્યું છે તે એવી રીતે કે, ઘર કરવાની જમીનમાં એક હાથ ઉંડો ખાડો ખોદવો અને તે ખાડો ખોદતાં નીકળેલી માટી તેજ ખોદેલા ખાડામાં પાછી પૂરતાં માટી ઘટે તો હીન ફળ જાણવું, તથા ખોદેલી માટી ખાડામાં પૂરતાં તે ખાડો જમીનની સપાટી બરોબર પૂરાઇ રહે તો તેનું સાધારણ ફળ જાણવું અને ખોદેલા ખાડામાંથી નીકળેલી માટી પાછી તેજ ખાડામાં પૂરતાં માટી વધે તો લાભ થાય એમ સમજવું.

હવે જે ખાડો ખોદી માટી કહાડી પાછી તેજ ખાડામાં પૂરી હોય તે માટી પાછી બહાર કહાડી પૃથ્વીની સપાટી બરોબર આવે તેટલું પાણી તે ખાડામાં ભરવું, ત્યારપછી તે ખાડા પાસેથી સો(૧૦૦) પગલાં (ખાડા પાસેથી ગમે તે દિશા તરફ) દૂર જવું, અને ત્યાંથી પાછા આવી ખાડામાં જોતાં ચોથા ભાગનું પાણી ઘટયું હોય તો તેનું મધ્યમ ફળ સમજવું, તથા અર્ધ ભાગનું પાણી ઘટયું હોય તો તેનું અધમ ફળ જાણવું અને જેટલું ભર્યું હોય તેટ-

"Aho Shrutgyanam"

હુંજ ખાડામાં પાણી રહે તો ( અર્થાત્ જમીનમાં સોસાયું ન હોય તો ) તેનું[1] ઉત્તમ ફળ જાણવું. ૧૬

**भूमेःप्राक्प्लवनंचशंकरककुप्सौम्याश्रितंसौख्यकृत्**
**वह्नौवह्निभयंयमेचमरणंचौराद्भयंराक्षसे ॥**
**वायव्येप्लवनंचधान्यहरणंस्याच्छोकदंवारुणे**
**विप्रादेरनुवर्णतश्चसुखदंसृष्टेःक्रमात्सौम्यतः ॥ १७ ॥**

**અર્થઃ**—જે જમીન ઉપર ઘર કરવાનું હોય તે જમીન ઉપર પાણીનું વહન, અથવા ગતિ (વેહેવું) પૂર્વ દિશા તરફ, ઈશાન દિશા તરફ અને ઉત્તર દિશા તરફ થાય તો તે સુખ આપે, તથા અગ્નિકોણ તરફ વહન થાય તો તે અગ્નિનો ભય ઉત્પન્ન કરે, તથા દક્ષિણ તરફ પાણીની ગતિ થતી હોય તો તે મૃત્યુ પ્રાપ્ત કરાવે, તથા નૈઋત્ય કોણ તરફ પાણીની ગતિ થતી હોય તો તે ચોરનો ભય ઉત્પન્ન કરાવે, તથા વાયવ્ય કોણ તરફ પાણી વેહેતું હોય તો તે ધાન્યનો (અન્નનો) નાશ કરાવે અને પશ્ચિમ દિશા તરફ પાણીની ગતિ થતી હોય તો તે શોક (પરિતાપ) કરાવે.

વળી પક્ષાંતરે કહ્યું છે કે ઉત્તર દિશા તરફ પાણીનું વહન હોય એવા ઢાળની જમીન બ્રાહ્મણને શ્રેષ્ઠ છે, તથા પૂર્વ તરફ પાણીની ગતિ થતી હોય એવી જમીન ક્ષત્રિને શ્રેષ્ઠ છે, તથા દક્ષિણ તરફ પાણીની ગતિ થતી હોય એવી જમીન વૈશ્યને શ્રેષ્ઠ છે, અને પશ્ચિમ દિશા તરફ પાણીની ગતિ થતી હોય એવા ઢાળવાળી ભૂમિ શુદ્રને માટે ઉત્તમ છે. ૧૭

**अग्नौराक्षसवायुशंकरदिशिस्थाप्यःक्रमात्कीलिकाः**
**अश्वत्थात्खदिराच्छिरीषककुभाद्वृक्षात्क्रमेणद्विजात्**
**वर्णानांकुशमुंजकाशशणजंसूत्रंक्रमात्सूत्रणे**
**निम्नाभूःस्फुटितोषराबिलवतीशल्यैर्युतानोशुभा ॥ १८ ॥**

**અર્થઃ**—જે જમીન ઉપર ઘર કરવું હોય તે જમીનમાં પ્રથમ અગ્નિકોણે ખુંટી ઘાલવી, તથા બીજી ખુંટી નૈઋત્યકોણે, ત્રીજી વાયુકોણે અને ચોથી ખુંટી ઇશાનકોણે ઘાલવી. તે એવી રીતે કે, બ્રાહ્મણનું ઘર કરવું હોય તો તે જમીનમાં પીપળાના લાકડાની ખુંટિયો ઘાલવી, તથા ક્ષત્રિનું ઘર કરવું હોય તો ખેરના લાકડાની, તથા વૈશ્યનું ઘર કરવું હોય તો સિરીષ

૧ ફલ બતાવવાનો હેતુ એવો છે કે, પોચી ભૂમિમાં પાણી શોસાય તો ઘરનો પાયો ઉંડો ખોદી મજબુત જમીન કરવી પડે તેથી ખરચ વધે તે મધ્યમ ફળ, અને કઠિણ ભૂમિ હોય તો પાયાનું થોડું ખરચ થાય તે ઉત્તમ ફલ છે.

"Aho Shrutgyanam"

( સરષ)ના લાકડાની ખુંટીયો ઘાલવી અને શૂદ્ર જાતિનું ઘર કરવું હોય તો તે જમીનમાં +કકુભના લાકડાની ખુંટીયો ઘાલવી કહી છે. એ રીતે ચારે દિશાઓની ચારે ખુંટીયો ઘાલ્યા પછી તેને દોરી બાંધવી, પણ બ્રાહ્મણનું ઘર હોય તો દર્ભની ( ડાભની ) દોરી બાંધવી તથા ક્ષાત્રનું ઘર હોય તો મુંજની, તથા વૈશ્યનું ઘર હોય તો કાશ અથવા કાસડાની અને શૂદ્રનું ઘર હોય તો તે[1] ખુંટિયોને શણુ અથવા શેણની દોરી બાંધવી જોઇએ. વળી, ઘરનો આરંભ

+ કકુભ નામના વૃક્ષ વિષે શિલ્પશાસ્ત્રિયોના બે મતો છે તેમાંથી કોઇ કહે છે કે, કકુભ એટલે બેહેડાના ઝાડનું નામ છે, અને બીજા મતમાં કકુભ એટલે સાદડ અથવા સાદળ નામ છે, આ બાબતનો તપાસ કરવા માટે અમે **"અમરકોશ,"** તથા **"નિઘંટરત્નાકર"** તથા **"હૈમકોશ"** તથા હેમચંદ્રાચાર્યકૃત **"અભિધાન ચિંતામણિ"** તથા **શબ્દસ્તોમમહાનિધિકોશ"** તથા **" શબ્દરત્નાકર"** અને મહીપકૃત **"અનેકાર્થકોષ"** ઇત્યાદિ જોતાં કકુભ એટલે અર્જુન વૃક્ષનું નામ છે, જેની છાલ ઊપર સફેતાઇ હોય છે તે અર્જુન વૃક્ષનું બીજું નામ સાદડ આપેલું છે જેને ગુર્જરરાષ્ટ્રમાં "સાદળ" કહે છે. એ સાદળ અથવા સાદડ નામ ખરૂં માલુમ પડે છે કારણ કે, "ડ" નો "લ" થઇ જાય છે. માટે શિલ્પિયોના બીજા મતને કેટલાક ગ્રંથો મળતા છે.

૧ ચાર જાતિ માટે ચાર પ્રકારનું સૂત્ર બતાવ્યું છે પણ એજ ગ્રંથકાર મંડને પોતાના રચેલા **વાસ્તુમંડન**માં કહ્યું છે કે—સર્વ જાતિઓને કપાસ અથવા રૂનું સૂત્ર હોય તો ચાલે તેમજ ચાર જાતિઓ માટે જુદી જુદી જાતિના વૃક્ષની ખુંટિયો જમીનમાં ઘાલવાનું કહ્યું છે પણ તેનું માપ આપ્યું નથી. અને **વાસ્તુમંડન** વિષે કહ્યું છે કે-વિપ્રને પીપળાની બત્રીશ આંગળ લાંબી અને તે ચાર હાંસોની ખુંટિયો જોઇએ તથા ક્ષત્રિને અઠ્યાવીશ આંગલ ખેરની આઠ હાંસની તથા વૈશ્યને સરષની ચોવીશ આંગલ સોલ હાંસની અને શૂદ્રને સાદળની વીશ આંગળ લાંબી અને ગોળ ખુંટિયો જોઇએ.

## आ कोठाओ कहाडया छे ते घर करवानी भूमि छे एम मानो.

પૂર્વ.

ઈશાન. અગ્નિ.

| | | |
|---|---|---|
| પ. વર્ગના પાંચ અક્ષર. ૫ | અ. વર્ગના પાંચ. અક્ષર ૫. | ક. વર્ગના પાંચ અક્ષર. ૫ |
| શ. વર્ગના ચાર અક્ષર. ૪ | આ મધ્ય દિશામાં ય. વર્ગના ચાર ૪ | ચ. વર્ગના પાંચ અક્ષર. ૫ |
| ત. વર્ગના પાંચ અક્ષર. ૫ | એ. વર્ગના ચાર અક્ષર. ૪ | ટ. વર્ગના પાંચ અક્ષર. ૫ |

ઉત્તર. દક્ષિણ.

વાયવ્ય. નૈઋત્ય.

પશ્ચિમ.

"Aho Shrutgyanam"

કરતાં પહેલાં જે જમીનમાં ઘર કરવું હોય તે જમીન ખાડાવાળી, તથા ફાટેલી, ( જેમાં દરાર અથવા મોટા ચીરા પડી ગયા હોય તેવી જમીન ) તથા ખારવાળી અને જેમાં ઉંદર અને સર્પનાં દરો હોય એવી, તથા જેને ખોદતાં હાડકાં નીકળે તેવી જમીન સર્વથા તજવી અર્થાત્ તેવી જમીનમાં ઘર* કરવું નહિ. ૧૮

---

* હાડકાં નીકળે એવી જમીનમાં ઘર કરવું નહિ એમ કહ્યું છે પણ હવે પછીના શ્લોકમાં "શલ્ય" ( હાડકાં વગેરે ) કહાડી ઘર કરવું એમ કહેવાશે માટે વાંચનાર વર્ગે એમ નહિ સમજવું કે ઘર કરવાની જમીનમાં હાડકાં નીકળે એટલે તે ઠેકાણે ઘર કરવું નહિ.

ઉપર બતાવ્યા પ્રમાણે ઘરની ભૂમિના નવ કોઠા કરી અથવા કલ્પિને પ્રથમ પૂર્વમાં અ વર્ગનો "અ" લખવો અથવા કલ્પવો, અગ્નિકોણે ક વર્ગનો "ક" લખવો અથવા કલ્પવો, દક્ષિણ કોઠામાં ચ વર્ગનો "ચ" લખવો અથવા કલ્પવો, નૈઋતે ટ વર્ગનો "ટ," પશ્ચિમે એ વર્ગનો "એ," વાયવ્યકોણે ત વર્ગનો "ત," ઉત્તર દિશાએ શ વર્ગનો "શ," ઇશાને પ વર્ગનો "પ" અને છેલ્લે મધ્ય દિશાના કોઠામાં ય વર્ગનો "ય" લખવો અથવા કલ્પવો.

એ રીતે પ્રથમ પૂર્વ, પછી અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઇશાન અને મધ્ય દિશા. એમ અનુક્રમે કોઠાઓનું રૂપ મનમાં કલ્પી અથવા કોઠા કરી દરેક વર્ગના આદ્યના બતાવેલા નવ અક્ષરો પૃથ્વીના દરેક ભાગમાં અથવા કોઠાઓમાં અનુક્રમે સૃષ્ટિમાર્ગે લખવા અથવા કલ્પવા.

એ પ્રમાણે અક્ષરોના નવ વર્ગો છે તે દરેક વર્ગમાં કેટકેટલા અક્ષરો છે ? અને કિયા વર્ગમાં કિયા અક્ષરો કેટલા જોઇએ એ બાબતની સમજણ આપેલી છે તોપણ સ્પષ્ટ રીતે તુરત સમજવા માટે બતાવીએ છીએ કારણ કે, શિલ્પરીતિ લોપ થવાથી થોડાજ લોકો જાણતા હશે.

૧ પ્રથમ પૂર્વ દિશાના કોઠામાં અ વર્ગના અ, ઇ, ઉ, ઋ, અને ઌ છે.

૨ અગ્નિ કોણના કોઠામાં ક વર્ગના ક, ખ, ગ, ઘ, અને ઙ છે.

૩ દક્ષિણ દિશાના કોઠામાં ચ વર્ગના ચ, છ, જ, ઝ, અને ઞ છે.

૪ નૈઋત્ય કોણના કોઠામાં ટ વર્ગના ટ, ઠ, ડ, ઢ, અને ણ છે.

૫ પશ્ચિમ દિશાના કોઠામાં એ વર્ગના એ, ઐ, ઓ અને ઔ છે.

૬ વાયવ્ય કોણના કોઠામાં ત વર્ગના ત, થ, દ, ધ, અને ન છે.

૭ ઉત્તર દિશાના કોઠામાં શ વર્ગના શ, ષ, સ, અને હ છે.

૮ ઇશાન કોણના કોઠામાં પ વર્ગના પ, ફ, બ, ભ, અને મ છે.

૯ છેલ્લા મધ્ય દિશાના કોઠામાં ય વર્ગના ય, ર, લ, અને વ છે.

"Aho Shrutgyanam"

# अथ भूमिशोधन.

## इंद्रवज्रा.

**प्रश्नत्रयंवापिगृहाधिपेनदेवस्यवृक्षस्यफलस्यवापि ॥**
**वाच्यंहिकोष्टाक्षरसंस्थितेनशल्यंविलोक्यंभवनेषुसृष्ट्या.॥१९॥**

**અર્થ**:—જે જમીન ઉપર ઘર કરવું હોય તે જમીનમાં રહેલું "શલ્ય"

---

એ રીતે દરેક દિશાઓ, કોણો અને મધ્ય ભાગમાં દરેક વર્ગના આદ્યના અક્ષરો લખવા. તે એક એક લખવા અથવા કલ્પવા, પણ જે વર્ગના જેટલા અક્ષરો કહ્યા છે તે વર્ગના તેટલા અક્ષરો પોત પોતાના સ્થાનમાં એકઠા હોય એમ સમજવાનું છે. માટે ઘરની ભૂમિના નવ ભાગો કલ્પિ અથવા કોઠા કર્યા પછી શિલ્પિએ ઘરધણીના મોઢેથી હરકોઇ દેવનું, હરકોઈ વૃક્ષનું અથવા હરકોઈ ફળનું નામ કહેવરાવવું. જ્યારે ઘરના માલીક દેવો, વૃક્ષો કે ફળોમાંથી જેનું નામ લીધું હોય, તે નામના આદ્યનો અક્ષર યાદ રાખી ભૂમિના કહેલા નવ કોઠાઓ પૈકી જે કોઠામાં "એ" અક્ષર અથવા એ નામનો આદ્યનો અક્ષર જે કોઠામાં મળે તે કોઠામાં " શલ્ય "છે એમ સમજવું.

## દૃષ્ટાંત.

ઘરધણીએ " મહાદેવનું " નામ દીધું હોય તો આદ્યનો અક્ષર મ છે તે **म**, **प** વર્ગનો છે તે **प** વર્ગ ઘરની જમીનના આઠમા કોઠામાં ઇશાન કોણે છે; માટે ઈશાન કોણના કોઠાવાળી જમીનમાં શલ્ય છે એમ સમજવું. તેમજ " આંબો " નામ આપ્યું હોય તો પૂર્વ દિશાના પેહેલાજ કોઠાના **अ** વર્ગનો "**आ**" છે માટે પૂર્વના કોઠાવાળી જમીનમાં શલ્ય સમજવું; અને ઘરધણીએ લીંબુ નામ આપ્યું હોય તો તે આદ્યનો **ल** '**य**' વર્ગનો છે તે ઘરની મધ્ય દિશાના કોઠાનો વર્ગ છે માટે મધ્ય કોઠાવાળી જમીનમાં શલ્ય હોય એમ સમજવું. એ રીતે જે જમીનમાં ઘર કરવાનું હોય તે જમીનમાંથી વાળ, કોયલા, લાકડું, લોઢું અને હાડકાં હોય તે કહાડી ઘર કરવું. વળી બીજા ગ્રંથોમાં ચામડું, રાખ વગેરેને શલ્યમાં ગણ્યું છે અને ભૂમિના શોધન માટે નારદ પંચરાત્ર વગેરે ઘણાગ્રંથોમાં બતાવ્યું છે.

ઘર કરવાની જમીનમાંથી શલ્ય કહાડી ઘર કરવાનું કહ્યું છે, પણ એ જમીન કેટલી ઉંડી ખોદવે શલ્ય મળશે એ વિષે આ ગ્રંથકર્ત્તાએ કાંઇ બતાવ્યું નથી, ત્યારે જે જમીનમાં શલ્ય હોય તે જમીન કેટલી ઉંડી ખોદવી ? અને ખોદે નહિ તો ઘરધણીના મનમાં વેહેમ રહે તે ન રહેવા શાસ્ત્રાધારે જે રીત હોય તેમ કરવું, એટલે બસ છે. તે રીત સર્વને યાદ રહેવા પ્રમાણ સાથે આ ઠેકાણે બતાવીએ છીએ જે વાંચવા સર્વને અમારી ભલામણ છે.

**वल्मिकिनीरुजांनित्यमूषरास्फुटितामृतिम् ॥**
**दत्तेभूःशल्ययुग्दुःखंशल्यज्ञानमथोवदेत् ॥ १ ॥**
**अकचतैहशपैयान्क्रमाद्वर्णानिमान्नव ॥**

"Aho Shrutgyanam"

કહાડવા માટે પ્રથમ શિલ્પિને ઘરના માલિકે પ્રશ્ન પૂછવું; એટલે શિલ્પિએ ઘરધણીના મુખથી કોઇ પણ દેવ, વૃક્ષ કે ફૂલનું નામ લેવરાવવું, ત્યાર પછી અથવા

नवकोष्टीकृतेभूमीभागेप्राच्यादितान्लिखेत् ॥ २ ॥
अप्रश्नेस्याद्यदिप्राच्यांनरशल्यंतदाभवेत् ॥
सार्धहस्तप्रमाणेनतच्चमानुष्यमृत्यवे ॥ ३ ॥
अग्नेर्दिशितुकप्रश्नेखरशल्यंकरद्वये ॥
राजदंडोभवेत्तस्यभयंनैवनिवर्त्तते ॥ ४ ॥
याम्यांदिशिचस्यप्रश्नेनरशल्यंतथावदेत् ॥
तद्गृहस्वामिनोमृत्युंकरोत्याकटिसंस्थितम् ॥ ५ ॥
नैर्ऋत्यांदिशितप्रश्नेसार्द्धहस्तादधस्तले ॥
शुनोस्थिजायतेतच्चडिंभानांजनयेन्मृतिम् ॥ ६ ॥
एप्रश्नेपश्चिमस्यांतुशिशोःशल्यंप्रजायते ॥
सार्द्धहस्तेप्रवासायसदनस्वामिनःपुनः ॥ ७ ॥
वायव्यांदिशिहप्रश्नेतुषांगाराश्चतुःकरे ॥
कुर्वंतिमित्रनाशंतेदुःस्वप्नस्यप्रदर्शनात् ॥ ८ ॥
उदीच्यांदीशिशप्रश्नेतिमिशल्यंकटेरधः ॥
तच्छीघ्रंनिर्धनत्वायकुबेरसदृशस्यहि ॥ ९ ॥
ईशान्यांदिशिपप्रश्नेगोःशल्यंसार्द्धहस्ततः ॥
तद्गोधनस्यनाशायजायतेगृहमेधिनः ॥१०॥
मध्यकोष्टेचयप्रश्नेवक्षोमात्रेभवेदधः ॥
केशाःकपालंमर्त्यस्यभस्मलोहंचमृत्यवे ॥११॥
॥ इतिशल्यज्ञानंभूपालवल्लभे ॥

અર્થઃ—રાફડાવાળી ભૂમિમાં ઘર કરવાથી ઘરધણીને રોગ કરે, ખારવાળી અને ફાટેલી ભૂમિમાં ઘર કરવાથી ઘરધણીનું મૃત્યુ કરે અને શલ્યવાળી ભૂમિમાં ઘર કરવાથી ઘરધણીને દુઃખ પ્રાપ્ત થાય, માટે એ શલ્યજ્ઞાન કહેવું જોઇએ. ૧

એ શલ્યજ્ઞાન સમજવાની રીત એવી છે કે, જે જમીનમાં ઘર કરવાનું હોય તે જમીનના નવભાગો ( કોઠાઓ ) કરી તે દરેક કોઠામાં પૂર્વ દિશાથી આરંભી ( સૃષ્ટિમાર્ગે ) મધ્યદિશા સુધી નવ કોઠામાં અનુક્રમે નવ અક્ષરો લખવા અથવા કલ્પવા. તે અક્ષરો એ છે કે, **અ, ક, ચ, ત, એ, હ, શ, પ, ય,** એ નવ અક્ષરો છે. ૨. તે નવ કોઠાઓમાં કલ્પિ ઘરધણી પાસેથી ફળ મૂકાવવું અને પછી, જોવું કે 'અ' વાળા પૂર્વના કોઠામાં મૂકે

"Aho Shrutgyanam"

નામ લેવરાવ્યા પહેલાં ઘર કરવાની જમીનના નવ ભાગ અથવા નવ કોઠા કરવા અથવા કલ્પવા. એ નવ કોઠામાં દેવ અથવા વૃક્ષ અથવા ફળના નામનો આદ્યનો અક્ષર આવે તે ઠેકાણાની જમીનમાંથી ખોદી શલ્ય કહાડવું. ૧૯

## शालिनी.

आ का चा टा ए त शा पा य वर्गाःप्राच्यादिस्थेकोष्टकेशल्यमुक्तम्
केशांगाराःकाष्टलोहास्थिकाद्यंतस्मात्कार्यंशोधनंभूमिकायाः।२०।

**અર્થઃ**—વાળ, કોયલા, લાકડું, લોઢું અને હાડકાં વગેરે શલ્ય કહાડવા માટે ઘર કરવાની જમીન ઉપર પૂર્વ દિશાથી સૃષ્ટિ માર્ગે નવ કોઠા

---

તો સમજવું કે ઘર કરવાની જમીન મધ્યે પૂર્વ દિશાએ જમીનમાં દોઢ હાથ ઉંડું મનુષ્યનું અસ્થિ (હાડકું) છે તે અસ્થિ રહિ જાય તો એ જમીન ઉપર કરેલા ઘરમાં વસનારનું મૃત્યુ થાય; માટે પૂર્વ દિશામાંથી તે શલ્ય કહાડવું. ૩ અગ્નિ દિશાના કોઠામાં ફળ મૂકયું હોય તો તે દિશાના કોઠામાં 'ક' છે તો તે જમીનમાં ખરનું અસ્થિ હોય તે રહે તો તે ઘરમાં વસનારને રાજદંડ થાય, એટલુંજ નહિ પણ તે ઘરમાં વસનારને નિરંતર ભય રહે. ૪ દક્ષિણના કોઠામાં ફળ મૂકયું હોય તો ત્યાં 'ચ' છે માટે તે જમીનમાં પુરુષની કમર સુધી ઉંડું મનુષ્યનું અસ્થિ હોય તે રહી જાય તો તે ઘરમાં રહેનારનું મૃત્યુ કરે. ૫ નૈઋત્ય દિશા તરફના 'ત' વાળા કોઠામાં ફળ મૂકે તો તે કોઠામાં દોઢ હાથ ઉંડું શ્વાનનું અસ્થિ હોય તે રહી જાય તો તે જમીન ઉપર ઘર કરી રહેનાર ઘરધણીના બાળકો જીવે નહિ. ૬ પશ્ચિમ દિશાના 'એ' વાળા કોઠામાં ફળ મૂકે તો તે જમીનમાં દોઢ હાથ નીચે બાળકનું અસ્થિ હોય; માટે તે જમીન ઉપરના ઘરમાં રહેનાર મનુષ્યને વારંવાર પ્રવાસ કરવો પડે. ૭ વાયવ્ય કોણમાં 'ह' વાળા કોઠામાં ફળ મૂકે તો ત્યાં ચાર હાથ ઉંડે ફોતરાં અથવા કોયલા હોય માટે તે જમીન ઉપરના ઘરમાંથી શલ્ય કહાડ્યા વિના રહી જાય તો તે ઘરમાં વસનારને વારંવાર ખોટાં સ્વપ્નો આવે અને તેવાં દુઃસ્વપ્નો હર હમેશાં આવ્યા કરે તો મિત્રનો નાશ થાય. ૮ ઉત્તર દિશામાં 'શ' વાળા કોઠામાં ફળ મૂકે તો તે જમીનમાં કમરથી નીચે અથવા કમર પુરતી ઉંડાઈથી થોડી વધારે ઉંડાઇમાં માછલાનું અસ્થિ હોય ( બીજા ગ્રંથોમાં અજા એટલે બકરાનું કહ્યું છે. ) તેવી જમીન ઉપર ઘર હોય તેમાં વસનાર મનુષ્ય કુબેર જેવો હોય ( કુબેર જેવો ધનપાત્ર હોય ) તો પણ શીઘ્રપણે તે નિર્ધન થાય છે. ૯ ઈશાન દિશાના 'પ' વાળા કોઠામાં ફળ મૂકે તો તે પૃથ્વીમાં દોઢ હાથ નીચે ગાયનું અસ્થિ હોય તે રહી જાય તો તે જમીન ઉપરના ઘરમાં રહેનાર મનુષ્યની ગાયો વગેરે ઢોરોનો નાશ થાય. ૧૦ મધ્ય દિશાના 'ય' વાળા કોઠામાં ઘરધણી ફળ મૂકે તો તે જમીનમાં મનુષ્યની છાતી બરોબર ઉંડે શલ્ય છે એમ જાણવું. તે શલ્યો એવી રીતનાં હોય કે, મનુષ્યના વાળ, મનુષ્યના માથાની ખોપરી, ભસ્મ ( રાખ ), લોઢું, ઈત્યાદિ સર્વ શલ્યો અથવા તેમાંથી કોઈપણ જાતિનું શલ્ય હોય એમ સમજવું. તે શલ્ય જમીનમાં રહી જાય તેમ છતાં તેવી જમીન ઉપર ઘર કરવામાં આવે અને તે ઘરમાં વસે તો તે વસનારનું મૃત્યુ થાય એમ સમજવું. ૧૧

"Aho Shrutgyanam"

કરવા કહ્યા છે, તે દરેક કોઠામાં અ, ક, ચ, ટ, ત, શ, પ, અને ય, એ રીતે નવ વર્ગના આદ્ય અક્ષરો નવે કોઠાઓમાં સૃષ્ટિમાર્ગે સ્થાપી ભૂમિ શોધી શલ્ય કહાડી ઘર કરવું. ૨૦

## उपजाति.

**शल्यंगवांभूपभयंहयानांरुजःशुनोवैकलहप्रणाशौ ॥**
**खरोष्ट्रयोर्हानिमपत्यनाशंनृणामजस्याग्निभयंतनोति॥२१॥**

**અર્થઃ**—જે ભૂમિમાં ઘર કરવું હોય તે ભૂમિમાં ગાયનું શલ્ય (હાડકું) રહી જાય તો રાજાનો ભય થાય તથા ઘોડાનું શલ્ય રહી જાય તો રોગ કરે; શ્વાનનું હાડકું રહી જાય તો કલેશ અને નાશ કરે, ગધેડાનું શલ્ય રહી જાય તો તથા ઉંટનું શલ્ય રહી જાય તો સંતતીનો (બાળકનો) નાશ કરે અને મનુષ્ય તથા અજ (બકરાનું) શલ્ય રહી જાય તો અગ્નિનો ભય કરે. ૨૧.

---

ઉપર બતાવ્યા પ્રમાણે "ભૂપાળવલ્લભ" નામે ગ્રંથકર્ત્તા શલ્યનું માપ બતાવે છે. તેજ રીતે **બીજા** ગ્રંથોમાં પણ બતાવે છે, પરંતુ **અ ક ચ** વગેરે જે અક્ષરો કોઠાઓમાં મૂકવાના બતાવ્યા છે, તેમાં અને રાજવલ્લભમાં બતાવેલા અક્ષરોમાં થોડો ફેર પડે છે, તે વાંચનારે વિચારી લેવું. જુવો રાજવલ્લભના અક્ષરો અને ભૂપાળવલ્લભના અક્ષરો મેળવો.

**અ, ક, ચ, ટ, એ, ત, શ, પ, ય.** આ નવ રાજવલ્લભ કર્ત્તાએ બતાવ્યા છે અને
**અ, ક, ચ, ત, એ, હ, શ, પ, ય.** આ નવ અક્ષરો ભૂપાળવલ્લભનો કર્ત્તા બતાવે છે.

એ રીતે શલ્ય કહાડી ઘર કરવાનું કહ્યું છે, પણ શલ્ય કહાડે નહિ તો તે માટે ઉપર બતાવેલા દોષો પ્રમાણે **વિશ્વકર્માપ્રકાશે, જ્ઞાનરત્નકોષે, અપરાજિતે, વાસ્તુમંડને, વાસ્તુમંજરી, વાસ્તુરત્નાવળી, વાસ્તુપ્રદીપે, પ્રતિષ્ઠાસારસમુચ્ચયે,** અને **સમરાંગણે** ઈત્યાદિ ઘણાં વાસ્તુ પુસ્તકોમાં તેમજ **નારદપંચરાત્ર, ગર્ગ, વસિષ્ઠ** અને **મય** વગેરે ગ્રંથોમાં દોષો બતાવ્યા છે, માટે ઘર કરતાં પેહેલાં ભૂમિશોધન કરી શલ્ય કહાડવું અવસ્યનું છે, વળિ, વિશ્વકર્માનો પુત્ર જય પોતાના નામથી **"જય"** નામના કરેલા ગ્રંથમાં લખે છે કે—

**जानुमात्रां खनेद्भूमिमथवापुरुषोन्मिताम् ॥**

**અર્થઃ**—શલ્ય કહાડવા માટે ઢીંચણ સુધી અથવા પુરૂષ પ્રમાણે ખોદવું. વળી, "**પ્રતિષ્ઠાસારસમુચ્ચય**" વિષે લખે છે કે—

**अधःपुरुषमात्रात्तुनशल्यंदोषदंगृहे ॥ जलांतिकं स्थितंशल्यं**
**प्रासादेदोषदंनृणाम् ॥ तस्मात्प्रासादिकींभूमिंखनेद्यावज्जलांतकं**

**અર્થઃ**—ઘર કરવાની જમીનમાં એક પુરૂષપ્રમાણથી નીચે શલ્ય હોય તો તે શલ્યનો કાંઈ દોષ નથી પણ પ્રાસાદ કરવાની ભૂમિ વિષે તો પાણી આવે ત્યાં સુધી ખોદે નહિ તો દોષ રહે છે. પાણી પર્યંત પ્રાસાદની ભૂમિ ખોદવાનું કહ્યું છે. એમ વાસ્તુ મંજરીનો કર્ત્તા **નાથા** નામનો સૂત્રધાર વાસ્તુમંજરીના પ્રથમ તબકમાં "પ્રતિષ્ઠાસારસમુચ્ચય" ની સાક્ષી આપી લખે છે. એટલુંજ નહિ પણ અનેક ઋષિ મુનીઓએ કરેલાં ધર્મશાસ્ત્રો

"Aho Shrutgyanam"

### શાર્દૂલવિક્રીડિત.

**कन्यादौरवितस्त्रयेफणिमुखंपूर्वादिसृष्टिक्रमात्**
**खातंवायुवपुर्दिशात्रयगतंलांगूलपृष्ठंशिरः ॥**
**द्वारंतस्यमुखेगृहादिभयदंकुक्षिद्वयंसौख्यदं**
**दुःखंप्राक्खननेशिरोंघ्रिवपुषःकुक्ष्योःमुखंस्याद्द्वयोः॥२२॥**

**અર્થ**:—કન્યા, તુળા, અને વૃશ્ચિક, એ ત્રણ રાશિના સૂર્યમાં શેષના શરીરનો ભાગ ( સર્પનો ) ત્રણ દિશાઓમાં રહે છે. તે એવી રીતે કે, શેષનું મુખ અથવા મસ્તક પૂર્વમાં હોય છે પણ ઇશાન કોણના ભાગને લાગુ પડે છે માટે એ દિશાએ તથા તેનું પૂછડું નૈર્ઋત કોણે અને પીઠ અગ્નિ કોણે રહે છે, માટે એ ત્રણ દિશામાં ઘરનું ખાત કરવું નહિ; પણ એ સર્પની બે કુક્ષિ વચ્ચે ખાલી રહેલી વાયવ્ય કોણમાં ખાત કરવાથી સુખ થાય છે; તથા ધન, મકર અને કુંભ એ ત્રણ રાશિના સૂર્યમાં નાગનું મુખ અગ્નિ કોણે હોય છે તે વખત સર્પની બે કુક્ષિના મધ્ય ભાગે ખાલી રહેલી ઈશાન કોણમાં ખાત કરવું, તથા મિથુન, કર્ક અને સિંહ એ ત્રણ રાશિના સૂર્યમાં નાગનું મુખ વાયવ્ય કોણે હોય છે, તે વખત તેની બે કુક્ષિના મધ્યની ખાલી રહેલી નૈર્ઋત્ય કોણે ખાત કરવું કહ્યું છે. અને જે દિશામાં નાગનું મુખ હોય તે દિશામાં ઘરનું દ્વાર તો મુકવુંજ નહિ. કારણ કે, નાગનું મુખ હોય તે દિશામાં દ્વાર મુકવાથી ભય ઉત્પન્ન થાય છે. ૨૨

વળી પક્ષાંતરે કહ્યું છે કેઃ—

**प्राच्यांनागमुखंबुधैर्निगदितंभाद्राश्विनेकार्त्तिके**
**मार्गात्फाल्गुनशुक्रयोःक्रमतयायाम्येजलेचोत्तरे ॥**
**क्षेत्रेष्टाष्टविभाजितेदिनकराद्वाराँल्लिखेत्कोष्टगान्**
**शन्यंगारकयोश्चतत्रफणिनःशारीरकंनोखनेत् ॥ २३ ॥**

**અર્થ**:—ભાદ્રપદ, આશો અને કાર્તિક એ ત્રણ માસમાં નાગનું મુખ પૂર્વમાં હોય છે. માગશર, પોષ અને મહા એ ત્રણ માસમાં નાગનું મુખ દક્ષિણમાં હોય છે. ફાગણ, ચૈત્ર અને વૈશાખ એ ત્રણ માસમાં નાગનું મુખ પશ્ચિમમાં હોય છે અને જ્યેષ્ઠ, આષાઢ અને શ્રાવણ એ ત્રણ માસમાં નાગનું મુખ ઉત્તર દિશામાં હોય છે.

---

અને પુરાણાદિમાં શલ્યદોષ બતાવેલો છે. તેની સાક્ષીઓ આપતાં ફક્ત શલ્ય માટેજ એકાદ પુરાણ જેટલો વિસ્તાર થાય માટે શલ્યપ્રકરણ એટલું બસ છે એમ ધારી બંધ કરીએ છીએ.

"Aho Shrutgyanam"

ઉપર બતાવ્યા પ્રમાણે નાગચક્ર કરવાની એવી રીત છે કે, એ નાગચક્રના આઠ આઠ કોઠાઓ કરવા ( લંબાઈ અને પહોળાઇમાં આઠ આઠ મળવાથી ચોસઠ કોઠાઓ થશે. ) તે દરેક કોઠાઓમાં અનુક્રમે સૂર્યાદિ ( રવિવારથી વારો લખવા, એટલે જે વાર આદ્યના કોઠામાં આવે તે વાર છેલ્લા કોઠામાં આવે તે મધ્યે નાગચક્ર કરવું. તેની કૃતિ એવી છે કે, શનૈશ્ચર અને મંગળ એ બે વારોના કોઠાઓની પંક્તિ સર્પના શરીરમાં વિંધાએલી હોવી જોઇએ. એ વિંધાએલો ભાગ જ્યાં હોય ત્યાં ખાત કરવું નહિ. ૨૩

( જૂઓ આકૃતિમાંનાં નાગ ચક્રો. )

शीर्षेमातापितृक्षयंप्रथमतोखातंरुजांपुच्छके
पृष्ठेहानिभयंचकुक्षिखननेस्यात्पुत्रधान्यादिकम् ॥
पूर्वास्येनिलखातनंयममुखेखातंशिवेकारयेत्
शीर्षेपश्चिमगेचवह्निखननंसौम्येखनेन्नैर्ऋते ॥ २४ ॥

**અર્થ**:—નાગના મસ્તકે ખાત કરે તો ઘરના માલિકની માતા અને પિતાનો નાશ થાય, પૂછડાઉપર ખાત કરે તો રોગ કરે, નાગની પીઠ ઉપર ખાત કરે તો હાનિ ને ભય કરે. અને કુક્ષિમાં ખાત કરે તો પુત્ર અને ધાન્યની પ્રાપ્તિ થાય.

નાગનું મુખ જ્યારે પૂર્વ દિશામાં હોય ત્યારે વાયુ કોણમાં ખાત કરવું. નાગનું મુખ દક્ષિણે હોય ત્યારે ઈશાનકોણમાં ખાત કરવું. નાગનું મુખ પશ્ચિમે હોય ત્યારે અગ્નિ કોણે ખાત કરવું અને નાગનું મુખ ઉત્તર દિશામાં હોય ત્યારે ઘરનું ખાત નૈઋત્ય કોણમાં કરવું કહ્યું છે. ૨૪

## आर्या.

दक्षिणपूर्वविभागेपूजनपूर्वशिलासमास्थाप्या ॥
शेषशिलादक्षिणतःस्तंभोप्येवंविधानेन ॥ २५ ॥

**અર્થ**:—દક્ષિણ અને પૂર્વના ગર્ભે ( મધ્યભાગે ) એટલે અગ્નિ કોણમાં "સમચોરસ" શિળાનું પૂજન કરિ પછી તે શિળાનું સ્થાપન કરવું; તેજ રીતે શેષ રહેલી શિળાઓનું દિશાઓના અનુક્રમે સ્થાપન કરવું, અને એજ પ્રમાણે દિશાઓના અનુક્રમે સ્તંભો સ્થાપન કરવા. ૨૬

## शालिनी.

भित्तेर्मूलंस्थापनीयंजलांतेपाषाणेवाहेमरत्नैःसगर्भम् ॥
शीर्षेगुर्वीलेपहीनाधिकावासंधिश्रेणीपादहीनार्थहान्यै ॥२६॥

"Aho Shrutgyanam"

**અર્થ**:—ભીંતનો પાયો પાણી પર્યંત નાખવો અથવા સજીવન પત્થર પર્યંત નાખવો, પણ તે નાખતી વખતે [1]પંચરત્ન સાથે ઉપર બતાવેલી શિળા સ્થાપવી અને તે પછી એ સ્થાપન કરેલી શિળા ઉપર બીજી એક મોટી શિળા સ્થાપવી, અથવા ઢાંકવી. ત્યાર પછી એ ઢાંકેલી મોટી શિળા ઉપરથી ભીંતનો પાયો ચણવો; પણ જે ભીંતનો ઓસાર ( પહોળાઈ ) પાયામાંથી જે પ્રમાણે લીધો હોય તેજ પ્રમાણે ઠેઠ સુધી રાખવો પણ નીચેથી સાંકડો અને ઉપર આવતાં પહોળો ઓસાર કરવો નહિ. પાયામાં કોરી ઇંટો ખડકવી નહિ પણ ચુનાનો અથવા માટીના લેપવાળો પાયો ચણવો અને તે પાયામાં [2]સાંધ રાખવી નહિ. તેમજ શ્રેણીભંગ વાંકું ચુંકું, ચણતર થવા દેવું નહિ; કારણ કે, શ્રેણીભંગ થાય અને પાયાની મજબુતી ન હોય તો તેથીઘરની હાનિ થાય. ૨૬

## मालिनी.

भवनपुरसुराणांसूत्रणेपूर्वमुक्तः
कथितइहपृथिव्याःशोधनेचाद्वितीयः ॥
तदनुमुखनिवेशेस्तंभसंरोपणेस्याद्
भवनवसनकालेपंचधावास्तुयज्ञः ॥ २७ ॥

**અર્થ**:—ઘર, નગર અને પ્રાસાદની ભૂમિને પ્રથમ દોરીવડે ત્રેવડતાં (ચારે દિશે ખુંટીઓ ઘાલી જમીનની ચોરસાઈ મેળવવા ) વાસ્તુ પૂજન કરવું. પ્રથમ જે વખત ભૂમિનું શોધન કરવામાં આવે ત્યારપછી શિલા સ્થાપન થાય તે વખત બીજીવાર વાસ્તુપૂજન કરવું. જ્યારે દ્વાર મુકવામાં આવે ત્યારે ત્રીજીવાર, સ્તંભો ઉભા કરવામાં આવે ત્યારે ચોથીવાર અને જ્યારે ઘર તૈયાર થાય ત્યાર પછી ઘરમાં વાસ કર્યો હોય ત્યારે પાંચમી વખત વાસ્તુપુજન કરવું કહ્યું છે. ૨૭

## शार्दूलविक्रीडित.

वृक्षादुग्धसंकटकाश्वफलिनस्त्याज्यागृहाद्दूरतः
शस्तेचंपकपाटलेचकदलीजातीतथाकेतकी ॥
यामादुर्ध्वमशेषवृक्षसुरजाछायानशस्तागृहे
पार्श्वैकस्यहरेरवीशपुरतोजैनेतुचंड्याःक्वचित् ॥२८॥

---

૧ ઘરનો પાયો નાખતી વખતે વાસ્તુપૂજન કરવું પડે છે, તે વખત શિલા સ્થાપતાં શિળા સાથે પંચરત્ન જોઇએ. તે પંચરત્નનું પડીકું સોની લોકો થોડીજ કીમતે આપે છે; પણ તે ગરીબો માટે છે પણ ધનવાન અને રાજાઓએ તો સાચાં પંચરત્નો મુકવાં એ શ્રેષ્ઠ છે.

૨ ઈંટોના દાંતા મેળવતા જવું અને તેજ રીતે પત્થરકામ કરવાનું છે.

"Aho Shrutgyanam"

**અર્થ**:—ઘર પાસે દૂધવાળાં, કાંટાવાળાં અને [1]ઘણાં ફળવાળાં વૃક્ષો રોપવાં નહિ. પણ ચંપો, પાડળ, [2]કેળ, જાઇ અને કેતકીનાં વૃક્ષો રોપવાં. વળી જે ઘર ઉપર દિવસના બીજા અને ત્રીજા પહોરે ઝાડની તથા દેવમંદિરની છાયા આવે તે સારી નહિ. તોપણ પ્રથમ અને ચોથા પહોરે એવી છાયા ઘર ઉપર આવે તો તેનો દોષ નથી, બ્રહ્માના દેવળ પાસે, વિષ્ણુ, સૂર્ય અને મહાદેવના દેવળ સામે, તથા જૈન પ્રાસાદની પાછળ ઘર કરવું નહિ; અને જ્યાં ચંડીની સ્થાપના હોય તેની તો કોઇપણ નજીકની બાજુ ઉપર ઘર કરવું નહિ. તેનાથી તો દૂર ઘર કરવું. ૨૮

(ચંડીની મૂર્તિ અને ઘર વચ્ચે ભીંત હોય તો પછી દોષ નથી એમ બીજા ગ્રંથમાં લખે છે.)

## उपजाति.

सदुग्धवृक्षाद्द्रविणस्यनाशंकुर्वंतितेकंटकिनोरिभीतिम् ॥
प्रजाविनाशंफलिनःसमीपेगृहस्यवर्ज्याःकलधौतपुष्पाः ॥२९॥

**અર્થ**:—ઘર આગળ દૂધવાળાં વૃક્ષો હોય તો દ્રવ્યનો નાશ થાય, કાંટાવાળાં વૃક્ષો હોય તો શત્રુનો ભય ઉત્પન્ન કરે, ઘણાં ફળવાળાં વૃક્ષો હોય તો બાળકનો નાશ કરે, અને પીળાં ફુલવાળાં વૃક્ષો હોય તો તે ખોટાં છે માટે તે પણ રાખવાં નહિ. ૨૯

## शार्दूलविक्रीडित.

दुष्टाभूतनिषेवितोपिविटपीनोच्छिद्यतेशक्तितः
तद्वद्बिल्वशमीत्वशोकबकुलौपुन्नागसच्चंपकौ
द्राक्षापुष्पकमंडपंचतिलकान्कृष्णांवपेद्दाडिमीं
सौम्यादेःशुभदौकपित्थकवटावौदुंबराश्वत्थकौ ॥ ३० ॥

---

૧ ઘણાં ફળવાળાં કહ્યાં છે તે વૃક્ષો એવાં કે જે વૃક્ષામાં ઘણાં મોટાં ફળો હોય. જેવાં કે, ફનસ તથા નાળિયેર ઇત્યાદિ. તેમજ ઘણાં ફળોવાળાં વૃક્ષો એટલે ગુંદી, પીલુ, બોરડી વગેરે ન રોપવાં; તેમજ રાયણ, કર્મદાં, જાંબુ એ પણ રોપવાં નહિ. આંબો, પીંપળ અને પીંપળો ન રોપવાં.

૨ કેળ રોપવી કહી છે તથા ત્રીશમા શ્લોકમાં દાડિમી અને પીંપળી રોપવાનું કહ્યું છે પણ એજ રાજવલ્લભના કર્તા મંડન **"વાસ્તુમંડન"** નામના કરેલા ગ્રંથમાં લખે છે કે—

"Aho Shrutgyanam"

**અર્થઃ**—[1]દુષ્ટ વૃક્ષ તેમજ જે વૃક્ષમાં [2]ભૂતનો વાસો હોય તેવાં વૃક્ષોને બળવડે કરી કાપવાં નહિ, તેજ રીતે બીલી, ખીજડો, આશોપાલવ, બોરસળી, પુન્નાગ અને ચંપો ઇત્યાદિ વૃક્ષો પણ કાપવાં નહિ. અને ઘર આગળ દ્રાક્ષનો માંડવો તથા પુષ્પવાળી વેલીઓનો માંડવો, ચંદનનું વૃક્ષ[3], પીંપળી અને દાડિમી. એ વગેરે વૃક્ષો ઘર આગળ રોપવાં કહ્યાં છે. તેમજ ઘરથી ઉત્તર દિશાએ કોઠી, પૂર્વ દિશાએ વડ, દક્ષિણ દિશાએ ઊંબરો ( ગુલર ) અને પશ્ચિમ દિશાએ પીંપળો. એ ચારે દિશાએ ચાર જાતિનાં વૃક્ષો રોપવાં કહ્યાં છે. ૩૦

## ॥ अथ वृक्षच्छायादि निर्णय ॥

खर्जूरीदाडिमीरंभावदरीबीजपूरीकाः
केतकीचेक्षवोरुढास्वयंगेहेनसौख्यदाः ॥ ७६ ॥
अश्वत्थोदुंबरवटप्लक्षाम्रकामुंकादिकान् ॥
वर्जयेद्गृहमाश्रित्यहर्म्यवृद्धिविघातकान् ॥ ७८ ॥
करवीरमुनिद्राक्षाजातीतगरकुब्जिकाः ॥
अन्येदेवद्रुमास्तेषांनकुर्यादाश्रितंगृहं ॥ ७९ ॥ इत्यादि ६०

**ભાવાર્થ:**—ખજૂરી, દાડિમી, કેળ, બોરડી, બીજોરી, ( લીંબુડીનાં વૃક્ષ ), કેતકી, શેલડી, પીંપળો, ઉંબરો, ( ગુલર ) વડ, પીંપળી, આંબો, ખેર, કણેર, અગસ્ત અથવા અગસ્તિઓ, દ્રાક્ષ, જાઇ, તગર અને કાંટાવાળી સેવતી એટલુંજ નહિ પણ બીજાં જે દેવવૃક્ષો અર્થાત્ જે ઝાડ નીચે દેવનું સ્થાનક હોય તેવાં ઝાડ ઘર આગળ વાવવાથી સુખ થાય નહિ, માટે તેવાં વૃક્ષો રોપવાથી ઘરની વૃદ્ધિ એટલે ઘરની અથવા ઘરમાં રહેનાર માલીકની ચઢતી કળા થાય નહિ એમ કહ્યું છે તો તેવાં વૃક્ષોનો આશ્રય હોય ત્યાં ઘર કરવું નહિ. ૭૬–૭૮–૭૯ ઇત્યાદિ ૬૦

૧ રાજવલ્લભના ત્રીશમા શ્લોકમાં દુષ્ટ ઝાડ કહ્યાં છે. તેનું નામ આપ્યું નથી પણ લોકવેહેવારે જણાય છે કે, જે વૃક્ષને કાપતાં રુધિર જેવો પ્રવાહિ પદાર્થ નીકળે જેવાં કે, રક્તરોહડો છેદતાં લાલ રંગ નીકળે છે. આવા ઝાડનું મારવાડ વગેરે દેશમાં દાતણ પણ કાપતા નથી, કારણ કે–તેવાં ઝાડ કાપવાથી નિર્વંશ જાય છે, એવો ઘણાને વેહેમ છે તેમજ પીંપળા માટે છે.

૨ જે ઝાડમાં ભૂત, બ્રહ્મરાક્ષસ, જિંદ અને ડાકણનો વાસો હોય તેવાં વૃક્ષો કાપતાં લોક મનાઇ કરે તેમ છતાં ઉન્મત્તપણે અથવા મમતવડે ભૂલીને પણ કાપવાં નહિ.

૩ લોકરુઢીમાં પીંપળ રોપવી નહિ એવો ચાલ છે, પણ ત્રીશમા શ્લોકના ત્રીજા પદમાં જે " કૃષ્ણા " શબ્દ લખ્યો છે તેનો અર્થ પીંપળ થાય છે.

"Aho Shrutgyanam"

## उपजाति.

उत्संगनामाभिमुखप्रवेशःस्यात्पृष्ठभागेभवनस्यपृष्ठात् ।
विनाशहेतुःकथितोपसव्यःसव्यःप्रशस्तोभवनेखिलेसौ ॥३१॥

**અર્થઃ**—ઘરના સન્મુખે પ્રવેશ થાય તેનું નામ "**ઉત્સંગ**" નામનો પેહેલો પ્રવેશ કહેવાય તે શ્રેષ્ટ પ્રવેશ છે. બીજો ઘરની પછીત ફરી ઘરમાં પ્રવેશ થાય તેનું નામ "**પૃષ્ઠભંગ**" પ્રવેશ કેહેવાય એ પૃષ્ઠભંગ પ્રવેશ વિનાશ કરનાર છે. પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણી તરફ નમી વાસ્તુઘરમાં પ્રવેશ થાય તે ત્રીજો "**અપસવ્ય**" પ્રવેશ કહેવાય; અને પ્રથમના દ્વારમાં પ્રવેશ કર્યા પછી ડાબી તરફ નમી વાસ્તુ ઘરમાં પ્રવેશ કરવામાં આવે તે ચોથો "**સવ્ય**" પ્રવેશ કહેવાય, એ બે પ્રવેશ ( સવ્ય અને અપસવ્ય ) સર્વ ઘરો વિષે થવા ઠીક છે. ૩૧

---

એ રીતિ રાજવલ્લભનો કર્ત્તા ઘરો આગળ વૃક્ષો વાવવાનું કહે છે. અને એજ મંડને કરેલા "**વાસ્તુમંડનમાં**" ના પાડે છે એટલુંજ નહિ પણ "**અપરાજિત** અથવા **સૂત્રસંતાન**" નામનો ગ્રંથ કર્ત્તા "**ભુવનદેવાચાર્ય**" લખે છે કેઃ—

बदरीकदलीचैवइक्षुदंडेषुदाडिमी ॥
यत्रगृहेप्ररोहंतितद्गृहंनप्ररोहति ॥ १८ ॥
द्राक्षामुनिकरवीरैर्जातीतगरकुब्जिकाः ॥
अन्येषांदेववृक्षाणांनकुर्याद्गृहवास्तुतः ॥ १९ ॥

**ભાવાર્થ**—બોરડી, કેળ, શેલડી, દાડિમી, દ્રાક્ષ, અગસ્તિયો, કણેર, જાઇ, તગર, કાંટાવાળી સેવતી અથવા ગુલાબ અને બીજાં દેવવૃક્ષો, જે વૃક્ષ દેવના તાબામાં હોય તેવાં વૃક્ષો ઘર આગળ રોપવાં નહિ અગર રોપવામાં આવે તો તે હાનિ કરતા છે. ૧૮–૧૯.

એ રીતિ બીજા પણ ગ્રંથોમાં મનાઇ કરેલી છે તે ઉપરથી વાંચનારના લક્ષમાં આવશે કે, રાજવલ્લભના કર્ત્તા મંડનની ચૂક થઇ છે, પણ ચૂક નથી તેણે બરોબર કહ્યું છે; કેમકે રાજવલ્લભ એટલે રાજાઓને પ્રિય એવો અર્થ થાય છે; માટે સમજવું જોઇએ કે સાધારણ લોકોના ઘર આગળ તેવાં ઝાડ રોપવાં નહિ; પણ રાજાઓ માટે કંઇ દોષ નથી તો રાજાઓના ઘરના દ્વાર આગળ એવાં વૃક્ષો રોપવાં એ સારૂં છે.

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

प्रावेशःप्रतिकायकोवरुणदिग्वक्त्रोभवेत्सृष्टितौ
वामावर्त्तउदाहृतोयमसुखेसौहीनबाहुर्बुधैः ॥
उत्संगोनरवाहनाभिवदनःसृष्ट्यायथानिर्मितः
प्राग्वक्त्रोपिचपूर्णबाहुरुदितोगेहेचतुर्द्धापुरे ॥ ३२ ॥

**અર્થ:**—જે ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તેમાં પૂર્વ સામે પ્રવેશ કર્યા પછી [1]સૃષ્ટિમાર્ગે પાછું પશ્ચિમમાં વાસ્તુઘરમાં પ્રવેશ કરાય તેનું નામ "**પ્રતિકાય**" પ્રવેશ કહ્યો છે, જે ઘરનું મુખ દક્ષિણ સામે હોય તેમાં પ્રવેશ કરી ડાબી તરફ નમી વાસ્તુઘરમાં પ્રવેશ કરવામાં આવે તો તે પ્રવેશનું નામ "**હીનબાહુ**" કહેવાય, એમાં પંડિતોએ મતાંતરે કહ્યુંછે; જે ઘરનું મુખ ઉત્તરમાં હોય તે ઘરમાં સૃષ્ટિમાર્ગે થઇ વાસ્તુઘરમાં પ્રવેશ કરવામાં આવે તો તેનું નામ "**ઉત્સંગ**" પ્રવેશ કહેવાય અને જે ઘરનું મુખ પૂર્વમાં હોય તેમાં પ્રવેશ કરી વાસ્તુઘરમાં પણ સન્મુખે પ્રવેશ કરવામાં આવે તો તેનું "**પૂર્ણબાહુ**" નામ છે. એ રીતે ચાર પ્રકારના ઘરના પ્રવેશ કહ્યા છે તેજ પ્રમાણે નગરના પણ ચાર પ્રકારના પ્રવેશ સમજવા. ૩૨

## स्त्रग्धरा.

हस्तःपर्वाष्टयुक्तोमुनिवररचितःपर्वचैकंत्रिमात्रं
मात्राषण्णांयवानामुदरविमलनान्निस्त्वचामुत्तनाम् ॥
पुष्पैश्चत्वारिपूर्वंतदनुचविभजेदंगुलैःपर्वपुष्पै
र्निर्ग्रंथीरक्तकाष्टेमधुमयउदितःखादिरोवंशधात्वोः ॥ ३३ ॥

**અર્થ:**—શ્રેષ્ટ મુનિઓએ આઠ પર્વનો એક હાથ અથવા ગજ રચ્યો છે. એમાં એક પર્વ ત્રણ માત્રાનું થાય છે. એ માત્રા ખાંડેલા જેના ઉપર છાલ અથવા ફોતરાં ન રહે એવા ઉત્તમ પ્રકારના છ (૬) આડા જવની એક માત્રા થાય. એવી ત્રણ ત્રણ માત્રાને છેટે ગજના આદ્યના છેડાથી ચાર પર્વ અથવા

---

૧ સૃષ્ટિમાર્ગ એટલે પૂર્વ દિશાથી દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને પાછા પૂર્વમાં અવાય તે, અને પૂર્વમાંથી પ્રથમ ઉત્તર, પશ્ચિમ, અને પાછા પૂર્વમાં અવાય તેનું નામ " સંહાર " માર્ગ છે, એ રીતે હરકોઈ દિશાથી જમણા હાથ તરફ નમી પ્રવેશ થાય તે સૃષ્ટિમાર્ગ અને હરકોઇ દિશાથી ડાબા હાથ તરફ નમી પ્રવેશ થાય તે સંહારમાર્ગ છે.

"Aho Shrutgyanam"

ફૂલ અથવા ચોકડીઓ કરવી. એટલે ચોથા પર્વે અર્ધગજ થશે, અને બાકી રહેલા અર્ધ ગજમાં એક એક :આંગળ અથવા તસુના જૂદા વિભાગો કરવા, તોપણ તેમાં દર ત્રણ ત્રણ તસુના છેટે એટલે દરેક પર્વે એક એક ફૂલ અથવા ચોકડી કરવી, એવો જે ગજ થાય તે ગાંઠ વિનાનો કરવો અને તે રાતા ચંદનનો, (રતાંદળી,) મહુડાનો, ખેરનો, વાંસનો, સુવર્ણનો, રુપાનો કે તાંબા ઈત્યાદિનો ગજ કરવો જોઇએ. ૩૩

## शार्दूलविक्रीडित.

ज्येष्ठोष्टाभिरथोदरैस्तुमुनिभिर्मध्यस्तुषड्भिर्लघुः
माप्यंचोत्तमकेनखेटकपुरंकोशादिकंयोजनम् ॥
प्रासादप्रतिमेनृपस्यभवनंमध्येनहर्म्यादिकं
यानंषट्यवसंभवेनशयनंछत्रासनास्त्रादिकम् ॥ ३४ ॥

**અર્થ:**—આઠ આડા જવના પ્રમાણવડે એક તસુ થાય છે અને એવા ચોવીશ તસુનો એક હાથ અથવા ગજ થાય. એવા ગજનું નામ "જ્યેષ્ઠગજ કહેવાય, તથા સાત આડા જવનો એક તસુ થાય. એવા ચોવીશ તસુના ગજનું નામ "મધ્ય" અથવા મધ્યમ ગજ કહ્યો છે, અને છ આડા જવનો એક તસુ થાય એવા ચોવીશ તસુનો એક ગજ થાય એવા ગજનું નામ "લઘુ" (કનિષ્ટ) ગજ કહેવાય.

જ્યારે ગામ, નગર, કોશ અને યોજનાદિ માપવાં હોય ત્યારે પ્રથમ કહેલા જ્યેષ્ટ ગજવડે માપવાં. પ્રાસાદ, પ્રતિમા, રાજાનાં ઘરો તથા બીજા સાધારણ લોકોનાં ઘરો માપવાં હોય તો બીજા પ્રકારના મધ્ય ગજે માપવાં; પાલખી, ગાડાં, ગાડી, ખાટલો અથવા પલંગ, સિંહાસન, છત્ર અને શસ્ત્રો ઇત્યાદિ ત્રીજા પ્રકારના લઘુ ગજવડે માપવા કહ્યું છે.

## शालिनी.

रुद्रोवायुर्विश्वकर्माहुताशोब्रह्माकालस्तोयपःसोमविष्णू ॥
पुष्पेदेवामूलतोस्मिंश्चमध्यात्पंचाष्टंत्यंद्व्यर्धमिवेंदे विभज्यं ॥३५॥

**અર્થ:**—ગજના આદ્યના છેડાનો દેવતા "રુદ્ર" છે; પ્રથમ ફૂલ અથવા ચોકડીનો દેવતા "વાયુ" છે, બીજા ફૂલનો દેવતા "વિશ્વકર્મા" છે, ત્રીજા ફૂલનો દેવતા "અગ્નિ" છે, ચોથા ફૂલનો દેવતા "બ્રહ્મા" છે, પાંચમા ફૂલનો દેવતા "કાળ" છે, છઠ્ઠા ફૂલનો દેવતા "વરુણ" છે, સાતમા ફૂલનો દેવતા "સોમ" છે, અને છેલ્લા આઠમા ફૂલનો દેવતા વિષ્ણુ છે.

"Aho Shrutgyanam"

એ પ્રમાણે ગજના મૂળ અથવા ગજના આદ્યના છેડાથી માંડી છેલ્લા ભાગ-સુધી નવ દેવતાઓનું સ્થાપન કરવું. ગજના મધ્ય ભાગથી બાકી રહેલા ઉત્તર ભાગના પાંચમા તસુના બે ભાગો કરવા; તથા આઠમા તસુના ત્રણ ભાગો કરવા, અને છેવટના બારમા તસુના ચાર ભાગો કરવા. ૩૫

## शार्दूलविक्रीडित.

ईशोमारुतविश्ववह्निविधयःसूर्यश्चरुद्रोयमः
वैरूपोवसवोष्टदंतिवरुणोषड्वक्त्रइच्छाक्रिया ।
ज्ञानंवित्तपतिर्निशापतिजयौश्रीवासुदेवोहली
कामोविष्णुरितिक्रमेणमरुतोहस्तेत्रयोविंशतिः ॥ ३६ ॥

**અર્થઃ**—એક ગજના ચોવીસ તસુની ત્રેવીસ રેખાઓ ( આંકા ) થાય છે તે દરેક રેખા અથવા આંકા ઉપર એક એક દેવતા ગણતાં ત્રેવીશ દેવતાઓ થાય છે; માટે એ ત્રેવીશ રેખાઓ ઉપર ત્રેવીશ દેવોનું સ્થાપન કરવું તે એવી રીતે કે,—

**અર્થઃ**—પ્રથમ રેખા ઉપર મહાદેવનું સ્થાપન કરવું. બીજી ઉપર વાયુનું, ત્રીજી ઉપર વિશ્વદેવનું, ચોથી ઉપર અગ્નિનું, પાંચમી ઉપર બ્રહ્માનું, છઠ્ઠી ઉપર સૂર્યનું, સાતમી ઉપર રૂદ્રનું, આઠમી ઉપર યમનું, નવમી ઉપર વિશ્વકર્માનું, દશમી ઉપર આઠે વસુઓનું, અગિઆરમી ઉપર ગણપતિનું, બારમી ઉપર વરૂણનું, તેરમી ઉપર કાર્ત્તિકસ્વામીનું, ચૌદમી ઉપર ઇચ્છા દેવીનું, પંદરમી ઉપર ક્રિયા દેવીનું, સોળમી ઉપર જ્ઞાનનું, સત્તરમી ઉપર કુબેરનું, અઢારમી ઉપર ચંદ્રમાનું, ઓગણીસમી ઉપર જયનું, વીસમી ઉપર વાસુદેવનું, એકવીશમી ઉપર બળભદ્રનું, બાવીસમી ઉપર કામદેવનું, અને ત્રેવીસમી રેખા ઉપર વિષ્ણુનું સ્થાપન કરી, એ સર્વેનું પૂજન કરવું. ૩૬

## इंद्रवज्रा.

उच्चाटनंरोगभयंचदुःखंवह्नेर्भयंपीडनकंप्रजायाः ।
मृत्युर्विनाशोपिधनक्षयःस्यान्मोहःक्रमाद्दैवतपीडनेन ॥३७॥

**અર્થઃ**—ગજના મૂળને દેવતા શિલ્પિના હાથમાં દબાય તો[1] ઉચ્ચાટન

---

[1] કામને આરંભ કરતાં પહેલાં ગજનું પૂજન થઈ રહ્યા પછી કામ ઉપર જતાં ગજ ઉપાડવો; તે વખત ગજના આદ્યનો છેડા ( ખુંણો ) હાથમાં ઝાલવો નહિ. કદાચ ઝાલે તો તેથી ઉચ્ચાટ પેદા થાય.

"Aho Shrutgyanam"

કરે. પેહેલા ફૂલનો દેવ દલાય તો રોગ કરે, બીજા ફૂલનો દેવ દબાય તો દુઃખ કરે, ત્રીજા ફૂલનો દેવ દબાય તો અગ્નિનો ભય કરે, ચોથા ફૂલનો દેવ દબાય તો બાળકને દુઃખી કરે, પાંચમા ફૂલનો દેવ દબાય તો મૃત્યુ કરે, છઠ્ઠા ફૂલનો દેવ દબાય તો કુટુંબનો નાશ કરે, સાતમા ફૂલનો દેવ દબાય તો ધનનો ક્ષય કરે, અને આઠમા ફૂલનો દેવ દબાય તો મોહ કરે અર્થાત્ ચિત્તભ્રમ અથવા ગાંડો કરે.

## शालिनी.

हस्तोयत्नात्पुष्पयोरंतरालेत्वष्ट्राधार्योमंदिरादेर्निवेशे ।
हस्ताद्भूमौयात्यकस्मात्तदासौकार्येविघ्नंदुःखमाविष्करोति॥३८॥

અર્થઃ—ઘર કરનાર સૂત્રધારે ઘરનું કામ આરંભતાં ગજના બે ફૂલોના [1]મધ્ય ભાગે યત્નવડે ગજ પકડવો જોઇએ, અગર જો ગજ ઉપાડતી વખતે કદાચ તે જમીન ઉપર પડી જાય તો કામમાં વિઘ્ન અને દુઃખ કરે. ૩૮

## शार्दूलविक्रीडित.

तालोद्वादशमात्रिकापरिमितस्तालद्वयंस्यात्करः
पादोनद्विकरोपिकिष्कुरुदितश्चापश्चतुर्भिःकरैः ।
क्रोशोदंडसहस्रयुग्ममुदितोद्वाभ्यांचगव्यूतिका
ताभ्यांयोजनमेवभूमिरखिलाकोटीशतैर्योजनैः ॥३९॥

અર્થઃ—બાર માત્રાનો એક તાલ થાય, બે તાલનો એક ગજ થાય, પોંણાબે ગજનો એક કિષ્કુ થાય, ચાર ગજનું એક ધનુષ્ અથવા એક દંડ થાય, બે હજાર ધનુષ્નો એક કોશ થાય, બે કોશે એક ગવ્યૂતિ થાય, બે ગવ્યૂતિએ એક યોજન થાય અને એવા સો (૧૦૦) કરોડ યોજનની આખી પૃથ્વી થાય એમ સમજવું. ૩૯

## उपजाति.

सूत्राष्टकंदृष्टिनृहस्तमौंजंकार्पासकंस्यादवलंबसंज्ञम् ॥
काष्टंचसृष्ट्याख्यमतोविलेख्यमित्यष्टसूत्राणिवदंतितज्ज्ञाः ॥४०॥

---

૧ ગમે તેમ બને પણ ગજનાં બે ફૂલો ( ચોકડિયો ) વચેનો જે ભાગ છે તે ઠેકાણે ગજને પકડી ઉપાડવો પણ ફૂલ દબાવવું નહિ. એટલું તો યાદ રાખવાનું છે.

"Aho Shrutgyanam"

इतिश्री वास्तुशास्त्रे राजवल्लभे मंडनकृते मिश्रकलक्षणं नामो प्रथमोऽध्यायः ॥ १ ॥

અર્થ:—સૂત્રના જાણનારાઓએ આઠ પ્રકારનાં સૂત્રો કહ્યાં છે, તેમ પ્રથમ દૃષ્ટિ સૂત્ર ૧, બીજો ગજ ૨, ત્રીજી મુંજની દોરી ૩, ચોથો સૂત્રનો દોરો ૪, પાંચમો અવલંબ અથવા ઓલંબો ૫, છઠ્ઠો કાટખુંણો ૬, સાતમો સાધણી ૭, અને આઠમો વિલેખ્ય અથવા પ્રકાર ૮, એ રીતે આઠ પ્રકારનાં સૂત્રો કહ્યાં છે. ૪૦

પાટલીના મધ્ય ભાગે "ન" બિંદુના છિદ્રમાં સુત્ર પરોવી તે સૂત્રનો બીજો છેડો અવલંબના "ર" છિદ્રમાં બાંધવો. તથા સાધણીની "ય" પાટીના મધ્ય ભાગે "ણ" એક રેખા ખોદેલી છે તે રેખામાં સૂત્ર બેસે તો જે જમીન ઉપર સાધણી મુકી હોય તે જમીન ચોરસ છે એમ સમજવું, પણ ચોરસ નહિ હોય તો તે રેખામાં સૂત્ર નહિ બેસતાં જે તરફની જમીન ઉંચી હશે તે તરફની સામી બાજુ ઉપર અર્થાત્ જે તરફ નીચી જમીન હશે તે તરફ સૂત્ર જશે.

સાધણીના બે છેડા સમસૂત્ર કરવાની રીત એવી છે કે, સફાઇદાર બે લાકડાની પટ્ટીના બે છેડા મથાળે સરખા મળે તેવા કાપી જોડયા પછી એક થાળીમાં પાણી ભરી સાધણીના બે છેડા પાણીમાં મુકવે પાણીનો આંકો બન્ને તરફ જેટલે લાગ્યો હોય તેટલો ભાગ બન્ને તરફથી કાપવો એટલે સાધણી નીચેના બે છેડા સરખા થશે.

---

ટીપ—આ પહેલા અધ્યાયમાં ૭ સાત અને આઠ જવનો તસુ બતાવવામાં આવ્યો છે તેવા ત્રણ તસુનું એક ફૂલ તથા બાર માત્રા અથવા બાર તસુનો એક તાલ, બે તાલે એક ગજ, પોંણાબે ગજે એક કિષ્કુ, અને ચાર ગજનું એક ધનુષ્ એ વગેરે ભરવાનું માપ બાંધેલું છે. તેજ પ્રમાણે બલકે તેથી પણ વધારે બારીકી બીજા ગ્રંથોમાં બતાવી છે, તે બાબત વાંચનારે યાદ અવસ્ય રાખવી જોઇએ.



"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय २ जो.

### शार्दूलविक्रीडिव.

संग्रामेंधकरुद्रयोश्चपतितःस्वेदोमहेशात्क्षितौ
तस्माद्भूतमभूच्चभीतिजननंद्यावापृथिव्योर्महत् ॥
तद्देवैःसहसाविगृह्यनिहितंभूमावधोव क्त्रकं
देवानांवचनाच्चवास्तुपुरुषस्तेनैवपूज्योबुधैः ॥ १ ॥

**અર્થ:**—અંધક દૈત્ય સાથે સંગ્રામ કરતાં મહાદેવને પરિશ્રમ થવે પરસેવો થયો તેનું બિંદુ ભૂમિ ઉપર પડયું તે બિંદુમાંથી આકાશ અને ભૂમિને ભય કરે એવો એક પ્રાણી ઉત્પન્ન થયો. તે પ્રાણીને સર્વ દેવતાઓ મળી એકદમ પકડી નીચે મુખે [ઉંધો] નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો; તે ઉપરથી તે પ્રાણીનું નામ "વાસ્તુપુરુષ" કહેવાય છે, માટે ડાહ્યા મનુષ્યોએ એ વાસ્તુપુરુષને અવશ્ય પૂજવો જોઇએ.

प्रासादेभवनेतडागखननेकूपेचवाप्यांवने
जिर्णोद्धारपुरेषुयागभवनेप्रारंभनिर्वर्त्तने ॥
वास्तोःपूजनकंसुखायकथितंपूजांविनाहानये
पादौरक्षसिकंशिवेंघ्रिकरयोःसंधिश्चकोणद्वये ॥ २ ॥

**અર્થ:**—પ્રાસાદ વિષે, ઘર વિષે, તળાવ ખોદાવતી વખતે, કૂવા કરાવતી વખતે, વાવડી કરાવતી વખતે, રોપતી વખતે (બાગમાં વૃક્ષો રોપતી વખતે), જિર્ણોદ્ધાર વખતે, નગર વસાવતી વખતે અને યજ્ઞાદિ કર્મ વખતે, ઇત્યાદિ ઠેકાણે કાર્યના આરંભે અને કાર્યની સમાપ્તિ વખતે ( બન્ને વખત ) વાસ્તુદેવનું પૂજન કરવાથી સુખ થાય છે, અને જો તેનું પૂજન કરે નહિ તો હાનિ થાય છે.

એ વાસ્તુપુરૂષ ઉંધો સૂતો છે.તે એવી રીતે કે, તેના બે પગ નૈર્ઋત કોણમાં છે. એ બન્ને પગનાં પગતળ એકબીજા સાથે જોડેલાં છે, તેનું મસ્તક ઈશાન કોણે છે, અને હાથ તથા પગોની સંધિયો અથવા સાંધાઓ અગ્નિ અને વાયવ્ય કોણમાં છે.

"Aho Shrutgyanam"

वायव्य.

मीन मेष अने वृष ए त्रण संक्रांतीमां नागनुं मुख पश्चिमे त्यारे अग्निकोणे खात थाय.

**उत्तर.**

ईशान्य.

मिथून, कर्क अने सिंह ए त्रण संक्रांतीमां नागनुं मुख उत्तरे होय त्यारे नैर्ऋते खात थाय.

पश्चिम.

पूर्व.




नैर्ऋत.

धन, मकर, कुंभ ए त्रण संक्रांतीमां नागनुं मुख दक्षिणे होय ते वखत ईशानकोणे खात थाय

**दक्षिण.**

अग्नि.

कन्या, तुला, अने वृश्चिक ए त्रण संक्रांतीमां नागनुं मुख पूर्वमां होय ते वखत वायुकोणे खात करवुं कह्युं छे.

"Aho Shrutgyanam"



उत्संग.१



पृष्टभंग.२



सव्य.४



अपसव्य.३




रुद्र. वायु. विश्वकर्मा. अग्नि. ब्रह्मा. काल. वरुण. सोम. विष्णु.
३ ६ ९ १२ १३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२ २३
गज
आ अवलंब
आ प्रकार.
आपाटली. ९ आ नव तसु .. नो छेडो
रा. व. अ.।१
आ छेडो बार तसुनो १२
प.
प.
आ साधणी

वास्तु पुरुषनुं चित्र.




आ वास्तुपुरुषनुं चित्र छे, तेनो आकार उंधो छे एटले पुरुषाकृति देखाती नथी पण चरकी नीचे ईश नाम छे ते वास्तुपुरुषनुं मस्तक समजवुं. तथा पूतना उपरनो भाग छे तेतेना बे पगोनां पगतलो जोडाएलां छे ते पूर्व पश्चिमे जमणुं डाभुं अंग छे, ते वास्तुपुरुष घर करवानी जमीनना क्षेत्रना प्रमाणे कल्पाय छे.

"Aho Shrutgyanam"

## इंद्रवज्रा.

क्षेत्राकृतिर्वास्तुरिहार्चनीय एकांशतो भागसहस्रयुक्तः ।
साधारणोष्टाष्टपदोपितेषु चैकाधिकाशीतिपदस्तथैव ॥ ३ ॥

**અર્થ:**—પ્રથમ ઉપર કહેલાં ઠેકાણાઓમાં વાસ્તુને ક્ષેત્રના આકારમાં પૂજવો (જેટલી જમીનમાં ઘર કરવું હોય તેટલી જમીન, તેટલા મોટા આકારનો વાસ્તુ કલ્પવો) તે એવી રીતે કે–એક [1]પદથી માંડી હજાર પદ સુધીનો વાસ્તુ પૂજવો, તેમાં સાધારણ રીતિ એવી છે કે–ચોસઠ (૬૪) પદનો અને એકાશી (૮૧) પદનો વાસ્તુ પૂજવો. ૩

## शार्दूलविक्रीडित.

ग्रामे भूपतिमंदिरे च नगरे पूज्यश्चतुःषष्टिके
रेकाशीतिपदैः समस्तभवने जीर्णे नवाब्ध्यंशकैः ।
प्रासादे तु शतांशकैस्तु सकले पूज्यस्तथा मंडपे
कूपे षण्णवचंद्रभागसहिते वाप्यां तडागे वने ॥ ४ ॥

અર્થ:—વાસ્તુ પૂજવાની એવી રીત છે કે–ગામ વિષે (ગામ વસાવતાં) રાજમંદિર વિષે અને નગર વિષે ચોસઠ પદનો (૬૪) વાસ્તુ પૂજવો. બીજા સર્વના ઘર માટે એકાશી પદનો (૮૧) વાસ્તુ પૂજવો, અને જીર્ણોદ્ધાર વિષે તો ઓગણપચાસ પદનો (૪૯) વાસ્તુ પૂજવો. સર્વ પ્રકારના પ્રાસાદો અને મંડપો વિષે સો પદનો (૧૦૦) વાસ્તુ પૂજવો. કૂવા, તળાવ, વાવડીઓ અને વન માટે એક સો ને છન્નુ પદનો (૧૯૬) વાસ્તુ પૂજવો. ૪

ईशो मूर्ध्नि समाश्रितः श्रवणयोः पर्जन्यनामादिति
रापस्तस्य गले तदंशयुगले प्रोक्तो जयश्चादितिः ॥
उक्तावर्यमभूधरौ स्तनयुगे स्यादापवत्सो हृदि
पंचेंद्रादिसुराश्च दक्षिणभुजे वामे च नागादयः ॥ ५ ॥
सावित्रः सविता च दक्षिणकरे वामे द्वयं रुद्रतो
मृत्युर्मैत्रगणस्तथोरुविषये स्यान्नाभिपृष्ठे विधिः ॥

[1] પદ એટલે ભાગ. એક પદથી હજાર પદ સુધીનો વાસ્તુ પૂજવો. એની એવી રીત છે કે ઘર કરવાનું જે ક્ષેત્ર અથવા જમીન હોય તે ક્ષેત્રના એકથી હજાર સુધી ભાગ અથવા કોઠાઓ ( પદ ) કરવા, તે ભાગોના એક ભાગથી માંડી હજાર ભાગ સુધી વાસ્તુને પૂજવો કહ્યું છે. પણ તે સર્વ સાધારણ લોકો ઘર કરે તે વખત નહિ પૂજવો એ વિષેની સમજુત આગળ આવી છે તે વાંચવી. ૨ ભાગ.

"Aho Shrutgyanam"

मेढ्रेशक्रजयौचजानुयुगलेतौवह्निरोगौस्मृतौ
पूषानंदिगणाश्चसप्तविबुधानल्योःपदोःपैतृकाः ॥ ६ ॥

**અર્થ**:—વાસ્તુપુરૂષના મસ્તક ઉપર મહાદેવનું સ્થાપન કરવું, બે કાનો ઉપર પર્જન્યનું, અને દિતિનું; ગળા ઉપર આપદેવનું. બે સ્કંધો અથવા ખભાઓ ઉપર જય અને અદિતિનું, બે સ્તન ઉપર અર્યમા અને પૃથ્વીધરનું, હૃદય ઉપર આપ વત્સનું, જમણા બાહુ ઉપર ઇંદ્રાદિ[1] પાંચ દેવોનું, ડાબા બાહુ ઉપર નાગાદિ[2] પાંચ દેવોનું, ૫ જમણા હાથ ઉપર સાવિત્ર અને સવિતા એ બે દેવોનું (કોણીથી પોંચા સુધી), ડાબા હાથ ઉપર રૂદ્ર અને રૂદ્રદાસનું, સાથળ ઉપર મૃત્યુ અને મૈત્ર એ બે દેવનું, નાભિના પૃષ્ઠ ભાગે બ્રહ્માનું (વાસ્તુ પુરૂષ ઉંધો સૂતો છે એટલે નાભિની પાછળ કમરથી થોડે ઊંચે પીઠ સામે), [3]ઉપસ્થસ્થાને ઇંદ્રિ અને જયનું, બે ઢીંચણ અથવા ગોઠણ ઉપર અગ્નિ અને રોગનું, બે પગની બે નળિયો ઉપર પુષાદિ સાત દેવો અને નંદિગણાદિ સાત દેવોનું અને બન્ને પગની એડી ઉપર પિતૃ દેવતાનું સ્થાપન કરવું.૬

**હવે વાસ્તુપુરૂષના અંગની કલ્પના વિના પદવિભાગે વાસ્તુનું રૂપ બતાવે છે.**

### इंद्रवज्रा.

ईशस्तुपर्जन्यजयेंद्रसूर्याःसत्योभृशाकाशकएवपूर्वे ।
वह्निश्चपूषावितथाभिधानोगृहक्षतःप्रेतपतिःक्रमेण ॥ ७ ॥

### उपजाति.

गंधर्वभृंगौमृगपितृसंज्ञौद्वारस्थसूग्रीवकपुष्पदंताः ॥
जलाधिनाथोप्यसुरश्चशेषःसपापयक्ष्मापिचरोगनागौ ॥८॥
मुख्यश्चभल्लाटकुबेरशैलास्तथैवबाह्येह्यदितिर्दितिश्च ।
द्वात्रिंशदेवंक्रमतोर्चनीयास्त्रयोदशैवत्रिदशाश्चमध्ये ॥ ९ ॥

અર્થઃ—ઇશાન કોણે મહાદેવની તથા પૂર્વ દિશા વચ્ચેના સાત કોઠાઓમાં પર્જન્ય, જય, ઇંદ્ર, સૂર્ય, સત્ય, ભૃશ અને આકાશ, એ સાત દેવોની, અગ્નિ કોણમાં અગ્નિની તથા દક્ષિણ દિશાના મધ્યના સાત કોઠાઓમાં પૂષા-

---

૧ ઇંદ્ર, સૂર્ય, સત્ય, ભૃશ અને આકાશ એ પાંચ દેવો છે. તે જમણા બાહુ ઉપર સ્થાપવા.
૨ નાગ, મુખ્ય, ભલ્લાટ, કુબેર અને શૈલનું.
૩ ઉપસ્થસ્થાન એટલે ઇંદ્રિયસ્થાન.
એ રીતે જેના આખા શરીર ઉપર દેવોનું સ્થાપન કરવામાં આવે છે એવા વાસ્તુ પુરૂષનું ચિત્ર આપવામાં આવ્યું છે, તે જૂઓ.

"Aho Shrutgyanam"

વિતથ, ગૃહક્ષત, યમ, (૭) ગંધર્વ, ભૃંગ, અને મૃગ, એ સાત દેવોની. નૈર્ઋત્ય કોણે પિતૃ દેવની, તથા પશ્ચિમ દિશાના મધ્યના સાત કોઠાઓમાં નંદી, સુગ્રીવ, પુષ્પદંત, વરૂણ, અસુર, શેષ અને પાપયક્ષ્મા, એ સાતને સાત કોઠાઓમાં. વાયુ કોણે રોગની, ઉત્તર દિશાના સાત કોઠાઓમાં નાગ ( ૮ ) મુખ્ય, ભલ્લાટ, કુબેર, શૈલ, અદિતિ અને-દિતિ. એ સાત દેવોની સ્થાપના કરવી. એ રીતે અનુક્રમે બત્રીસ દેવોને બહારના કોઠાઓમાં પૂજવા. ( બહારના એટલે સર્વથી ઉપરના કોઠાઓમાં) અને મધ્યના કોઠાઓમાં તેર દેવો પૂજવા. ૯

## इंद्रवज्रा.

प्रागर्यमादक्षिणतोविवस्वान्मैत्रोपरेसौम्यदिशोविभागे
पृथ्वीधरोचर्यस्त्वथमध्यतोपिब्रह्मार्चनीयःसकलेषुनूनम्॥१०॥

**અર્થઃ**—ઉપરના કોઠાએથી નીચેના કોઠાઓની પૂર્વ દિશામાં અર્યમા, તથા દક્ષિણ દિશામાં વિવસ્વાન્ ( સૂર્ય ) તથા પશ્ચિમમાં મૈત્ર અને ઉત્તરમાં પૃથ્વીધરને પૂજવો અને ત્યારપછી એ સર્વ પદો વચ્ચે ( સર્વ કોઠાઓ વચ્ચે ) રહેલા સર્વ કોઠાઓમાં બ્રહ્માને પૂજવો. ૧૦

आपापवत्सौशिवकोणमध्येसावित्रकोग्नौसवितातथैव ॥
कोणेमहेंद्रोथजयस्तृतीयेरुद्रोनिलेच्योंप्यथरुद्रदासः ॥११॥

**અર્થઃ**—ઈશાન કોણે આપ અને આપવત્સ, તથા અગ્નિ કોણે સાવિત્ર અને સવિતા તથા નૈર્ઋત્ય કોણે ઇંદ્ર અને જય તથા વાયુ કોણે રૂદ્ર અને રૂદ્રદાસને પૂજવા. ૧૧

## उपजाति.

ईशानबाह्येचरकीद्वितीयेविदारिकापूतनिकातृतीये ॥
पापाभिधामारुतकोणकेतुपूज्याःसुराउक्तविधानकैस्तु ॥ १२ ॥

**અર્થઃ**—મંડળની બહાર ઈશાન કોણે ચરકીને, તથા અગ્નિ કોણે વિદારિકાને, તથા નૈર્ઋત્ય કોણે પૂતનાને અને વાયવ્ય કોણે પાપાને પૂજવી એ રીતે શાસ્ત્રની વિધિવડે દેવતાઓને પૂજવા. ૧૨

## शार्दूलविक्रीडित.

ब्रह्मावेदपदस्तुतेनसमकादेवार्यमाद्याअमी
कोणेष्टौद्विपदास्तथाष्टमरुतःकोणार्द्धभागाब्दाहिः ॥
शेषाएकपदाःसुराश्चकथितावेदर्तुकोष्टेनव
ब्रह्मा षट्पदतोर्यमादिविबुधाईशादयश्चैकशः ॥ १३ ॥

"Aho Shrutgyanam"

**અર્થઃ**—ચોશઠ (૬૪) પદના વાસ્તુ વિષે ચાર પદનો બ્રહ્મા, તથા અર્યમાદિ ચાર દેવતાઓ પણ ચાર ચાર પદના, તથા ખૂણાઓના આઠ દેવતાઓ બે બે પદના, તથા બહારના આઠ દેવતાઓ અર્ધ અર્ધ પદના અને બાકીના દેવો એક એક પદના કહ્યા છે. તથા એકાશી પદના વાસ્તુમાં નવ પદનો બ્રહ્મા, તથા અર્યમાદિ દેવતાઓ છ છ પદના, તથા ખૂણાના આઠ દેવતાઓ બે બે પદના, તથા બહારના ખૂણાના આઠ દેવતાઓ અર્ધ અર્ધ પદના અને બાકી રહેલા દેવતાઓ એક એક પદના છે. ૧૩

## उपजाति.

ब्रह्माकलांशोत्रसुतोर्यमाद्याः कोणेषु बाह्येपि च सार्द्धभागाः ॥
विधातृकोणे द्विपदास्तथाष्टौ शेषाः सुराएकपदाः शतांशे ॥ १४ ॥

**અર્થઃ**—સો ( ૧૦૦ ) પદના વાસ્તુમાં શોળ પદનો બ્રહ્મા, તથા અર્યમાદિ ચાર દેવો આઠ આઠ પદના, તથા બ્રહ્માના બહારના ખૂણામાં આઠ દેવો બે બે પદના, તથા તે ખૂણાથી ઉપરના ( છેલ્લા ) બહારના ખૂણામાં આઠ દેવો દોઢ દોઢ પદના અને બાકીના દેવતાઓ એક એક પદના છે. ૧૪

## इंद्रवज्रा.

ब्रह्माजिनांशउदितःशिवतोर्यमाद्याः
कोणेषुसार्द्धपदतोपितथैवचाष्टौ ॥
शेषाद्विभागसमकारविभागकोयं
पूज्योरथाश्वगजवाहनकंबुयंत्रे ॥ १५ ॥

**અર્થઃ**—એક સો ને ચુંવાળિસ ( ૧૪૪ ) પદના વાસ્તુમાં ચોવીસ (૨૪) પદનો બ્રહ્મા, તથા અર્યમાદિ ચાર દેવતાઓ ( ૪ ) અગિઆર પદના, તથા આઠ ( ૮ ) ખૂણાના દેવતાઓ દોઢ દોઢ પદના અને બાકીના દેવો સરખે ભાગે બ બે પદના છે, આ વાસ્તુને રથશાળા, અશ્વશાળા, ગજશાળા યાનશાળા, ( પાલખીશાળા ) અને જળમંત્ર વિષે પૂજવો. ૧૫

यंत्रेत्रयोदशपदैरपिपूजनीयस्त—
त्पंचविंशतिरजोदशतोर्यमाद्याः ॥
¹कोणेद्वयोमरगणाबहिकेकलांशो
भद्रेद्विकंरसपदाश्चपरेद्विभागाः ॥ १६ ॥

**અર્થઃ**—એક સો અગન્યોતેર (૧૬૯) પદના વાસ્તુમાં પચીશ ( ૨૫ )

¹ कोणे बहिर्युग सुरा निगमो पमांशा । पाठांतरं ॥

પદનો બ્રહ્મા તથા અર્યમાદિ ચાર દેવતાઓ (૪) દશ દશ પદના, તથા બહારના ચાર ખૂણાના (૪) ચાર ચાર દેવતાઓ ચાર ચાર પદના, તથા ભદ્રના ચાર (૪) દેવતાઓ છ છ પદના અને બાકી રહેલા દેવતાઓ બે બે પદના કહ્યા છે. ૧૬

## शार्दूलविक्रीडित.

द्वात्रिंशत्कमलासनोर्यमसुखाःस्युःसूर्यभागाःक्रमात्
कोणेतोष्टसुराद्विभागसहिताबाह्येषुसार्द्धांशकाः ॥
अष्टौरामपदाःपुनर्द्विपदिकाःषट्भागिनोष्टौसुराः
क्षेत्रेषण्नवचंद्रभागसहितेस्याद्देवतानांक्रमः ॥ १७ ॥

**અર્થ**:—એકસો ને છન્નુ ( ૧૯૬ ) પદના વાસ્તુમાં બત્રીશ ( ૩૨ ) પદનો બ્રહ્મા, તથા અર્યમાદિ ચાર (૪) દેવતાઓ બાર બાર ( ૧૨ ) પદના, તથા ખૂણાના આઠ (૮) દેવતાઓ બે બે (૨) પદના, તથા બહારના આઠ (૮) દેવતાઓ દોઢ દોઢ (૧॥) પદના, તથા આઠ (૮) દેવતાઓ ત્રણ ત્રણ (૩) પદના, તથા (૮) દેવતાઓ બે બે (૨) પદના અને આઠ (૮) દેવતાઓ છ છ (૬) પદના કહ્યા છે. ૧૭

वेदांशोविधिरर्यमप्रभृतयस्त्र्यंशानवत्वष्टकं
कोणेतोष्टपदार्द्धकाःपरसुराःषट्भागहीनेपदे ॥
वास्तोर्नंदयुगांशएवमधुनाष्टांशैश्चतुःषष्टिके
संधेःसूत्रमितान्सुधीःपरिहरेद्भित्तिंतुलांस्तंभकान् ॥ १८ ॥

**અર્થ**:—(૪૯) ઓગણપચાસ પદના વાસ્તુમાં ચાર (૪) પદનો બ્રહ્મા-તથા અર્યમાદિ (૪) ચાર દેવો ત્રણ ત્રણ પદના, તથા આઠ (૮) દેવો નવ (૯) પદમાં, તથા ખૂણાના આઠ (૮) દેવો અર્ધ અર્ધ પદના અને બાકીના ચોવીશ (૨૪) દેવો વીશ (૨૦) પદમાં સ્થાપવા, એ દરેક દેવમાટે એક પદના છ ભાગ કરી તેમાંથી છઠ્ઠો ભાગ (૬) મૂકી પાંચ ભાગમાં એક દેવનું સ્થાપન કરવું, તથા (૨૪) દેવોને વીશ (૨૦) પદમાં સ્થાપવા તે એવી રીતે કે, દરેક પદના છ ભાગ કરતાં વીશ પદના એક સો ને વીશ ( ૧૨૦ ) ભાગો થાય. તે ભાગોને ચોવીશે ( ૨૪ ) ભાગતાં દરેક દેવના ભાગે પાંચ પાંચ અંશ (૫) આવે એટલે એક સો ને વીશ ( ૧૨૦ ) પૂરા થાય છે. વળી, ઘરની ભૂમિના ચોશઠ (૬૪) ભાગો કરી તેમાં વાસ્તુપુરુષની કલ્પના કરવી પણ તે વાસ્તુ-પુરુષની સંધી ભાગમાં ( સાંધા ઉપર ) બુદ્ધિમાન્ પુરુષે ભિંત, તુળા, કે સ્તંભ મુકવો નહિ. ૧૮

"Aho Shrutgyanam"

## उपजाति.

रेखाद्वयंकोणगतंविधेयंअंशांतरेणैवतुकर्णसूत्रात ॥
यदष्टसूत्रैःकथितंचपद्मंतत्पीडनातस्वामिधनप्रणाशः ॥१९॥

**અર્થઃ**—ઘર કરવાની ભૂમિના ચોશઠ (૬૪) ભાગો કરી તે ભૂમિના ચારે ખૂણામાં બે રેખાઓ (કરણ) કરવી અને એ રેખાઓ અથવા કરણ સૂત્રના અંશોથી બ્રહ્માના ચોથા પદમાં (૪) આઠ સૂત્રો (૮) ભેગાં થવેથી તે ઠેકાણે કમળ થાય છે. તે કમળને પીડવું નાહે, અર્થાત્ તે કમળ ઉપર ભિંત, તુળા કે, સ્તંભ આવવું જોઈએ નહિ, પણ જો તેમાંથી કોઈ બાબત તે ઠેકાણા ઉપર આવે તો ઘરના માલકનો અને ધનનો નાશ થાય. ૧૯

प्रोक्तंचतुर्विंशतिभागकंयत्पदार्द्धगंहानिकरंप्रजायाः ।
षड्भिस्तुसूत्रैमरणायवज्रंकोणेत्रिशूलंचरिपोर्भयाय ॥२०॥

વળી, ઘરની ભૂમિના ચોવીશ (૨૪) ભાગો કરી તે ભાગોમાં છ (૬) સૂત્રવડે (સૂત્ર છાંટીને) ષટ્કોણ કરી તે ષટ્કોણના પદાર્ધ ઉપર (ષટ્કોણના ભાગના કોઠાનો અર્ધ પદ અથવા અર્ધ કોઠો) સ્તંભ આવે તો તેથી પ્રજાનો (બાળકનો) નાશ થાય, તથા વજ્રાકૃતિ (વજ્ર જેવી આકૃતિ) ઉપર ભિંત આવે અથવા સ્તંભ આવે તો મરણ કરે અને ત્રિશળ ઉપર સ્તંભ કે ભિંત આવે તો તે શત્રુનો ભય ઉત્પન્ન કરે. ૨૦

## उजजाति.

परीक्ष्यभूमीमवसेचयेत्तांसुपंचगव्येनततोविलिख्याः ॥
रेखाःसुवर्णेनमणिप्रवालैःपिष्टाक्षतैर्वापिपुनस्तदूर्ध्वे ॥२१॥

**અર્થઃ**—પ્રથમ પૃથ્વીની પરીક્ષા કરી તે પૃથ્વી ઉપર [1]પંચગવ્ય છાંટવું અને એ છાંટયા પછી સુવર્ણ, મણિયો, પ્રવાળાં અથવા લોટ કે ચોખાની (એ પાંચમાંથી હરકોઇ વસ્તુની) રેખાઓ કરવી. ૨૧

## इंद्रवज्रा.

द्वात्रिंशदंशापृथुलेचदैर्घ्येकोणेषुवर्ज्याजिनसंख्यभागाः ॥
एतत्पदानांकथितंसहस्त्रंक्षेत्रंचसर्वोत्तममेववास्तु ॥ २२ ॥

**અર્થઃ**—આડા અને ઉભા એવા બત્રીશ ૩૨ બત્રીશ કોઠાઓ કરવા એટલે એક હજાર ને ચોવીશ ૧૦૨૪ કોઠાઓ થશે, તે કોઠાઓના દરેક

---

૧ પંચગવ્ય એટલે ગાયનું ઘી, તથા ગાયનું દૂધ, તથા ગાયનું દહિં, તથા ગાયનું મૂત્ર અને ગાયનું છાણ.

"Aho Shrutgyanam"

ખૂણાઓના છ (૬) છ કોઠાઓ ત્યાગવા (ચોવીશ કોઠાઓ મુકી દેવા) એટલે એક હજાર પદનો વાસ્તુ થાય, એ વાસ્તુ સર્વ વાસ્તુઓમાં ઉત્તમ જાણવો.૨૨.

## शालिनी.

मध्येब्रह्मापूजनीयःशतांशैश्चत्वारिंशाद्भिःपदैर्ब्राह्यवीथी ।
प्रोक्तादेवाअर्यमाद्याअशीत्यामध्येकोणेष्टांशतंचाष्टषष्ठ्या ॥२३॥

**અર્થ**—એ હજાર પદના વાસ્તુમાં મધ્ય ભાગે સો (૧૦૦) પદનો બ્રહ્મા પૂજવો, અને એ બ્રહ્માની ચારે બાજુઓએ દશ (૧૦) દશ પદના વાથી[1] રાખવી, (દશ દશ કોઠાઓનો માર્ગ રાખવો અર્થાત્ બ્રહ્માની ચારે તરફના ચાળીશ કોઠાઓ ખાલી રાખવા) તથા અર્યમાદિ ચાર (૪) દેવતાઓ એંશી (૮૦) એંશી પદના પૂજવા, તથા માંહિંના ખૂણાના આઠ દેવો ( ૮ ) એકવીસ ( ૨૧ ) પદના પૂજવા. ૨૩.

## उपजाति.

कोणेऽधयोनंदपदैःसुराश्चशेषास्तुबाह्यावसुभागिनश्च ।
वीथीचबाह्येरविभागयुक्तंशतंपदानांकथितंमुनींद्रैः ॥ २४ ॥

**અર્થ**—તથા બહારના ખૂણાઓના ચાર (૪) દેવતાઓ નવ (૯) નવ પદના પૂજવા, અને બાકીના દેવો આઠ (૮) આઠ પદના પૂજવા. વળી બહારની વીથી ચારે તરફ છવીશ (૨૬) છવીશ કોઠાઓની થાય અને ચારે દિશાઓના ખૂણાઓના બે બે કોઠાઓ ખાલી રહે, એ રીતે બહારની વીથીના સર્વ મળી એકશો ને બાર (૧૧૨) અંશો થાય [કોઠાઓ] એમ મુનિઓએ કહ્યું છે. ૨૪

दुर्गप्रतिष्ठाविषयेनिवेशेतथामहार्चासुचकोटिहोमे ।
मेरौचराष्ट्रेष्वपिसिद्धलिंगेवास्तुःसहस्रेणपदैःप्रपूज्यः ॥२५॥

એ હજાર પદનો વાસ્તુ કિલ્લાની પ્રતિષ્ઠા વખતે, તથા નગર વસાવતી વખતે, તથા મોટી પૂજા વખતે, તથા કરોડ આહુતિના હોમ વખતે, તથા મેરૂપ્રાસાદ વખતે, તથા દેશ વસાવવો હોય તે વખતે અને મોટા લિંગની સ્થાપના કરતી વખતે, એટલે ઠેકાણે સહસ્ર પદનો વાસ્તુ પૂજવો કહ્યો છે. ૨૫

---

**मेरौ च राष्ट्रेष्वपि ज्येष्ठलिंगे ॥ इति पाठांतरं.**

[1] વીથી એટલે મધ્યભાગે રહેલી વસ્તુની ચારે તરફ માર્ગ હોય તે પણ, એ માર્ગનો અધિષ્ઠાન અથવા માલિક મધ્યમાં રહેલી વસ્તુ હોવી જોઇએ. જેમકે, એક ઘરની ચારે તરફ ફરવા માટે ઓટલો હોય તે વીથી કહેવાય. અને ઘર હોય તે મધ્ય માલિક કહેવાય.

"Aho Shrutgyanam"

त्रिमेखलंशंकरदिग्विभागेकुंडंप्रकुर्यात्करतोयुगास्रम्
होमंसुराणांशतमष्टयुक्तंप्रत्येकमष्टाधिकविंशतिंवा ॥ २६ ॥
मध्वाज्यदुग्धैर्दधिशर्कराभ्यांकृष्णैस्तिलैर्व्रीहियवैर्नवान्नैः
पलाशदुर्व्वांकुरदुग्धवृक्षैर्होमंतदंतेसुरपूजनंच ॥ २७ ॥

અર્થ:—ઘરની ઇશાન કોણે એક હાથનો ચતુરસ્ર કુંડ[1] કરી તેને ત્રણ મેખલાઓ કરવી, અને તે કુંડમાં દરેક દેવને (૧૦૮) અથવા (૨૮) આહૂતિઓ આપવી. ૨૬

વળી, મધ, ઘી, દૂધ, દહીં, સાકર, કાળાતલ, વરી[2] અને જવ. એ સર્વ નવાં પદાર્થો હોમવાં તથા ખાખરો, (ખાખરાના નાના નાના કટકા) તથા લીલી દુર્વાના અંકુરો ( ધરો ઉપર તાજી ત્રણ પાંખડીની શળીયો હોય તે ) તથા દૂધવાળાં વૃક્ષોમાં પીપળો અને ઉંબરો ઇત્યાદિ સમિધો હોમવી અને દેવતાઓનું પૂજન કરવું. ૨૭

૧ કુંડની કૃતિ માટે સવિસ્તર વર્ણન " કુંડસિદ્ધિ " ગ્રંથમાં બતાવ્યું છે.
૨ વરી એટલે વ્રીહિ અથવા ડાંગરની ધાણી.

કુંડ.



"Aho Shrutgyanam"

वसंततिलका.

ईशेघृतान्नमपरेसघृतौदनंचदद्याज्जयायहरितांबरमेवकूर्मं ॥
रत्नानिपैष्टिकमयंकुलिशंसुरेंद्रेधूम्रंवितानमुदितंचदिवाकरस्य।२८।

इंद्रवज्रा.

गोधूमयुक्तंघृतमेवसत्येमत्स्यान्भृशेसंकलिमंतरिक्षे ॥
वह्नौसुचौपुष्णितथैवलाजान्दद्याद्यमेचणकौदनंच ॥ २९ ॥

शार्दूलविक्रीडित.

मध्वन्नंचगृहक्षतायययमतोमांसौदनंदापयेत् ।
गंधर्वेशतपत्रमोदनमिदंभृंगेजजिव्हांतथा ॥
प्रोक्तानीलयवामृगायपितृतोदेयाश्चसन्मोदकाः ।
पैष्टंकृष्णवलिंतथैवविधिवद्दद्याच्चदौवारिके ॥ ३० ॥
सुग्रीवायचपूपकागणवरेश्वेतंप्रसूनंपयः ।
पद्मंवारुणकेसुराप्यसुरकेतैलंतिलाःशेषके ॥
पापाख्येपिचपक्वमांसमुदितंरोगायमद्यौषधीः ।
गोक्षीरंफणिनेचमुख्यविबुधेश्रीखंडभक्तौतथा ॥ ३१ ॥
भल्लाटायसुवर्णकंधनपतौमंडाजदुग्धंतथा ।
सक्तुंपर्वतकेऽदितेस्तुलपिकांदद्याद्दितौपूरिकां ॥
तत्क्षीरंदधिकंक्रमेणविहितंत्वापापवत्सेतथा ।
ध्यर्यम्णेऽरुणचंदनंचपयसायुक्तातथाशर्करा ॥ ३२ ॥
सावित्रेपिचलड्डुकाश्चसवितुःपूपागुडासघृताः
देयंचाथविवस्वतेघृतयुतंदुग्धंतथामोदकाः ॥
इंद्राख्येकुसुमस्रगिंद्रजयकेदेयंतथाचंपकं ।
मैत्रेदुग्धघृतंचगुग्गुलयुतोगंधस्तथारुद्रके ॥ ३३ ॥

"Aho Shrutgyanam"

## उपजाति.

तत्सिद्धमन्नंत्वपिरुद्रदासेसद्रत्नमालांपृथिवीधराय ॥
पयस्विनींगाममृतस्यकुंभंदद्याद्विधौस्वर्णमतोखिलेभ्यः ॥३४॥
सुरास्थिमांसंविहितंचरक्यैतथैवपीतौदनकंविदार्यै ।
रक्तौदनैःपूतनिकार्चनीयामत्स्यासवेनापितथैवपापा ॥३५॥
मांसंपक्वंपिलिपिच्छायैतज्जृंभायैविहितंसद्यः ॥
स्कंदायैतन्मदिरायुक्तंत्वस्थार्यम्णोदिशिपूर्वादौ ॥ ३६ ॥

**અર્થ**:—ઈશને ઘી અને ખીચડી, પર્જન્યને ભાત અને ઘી, જયને લીલા રંગનું વસ્ત્ર અને લોટનો કાચબો, ઇંદ્રને લોટનું વજ્ર અને પંચરત્ન, સૂર્યને કાટવા વસ્ત્રનો ચંદ્રવો. (૨૮) સત્યને ઘઊં અને ઘી, ભ્રંશને માછલાં, આકાશને તલસાંકળી, અગ્નિને ચોખાનો ચરુ, પૂષાને ડાંગરની ધાણી, અધર્મને (વિતથને) ચણાના બાકળા અને ભાત. (૨૯) ગૃહક્ષતને મધ અને અન્ન, યમને માંસ અને ભાત, ગંધર્વને ભાત અને શેવંત્રાનાં ફુલ (ગુલદાવદી), ભૃંગરાજને બકરાની જીભ, મૃગને લીલા જવ, પિતૃને લાડુ, દૌવારિકને (નંદી) અડદના લોટનાં વડાં. (૩૦) સુગ્રીવને પૂડા (પૂલ્લા). પુષ્પદંતને દૂધ અને ધોળાંફૂલ, વરુણને કમળકાકડી, અસુરને મદ્ય (દારુ). શેષને તલ અને તલનું તેલ. પાપને રાંધેલું માંસ, રોગને મદિરા અને ઔષધી, સર્પને ગાયનું દૂધ, મુખ્યને ચંદન અને ભાત. (૩૧) ભલ્લાટને સુવર્ણ, કુબેરને માંડા અને બકરીનું દૂધ, પર્વતને સાથવો, અદિતિને લાપસી, દિતિને પુરી, આપને દૂધ, આપવત્સને દહિ, અર્યમાને રતાંદળી, દૂધ અને સાકર, (૩૨) સાવિત્રને લાડુ, સવિતાને પુડા ગોળ અને ઘી, વિવસ્વાનને ઘી, દૂધ અને લાડવા, ઇંદ્રને પુષ્પની માળા, તથા ઇંદ્રજયને ચંપાનું ફૂલ, તથા મૈત્રને ઘી અને દૂધ, રુદ્રને ગુગળનો ધૂપ અને કપુરાદિ સુગંધિત પદાર્થો અથવા દ્રવ્યો. (૩૩) રુદ્રદાસને રાંધેલું અન્ન, પૃથ્વીધરને રત્નની માળા, બ્રહ્માને દૂધવાળી ગાય અને અમૃતનો ઘડો (દૂધેભરેલો ઘડો) એ રીતે સર્વ દેવોને બળિદાન આપવું તે સાથે સર્વ દેવોને સુવર્ણ પણ મુકવું જોઇએ. (૩૪) ચરકીને મદિરા અને માંસવાળું હાડકું, વિદારિકાને હળદરવડે પીળો કરેલો ભાત, પુતનાને રુધિર અને ભાત, પાપાને મદિરા અને માછલાં. (૩૫) પિલિપિચ્છાને રાંધેલું માંસ, જંભાને તાજું માંસ, સ્કંદાને મદિરા સાથે માંસ અને અર્યમાને વળગેલા માંસવાળું હાડકું આપવું, એ રીતે પુર્વાદિ ચારે દિશાઓમાં બાહારના ભાગે રહેલા ચાર દેવો છે એમ સમજવું. ૩૬

"Aho Shrutgyanam"

## उपजाति.

**यःपूजयेद्वास्तुमनन्यभक्त्यानतस्यदुःखंभवतीहकिंचित् ॥**
**जीवत्यसौवर्षशतंसुखेनस्वर्गेनरास्तिष्ठतिकल्पमेकं ॥ ३७ ॥**

**इतिश्री वास्तुशास्त्रे राजवल्लभे वास्तुलक्षणं नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥**

**અર્થ**:—જે પુરુષ અસાધારણ ભક્તિવડે [1]વાસ્તુદેવને પૂજે છે તેને આ લોકમાં કોઈ પ્રકારનું દુઃખ થાય નહિ, એટલુંજ નહિ પણ તે સો (૧૦૦) વર્ષ પર્યંત સુખે જીવે અને ત્યાર પછી એક કલ્પ પર્યંત તે સ્વર્ગમાં રહેછે. ૩૭

---

૧ વાસ્તુદેવનું પૂજન કરતાં તેના શરીરના જૂદા જૂદા વિભાગો ઉપર સ્થાપવામાં આવતા અધમ દેવોને બળિદાનમાં, માંસ અને મદિરાદિની તરેહવાર વસ્તુઓ આપવાનું બતાવ્યું છે, તે પ્રમાણે વર્ત્તમાન કાળમાં કોઈ આપતું નથી, તેમજ વાસ્તુનું પૂજન પણ કરતા નથી, તેથીજ ઘરઆંત્રી તેમાં રહેનાર અને ઘર બાંધનાર મનુષ્યો સુખી થતાં નથી. એવું કેટલેક ઠેકાણે પ્રત્યક્ષ જોવામાં આવે છે. એમ શિલ્પાશ્રિતો કહે છે. તે શિલ્પ શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેજ કહે છે. એ વાત ખરી છે પરંતુ ગ્રંથકર્ત્તા બુદ્ધિમાન્ પુરુષો ગયા પછી એવાં બળિદાનો બંધ થવાનું કારણ કેટલાક લોકો ખરચની કોતાઈ કરવા લાગ્યા, તથા કેટલાક શિલ્પકામ કરનાર ઘરના માલિકોની મરજી સંપાદન કરવા લાગ્યા, તેથી તેમ બન્યું હશે; તોપણ રાજાઓએ તો અવસ્ય તેવાં બળિદાનો આપવાં જોઈએ અને બીજા સાધારણ લોકોએ એક વસ્તુના બદલામાં તેવા ગુણની બીજી વસ્તુવડે વાસ્તુનું પૂજન કરવું જોઈએ. જેમકે, હવનમાં બકરાને ઠેકાણે કોળું આપવામાં આવે છે, વળી કેટલાકના કહેવામાં આવે છે કે. ભારતવર્ષમાં જૈનધર્મનો અતિ પ્રબોધ થવો જોઈએ તે કરતાં ઉલટી રીતે વાસ્તુપૂજન થવા લાગ્યાં. એટલુંજ નહિ, પણ કેટલાક ઉછરતા સાધર્મિકોએ મિથ્યાત્વિના દેવોને પૂજવા નહિ એવી વાતો સમજાવી વાસ્તુપૂજન પણ કરવા દે નહિ. અર્થાત્ વાસ્તુની દરકાર પણ રાખે નહીં. પરંતુ વાસ્તુપૂજન કરવાની મનાઈ જૈનાચાર્યોએ કરેલીજ નથી પણ વાસ્તુના રૂપનો ફેર હોય તો તે પણ શાસ્ત્રકારોએજ બતાવેલો છે; માટે ઉત્તમ વસ્તુમાં રહેલા એવી વસ્તુના ગુણોવાળી વસ્તુવડે વાસ્તુપૂજન તો અવસ્ય કરવુંજ જોઈએ, અગર એમ તો કહેવુંજ પડશે કે, મદ્ય માંસાદિવડે વાસ્તુના દેવોનું પૂજન કરવાનું કામ ક્ષત્રિઓનું છે. ત્યારે ઉત્તમ જાતિના મનુષ્યોએ ઉત્તમ વસ્તુના બળિદાનોવડે (ફળ, પુષ્પ અને અન્નના ઉત્તમ પદાર્થોવડે) વાસ્તુપૂજન કેમ ન કરવું ? અવશ્ય કરવું જોઇએ. અને વાસ્તુપૂજન કરવા માટે જૈનાચાર્યોએ મનાઇ કરેલી નથી, એ બાબતની સાબીતીમાં જૈન પંથમાં મુખ્ય સૂત્રમાં ગણવામાં આવેલ "જંબુદ્વીપપન્નત્તિ" વિષે લખે છે તે સૂત્ર વાંચો.

**एगासीतिपदेसुसव्वेसुचेववत्थुसु ोगुणजाणपपंडिपविहिण्णुपणयालीसा पदेवया णमित्यादिवार्हिकिरत्नस्वरूपनिरूपणे ॥ रत्नमालाभाष्ये ॥**

આર્યવર્ત્તમાં વસનાર શિલ્પિવેત્તાઓનું ભારે જોર અને વિદ્વાનપણું હશે તે વખત વિલાયતાદિ દેશોમાં થતાં શિલ્પ કામોમાં આવો વ્યવહાર ચાલે છે કે નહિ ? તે જાણવામાં નહિ હોય.

"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ. ॥

## अध्याय ३ जो.

### शार्दूलविक्रीडित.

आयर्क्षव्ययतारकांशकविधूनूराशिंगृहाद्येतथा ।
धान्यंसौख्ययशोभिवृद्धिरधिकायस्मादतःकथ्यते ॥
आयास्तुध्वजधूमसिंहशुनकागोरासभेभाःक्रमात् ।
ध्वांक्षस्त्वष्टमआयकेषुविषमाःश्रेष्ठाःसुराणांगृहे ॥ १ ॥

**અર્થ**:—ગૃહાદિકો વિષે આય, ઋક્ષ, વ્યય, તારા, અંશ, ચંદ્ર અને રાશિની રીત બતાવીએ છીએ. કારણકે, તેઓ શ્રેષ્ઠ આવ્યેથી ધાન્ય, સુખ અને યશની અધિક વૃદ્ધિ થાય માટે પ્રથમ આય વિષે કહિએ છીએ.

પ્રથમ ધ્વજ આય ૧, બીજો ધૂમ ૨, સિંહ ૩, શ્વાન ૪, વૃષ ૫, ગર્દભ ૬, ગજ ૭, અને ધ્વાંક્ષ ૮ આઠમો આય છે. તે આયોમાં પહેલો ૧, ત્રીજો ૩, પાંચમો ૫, અને સાતમો ૭, એટલા આયો દેવમંદિર વિષે શ્રેષ્ઠ છે એમ જાણવું.૧

मानंदेवगृहादिभूपसदनेशास्त्रोक्तहस्तेनतत् ।
गेहेकर्मकरस्यनाथकरतःस्यात्रैणछाद्येगृहे ॥
आयोदंडकरांगुलादिमपितोहस्तांगुलैरंशतः ।
क्षेत्रस्याप्यनुमानतोपिनगरेदंडेनमानंपुरे ॥ २ ॥

**અર્થ**:—દેવમંદિર અને રાજઘર વિષે શાસ્ત્રમાં કહેલા હાથે માપ કરવું તથા સાધારણ લોકોના ઘરોનું માપ શિલ્પિના હાથે કરવું પણ ઘાસવડે છાવાનું હોય અર્થાત્ ઘાસ, પાંદડાં અને એવાં બીજાં તૃણોવડે ઘર છાઈ રહેનારા ગરીબ લોકોના ઘરનું માપ ઘરધણીના હાથનું કરવું કહ્યું છે.

ઘર કરવાની ભૂમિને હાથ આંગુળ અને જવથી માપી તે ભૂમિનું ક્ષેત્રફળ કાઢી હાથ, આંગુળ અને જવની ગણતરી પ્રમાણે આય મેળવવો પણ નગર અને પુરનું માપ દંડવડે કરવું કહ્યું છે એમ સમજવું. ૨

"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय ३.

आ नीचे आयोना बेबे रूपो बताव्यां छे तेमां एक स्त्री अने बीजो पुरुष छे.




"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

## शालिनी.

**आयःकल्प्योहस्तमेयःकरैश्चक्षेत्रेमात्राभिर्मितेमातृकाभिः ॥**
**मध्येपर्यंकासनेमंदिरेचदेवागारेमंडपेभित्तिबाह्ये ॥ ३ ॥**

**અર્થઃ**—હાથ અને આંગુળો માપી તેનું ક્ષેત્રફળ કાઢયા પછી હાથ અને આંગુળો પ્રમાણે આય કલ્પવો કહ્યો છે. પણ ખાટલો અથવા પલંગની બે ઇસો અને બે ઉપળાં મળી ચારને માપમાં ન લેતાં ફક્ત મધ્યનો ગાળો ભરી આય લાવવો અને તેજ રીતે ઘરના બે કરા, એક મોવાળ અને પછીત એ ચારના ઓસારને માપમાં ન લેતાં એ ચારેના અંતરનું અર્થાત્ એ ચારના મધ્યે રહેલા ગાળાનું માપ લઇ આય લાવવો, પણ દેવમંદિર અને મંડપની બહારની ફરકેથી અર્થાત્ ચારે તરફની ભીંતના ઓસારો સહિત(જમીન અને પાયાઓમાં દબાય તે સુદ્ધાંત માપમાં લેવાનું કહ્યું છે) માપમાં ગણી આય લાવવો. ૩

## शार्दूलविक्रीडित.

**छत्रेदेवगृहेद्विजस्यभवनेस्याद्वेदिकायांजले ।**
**विस्तारोछ्रयवस्त्रभूषणमखागारेषुशस्तोध्वजः ॥**
**धूमोवह्न्युपजीविनामपिगृहेकुंडेचहोमोद्भवे ।**
**सिंहद्वारनृपालयेस्त्रनिचयेसिंहश्चसिंहासने ॥ ४ ॥**

**અર્થઃ**—[1]છત્ર, દેવમંદિર, બ્રાહ્મણનું ઘર, વેદિકા, જળાશય, [2]ક્ષેત્રાના વિસ્તાર, ક્ષેત્રોની ઉંચાઈ, વસ્ત્ર, આભૂષણ અને યજ્ઞશાળા. એટલે ઠેકાણે **ધ્વજ** આય શ્રેષ્ઠ છે, તથા અગ્નિવડે જીવનારના ઘરમાં અને હોમનાકુંડ વિષે **ધૂમ** આય શ્રેષ્ઠ છે, અને [3]સિંહદ્વારમાં, રાજઘરમાં, શસ્ત્રોમાં અને સિંહાસનમાં એટલે ઠકાણે **સિંહ** આય શ્રેષ્ઠ છે. ૪

૧ છત્ર અને તેથી પણ નાના દાગિનાઓ વિષે ગજ અને આંગુળોનું માપ લેવાય નહિ તો આંગુળ, જવ, યૂકા, લીખ અને વાળની અણીવડે માપ લેવું અને આય મેળવવો. કારણ કે હીરા આદિ રત્નોનું માપ આંગુળે થાય નહિ.

૨ ક્ષેત્ર એટલે ઘર કરવાની જમીનનેજ ક્ષેત્ર કહેવાય છે એમ નથી; પણ ધ્વજા, બાવટા, નિશાન એ વગેરે વસ્ત્રોનું જે કાંઈ કરવું હોય તે વસ્ત્રને ક્ષેત્ર કહેવાય.

૩ કિલ્લાના દરવાજામાં, રાજાના દરબારનો દરવાજો અને રાજાના મેહેલનો દરવાજો એ વગેરે સિંહદ્વારો છે, તે સિંહદ્વારોની રીતભાત આગળ આવશે.

"Aho Shrutgyanam"

चांडालेशुनकोविशांचवृषभोहर्म्येहयानांहितो ।
वाणिज्येधनभोजनस्यभवनेथोवाद्यगेहेखरः ॥
वादित्रेखरजीविनामपिगृहेशूद्रेगजोयोज्यते ।
यानेस्त्रीगृहवाहनेचशयनेशस्तोगृहेहस्तिनां ॥ ५ ॥

**અર્થઃ**—ચાંડાળના ઘર વિષે **શ્વાન** આય શ્રેષ્ઠ છે તથા વાણિયાના ઘર વિષે, અશ્વશાળા વિષે, વેપારીની દુકાન વિષે, લાકડાં ભરવાના ઘર વિષે, અને ભોજનશાળા વિષે **વૃષ** આય શ્રેષ્ઠ છે, તથા વાદિત્રોના ઘર વિષે અને ગધેડાં વડે જેની આજીવિકા ચાલતી હોય તેના ઘરમાં **ખર** આય શ્રેષ્ઠ છે, તથા શૂદ્રના ઘર વિષે, યાન અથવા પાલખી વિષે, સ્ત્રિયોના ઘર વિષે, વાહન વિષે, ( રથ ગાડી ગાડાં વગેરે વિષે) શય્યા (ખાટલો પલંગ કે કોચ) વિષે, અને ગજશાળા વિષે, એટલે ઠેકાણે **ગજ** આય શ્રેષ્ઠ છે. ૫

ध्वांक्षःशिल्पितपस्विनांहितकरस्तेषांमुखंनामवत् ।
ध्वांक्षःकाकमुखोबिडालवदनोधूमोध्वजोमानुषः ॥
सर्वेपक्षिपदाहरेरिवगलाहस्तानरस्येवतत् ।
प्राच्यासृष्टिगताक्रमेणपतयोह्यष्टौचतेसन्मुखाः ॥ ६ ॥

**અર્થઃ**—શિલ્પિના ઘર વિષે અને તપસ્વિના સ્થાન વિષે **ધ્વાંક્ષ** આય સુખકારી છે. એ રીતે બતાવેલાં આઠે આયોનાં મુખો પોતપોતાના નામો જેવાં છે, પણ વિશેષ કરી ધ્વાંક્ષ આયનું મુખ કાગડાના મુખ જેવું છે, તથા **ધૂમ** આયનું મુખ બિલાડાના મુખ જેવું છે, અને ધ્વજ આયનું મુખ મનુષ્યના મુખ જેવું છે. પરંતુ સર્વ આયોના પગ તો પક્ષીઓના પગ જેવા છે, તથા તેમનાં ગળાં સિંહના જેવાં છે અને આયોના હાથો તો મનુષ્યના હાથો જેવા છે. એ આયો પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈરૃત, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર અને ઇશાન. એ અનુક્રમે આઠે દિશાઓના સ્વામી આઠ આયો છે. તે [૪]સૃષ્ટિ માર્ગે છે, એટલે જે દિશાનો સ્વામિ જે આય છે તે દિશા સામે તે આયનું મુખ છે એમ સમજવું. ૬

૪ ધ્વજ આય પૂર્વનો સ્વામી છે તેથી તેનું મુખ તે દિશામાં સમજવું, ધૂમનું અગ્નિ કોણે મુખ છે, સિંહનું મુખ દક્ષિણે, શ્વાનનું નૈરૃતે, વૃષનું પશ્ચિમે, ગર્દભનું વાયવ્યે, ગજનું ઉત્તરે અને ધ્વાંક્ષનું મુખ ઈશાન કોણ સામે છે.

"Aho Shrutgyanam"

देयाःसिंहगजध्वजादिवृषभाःसिंहध्वजौकुंजरे ।
सिंहोवैध्वजइष्यतेनवृषभोन्यत्रापिदेयोबुधैः ॥
सिंहश्चेभवृषेगृहेम्रतिकरस्त्वायश्चवक्रंगृहं ।
तस्मिन्नेवचवामदक्षिणादिशाद्वारस्यआयःशुभः ॥७॥

**અર્થ:**—પહેલી ભૂમિમાં વૃષઆય દેવો, તથા બીજી ભૂમિમાં સિંહ આય દેવો અથવા ગજ આય દેવો અથવા ધ્વજ આય દેવો. આય આપનાર સૂત્રધારે યાદ રાખવાનું છે કે–" ગજ આય ઉપર સિંહ આય અથવા ધ્વજ આય દેવો, તેમજ સિંહ આય ઉપર ધ્વજ આય દેવો" પણ ડાહ્યા મનુષ્યે કોઇપણ આય ઉપર વૃષ આય લાવવો નહિ, કદાચ ઘર વિષે સિંહ આય ઉપર ગજ આય અથવા વૃષ આય આવે તો તે મૃત્યુ પ્રાપ્ત કરાવે, અને ઘરનું દ્વાર આયના સામે હોય તો તે શુભ છે તેમજ ઘરથી જમણી તરફ અથવા ડાબી તરફ આય આવે તો તે પણ શ્રેષ્ઠ છે. ૭

व्यासेदैर्घ्यगुणेष्टभिर्विभजितेशेषोध्वजाद्यायको ।
ऽष्टघ्नेतद्गुणितेचधिष्ण्यभजितेस्याद्दक्षमश्वादिकं ॥
नक्षत्रेवसुभिर्व्ययेपिभजितेहीनस्तुलक्ष्मीप्रदः ।
तुल्यायश्चपिशाचकोध्वजमृतेसंवर्द्धितोराक्षसः ॥८॥

**અર્થ:**—ઘર કરવાની જમીન અથવા ક્ષેત્રનો વિસ્તાર અથવા પહોળાઇ જેટલા ગજ હોય તેટલાને ક્ષેત્રની લંબાઇના ગજો સાથે ગુણતાં જે પિંડ આવે (ક્ષેત્રફળનો જેટલો અંક આવે) તે પિંડને આઠે ભાગતાં શેષ જે રહે તે "ધ્વજાદિ" આઠ આય સમજવા, ત્યારપછી ગુણેલા પિંડને ( ક્ષેત્રની પહોળાઇ સાથે લંબાઇને ગુણતાં જે અંક આવ્યો હોય તેને) આઠે ભાગતાં જે અંક આવે તે અંકને સત્યાવિશે (૨૭) ભાગતાં શેષ જે રહે તે "અશ્વિન્યાદિ" નક્ષત્ર જાણવું, અને એ જે નક્ષત્ર આવ્યું હોય તે નક્ષત્રનો અંક આઠે ભાગતાં શેષ જે રહે તે "વ્યય" જાણવો. તે વ્યયનો અંક આયના અંકથી ઓછો આવે તો લક્ષ્મીની પ્રાપ્તિ કરાવે, પણ આયનો અંક અને વ્યયનો અંક સમ આવે અર્થાત ઓછો કે વધારે ન આવે તો તેને પિશાચ જાણવો, અને ધ્વજ આય વિના બીજા આયોના અંકથી વ્યયનો અંક વધારે આવે તો તે રાક્ષસ સમજવો. ૮

"Aho Shrutgyanam"

तन्मूलेव्ययहर्म्यनामसहितेभक्तेत्रिभिस्त्वंशकः ।
स्यादिंद्रोयमभूपतिक्रमवशाद्देवेसुरेंद्रोहितः ॥
वेद्यामेषयमस्तुपण्यभवनेनागेतथाभैरवे ।
राजांशोगजवाजियाननगरेराजालयेमंदिरे ॥ ९ ॥

**અર્થ**:—મૂળ રાશિનો જે અંક હોય તે અંકમાં આવેલા વ્યયનો અંક મેળવવો, તેમજ ધ્રુવાદિક ઘરોમાંનું જે ઘર હોય તે ઘરના નામના જેટલા અક્ષરો હોય તેટલો અંક પણ તેમાંજ મેળવવો. એ ત્રણે બાબતો એકત્ર કરતાં જે અંક અથવા જેટલો સરવાળો થાય તેટલાને ત્રણે ભાગતાં શેષ જો એક (૧) વધે તો તે "**ઇંદ્રાંશ**" કહેવાય, તથા બે (૨) વધે તો તે "**યમાંશ**" કહેવાય અને ત્રણ (૩) અથવા શુન્ય વધે તો તે "**રાજાંશ**" કહેવાય. એ ત્રણ અંશોમાંનો ઇંદ્રાંશ તો દેવાલય અને વેદિકામાં શ્રેષ્ઠ છે, તથા યમાંશ હાટ વિષે, નાગદેવતા વિષે અને ભૈરવ વિષે શ્રેષ્ઠ છે,તથા ગજશાળામાં, અશ્વશાળામાં, યાનમાં, નગરમાં, રાજાના ઘરમાં અને બીજા સાધારણ લોકોના ઘરો વિષે રાજાંશ શ્રેષ્ઠ છે. ૯

## इंद्रवज्रा.

यावद्गृहर्क्षंगणयेत्स्वधिष्ण्यात्ताराविभक्तेनवभिश्चशेषा ॥
बुधैस्तृतीयासकलेषुवर्ज्यायापंचमीसप्तमिकानशस्ता ॥१०॥

**અર્થ**:—ઘરધણીના જન્મનું જે નક્ષત્ર હોય તે નક્ષત્રથી ઘરનું જે નક્ષત્ર આવ્યું હોય તે નક્ષત્ર સુધી ગણતાં જેટલો અંક આવે તેટલા અંકને નવે (૯) ભાગતાં શેષ જે રહે તેટલામી* તારા સમજવી, એ તારાઓમાંથી ત્રીજી તારા આવે તો તેને સર્વ કામમાં ડાહ્યા મનુષ્યે ત્યાગવી કહી છે. તેજ રીતે પાંચમી અને સાતમી તારા પણ સારી નથી અને બાકી રહેલી તારાઓમાં પહેલી ૧ બીજી ૨ ચોથી ૪ છઠ્ઠી ૬ આઠમી ૮ અને નવમી ૯. એટલી તારાઓમાંથી ગમેતે તારા આવે તો તે શ્રેષ્ઠ છે. ૧૦

---

* શાંતા ૧ મનોહરા ૨ ક્રૂરા, ૩ વિજયા ચ ૪ કુલોદ્દ્ભવા;
પદ્મિની ૬ રાક્ષસી ૭ બાલા, ૮ આનંદા ૯ નવમીસ્મૃતા. ૭૦ } નારચંદ્રગ્રંથે.

**અર્થ**:—શાંતા ૧ મનોહરા ૨ ક્રૂરા ૩ વિજયા ૪ કુલોદ્દભવા ૫ પદ્મિની ૬ રાક્ષસી ૭ બાળા ૮ અને આનંદા ૯. એ રીતે નવ તારાઓ છે, ૭૦

शांतामनोहराक्रूरा । विजयाचकुलोद्भवा ॥
पद्मिनीराक्षसीवीरा ॥ आनंदानवमीस्मृता. ४८

એ રીતે ત્રીજા પદમાં બાળાને ઠેકાણે વીરા કહિ છે.

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

धिष्ण्यानीहचसप्तसप्तक्रमतोवह्नेस्तुपूर्वादितः
सृष्ट्यातानिभवंतियत्रगृहभंतत्रैवचंद्रोभवेत् ॥
हानिंपृष्ठगतःकरोतिपुरतस्त्वायुःक्षयंचंद्रमाः
पार्श्वेदक्षिणवामकेशुभकरोऽग्रेदेवभूपालये ॥ ११ ॥

**ટીપઃ**—વ્યય એટલે–ખરચ એ બાબતની સમજણ એવી છે કે,–ઘર કરવાનો આરંભ કરતા પહેલાં ઘરના કામમાં જે ખરચ કરવું ધાર્યું હોય તે ધારવા પ્રમાણે ન થતાં વધારે અથવા ઓછું ખરચ થવાનું કારણ આયના અંકથી વ્યયનો અંક ઓછો આવે તો ઓછું ખરચ થાય અને આયના અંકથી વ્યયનો અંક વધારે આવે તો વધારે ખરચ થાય, એ વાત પ્રથમ બતાવવામાં આવી છે. તે લક્ષમાં રાખી ગમે તે પ્રકારે ગણી વ્યયનો અંક આયના અંકથી ઓછો લાવવો એ સારૂં છે.

હવે જે અંકતું નક્ષત્ર આવ્યું હોય ( ૨૬ ) તે અંકને આઠે ભાગતાં ૨૬÷૮ શેષ ૨ આવે તો તે બીજો વ્યય સમજવો. તે વ્યય શ્રેષ્ઠ છે. વળી અંશ લાવવાની એવી રીત છે કે,–

મૂળ રાશિ ( ૨૬ ) એટલે જે નક્ષત્ર આવ્યું હોય તે નક્ષત્રમાં વ્યયનો આવેલો અંક મેળવતાં ( મૂળ રાશિ ૨૬ અને વ્યય ૨ ) ૨૮ અઠ્ઠાવીશ થાય અને ધ્રુવાદિક ઘરોમાં-થી જે નામનું ઘર ઉત્પન્ન થયું હોય તે ઘરના નામના જેટલા અક્ષરો હોય તેટલા અંક પ્રથમ થએલા (૨૮) અંકમાં મેળવવા. જેમકે, " મનોરમ " ઘરના ચાર અક્ષર છે તે મેળ-વતાં બત્રીશ (૩૨) થાય તેને ત્રણે ભાગતાં શેષ એક (૧) વધે તો તે **ઇંદ્રાંશ** થયો જાણવો. તથા બે (૨) વધે તો **યમાંશ** અને ત્રણ (૩) વધે અથવા પૂર્ણ એટલે શૂન્ય આવે તો તે **રાજાંશ** થયો એમ જાણવું.

જુઓ મૂળ રાશિનો અંક ૨૬+૨=૨૮+૪=૩૨÷૩=શેષ=૨ બે આવ્યા. એ બે યમાંશ આવે છે એટલે તે અંશ સારો નથી માટે ઘર કરવાના આરંભ ઉપર બતાવેલી રી-તોમાં પ્રથમ બાબતથીજ ફેરફાર કરતાં સારી રીત આવે તેમ કરવું. કદાચ ઘરની જમીનનો કાંઇ ભાગ વધારવો ઘટાડવો પડે તો તેમ કરવું.

### ઉદાહરણ.

ઘર કરવાની જમીન ઓગણચાળીશ ગજ (૩૯) અને અગિયાર (૧૧) આંગળો અથવા તસુઓ છે તે લાંબી છે એમ માનો અને તેના આંગળો કરો એટલે નવસેં ને સુડતાળીશ (૯૪૭) આંગળો થશે તથા તે જમીનનો વિસ્તાર ( પહોળાઇ ) નવ ગજ (૯) અને પાંચ આંગળો છે તેના આંગળો કરો એટલે બસેંને એકવીશ (૨૨૧) થશે. એ લંબાઇ અને પહોળાઇની બન્ને રકમોને ૯૪૭×૨૨૧ ગુણતાં બે લાખ નવ હજાર બસેં અને સતાશી આંગળ ક્ષેત્રફળ આવ્યું. ૨૦૯૨૮૭ એ ક્ષેત્રફળને આઠે ભાગતાં ૨૦૯૨૮૭÷૮ શેષ સાત (૭) રહેશે માટે સમજવું કે સાતમી **ગજ**આય આવી, ત્યાર પછી નક્ષત્ર લાવવાની રીત એવી છે કેઃ—

"Aho Shrutgyanam"

**અર્થ**:—કૃત્તિકાદિથી સાત નક્ષત્રો પૂર્વદિશામાં સ્થાપન કરવાં અથવા કલ્પવાં. તથા મઘાદિ સાત નક્ષત્રો દક્ષિણમાં, તથા અનુરાધાદિ સાત નક્ષત્રો પશ્ચિમમાં, અને ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો ઉત્તર દિશામાં સ્થાપવાં અથવા કલ્પવાં.

એ રીતે દિશાઓનો અનુક્રમ લઈ નક્ષત્રોના અનુક્રમે દરેક દિશાના ભાગે સાત નક્ષત્રો સ્થાપન કરતાં ઘરનું ઉત્પન્ન થએલું નક્ષત્ર જે દિશામાં આવે તે દિશામાં ચંદ્ર છે એમ સમજવું. પણ તે ચંદ્ર ઘરની પાછળ આવે તો હાનિ કરે; તથા ઘરના સામે આવે તો ઘરના આયુષનો ક્ષય કરે; અને ઘરની જમણી તરફ અથવા ડાબી તરફ આવે તો, તે શ્રેષ્ઠ છે. દેવમંદિર અને રાજાના ઘરની સામે ચંદ્ર આવે તો તે સારો છે. ૧૧

प्रीतिःस्यात्समसप्तमीचदशमीचैकादशीशोभनाः
दारिद्र्यंयुगलाकरोतिमरणंषष्ठीकलिंपंचमी ॥
मेषोश्वित्रितयेहरिस्तुपितृभाच्चापंत्रयेमूलतः
शेषैस्युर्नवराशयःपरमतेनंदांशकैस्तेपृथक् ॥ १२ ॥

**અર્થ**:—ઘરધણીની રાશિથી ઘરની રાશિ સાતમી આવે તો તે પ્રીતિ કરે, તથા દશમી અથવા ચોથી રાશિ આવે તો તે પણ સારી છે. અગિયારમી અથવા ત્રીજી રાશિ આવે તો તે પણ સારી છે, પરંતુ ઘરધણીની રાશિથી ઘરની બીજી અથવા બારમી રાશિ આવે તો તે દરિદ્રી કરે, તથા છઠ્ઠી અથવા આઠમી રાશિ આવે તો તે મરણ પ્રાપ્ત કરાવે અને ઘરધણીની રાશિથી ઘરની રાશિ પાંચમી અથવા નવમી આવે તો તે કલેશ ઉત્પન્ન કરાવે.

ઉપર કહેલી રાશિઓની ગણતરી એવી રીતે છે કે—અશ્વિન્યાદિ ત્રણ નક્ષત્રો ઘરનાં આવે તો તેની **મેષ** રાશિ થાય, મઘાદિ ત્રણ નક્ષત્રો ઘરનાં આવે તો તે **સિંહ** રાશિ થાય, મૂળાદિ ત્રણ નક્ષત્રો ઘરનાં આવે તો તે **ધન**-રાશિ થાય અને બાકી રહેલી નવ રાશિઓ જે છે, તે દરેક રાશિ બે બે નક્ષત્રોની છે; પણ જ્યોતિષ શાસ્ત્રના મત પ્રમાણે તો નક્ષત્રના *નવ ચરણની એક

---

જમીનની લંબાઇ અને પહોળાઇના આંગળોને ગણતાં જે પિંડ આવ્યો છે (૨૦૯૨૮૭) તે પિંડને આઠે ગુણતાં જે અંક આવે તે અંકને સત્યાવીશે (૨૭) ભાગતાં શેષ જે રહે તેટલામું નક્ષત્ર આવે એમ જાણવું. જુઓ ૨૦૯૨૮૭×૮=૧૬૭૪૨૯૬ આ સોળ લાખ ચૌંઆતેર હજાર બસેં ને છન્નુને સત્યાવીશે ભાગતાં ૧૬૭૪૨૯૬÷૨૭=શેષ ૨૬ છવીશ રહેશે માટે સમજવું કે છવીશમું નક્ષત્ર આવ્યું. એ નક્ષત્ર અશ્વિન્યાદિથી ગણવું એટલે ઉત્તરા ભાદ્રપદા નામનું તે નક્ષત્ર થયું. એ રીતે આય, વ્યય અને નક્ષાત્રાદિ ગણી લાવવાનું કહ્યું છે.

* નવ ચરણ એટલે-એક નક્ષત્રના ચાર ભાગો માની, તે ચારમાંથી એક અથવા પા ભાગ લઈ બે નક્ષત્રો સાથે મેળવો. એ બે આખા નક્ષત્રોના આઠ ભાગ અને એક નક્ષત્રનો

"Aho Shrutgyanam"

રાશિ થાય છે. તે રાશિઓ ઘર વિષે લેવાતી નથી પણ ઉપર બતાવ્યા પ્રમાણે જ્યોતિષના મત પ્રમાણે ઘરધણીની રાશિ લેવાની કહી છે. ૧૨.

**भौमौवृश्चिकमेषयोर्वृषतुलेशुक्रस्ययुग्मस्त्रियौ ।**
**चांद्रेरात्रियुगंचकर्कसदनंचंद्रस्यसिंहोरवेः ॥**
**जीवोमीनधनुःपतिर्मृगघटौमंदस्यचोक्तंगृहं**
**मित्राण्यर्ककुजेंदुदेवगुरवोऽन्येवैरिणस्तेमिथः ॥ १३ ॥**

**અર્થઃ**—વૃશ્ચિક અને મેષનો સ્વામી મંગળ છે, વૃષ અને તુળાનો સ્વામી શુક્ર છે, મિથુન અને કન્યાનો સ્વામી બુધ છે, કર્કનો સ્વામી ચંદ્રમા છે, સિંહનો સ્વામી સૂર્ય છે, મીન અને ધનનો સ્વામી બૃહસ્પતિ છે અને મકર ને કુંભનો સ્વામી શનૈશ્ચર છે.

એ રીતે રાશિના સ્વામી કહ્યા છે, તેમાં સૂર્ય, મંગળ, ચંદ્ર અને બૃહસ્પતિ એ ચારે પરસ્પરમાં મિત્રો સમજવા, તથા [1]બુધ, શુક્ર, શનૈશ્ચર અને રાહુ એ ચારે પ્રથમના ચારના ( સૂર્ય, મંગળ, ચંદ્ર અને બૃહસ્પતિના ) વૈરી છે એમ સમજવું. ૧૩

---

એક ભાગ મળી નવ ભાગ થાય, તે ભાગને ચરણ અથવા પદ કહેવામાં આવે છે, તે નવ ચરણમાં સવાબે નક્ષત્રો થાય એમ જ્યોતિષનો મત છે, પણ શિલ્પશાસ્ત્રના મત પ્રમાણે તો એક રાશિ બે નક્ષત્રની ગણાય છે અને જ્યોતિષ પ્રમાણે સવાબે નક્ષત્રની એક રાશિ ગણાય છે.

૧ બુધ ચંદ્રમાનો વૈરી છે એમ આ ગ્રંથકર્ત્તાનું બતાવવું છે પણ શ્લોકના અર્થ પ્રમાણે કોણ કોનો શત્રુ છે ? તથા કોણ કોનો મિત્ર છે ? એ વાતનો સ્પષ્ટ ખુલાસો નથી એટલે વાંચનારને તુર્ત સમજણ પડવા હરકત પડશે, માટે સ્પષ્ટ સમજવા જ્યોતિષનો આધાર આપવો અવશ્યનો છે. કારણ કે, શિલ્પકામ કરનારને ગ્રહો મેળવતાં સંશય રહે નહિ.

**मुहूर्त्तचिंतामणीविवाहप्रकरणे.**

## शार्दूलविक्रीडित.

**मित्राणिद्युमणेःकुजेज्यशशिनःशुक्रार्कजौवैरिणौ**
**सौम्यश्चास्यसमौविधोर्बुधरवीमित्रेनचास्यद्विषत् ॥**
**शेषाश्चास्यसमाःकुजस्यसुहृदश्चंद्रेज्यसूर्याबुधः**
**शत्रुःशुक्रशनीसमौचशशभृत्सूनोःसिताहस्करौ ॥ २७ ॥**

---

**मित्रेचास्यरिपुःशशीगुरुशनिक्ष्माजाःसमागीष्पतेः**
**मित्राण्यर्ककुजेंदवोबुधसितौशत्रूसमःसूर्यजः ॥**
**मित्रेसौम्यशनीकवेःशशिरवीशत्रूकुजेज्यौसमौ**

"Aho Shrutgyanam"

देवर्क्षश्रुतिपुष्यतोऽश्विभमृगंमैत्रानिलंपौषणभं
हस्तादित्यमथोनुरंतकाविधेःपूर्वोत्तरारुद्रभम् ॥
रक्षोमूलविशाखिकाग्निपितृमंचित्राधनिष्ठाद्वयं
ज्येष्ठाश्लेषमपीहदैत्यमनुजैर्मृत्युस्तुदेवैःकलिः ॥ १४ ॥

**અર્થ**:—શ્રવણ, પુષ્ય, અશ્વિની, મૃગશિર, અનુરાધા, સ્વાતિ, રેવતી, હસ્ત અને પુનર્વસુ. એ નવ નક્ષત્રો **દેવ** ગણનાં છે. તથા ભરણી, રોહિણી, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને આર્દ્રા એ નવ નક્ષત્રો **મનુષ્ય** ગણનાં જાણવાં. તથા મૂળ, વિશાખા કૃત્તિકા, મઘા, ચિત્રા, ધનિષ્ઠા, શતભિષા, જ્યેષ્ઠા અને અશ્લેષા એ નવ નક્ષત્રો રાક્ષસ ગણનાં છે એમ સમજવું માટે—

ઘરનું નક્ષત્ર જો દૈત્ય અથવા રાક્ષસ ગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર મનુષ્ય ગણનું હોય, અથવા ઘરનું નક્ષત્ર મનુષ્ય ગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર **રાક્ષસ** ગણનું હોય તો તે ઘરધણીનું મૃત્યુ કરે (મનુષ્ય અને રાક્ષસ એ

---

मित्रेशुक्रबुधौशनैःशशिरविक्ष्माजाद्विषोऽन्यःसमः ॥ २८ ॥

**અર્થ**:—મંગળ, બૃહસ્પતિ અને ચંદ્ર એ ત્રણે સૂર્યના મિત્રો છે તથા શુક્ર અને શની એ બન્ને સૂર્યના શત્રુ છે; અને બુધ સૂર્યને સમ છે (શત્રુ નહિ અને મિત્ર પણ નહિ.) "બુધ અને સૂર્ય એ બન્ને ચંદ્રને મિત્ર છે" પણ ચંદ્રનો શત્રુ કોઇ નથી. વળી બાકીના જે મંગળ, ગુરૂ, શુક્ર અને શનૈશ્વર એ ચાર ચંદ્રને સમ છે તથા ચંદ્ર, બૃહસ્પતિ અને સૂર્ય એ ત્રણે મંગળના મિત્ર છે; પણ બુધ તો મંગળનો શત્રુ છે. શુક્ર અને શનૈશ્વર એ બે મંગળને સમ છે અને શુક્ર તથા સૂર્ય એ બે બુધના મિત્ર છે.

બુધનો શત્રુ ચંદ્ર છે" અને ગુરૂ, શનૈશ્વર અને મંગળ એ ત્રણ બુધને સમ છે, તથા સૂર્ય, મંગળ અને ચંદ્ર ત્રણે બૃહસ્પતિના મિત્ર છે, પણ બુધ અને શુક્ર એ બે બૃહસ્પતિના શત્રુ છે, તથા શનૈશ્વર તો બૃહસ્પતિને સમ છે. બુધ અને શનૈશ્વર એ બે શુક્રના મિત્ર છે, પણ સૂર્ય અને ચંદ્ર એ બે શુક્રના શત્રુ છે, તથા મંગળ અને બૃહસ્પતિ, એ બે શુક્રને સમ છે, તથા શુક્ર અને બુધ એ બે શનૈશ્વરના મિત્ર છે પણ ચંદ્ર, સૂર્ય અને મંગળ, એ ત્રણે શનૈશ્વરના શત્રુ છે અને બૃહસ્પતિ તો શનૈશ્વરને સમ છે એમ જાણવું. ૨૮

હવે વિચાર કરવાનું થશે કે,–ગ્રંથકર્ત્તાએ પ્રથમના શ્લોકમાં બુધને ચંદ્રનો મિત્ર બતાવ્યો છે. બીજા શ્લોકમાં બુધનો શત્રુ ચંદ્ર છે એ બન્ને બાબતો " " આવી નિશાનીવાળા ઇન્વેટર કામમાં બતાવવામાં આવેલ છે. તે વાત આપણા સમજવામાં સમ વિષમ આવવા જેવું છે; પણ ગ્રંથકારનો હેતુ એવો નથી. પણ એવોજ અર્થ નીકળશે કે, ચંદ્રનો શત્રુ બુધ છે, કેમકે બુધ ચંદ્રનો પુત્ર છે એટલે પિતા સામે પુત્ર વૈર રાખે પણ પુત્ર સામે પિતા વૈર રાખે નહિ.

"Aho Shrutgyanam"

એમાં પરસ્પર વિરોધ ભાવ છે માટે). તથા ઘરનું નક્ષત્ર દેવગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર રાક્ષસ ગણનું હોય અથવા ઘરનું નક્ષત્ર રાક્ષસ ગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર દેવગણનું હોય તો તે કલેશ કરે, માટે એવાં પરસ્પર વિરોધી નક્ષત્રોનો સર્વથા ત્યાગ કરવો. અને હવે શ્રેષ્ઠ નક્ષત્રો કહે છે.

ઘરનું નક્ષત્ર દેવગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર મનુષ્યગણનું હોય અથવા ઘરનું નક્ષત્ર મનુષ્યગણનું હોય અને ઘરધણીનું નક્ષત્ર દેવગણનું હોય; તેમજ ઘરનું અને ઘરધણીનું એ બન્નેનાં નક્ષત્રો દેવગણનાં હોય અથવા એ બન્નેનાં નક્ષત્રો મનુષ્યગણનાં હોય તો તે શ્રેષ્ઠ છે. ૧૪

**वैरंचोत्तरफाल्गुनीश्वियुगलेस्वातीभरण्योर्द्वयोः**
**रोहिण्युत्तरषाढयोःश्रुतिपुनर्वस्वोर्विरोधस्तथा ॥**
**चित्राहस्तभयोश्चपूष्यफणिनोज्येष्ठाविशाखाद्वये**
**प्रासादेभवनासनेचशयनेनक्षत्रवैरंत्यजेत् ॥ १५ ॥**

**અર્થઃ**—ઉત્તરાફાલ્ગુની અને અશ્વિની એ બન્ને નક્ષત્રોને પરસ્પરમાં વૈર છે, સ્વાતિ અને ભરણી એ બે નક્ષત્રોને વૈર છે, રોહિણી અને ઉત્તરાષાઢા એ બે નક્ષત્રોમાં વૈર છે, શ્રવણ અને પુર્નવસુ એ બે નક્ષત્રોને વૈર છે, ચિત્રા અને હસ્ત એ બે નક્ષત્રોમાં વૈર છે, પુષ્ય અને અશ્લેષા એ બે નક્ષત્રોમાં વૈર છે, જ્યેષ્ઠા અને વિશાખા એ બે નક્ષત્રોને વૈર છે. એ રીતે વેર છે માટે, પ્રાસાદ વિષે, ઘર વિષે, આસન વિષે અને શય્યા વિષે (ખાટલો અથવા પલંગ વગેરે સૂઇ રહેવાનાં સાધનો વિષે) ઉપર બતાવેલાં નક્ષત્ર—વૈર તજવાં કહ્યું છે. ૧૫

**विप्राकर्कटमीनतोलिरुदिता।सिंहाजचापानृपाः**
**विट्कन्यामकरोवृषोथवृषलायुग्मंचकुंभस्तुला ॥**
**वर्णोत्तमकामिनीचभवनंप्राज्ञेर्नुधोयत्नतः**
**श्रेष्ठाद्वादशनंदरागगुणतोविप्रक्रमाद्राशयः ॥ १६ ॥**

**અર્થઃ**—કર્ક, મીન અને વૃશ્ચિક એ ત્રણ રાશિનો બ્રાહ્મણવર્ણ જાણવો, સિંહ, મેષ, અને ધન એ ત્રણ રાશિનો ક્ષત્રિયવર્ણ જાણવો; કન્યા, મકર અને વૃષ એ ત્રણ રાશિનો વૈશ્યવર્ણ જાણવો, મિથુન, કુંભ અને તુળા એ ત્રણ રાશિનો શુદ્રવર્ણ જાણવો.

જેમ સ્વામીની રાશિના વર્ણથી સ્રીની રાશિનો વર્ણ ઉત્તમ હોય તો તેવી સ્રીને સ્વામીએ પરણવી નહિ, તેમજ ઘરધણીની રાશિના વર્ણથી ઘરની રાશિના ઉત્તમ વર્ણવાળું ઘર કરવું નહિ, પણ રાશિના બ્રાહ્મણવર્ણવાળાને મીન રાશિનું ઘર કરવું, તથા રાશિના ક્ષત્રિયવર્ણવાળાને ધન રાશિનું ઘર કરવું.

"Aho Shrutgyanam"

રાશિના વૈશ્યવર્ણવાળાએ કન્યા રાશિનું ઘર કરવું અને રાશિના શુદ્રવર્ણવાળાએ મિથુન રાશિનું ઘર કરવું. ૧૬

## वसन्ततिलका.

अश्वोऽश्विनीशतभयोर्यमपूषिहस्ती
छागोग्निपूष्यउरगोऽथविधातृसौम्ये ॥
मूलार्द्रयोःशुनकओतुरहावदित्ये
पूफामघासुमतउंदुरुरेवयोनिः ॥ १७ ॥

**અર્થ**:—અશ્વિની અને શતભિષા એ બન્ને નક્ષત્રોની અશ્વયોનિ છે એમ જાણવું. ભરણી અને રેવતી એ બે નક્ષત્રોની હસ્તી યોનિ છે. કૃત્તિકા અને પૂષ્ય એ બે નક્ષત્રોની [1]છાગયોનિ છે. રોહિણી અને મૃગશિર એ બે નક્ષત્રોની સર્પયોનિ છે. મૂળ અને આર્દ્રા એ બે નક્ષત્રોની શ્વાનયોનિ છે. અશ્લેષા અને પુનર્વસુ એ બે નક્ષત્રોની માંજારયોનિ છે. પુર્વાફાલ્ગુની અને મઘા એ બે નક્ષત્રોની ઉંદિરયોનિ છે એમ સમજવું. ૧૭

## शार्दूलविक्रीडित.

गौर्भद्रोत्तरफाल्गुनीतउदितास्वातौकरेमाहिषी
व्याघ्रस्त्वाष्ट्रविशाखयोश्चहरिणोज्येष्ठानुराधाभयोः
पूषाढाश्रवणेकपिर्निगदितोविश्वाभिजिन्नाकुलं
पूभायांवसुभेमृगेंद्रउदितोवैरंत्यजेल्लोकतः ॥१८॥

**અર્થ**:—ઉત્તરાભાદ્રપદા અને ઉત્તરાફાલ્ગુની એ બે નક્ષત્રોની ગાયની યોનિ છે, સ્વાતિ અને હસ્ત એ બે નક્ષત્રોની [2]મહિષીયોનિ છે, ચિત્રા અને વિશાખા એ બે નક્ષત્રોની વાઘની યોનિ છે, જયેષ્ઠા અને અનુરાધા એ બે નક્ષત્રોની હરણની યોનિ છે, પૂર્વાષાઢા અને શ્રવણ એ બે નક્ષત્રોની વાનરની યોનિ છે. ઉત્તરાષાઢા અને અભિજિત્ એ બે નક્ષત્રોની નકુળ(નોળિયાની)યોનિ છે, અને પૂર્વાભાદ્રપદ ને ધનિષ્ઠા એ બે નક્ષત્રોની સિંહની યોનિ છે એમ સમજવું. એ રીતે નક્ષત્રની યોનિથી ઉત્પન્ન થએલું વૈર, જો ઘરની જોડે ઘરના ધણીને લોકવેહેવારે લાગુ પડતું હોય તો તે તજવું. ૧૮

---

૧ છાગ અથવા છાગી નામ ઘેટીનું છે એમ શિલ્પમતે માનેલું છે, પણ અમરકોશના મત પ્રમાણે છાગ નામ બકરીનું છે એ વાતને ટેકો આપનાર ઘેટાં અને બકરાનું પાલણ કરનાર ભરવાડ તથા રબારી લોકો બકરીને છાગી કહે છે.

૨ મહિષી–ભેંશ.

"Aho Shrutgyanam"

## इंद्रवज्रा.

आयर्क्षताराव्ययमंशकंचह्येकत्रकृत्वाविभजेत्क्रमेण ॥
तिथ्याचवारेणतथैवलग्नैःशेषैस्तुनान्येवभवेयुरंकैः ॥ १९ ॥

**અર્થ**:—આયનો અંક, નક્ષત્રનો, તારાનો, વ્યયનો અને અંશકનો. એ સર્વ અંકોને એકઠા કરતાં જેટલો અંક થાય તે અંકને પંદર ભાગે ભાગતાં શેષ જે રહે તે **ઘરની તિથિ છે** એમ સમજવું, તથા તેજ અંકને (સર્વ અંકોને એકઠા કરવે એકંદરે જે અંક થયો હોય તેને) સાતે ભાગતાં શેષ જે રહે તે **વાર** જાણવો અને વળી તેજ અંકને બારે ભાગતાં શેષ જે રહે તે **લગ્ન** જાણવું. ૧૯

## उपजाति.

दैर्घ्यंपृथुत्वेनचताडनीयंतयोर्यदैक्यंपुनरुच्छ्रयेण ॥
शेषोऽधिनाथोवसुभाजितेस्मिन्समःप्रशस्तोविषमस्तुनैव ॥२०॥

**અર્થ**:—ઘરની લંબાઇ સાથે પહોળાઇને ગુણતાં જે અંક આવે, તે અંકને ઘરની ઉંચાઇના અંક સાથે મેળવી સરવાળો કરતાં, જેટલો અંક આવે તેટલા અંકને આઠે (૮) ભાગતાં, શેષ જે રહે તે ઘરનો અધિપતિ વર્ગ જાણવો. (તેવા આઠ વર્ગો છે.) તે વર્ગોમાંથી બીજો, (૨) ચોથો, (૪) છઠ્ઠો, (૬) આઠમો, (૮) વર્ગ, એ ચારમાંથી કોઇપણ વર્ગ આવે તો તે શ્રેષ્ઠ સમજાવો; પણ પહેલો, (૧) ત્રીજો, (૩) પાંચમો, (૫) અને સાતમો. (૭) એ ચારમાંથી કોઇ પણ વર્ગ આવે તો તે સારો નહિ, એમ જાણવું. ૨૦

## वसन्ततिलका.

वर्गाष्टकस्यपतयोगरुडोबिडालःसिंहस्तथैवशुनकोरगमूषकेणाः ॥
* मेषःक्रमेणगादिताःखलुपूर्वतोपियःपंचमःसरिपुरेवबुधैर्विवर्ज्यः॥

**અર્થ**:—ગરૂડ, ૧ બીલાડો, ૨ સિંહ, ૩ શ્વાન, ૪ સર્પ, ૫ મૂષક અથવા ઉંદિર, ૬ મૃગ, ૭ અને મેંઢો ૮, આઠ વર્ગો પૂર્વદિશાથી અનુક્રમે સૃષ્ટિમાર્ગે દિશાઓ અને વિદિશાઓ, (કોણો) મળી આઠના સ્વામી છે; માટે તે ઘરની

* मेढोऽककारचटताः पयशाश्च वर्गाः ॥ पाठान्तरम्.

"Aho Shrutgyanam"

આઠ દિશાઓના આઠ સ્વામી સમજવા અને હવે પાઠાંતરથી ઘરના ધણીના વર્ગો સમજવાના છે. તે એવી રીતે કેઃ—

"અ" "ઈ" "ઉ" "એ" એ ચાર અક્ષરોમાંથી ગમે તે અક્ષર ઘરધણીના નામના આદ્યમાં હોય તો તેનો "ગરૂડ" વર્ગ, "ક" "ખ" "ગ" "ઘ" "ઙ." એ પાંચ અક્ષરોમાંથી ગમે તે અક્ષર ઘરધણીના નામના આદ્યે હોય તો તેનો "બિડાલ" વર્ગ છે, "ચ" "છ" "જ" "ઝ" "ઞ" એ પાંચ અક્ષરોમાંથી ગમે તે અક્ષર ઘરધણીના નામના આદ્યે હોય તો તેનો "સિંહ" વર્ગ, "ટ" "ઠ" "ડ" "ઢ" "ણ" એ પાંચમાંથી ગમે તે અક્ષર નામના આદ્યે હોય તો તેનો "શ્વાન" વર્ગ છે, "ત" "થ" "દ" "ધ" "ન" એ પાંચમાંથી ગમે તે અક્ષર નામના આદ્યે હોય તો તેનો "સર્પ વર્ગ છે, " પ " "ફ" "બ" "ભ" "મ" એ પાંચમાંથી ગમે તે અક્ષર નામના આદ્યે હોય તો તેનો "મૂષક" વર્ગ છે, "ય" "ર" "લ" "વ" એ ચારમાંથી ગમે તે અક્ષર નામના આદ્યે હોય તો તેનો "મૃગ" વર્ગ છે અને "શ" "ષ" "સ" "હ" એ ચાર અક્ષરોમાંથી ગમે તે અક્ષર ઘરધણીના નામના આદ્યમાં હોય તો તેનો "મેંઢા"નો વર્ગ છે એમ સમજવું. પણ ઘરધણીના વર્ગથી ઘરનો પાંચમો વર્ગ આવે તો તે શત્રુ છે માટે તેને તજવો કહ્યો છે. ૨૧

## शार्दूलविक्रीडित.

अश्विन्यादिकमत्रयंफणिनिभंचक्रंत्रिनाडयुद्भवं
ह्येकस्थंवरकन्ययोश्चयदिभंतन्मत्युदंचांशतः ॥
नाडीसेवकमितगेहपुरतश्चैकाशुभासव्यधाः
आयादित्रिकपंचसप्तनवभिस्त्वंगैर्गृहंसौख्यदम् ॥ २२ ॥

**અર્થઃ**—સર્પના આકારે ત્રણ નાડીનું ચક્ર કરી તેમાં અશ્વિન્યાદિ સતાવીશ (૨૭) નક્ષત્રો વેધ કરવાં, (સર્પના નવ ભાગો કરી તે દરેક ભાગમાં ત્રણ નક્ષત્રો વિંધવાં) એ નક્ષત્રો એવી રીતે વેધવાં કે,–સર્પાકૃતિ ચક્રમાં એક નાડીમાં વર અને કન્યાનાં નક્ષત્રો આવે તો તે મૃત્યુ કરે માટે તે સારાં નહિ, તેથી તે નક્ષત્રોના અંશ તજવા ( અંશ એટલે ભાગો–અથવા ચરણો ) પણ, સ્વામી અને સેવકને, મિત્ર મિત્રને, ઘરને અને ઘરના સ્વામીને તેમજ નગરને અને રાજાને એટલાઓના નક્ષત્રોનો એક નાડીમાં વેધ થાય તો સારો છે. વળી પ્રથમના ભાગમાં ઘરો વિષે આયાદિ નવ પ્રકાર જોવાના કહ્યા છે

"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय ३.



जुवो नाडी चक्र.

"Aho Shrutgyanam"

પણ તેમાં વિશેષે કરી ત્રણ પ્રકાર જોવા અથવા પાંચ, સાત, કે નવ પ્રકાર જોઈ ઘર કરે તો ઘર કરનાર સુખી થાય એમ સમજવું. ૨૨

## द्रुतविलंबित.

बहुगुणंलघुदोषसमन्वितंभवनदेवगृहादिकमिष्यते ॥
जललवेनशिखीबहुतापवान्नशममेतिगुणैरधिकोयतः ॥२३॥

इतिश्री वास्तुशास्त्रेराजवल्लभेमंडनकृतेआयादिलक्षणंनामतृतीयोऽध्यायः ॥ ३ ॥

**અર્થ**—જેમાં ઘણા ગુણો અને થોડા દોષો રહેલા હોય છે એવું જે ઘર અને દેવમંદિરાદિ કરવામાં કાંઈ હરકત નથી. જેમકે, ઘણા તાપવાળો અગ્નિ પાણીના ઝીણા બિંદુવડે બુઝાય નહિ તેજ રીતે જે વસ્તુમાં ઘણા ગુણો રહેલા હોય તે પદાર્થને થોડા દોષવડે કાંઈ હાનિ થાય નહિ. ૨૩



"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय ४ थो.

### शार्दूलविक्रीडित.

वापीकूपतडागदेवभवनान्यारामयागादिकं
तीर्थानामवगाहनंचविधिवत्कन्याप्रदानादिकं ॥
सर्वंपुण्यमिदंनृपःसलभतेयःकारयेत्पर्वते
दुर्गंसर्वजनायशर्मजननंविश्रामपेकंपरं ॥ १ ॥

**અર્થઃ**—સર્વ લોકોને સુખકારી અને શત્રુના ભયથી બચાવનાર એવો કિલ્લો જે રાજાઓ પર્વત ઉપર રચાવે છે તે રાજાઓને કૂવા, તળાવ, વાવડિયો; દેવમંદિરો બાગો અને યજ્ઞાદિનાં પુણ્યોનું ફળ પ્રાપ્ત થાય છે. એટલુંજ નહિ પણ તીર્થસ્નાન અને વિધિ સહિત કન્યાદાનાદિનાં સર્વ પ્રકારનાં પુણ્યો એવા કિલ્લાઓ રચાવનાર રાજાઓને મળે છે. ૧

सिंहोवैरिपराभवंप्रकुरुतेतिष्ठन्गिरेर्गव्हरे
दुर्गस्थोनृपतिःप्रभूतकटकंशत्रुंजयेत्संगरे ॥
कैलासेनगरंशिवेनरचितंगौर्यादिसंरक्षणं
दुर्गंपश्चिमसागरेचहरिणान्येषांकिमत्रोच्यते ॥ २ ॥

**અર્થ**—પર્વતની ગુફામાં રહેનાર સિંહ જેમ પોતાના શત્રુનો નાશ કરે છે તેજ રીતે કિલ્લામાં રહેનાર રાજા સામે તેનો શત્રુ મોટી સેનાવાળો છતાં દુર્ગપતિ રાજા શત્રુનો નાશ કરી શકે છે; એમ જાણી પાર્વતીના રક્ષણ માટે મહાદેવે કૈલાસ પર્વત ઉપર નગર રચ્યું, અને તેજ રીતે પશ્ચિમ સમુદ્ર વિષે શ્રીકૃષ્ણે દ્વારકા નગરી રચેલી છે, તો બીજાઓ માટે તો શું કહિએ ? માટે રાજાઓએ તો અવશ્ય એવો કિલ્લો રચવો જોઇએ. ૨

भूदुर्गंजलदुर्गमद्रिविषयेदुर्गंभवेद्गव्हरे
तेषामुत्तममद्रिमुर्ध्निरचितंतद्वैरिणांदुर्गमं ॥

"Aho Shrutgyanam"

**अन्नाद्यैर्घृततोयतैललवणैःकाष्टैस्तृणाद्यैस्तथा**
**यंत्रोपस्करबाणशस्त्रसुभटैःसंपूरयेद्भूपतिः ॥ ३ ॥**

**અર્થઃ**—એવા કિલ્લાઓ ચાર પ્રકારના છે. તેમાં પ્રથમ ભૂમિ[1] દુર્ગ, બીજો જળ[2] દુર્ગ, ત્રીજો ગિરિ[3] દુર્ગ અને ચોથો ગહ્વર[4] દુર્ગ છે. એ ચાર કિલ્લાઓમાં ત્રીજો જે કે પર્વતના મસ્તક ઉપર હોય તે સર્વ કિલ્લાઓથી શ્રેષ્ઠ છે. કેમકે, તેવા દુર્ગમાં શત્રુ સહેલાઇથી પ્રવેશ કરી શકે નહિ.

ઉપર બતાવેલા કિલ્લાઓમાં અન્ન, ઘી, પાણી, તેલ, લવણ ( મીઠું ) બળતણ, ઘાસ અને સંગ્રામની સામગ્રીના †યંત્રો, *ઉપસ્કર +બાણ, શસ્ત્રો અને યુદ્ધ પ્રસંગે ઉત્તમ પ્રકારે શત્રુ સામે લડીજાણનાર એવા યોદ્ધાઓ ઈત્યાદિ પૂર્ણ રીતે રાજાએ કિલ્લામાં રાખવાની તજવીજ રાખવી જોઇયે. ૩

---

૧ ભૂમિદુર્ગ એટલે જમીન ઉપર કિલ્લો હોય તે.
૨ જળદુર્ગ એટલે જેની ચારે તરફ પાણી હોય તે. જેમ, દ્વારકાં, લંકા વગેરે.
૩ ગિરિદુર્ગ એટલે પર્વતના મસ્તક ઉપર હોય તે. જેમ, ભૂજ, ચીતોડ, કુંભલમેર. અજમેર, જયપુરનો નારગઢ અને જોધપુર વગેરેના કિલ્લા છે તે,
૪ ગવ્હર એટલે પર્વતો વચ્ચે હોય તે. જેમ, ઇડર વગેરે ઠેકાણે છે તે.

† યંત્ર એટલે તોપો અને એવાજ બીજા અનેક પ્રકારના જે કે, બળ વિના કળવડે કાર્ય થાય તે. * ઉપસ્કર એટલે યંત્રોમાં ભરવાની સામગ્રીમાં દારુ, ગોળા અને બીજાં જોઇતાં અનેક સાધનો હોય તે. + બાણ એટલે તીરનું નામ છે પણ બીજા પ્રકારનું બાણ હોય છે તેને અગ્ન્યાસ્ત્ર કહે છે. તે બાણોનો ઉપયોગ હાલના વખતમાં થતો નથી પણ ગયા થોડા વર્ષો ઉપર ગોસાંઇ લોકો બાણ ચલાવી જાણતા હતા, તે બાણો લોહનાં થાય છે. તેની લંબાઇ એક ગજ સુધી હોય છે. તેમાં એકથી તે સાત આઠ સુધી કોઠી રાખવામાં આવે છે, અને તેમાં દારુ ભરી ભાડભુંજા લોકો પુંવા ખાંડવાની ઢિંકુળી રાખે છે, તેવી ઢિંકુળીવડે ખાંડવામાં આવે છે. તે બાણ શત્રુની સેના સામે મુકતાં પ્યાદાને, ઘોડેસ્વારને, ઉંટના સ્વારને અને હાથીના સ્વારને મારવા હોય તો જમીનથી ચાર આંગળ, એક વેંત અર્ધ હાથ, અને ગજ સુધી અનુક્રમે ઉંચુ રાખી, તે બાણને એક તરફ લાકડી બાંધી હોય છે. તથા એ તરવારો બાંધવામાં આવે છે. પછી બાણને ચલાવવામાં આવે છે તે વખત મજબુત મનુષ્યો હોવાં જોઇએ અગર ગેરવાકફ હોય તો તે બાણ ઉલટી રીતે ગતિ કરી જે તરફથી મુકવામાં આવ્યું હોય તેજ તરફની ફોજમાં જઇ પડે; તો સેનાનો સંહાર કરી નાખે. તેજ રીતે શત્રુની સેનામાં કામ કરે છે, પણ તે બાણ ચક્રાકારે ફરતાં જ્યારે એક કોઠીમાંથી દારુ છૂટી રહે છે ત્યારે તે નીચે પડી જાય છે. એટલે લોકો તેને ઉપાડી લેવા જાય છે. એટલામાં બીજી કોઠીમાં અગ્નિનો પ્રવેશ થવે તુરત પાછું તેજ રીતે કામ શરુ કરે છે. એટલે તમામ લોકો તેનો ચમત્કારી અવાજ સાંભ-

"Aho Shrutgyanam"

**माहेंद्रंचतुरस्रमायातपुरंतत्सर्वतोभद्रकं ।**
**वृत्तंसिंहविलोकनंनिगदितंवृत्तायतंवारुणं ॥**
**नंदाख्यंचविमुक्तकोणमथनंदावर्त्तकंस्वस्तिका ।**
**कारंस्याद्यववज्रयंतमपितद्दिव्यंगिरेर्मस्तके ॥ ४ ॥**

**અર્થઃ**—ચતુરસ્ત્ર અથવા ચોખંડું નગર હોય તો તેનું નામ "માહેંદ્ર"૧ નગર કહેવાય, જે નગર લાંબા સાથે ચોખંડું નગર હોય તેનું નામ "સર્વતોભદ્ર"૨,

---

ળી નાસવા લાગે છે અને તેજ બાણો શત્રુની સેના પાસે જમીનમાં મુકી, તેના ઉપર થોડા વજનદાર પથરાઓ ખડકી, અગ્નિ લગાવવાથી ખડકેલા પથરાઓ ઉંચા ઉડી ફોજમાં પડે છે તેમજ એ બાણ દારુખાનામાં જઇ પડે તો તેથી સળગી ઉઠવે ફોજને નાસવું પડે છે. એ રીતે બાણોનો પ્રયોગ થતો હતો.

હવે યંત્રો માટે ઉપસ્કરો, દારુ, ગોળા, વગેરે બતાવવામાં આવ્યું છે, પણ યુદ્ધના પ્રાસંગિક અને રાજરીતને અનુસરતી જેટલી બાબતો એવા પ્રસંગે કામમાં આવે છે, તે સર્વ બાબતોનો ઉપસ્કરમાં સમાસ થાય છે. એવા ઉપસ્કરોમાંથી દારુ બનાવવાની રીતિ બતાવતાં વાસ્તુમંડનમાં લખે છે કે, કિલ્લાઓમાં રાખવાના ઉપસ્કરો માટે મહાભારતમાં બતાવેલું છે તે મહાભારતમાં જોતાં પુષ્કળ બાબતો છે, તે હિંદુસ્તાનના રાજાઓ કોઇકજ જાણતા હશે; પણ હાલના પ્રસંગે ચક્રવર્ત્તિપણાનું માન ધરાવનાર ઇંગ્રેજ સરકારની રીતભાત જોઇ આપણે આશ્ચર્ય પામીએ છીએ પણ આર્ય ભૂમિમાં ઉત્પન્ન થએલા વિદ્વાનોએ હરેક બાબતના રચેલા ગ્રંથોની રીતભાતો જેના જાણવામાં આવતી નથી તેને માટેજ આશ્ચર્ય છે.

મહાભારતમાં રાજધર્મ શાંતિપર્વના ( ૬૯ ) અગનોતેરમા અધ્યાયમાં ભીષ્મપિતા પ્રત્યે યુધિષ્ઠિર પૂછે છે કે, રાજાઓનાં કર્ત્તવ્ય શું છે ? દેશનું રક્ષણ શી રીતે કરવું ? શત્રુ શી રીતે જીતવા ? અન્ય દેશોમાં ચરો શી રીતે મોકલવા ? ચાર વર્ણોમાં રાજાએ પોતાનો વિશ્વાસ શી રીતે બેસાડવો ? અને ચાકરો, સ્ત્રી અને પુત્રાદિને શી રીતે રાખવાં ? તે કહો.

ભીષ્મ—રાજાએ પ્રથમ તો પોતાનો આત્મા જીત્યા પછી શત્રુઓને જીતવા. કેમકે, અજીતાત્મા રાજા શત્રુને શી રીતે જીતી શકે ? આત્મા જીતવાનું કામ એટલુંજ છે કે, જેણે પંચેંદ્રિય જીતી તે શત્રુ જીતી શકશે.

હવે દુર્ગ માટે કહું છું કે, રાજાએ કિલ્લામાં યોદ્ધાઓની ચોકિયો રાખવી. રાજભૂમિની સંધી ઉપર યોદ્ધાઓ રાખવા. નગર અને બાગમાં યોદ્ધાઓ રાખવા, રાજવાડામાં નગરકોટપાળની જગોએ, એ વગેરે ઠેકાણે ચોકીનો બંદોબસ્ત રાખવો, અને ચરો ( છુપી પોલીસ ) એવા રાખવા કે તેને બીજા લોકો જાણે કે, તે બેહેરાં છે, તેમજ જાણે બોબડા (મુંગા) છે, તેવા ચરો પોતાનો વેશ ભજવશે કે નહિ ? એ વાતનો નિશ્ચય થવા માટે તેની પરીક્ષા લેવાની રીત એવી છે કે, એવા ચરોને રાજાએ પોતાના દિવાન તથા બીજા કાર્યભારિયો અને પોતાના પુત્ર પૌત્રાદિક તરફ મોકલવા. કેમકે, તેમના વિચારો રાજા માટે કેવા છે ? તેમજ શેહેરમાં નગરચર્યા જોવા માટે મોકલવા અને પોતાના

"Aho Shrutgyanam"

જે નગર ગોળ હોય તેનું નામ "સિંહ" ૩, જે નગર વિલોકન અથવા લંબગોળ હોય તેનું નામ "વારુણ." ૪, જે નગર ખાલી ખુણાનું હોય તેનું નામ "નંદ" ૫,

તાબાના બીજા ખંડિયા રાજાઓ તરફ મોકલવા; એટલે ત્યાંની જે હકીકત હોય તે ગુપ્ત રીતે તપાસી દરરોજ રાજાને નિવેદન કરે, પણ તે ચર છે એમ બીજા કોઇના જાણવામાં આવવા દે નહિ. વળી રાજા પ્રતિવાદિ અથવા ઉપર બતાવેલે ઠેકાણેથી જે ચરો આવ્યા હોય તેને ઓળખી લેવા તથા તેવા ચરોએ સભામાં, ભિક્ષુકોના સ્થાનમાં, બજારમાં, ક્રીડા થવાના સ્થાનમાં (અનેક પ્રકારની રમત ગમત થતી હોય ત્યાં), મલ્લકુસ્તિ થતી હોય તે સ્થાનમાં, વણિક લોકોના હાટોમાં, બાગમાં, પંડિતોના સમાગમ સ્થાનમાં, જે જે ઠેકાણે ખનિજ પદાર્થોની ખાણો હોય ત્યાં, ચઉટાના અધિકારી અથવા ચત્વર અધિકારી બેસતા હોય ત્યાં અને શ્રીમંતોના ઘરમાં એટલે ઠેકાણે ચરોએ તપાસ રાખવો.

રાજાએ જાણવું જોઇએ કે, પોતાનું બળ કમી હોય અને સામાવાળો બળવાન હોય તો તેના સામે સંધી કરવી અથવા બળવાન શત્રુ લોભી હોય તો તેને ધન આપી સ્વાધીન કરવો, તેમજ વિદ્વાનને ધન આપી તેની સાથે સંધી રાખવો તથા રાજાનું બળવાનપણું હોય તેવા વખતમાં દુષ્ટ ઉપર દયા લાવી તેને જતો કર્યો હોય એવા શત્રુને, રાજાને નિર્બળપણું પ્રાપ્ત થયું હોય તેવા વખતમાં તેને મારી નાખવો અગર તેવી શક્તિ નહિ હોય તો પછી તેના સામે ઉપેક્ષા કરવી. ચરોની મારફતે ખબર મગાવતાં સામાવાળા શત્રુને જીતી શકીશું એમ જણાય તો શત્રુને ખબર ન પડે તેવો વખત સાધીને તુરત ફોજ લઇ તેના ઉપર ચઢી જવું, પણ તે પહેલાં પોતાનું અને સામાવાળાનું સર્વ પ્રકારનું બળ જોઇ તથા પોતાના નગરનું રક્ષણ થવામાટેનો પુરતો બંદોબસ્ત કરી પછી જવું. કદાચ સામાવાળો બળવાન હોય તો પોતાના દેશની કઇ વસ્તુઓ સામાવાળાના દેશમાં નહિ જવા દેવાથી તે નિર્બળ થશે ? તેનો તપાસ કરી અટકાવવી એટલુંજ નહિ પણ તેના રાજ્યમાં અનેક પ્રકારના ઉપદ્રવો થવા અગ્નિ વગેરે સાધનો કામે લગાડવાં તેમજ તેના કામદારોને પોતાના મિત્રો કરવા.

રાજાએ પોતાના દેશમાં સુવર્ણની અને લવણ અથવા મીઠાની ખાણો ઉપર ચોકી પેરાનો પકો બંદોબસ્ત રાખવો, તેમજ ઉત્પન્નના ખાતામાં અને ન્યાય કામમાં પોતાના વિશ્વાસુ અધિકારીઓ રાખવા, અગર સામાવાળા બળવાન રાજાએ પીડા કરી હોય તો પોતાનું રાજ્ય મુકી એકાદ મજબૂત દુર્ગ હોય તેમાં જઇ પોતાના મિત્ર અને કુટુંબ સહવર્ત્તમાન રહ્યા પછી સામ, દાન, દંડ અને ભેદાદિના વિચાર કરવા, અને તેવા વખતમાં પોતાના ગામડાંઓના લોકોને બળિષ્ટ રાજા પીડા કરતો હોય તો તેવાં ગામડાંઓને ઉજડ કરી નગરની નજીકમાં લોકોને રાખવા, પણ ધનવાન ગૃહસ્થો હોય તેમને દુર્ગમાં રાખી વારંવાર ધૈર્ય આપવું; તથા મુલકમાં નીપજતું અનાજ તમામ કિલ્લામાં પોતાના કબજે રાખવું; અગર જે ઠેકાણેથી નહિ આવી શકે તેમ હોય તો તે ઠેકાણે અગ્નિ લગાવી અન્ન વગેરે બાળી નાખવું; પણ શત્રુના હાથમાં આવવા દેવું નહિ. અગર ખેતરોમાં ઉભેલાં ધાન્ય હોય ત્યાં રાજાથી જવાઇ શકાય તેમ ન હોય તો શત્રુના મનુષ્યો સાથે ભેદ કરી તેમના હાથે બાળી નખાવવું. એટલે જેમ પોતાના હાથમાં આવે નહિ તેમજ પરના હાથમાં આવે નહિ, તથા તેવા વખતમાં ન-

"Aho Shrutgyanam"

**જે નગર સાથિયાના આકારે હોય તેનું નામ "નંદ્યાવર્ત્તક" ૬, જે નગર યવ અથવા જવના આકારે હોય તેનું નામ "જયંત" ૭, અને પર્વતના મસ્તક ઉપર જે નગર હોય તેનું નામ "દિવ્ય" ૮, નામા નગર છે. ૪**

દીમાં ઉતરવાના જે પુલો હોય તે તોડાવી નખાવવા, તળાવોનાં પાણી ફાડી કહાડી નાખવાં, કૂવા અને વાવડિયોના પાણીમાં વિષ પદાર્થ નાખી દેવાં, આવેલા શત્રુ રાજાનો જે શત્રુ રાજા હોય તે રાજા સાથે તેવા વખતમાં સ્નેહ કરી રહેવું અને તેની મદદ મેળવવી, પોતાને માલુમ પડતા શત્રુનો તેવા વખતમાં નાશ કરવો, ક્ષુદ્રાદિ નાના દુર્ગો હોય (વૃક્ષ વગેરેની ઝાડીવાળો દુર્ગ ) તેવા દુર્ગો શત્રુના હાથમાં જવે તેને આશ્રય મળવા જેવું હોય તો તેમ નહિ થવા દેવા માટે તેવા દુર્ગોને છેદન કરવા; પણ મોટા દુર્ગો તેમજ દેવવૃક્ષોને છેદવાં નહિ.

રાજા જે કિલ્લામાં રહેતો હોય તે કિલ્લાની ચારે દિશાએ "પ્રગંડી" કરવી (નગર અથવા કિલ્લાથી થોડે દૂર મેદાનમાં નાના આકારના બુરજો કરવા. કારણ કે તે બુરજો ઉપર બેસી શત્રુના મનુષ્યો આવતા હોય અથવા એવી બીજી બાબતોનો તપાસ રાખી વારંવાર પ્રગંડો ખબર આપે) અને કિલ્લાની આસપાસની ખાઇઓ ઉપર ઢાંકેલાં પાટિયાં ખેંચી લેવાં. વળી સંધી વિગ્રહનું કામ અને સ્થાન ભેદાદિ જાણનાર તથા શત્રુ મિત્ર અને ઉદાસીન વગેરે જાણે તેવા પ્રગંડો પોતાની પાસે તેમજ બુરજોમાં રાખવા. કોટમાં ક્ષુદ્રછિદ્રો (કોશિકાં) રાખવાં, પૂરો-ચ્છ્વાસ અથવા સંકટબારીઓ રાખવી; પણ તેનો યોગ્ય બંદોબસ્ત રાખવો ( રાજાને સંકટ પડવે તે બારીમાંથી નીકળી શત્રુના હાથમાંથી છટકી જવાની સંકટબારી), મોટા દરવાજાઓ હોય ત્યાં યંત્રો સ્થાપના કરવા, પાણી ન હોય તો કૂવા ખોદાવવા, લાકડાં ભેગાં કરી રાખવાં, ઘાસનાં ઘરો હોય તો તેને ગારાવડે લીંપી લેવાં, અને એવા વખતમાં ચૈત્ર, વૈશાખ માસ હોય તો લવાર, સોની અને સૂતિકાગૃહ હોય એવા ઠેકાણા વિના બીજા કોઇ લોકો કિલ્લામાં દિવસના વખતે; રાંધવાના કામમાં પણ કોઇ અગ્નિ સળગાવે નહિ એવો બંદોબસ્ત રાખવો. અગર કોઇ દેવતા રાખે તો સારી રીતે અથવા ચોકસ ભારી રાખે. એટલુંજ નહિ પણ એવા વખતે ભિક્ષુકને, ગાડાવાળાને, હીજડાને, નિશો કરી મસ્ત થનારને, અને વ્યાજવટંતરના ધંધા કરનાર એ વગેરેને કિલ્લામાં નહિ રહેવા દેતાં તેવાઓને કહાડી મુકવા.

રાજાએ દિવાનથી માંડીને જંગલખાતાના કામદાર સુધી અઢાર હોદ્દા રાખવા જોઇએ; અને તેવાઓનો તપાસ રાખનાર તેમના ઉપરી બીજા અઢાર કામદારો ગુપ્ત રાખવા, નગરમાં માર્ગો પહોળા રાખવા, અશ્વશાળા, ગજશાળા, યોધશાળા, શસ્ત્રાગાર, ( શસ્ત્ર રાખવાનાં ઘર ) યંત્રાગાર ( તોપો રહેવાનું તોપખાનું ) રાખવાં. બીજાના જાણવામાં આવે નહિ એવી રીતના ગુપ્ત માર્ગો કિલ્લામાં રાખવા, કિલ્લામાં ધનનો સંગ્રહ રાખવો. તેલ, ચરબી, મધ, ઘી, સર્વપ્રકારનાં આૈષધો, કોયલા, ડાભડાનો જથો, ખાખરાના પાંદડાનો જથો. બરુ, લખનાર લેખકો અથવા વર્ણિ, ઘાસ. લાકડાં, ઝેરીઆણો, સર્વપ્રકારનાં હથિયારો, બખતરો, ફળો, મૂળો, ચાર પ્રકારના વૈદ્યો, " વિષવૈદ્ય, રોગવૈદ્ય, શલ્યવૈદ્ય અથવા શસ્ત્રવૈદ્ય અને મંત્રાભિચાર વૈદ્ય અર્થાત્ પ્રયોગ જાણનાર વૈદ્ય," નટ, માયાવી

"Aho Shrutgyanam"

पुष्पंचाष्टदलोपमंचपुरुषाकारंपुरंपौरुषं ।
स्नाहंकुक्षिषुभूधरस्यकथितंदंडाभिधंदैर्घ्यकं ॥
शक्रंप्राक्सरितःपरत्रकमलंयाम्येनदीधार्मिकं ॥
द्वाभ्यांचैवमहाजयंचधनदाशायांनदीसौम्यकं ॥ ५ ॥

**અર્થ**—જે અષ્ટદળ નગર હોય ( આઠ પાંખડીવાળા કમળ જેવી આકૃતિ જેવું હોય તે ) તે નગરનું નામ "**પુષ્પપુર**" ૯, કહેવાય, જે નગર પુરુષના

---

( બહુરુપી ), મલ્લ, નૃત્ય કરનાર નટવા, ઇત્યાદિ કિલ્લામાં રાખવા; પણ જેને માટે જેવી શંકા આવે તેને તેવી રીતે સત્કાર અથવા શાસન કરતાં રહેવું. રાજાએ સાત બાબતનું અથવા વસ્તુનું અવશ્ય રક્ષણ કરવું. તે એ છે કે, ( સંકટે અને હમેશ ) પોતાના આત્માનું, દિવાનનું, ત્રિજોરીનું, દંડનીતિનું, મિત્રનું, દેશનું અને પોતાના નગરનું રક્ષણ કરવું. એ રીતે રાજાએ વર્ત્તવું, એટલુંજ નહિ પણ જે ષડ્ગુણ જાણનાર હોય તે પૃથ્વીનો ભોક્તા રાજા કહેવાય. તે ગુણો એવા છે કે,—

૧ સંધાનાસન, ( શત્રુ સાથે સ્નેહ રાખી જેને રહેતાં આવડે તે ).
૨ યાત્રાસંધાન, ( શત્રુ સામે સેના લઈ જઈ શત્રુને મારવો અથવા તાબે કરી જાણે તે ).
૩ વિગ્રહિઆસન, ( શત્રુ સામે હર હમેશા વૈર રાખી રહેતાં આવડે તે ),
૪ દ્વૈધીભાવાસન, ( શત્રુ સામે લશ્કરનો મોટો આડંબર દેખાડી સ્વસ્થાનમાં રહે તે ).
૫ સંધીકરાસન, ( શત્રુ સામે સ્નેહજ રાખવો તે ).
૬ અન્યાશ્રયાસન, ( બીજાના આશ્રય નીચે રહેવું તે ).

**અધ્યાય ૮૬ મો.**

ભીષ્મપ્રત્યે યુધિષ્ઠિર પૂછે કે, રાજાએ પોતાના વસાવેલા નગરમાં રહેવું કે બીજાના વસાવેલામાં રહેવું ? એવું સાંભળી ભીષ્મ બોલ્યા કે, રાજાએ ષડ્વિધ દુર્ગનો આશ્રય કરી રહેવું. તે ૭ પ્રકારના કિલ્લા એવા હોવા જોઈએ કે,—

૧ પ્રથમ ધન્વદુર્ગ એટલે નિર્જળ દેશ. જે ઠેકાણે પાણી થોડું મળે ત્યાં ( શત્રુ હેરાન થાય માટે ).
૨ બીજો જમીન ઉપર કિલ્લો હોય એવા દુર્ગમાં રાજાએ રહેવું.
૩ ત્રીજો ગિરિદુર્ગ એટલે પર્વતના મસ્તક ઉપર કિલ્લો હોય તેમાં રહેવું.
૪ ચોથો મનુષ્યદુર્ગ એટલે જ્યાં મનુષ્યોનો મોટો જથો હોય અને તે મદદગાર થાય તેવામાં.
૫ પાંચમો મૃદ્દુર્ગ એટલે ધૂળનો કોટ હોય તેમાં રહેવું ( ભરતપુરમાં છે તેવો. )
૬ છઠ્ઠો વનદુર્ગ એટલે ઘાડ વૃક્ષોવાળું જંગલ હોય તેમાં રહેવું જોઈએ.

"Aho Shrutgyanam"

આકારે હોય તેનું નામ "**પૌરૂષ**" ૧૦, પર્વતની કુખમાં હોય તેનું નામ "**સ્નાહ**" ૧૧, જે નગર લાંબું હોય ( પાઘડીપને ) તેનું નામ "**દંડનગર**" ૧૨, જે નગર નદીથી પૂર્વ દિશામાં હોય તેનું નામ "**શક્રપુર**" ૧૩, જે નગર નદી થકી પશ્ચિમ દિશામાં હોય તેનું નામ "**કમળપુર**" ૧૪, જે નગર નદીથકી દક્ષિણ દિશામાં હોય તેનું નામ "**ધાર્મિકપુર**" ૧૫, જે નગરની બન્ને બાજુએ નદી હોય તેનું નામ "**મહાજય**" ૧૬, અને જે નગર નદીથી ઉત્તર દિશામાં હોય તે નગરનું નામ "**સૌમ્ય**" ૧૭, નગર કહેવાય. ૫.

ઉપર બતાવ્યા પ્રમાણેના દુર્ગવાળા નગરમાં રાજાએ રહેવું. તે દુર્ગમાં ધાન્ય, શસ્ત્ર, મજબુત કિલ્લો, હાથી, ઘોડા, રથો, વિદ્વાનો અને શિલ્પિ હોય તેમજ જેમાં ઘણાં પદાર્થોનો સંગ્રહ હોય, ધાર્મિક હોય ( મનુષ્યો ધાર્મિક હોય તેવું ), હાથી, ઘોડા તેજસ્વી હોય, રસ્તાઓ સારા હોય તેમજ વેહેવાર સારા હોય, જેમાં મોટાં ઘરો હોય, શ્રીમાન્ પુરુષો રહેતા હોય, વેદવિદ્યા, સભાઉચ્છવ અને દેવપૂજન સદા થતું હોય, દિવાન અને સેના વશ્ય હોય, એવા નગરોમાંથી જે દોષો હોય તે કહાડી નાખવા; અને કોષો ( ખજાના ), ફોજ, મિત્ર, વ્યવહાર એ વગેરે વધારવા. શસ્ત્રઘરો, યંત્રઘરો, અને મંત્રઘરો વધારવાં. તે કિલ્લામાં જે સામાન રાખવા તે એ છે કે.—

લાકડાં, લોઢું, ફોતરાં, કોયલા, દારુ, શિંગડાં, હાડકાં, વાંસડા, વસા મજ્જા ( હાડકાં ઉપરની ચરબી અને હાડકા માંહીની ચરબી એ બે વસ્તુઓ તથા હાડકાં વગેરે યુદ્ધ પ્રસંગે મનુષ્યોને પાટા બાંધવા અને હાડકાં જોડવાના કામમાં વપરાય છે ), તેલ, ઘી, મધ, ઔષધો પણ, રાળ, ધાન્ય, આયુધો, બાણો, ચામડાં, તાંતો, ( પીંજારાને રુ પીંજવાની હોય છે તેવી ) નેત્ર અથવા નેતર, મુંજ, બળવજ, ( પાનો નદીકિનારે લાંબા પાંદડાવાળી થાય છે અને તેમાં બાજરીનાં કરશણ જેવું કશાણું થાય છે તેને કેટલાક રામબાણ કહે છે તે રામબાણના રેશાઓ કહાડી જેનું અંગ સાધારણ હથિયારવડે કપાણું હોય તે ભાગમાં રેશા ભરવાથી તુરત આરામ થાય છે ), સારા શબ્દવાન વાદિત્રો, જળસ્થાનો, કુવા, વાવડિઓ, ( જેમાં ઘણાં પાણી હોય તેવી ) અને દુધવાળાં વૃક્ષો, ઇત્યાદિનું રાજાએ હમેશાં રક્ષણ કરવું. તથા આચાર્ય અને આચાર્યને મદદ કરનાર ઋત્વિજ, પુરોહિત, ધનુષધારી, શિલ્પિ, જ્યોતિષી, વૈદ્ય, વિદ્વાન, બુદ્ધિમાન, જિતેંદ્રિય, દક્ષ, ડાહ્યા, શૂર, બહુશ્રુત, કુળવાન, ધૈર્યવાન અને સર્વ કાર્યમાં સાવધાન હોય એવા પુરુષોનો રાજાએ મોટા યત્નવડે સત્કાર કરવો. તેમજ ધર્મકાર્યો કરનારને રાજાએ પૂજવા અને અધર્મિઓને શિક્ષા કરવી. સર્વ વર્ણોને પોતપોતાનાં કામો સોંપી દેવાં, તથા નગર અને દેશની બાહ્ય વાર્તા અને અભ્યંતર વાર્ત્તાઓ પોતાના ચરો અથવા બાતમીદારો દ્વારાથી જાણી લેવી; અને પછી તેના યોગ્ય ઉપાયો રચવા. એટલુંજ નહિ પણ, ચરોની, મંત્રીના વિચારોની, તિજોરીની અને દંડનીતિની, એટલાઓની સંભાળ નિત્યપ્રત્યે રાજાએ પોતેજ લેવી, કારણ કે તેમાં સર્વ ગુણો રહ્યા છે.

"Aho Shrutgyanam"

प्राकारैकयुतंश्रियाख्यनगरंद्वाभ्यांरिपुघ्नंपुरं
त्वष्टाश्रंकथयंतिस्वस्तिकमितिप्रोक्तागुणाविंशतिः ॥
भूपानांसुखदायशोर्थफलदाःकीर्तिप्रतापोद्भवाः
लोकानांचनिवासतोविरचिताःप्राक्शंभुनेमेगुणाः ॥६॥

**અર્થઃ**—જે નગરને એક કિલ્લો હોય તેનું નામ "**શ્રીનગર**" ૧૮ કહેવાય, જે નગરને બે કિલ્લા હોય તેનું નામ "**રિપુઘ્ન**" ૧૯ નગર કહેવાય, અને જે નગરને આઠ કોણ હોય તેનું નામ "**સ્વસ્તિક**" ૨૦ નગર કહેવાય.

એ રીતે નગરના વીશ ભેદો મહાદેવે કહ્યા છે, તેવા નગરોમાં લોકોએ નિવાસ કરવાથી તે નગરના રાજાને સુખ, યશ અને ધનની પ્રાપ્તિ થાય; તથા કીર્ત્તિ અને પ્રતાપની વૃદ્ધિ થાય. ૬

वह्नेर्भीतिकरंत्रिकोणनगरंषट्कोणकंक्लेशदं
वज्रेवज्रभयंचशाकटपुरेरोगस्त्रिशूलेकलिः ॥
प्रोक्तंतस्करभीतयेद्विशकटंकर्णाधिवोऽर्थक्षयः
दोषाःसप्तभयावहाःप्रकटितायेविश्वकर्मोदिताः ॥ ७ ॥

**અર્થઃ**—જે નગર ત્રિકોણ હોય તેને અગ્નિનો ભય થાય, ષટ્કોણ નગર હોય તો તે નગરને ક્લેશ ઉત્પન્ન કરે, જે નગર વજ્રાકાર હોય તે નગરને વીજળીનો ભય થાય, જે નગર ગાડાના આકારે હોય તો તેમાં રોગનો ભય થાય ( ભય રહે. ), જે નગર ત્રિશૂળના આકારે હોય તો તેને યુદ્ધનો ભય થાય, જે નગર બે ગાડાના આકારે હોય તેવા નગરને ચોરનો ભય થાય અને જે ગામ અથવા નગરની ચોરસાઈ કરતાં કરણો ( ખૂણાઓ ) વધારે પડતા હોય ( કાટખૂણાની સીધાઈમાં ન હોય એવા નગરને ) એવા નગરના ધનનો ક્ષય થાય. એ રીતે લોકોને ભય આપનાર એવા સાત દોષો વિશ્વકર્માએ કહ્યા છે. ૭

---

સામાન્ય શત્રુ અને મિત્રના અભિપ્રાયો, નગર અને દેશ વિષેના ચરો પાસેથી જાણ્યા પછી આળસ તજી જોઇતા ઉપાયો યોજવા; તથા રાજ્યભક્તોનો સત્કાર અને રાજદ્રોહિને શિક્ષા કરવી; તથા યજ્ઞદાનાદિ કાર્ય કરવાને બ્હાને કોઈને પીડા કરવી નહિ, પ્રજાનું રક્ષણ કરવું, ધર્મને બાધ આવે તેમ કરવું નહિ. ગરીબ, અનાથ, વૃદ્ધ વિધવા અને સ્ત્રીઓ; એમના સુખ અને આજીવિકા માટે કોઇ પ્રકારનું વિઘ્ન નહિ થવા દેતાં તેમને સુખ મળે તેમ કરવું. તથા આશ્રમીઓને વખતે વખત વસ્ત્ર, પાત્ર, ભોજન, મોટો સત્કાર, પૂજન અને માન આપવું. તપસ્વી આગળ નમ્રતાથી રહેવું. પોતાનો આત્મા તથા સર્વ કાર્ય અને દેશ ઇત્યાદિ અર્પણ કરવું. (તપસ્વીઓ હાલમાં અનેક ઢોંગી હોય છે એવા નહિ પણ પૂર્વે મહાન્ ઋષિ લોકો હતા તેવા માટે કહ્યું હોય એમ લાગે છે ) એ રીતે કિલ્લાઓમાં બતાવેલાં સર્વ ઉપસ્કરોનો સમાસ થાય છે. તે રાજાઓએ રાખવાં કહ્યાં છે, અને યુદ્ધ પ્રસંગે તો તેથી પણ વધારે ઉપસ્કરો બતાવ્યાં છે.

"Aho Shrutgyanam"

वक्ष्येथोविविधंपुरंमुनिमतंमध्योत्तमंकन्यसं
तेषांहस्तसहस्रमंतिमपुरंमध्यंततःसार्धकं ॥
ज्येष्ठंयुग्मसहस्रमेषुचरमंभागाष्टकेनान्वितं
मध्यंद्वादशभागतःशशिकलंज्येष्ठंविदध्यात्सुधी ॥ ८ ॥

**અર્થ**:—હવે મુનિઓના મત પ્રમાણે નાના પ્રકારનાં નગરો કહું છું, તે એવી રીતે કે નગર ત્રણ પ્રકારનાં છે, તેમાં કનિષ્ટ નગર એક હજાર (૧૦૦૦) હાથના માપનું કરવું, તથા મધ્યમ નગર પંદરસો ( ૧૫૦૦ ) હાથના પ્રમાણનું કરવું; અને ઉત્તમ પ્રકારનું નગર બે હજાર હાથના પ્રમાણનું કરવું ( ૨૦૦૦ ).

ઉપર બતાવેલું પ્રથમનું કનિષ્ટ નગર એક હજાર હાથનું કરવું કહ્યુંછે. તે પૂરેપૂરા એક હજાર હાથનું કરવું કહ્યું છે એમ નથી પણ એક હજારનો અષ્ટમાંશ (૧૨૫ સવાસો હાથ) એક હજારમાં ઉમેરી સવા–અગ્યારસો હાથનું કનિષ્ટ નગર રચવું, તેમજ પંદરસો હાથનું મધ્યમ નગર કહ્યું છે તે પણ તેજ રીતે પંદરસેં હાથનો બારમો અંશ ઉમેરી સવા–સોળસો (૧૬૨૫) હાથનું રચવું, અને તેજ રીતે ઉત્તમ નગર બે હજાર ગજનું કહ્યું છે તેમાં બે હજારનો સોળમો અંશ એકસોને પચીશ (૧૨૫) હાથ અંઓરી સવા–એકવીસશો (૨૧૨૫) ગજનું ઉત્તમ નગર રચવું. ૮

मार्गाःसप्तदशैवचादिमपुरेहीनंचतुर्भिःपरं
प्रोक्तंकन्यसमेवमार्गनवभिर्दैर्घ्येतथाविस्तरे ॥
ग्रामश्चैवपुरार्धतोहितदनुग्रामार्धतःखेटकं
खेटार्द्धेनतुकूटमेवविबुधैःप्रोक्तंततःखर्वटं ॥

---

રાજવલ્લભમાં ચાર પ્રકારના કિલ્લા કહ્યા છે તથા વાસ્તુમંજરી અને આ મહાભારતમાં ૭ પ્રકારના દુર્ગો કહ્યા છે; તેમજ અપરાજિતમાં ચાર પ્રકારના દુર્ગોના સોળ ભેદો કરી સોળ પ્રકારના દુર્ગો કહ્યા છે. વળી યંત્રો અને તે માટેનાં વાહનો રચવા માટે જ્ઞાનરત્નકોશ વિષે ઘણા વિસ્તારથી વિવેચન કરેલું છે. એટલુંજ નહિ પણ યંત્રો રચવાનાં પ્રમાણો પણ બતાવ્યાં છે.

ઉપર બતાવેલી મહાભારતની વર્તા આ ઠેકાણે લખવાનું શું કારણ હતું ? એમ કોઇ શંકા કરશે પણ ફક્ત "ઉપસ્કર" માટે એટલુંજ નહિ પણ તેમાં કેટલોક ભાગ શિલ્પના અંગનો છે અને કેટલાકના વાંચવામાં આવે તો હાલમાં ઇંગ્રેજ સરકારની યુદ્ધ પ્રસંગે રાજનીતિ મહાભારતને મળતી છે, એમ જાણવામાં આવ્યેથી તેમણે નવીન ગોઠવણ કરી છે; એમ નહિ માનતાં આશરે ગયાં પાંચ હજાર વર્ષ ઉપરના આપણા આર્ય પંડિતોએ આ સર્વ વાત પ્રકટ કરી છે; માટે ધન્ય છે તેમને એમ કહ્યા વિના રહેવાશે નહિ. એટલા માટે આ લખવું પડે છે, તે પણ જુજ અને મોટી મોટી વાતો લખી છે પણ આ શિવાય બીજી અનેક પ્રકારની ઘણી ચમત્કારીક અને ઉપયોગી બાબતો આપણા શાસ્ત્રમાં છે.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—ઉપર બતાવેલા ઉત્તમ પ્રકારના નગરમાં સત્તર ( ૧૭ ) માર્ગો કરવા, તથા મધ્યમ નગરમાં તેર ( ૧૩ ) માર્ગો કરવા અને કનિષ્ઠ પ્રકારના નગરમાં નવ ( ૯ ) માર્ગો કરવા કહ્યા છે, પણ નગરને લંબાઈમાં જેટલા માર્ગો કરવા કહ્યા છે તેટલાજ માર્ગો નગરની પહોળાઇમાં પણ કરવા, ( જે નગરમાં જેટલા ઉભા માર્ગો કરવા પડે તેટલાજ આડા માર્ગો કરવા. )

વળી નગરનું અર્ધ હોય તેને ગામ કહેવું, તથા તેવા ગામનું અર્ધ હોય તેને ખેટક કહેવું ( ખેડું ) તથા ખેટકનું અર્ધ હોય તો તેને કૂટ કહેવું અને કૂટનું અર્ધ જે હોય તેને ખર્વટ કહેવું. ૯

**हस्तानांचयुगाष्टषोडशसहस्रंभूपतीनांपुरं**
**तन्मध्येदशधावदंतिमुनयोवृद्ध्यासहस्रेणतत् ॥**
**आयामेचसपादसार्धवसुतोभागःप्रशस्तोधिकः**
**त्वेकैकंचचतुर्विधंनिगादितंकार्यंसमंकर्णयोः ॥ १० ॥**

**અર્થઃ**—રાજાને રહેવાનું નગર ચાર ૪૦૦૦ હજાર ગજનું કરવું, અથવા આઠ ૮૦૦૦ હજાર ગજનું કરવું; અથવા સોળ હજાર ગજનું, કરવું, પણ તે નગરોના અવાંતર ભેદે એક એક હજાર વધારવાથી તેના દશ પ્રકાર બતાવ્યા છે તે એવી રીતે કે—

પાંચ હજાર ગજનું ( ૫૦૦૦ ), છ હજાર ગજનું ( ૬૦૦૦ ), સાત હજાર ગજનું ( ૭૦૦૦ ), નવ હજાર ગજનું ( ૯૦૦૦ ), દશ હજાર ગજનું ( ૧૦૦૦૦ ), અગિયાર હજાર ગજનું (૧૧૦૦૦), બાર હજાર ગજનું (૧૨૦૦૦), તેર હજાર ગજનું ( ૧૩૦૦૦ ), ચૌદ હજાર ગજનું ( ૧૪૦૦૦ ), અને પંદર હજાર ગજનું ( ૧૫૦૦૦ ), એ રીતે નગરો કરવાં એમ કહ્યું છે પણ એ નગરોની જેટલી પહોળાઈ હોય તે પોહોળાઇથી લંબાઇમાં સવા આઠમો તથા સાડી આઠમો ભાગ વધારવો, એ રીતે સર્વ નગરોના ચાર ચાર ભેદ કહ્યા છે. તે એવી રીતે કેઃ—

૧ પ્રથમ ભેદમાં લંબાઇ અને પહોળાઇમાં સરખું.
૨ બીજા ભેદમાં પહોળાઇનો અષ્ટમાંશ $\frac{૧}{૮}$ લંબાઇમાં વધારવો.
૩ ત્રીજા ભેદમાં પહોળાઈથી લંબાઇમાં સવાઆઠમો ભાગ વધારી નગર રચવું $\frac{૧}{૧૦}$ અને ૪ ચોથા ભેદમાં પહોળાઇથી લંબાઇમાં સાડા આઠમો ભાગ $\frac{૧}{૧૨}$ વધારી નગરની લંબાઈ કરવી, પણ તે [૧]સમકરણ નગરો રચવાં એ રીતે નગરની રચના કરવી. ૧૦

૧ સમકરણ એટલે, જે નગર રચવું હોય તે વિકર્ણ ન કરતાં અર્થાત્ ખૂણા ખાંચા ન પડે તેવી રીતે કાટખૂણામાં બરોબર કરવાં; પણ કાટખૂણાથી બહાર એટલે રાંટાં અથવા વાંકાંચુંકાં જે કે કાટખૂણામાં મળે નહિ તેવાં નગર કરવાં નહિ.

"Aho Shrutgyanam"

## उपजाति.

**षट्त्रिंशतःषट्क्रमतोविदध्यात् । दैवेपुरेचत्वरकेक्रमेण ॥**
**यदृच्छयामानमुशंतिकेचित् । प्राकारकोट्टेपिचभित्तिकायां ॥११॥**

**અર્થઃ—**દેવમંદિર, નગર અને ચોવટા વિષે છત્રીસ હાથની પહોળાઇ હોય તો તેમાં [1]છ હાથની વૃદ્ધિ કરી બેતાળીસ ( ૪૨ ) હાથની લંબાઇ કરવી, તથા બહોતેર હાથ ( ૭૨ ) પહોળાઈ હોય તો તેમાં બાર હાથ (૧૨) વધારી ચોરાશી હાથ ( ૮૪ ) લંબાઈ કરવી; એ રીતે દેવમંદિર, નગર અને ચોવટાની જેટલી પહોળાઈ હોય તેટલીમાં, દર છત્રીસ ( ૩૬ ) હાથે છ છ હાથની વૃદ્ધિ ( લંબા-

૧ છ હાથની વૃદ્ધિ દર છત્રીસ હાથ પહોળાઇમાં અંબોરી લંબાઈ કરવી એમ બતાવ્યું છે. તે માટે " અપરાજિત " વિષે વિશ્વકર્માએ એવી રીતિ બતાવી છે કે—

**षट्त्रिसतश्चषट्वृद्धिः । सूर्यांतैश्चतुरोत्तरं ॥**
**पुरेप्रासादसंख्यायां । देवसंख्याक्रमेणतु ॥ १२ ॥**

( सूत्र ७२ )

**અર્થઃ—**નગર તથા રાજમેહેલ અને દેવમંદિર વિષે છત્રીસ હાથ પહોળાઈ હોય તો તેમાં છ હાથ અંબોરી લંબાઇમાં વૃદ્ધિ કરવી. અને બહોતેર ( ૭૨ ) હાથ પહોળાઇ હોય તો તેમાં બાર હાથ અંબોરતાં ચોરાશી હાથ થાય ( ૮૪ ) માટે ચોરાશી હાથની લંબાઇ કરવી; પણ બહોતેર હાથ ઉપરાંત હોય તો પછી દર છત્રીસ હાથ વૃદ્ધિ કરી લંબાઇ કરતાં જવું. ૧૨

### દૃષ્ટાંત.

નગર, દેવમંદિર કે રાજમેહેલની પહોળાઇ છત્રીસ હાથ હોય તો બેંતાળીસની લંબાઇ કરવી તથા બોંતેર હાથ પહોળાઈ હોય તો તેની લંબાઇ ચોરાશી હાથની કરવી. અને એક શો ને આઠ હાથની ( ૧૦૮ ) પહોળાઇ હોય તો તેના પ્રમાણમાં સોળ હાથ (૧૬) વધારી લંબાઇમાં એક શો ને ચોવીસ થશે. જુઓ બોંતેર હાથ સુધી બાર હાથ આવી અને ત્યાર પછીના છત્રીશ હાથે ચાર હાથ અંબોરવે એકસો ચોવીસ હાથ લંબાઈ થઇ. એ રીતે ઉપર બતાવેલા સ્થળોમાં બોંતેર હાથ ઉપરાંત પહોળાઇ થાય તો પછી દર છત્રીસ હાથે ચાર હાથ વધારી લંબાઈ કરવી. કદાચ છત્રીસ હાથ કરતાં જાદે કમી હોય તો પહોળાઇના છત્રીસ હાથના વિભાગે ચાર હાથ લંબાઇના આંગળો કરી છત્રીસ હાથનાં વરાડે સૂત્રધારે ગણી લેવું તેમજ છત્રીસ હાથ ઉપરાંત હોય તો ( પહોળાઇનો ) તેના આંગળો કરી લંબાઇના આંગળોના જવના હિસાબે વેહેંચી નાખવું જોઈએ. પણ આવા કામોમાં તો ગજનું માપ હોય છે.

ઉપર બતાવેલી [illegible]ની રીતિમાં નગર, દેવમંદિર અને ચોવટાની પહોળાઇથી લંબાઇમાં સાડા આઠમો ભાગ $\frac{2}{17}$ વધારવાની બાબત બતાવી છે, તે અને અપરાજિતની રીતિ લગભગ મળતી આવે છે.

"Aho Shrutgyanam"

शा।वा।अ।४




"Aho Shrutgyanam"

रा। च। अ। ४




"Aho Shrutgyanam"

रा।व।आ।४




"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

ઇમાં) કરવી. વળી કેટલાક આચાર્યોનો મત એવો છે કે, કિલ્લો તથા [1]કોટ અને ભિંતનું માન મરજી પ્રમાણે કરવું. ૧૧

## इंद्रवज्रा.

**पूर्वापरास्याःपुरसन्मुखाश्च । देवाःशुभानोत्तरदक्षिणास्याः ॥**
**भंगंपुरस्यापिपराङ्मुखास्ते । कुर्वंतिधातार्कजनार्दनेशाः ॥ १२ ॥**

**અર્થ**:—પૂર્વ અને પશ્ચિમ દિશા સામેના મુખવાળા તથા નગર સામેના મુખવાળા દેવો હોય તો તે સારા છે, પણ ઉત્તર અને દક્ષિણ દિશા સામેના મુખવાળા દેવો સારા નહિ. વળી બ્રહ્મા, સૂર્ય, વિષ્ણુ અને શંકર એ ચાર દેવતાઓની પીઠ નગર સામે જો હોય તો તે નગરનો ભંગ કરે. ૧૨

## शार्दूलविक्रीडित.

**ब्रह्माविष्णुशिवेंद्रभास्करगुहाःपूर्वापरास्याःशुभाः ।**
**प्रोक्तौसर्वदिशामुखौशिवजिनौविष्णुर्विधातातथा ॥**
**चामुंडाग्रहमातरोधनपतिर्द्वैमातुरोभैरवो ।**
**देवादक्षिणदिग्मुखाःकपिवरोनैर्ऋत्यवक्रोभवेत् ॥ १३ ॥**

**અર્થ**:—બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇંદ્ર, સૂર્ય અને કાર્ત્તિકસ્વામી, એટલા દેવતાઓ પૂર્વ તથા પશ્ચિમ દિશાના મુખવાળા હોય તો તે સારા. તેમાં પણ શિવ, તીર્થંકર, વિષ્ણુ અને બ્રહ્મા. એટલા દેવતાઓ તો ચારે દિશાઓમાંથી ગમે તે દિશાના મુખવાળા હોય તો તે સારા છે. તથા ચામુંડા, *ષોડશમાત્રિકાઓ, કુબેર, ગણપતિ અને ભૈરવ. એટલા દેવતાઓ દક્ષિણ દિશાના મુખવાળા સારા અને હનુમાનનું મુખ નૈઋતકોણ સામે કરવું. ૧૩.

---

૧ કોટ એટલે લાકડાનો અથવા કાંટાની વાડનું માન મરજી પ્રમાણે કરવું. આ બે પ્રકારના કોટનું નામ પણ પ્રાકાર છે, એમ અમરકોશનો ટીકાકાર લખે છે; પણ તે ક્લિષ્ટ કલ્પના જેવું છે. અને ત્રીજો કોટ ધૂળનો હોય છે, એને થોડી ભીતિ રહેલી છે. અને સંભવે છે. કેમકે ભરતપુરનો ધૂલિયો કિલ્લો છે એટલે તે ધૂળકોટ કહેવાય છે તે માટે પણ ક્ષણિક વિચાર કરીએ તો સંભવિત વાત નથી. ખરેખરી વાત તો એવી હોવી જોઇએ કે, કોઇ પણ મોટા માનના દેવમંદિરની ચોતરફ વરંડી વાળવામાં આવે છે. તેમજ કોઇ થાણાને કોટ કહેવાય છે. તે વાત ખરી પડવા માટે અદ્યાપિ પર્યંત ગુજરાતના ગામડાઓમાં જ્યાં થાણુદાર રહેછે, તે જગોને વરંડો હોય છે. તેને કોટ કહેવામાં આવે છે. તથા ધર્મશાળા કે દેવમંદિરની આસપાસ વરંડાને કોટ કહેવાય છે.

*** गौरी १ पद्मा २ शची ३ मेधा ४ सावित्री ५ विजया ६ जया ७**
**देवसेना ८ स्वधा ९ स्वाहा १० मातरोलोकमातरः १**
**धृतिः पुष्टिस्तथा तुष्टि, रात्मनः कुलदेवताः गणेशेनाधिकाह्येता,**
**वृद्धौ पूज्याहिषोडश २**

"Aho Shrutgyanam"

मार्गाःसप्तदशांकपंचशिखिनोयुग्मंपुरातखर्वटं ॥
मार्गाःषोडशसूर्यविंशतिकराकार्यास्त्रिधाविस्तरे ॥
प्राकारोदयऋक्षहस्तमपितोद्वाभ्यांविहीनाधिकः
व्यासार्धेनत्तदुर्ध्वतश्चकपिशीर्षाण्यष्टमात्रांतरं ॥ १४ ॥

**અર્થઃ**—પુરને વિષે સત્તર (૧૭) માર્ગો કરવા, ગ્રામને વિષે નવ (૯) માર્ગો કરવા, ખેટને વિષે પાંચ (૫) માર્ગો કરવા. કુટને વિષે ત્રણ (૩) માર્ગો કરવા અને ખર્વટને વિષે બે (૨) માર્ગો કરવા. તે માર્ગોની પહોળાઈ એવી રીતે રાખવાની છે કે,—

જે માર્ગ વીશ (૨૦) ગજ પહોળો હોય તે જ્યેષ્ઠ માર્ગ જાણવો, તથા જે માર્ગ સોળ (૧૬) ગજ પહોળો હોય તે મધ્યમ માર્ગ જાણવો. અને જે માર્ગ બાર ગજ (૧૨) પહોળો હોય તે કનિષ્ઠ માર્ગ જાણવો. તેમજ કિલ્લાઓ માટે એવી રીતિ છે કે,—

કિલ્લાનો ઉદય (ઉંચાઈ) સત્યાવીસ (૨૭) ગજનો કરવો, અથવા તેમાંથી બે ગજ ઓછા (૨૫) અથવા તેથી બે ગજ વધારે ઉંચો (૨૯) કરવો, એવા કિલ્લાના વિસ્તારના (પહોળાઇના) અર્ધ ભાગમાં કાંગરા કરવા અને તે કાંગરા અથવા [1]કપિશીર્ષ એક બીજાથી આઠ આંગળ અથવા આઠ તસુના છેટે હોવાં જોઇએ. ૧૪.

प्राकारेपिचकोष्टकादशकराःसूर्येंद्रहस्तास्तथा
प्रोक्तास्तेनसमाचकोणसहिताविद्याधरीमध्यगा ॥
तस्यांचाथसुवृत्तकेचविविधंयुद्धासनंकारयेत्
प्राकारोदयतोद्विधाचपरिखाविस्तारउक्तोबुधैः ॥ १५ ॥

**અર્થઃ**—પ્રાકાર અથવા કિલ્લાને કોઠાઓ કરવાની એવી રીતિ છે કે, કનિષ્ટ પક્ષના કોઠાનો વ્યાસ અથવા પહોળાઈ દશ (૧૦) ગજ અથવા દશ હાથની હોવી જોઇયે, તથા મધ્યમ કોઠાનો વ્યાસ બાર ગજ અથવા બાર હાથનો હોવો જોઇયે અને જ્યેષ્ઠ માનના કોઠા ચૌદ ગજ વ્યાસવાળા હોવા જોઇયે; વળી તેવા બે બે કોઠાઓના મધ્યમાં એક એક વિદ્યાધરી ચોરસ કરવી.

---

અર્થ—ગૌરી ૧, પદ્મા ૨, શચી ૩, મેધા ૪, સાવિત્રી ૫, વિજયા ૬, જયા ૭, દેવસેના, ૮ સ્વધા, ૯, સ્વાહા ૧૦, માતર ૧૧, લોકમાતર ૧૨, ધૃતિ ૧૩, પુષ્ટિ ૧૪, તુષ્ટિ ૧૫ અને પોતાની કુલદેવા સાથે અધિકમાં ગણપતિ સાથે ષોડશ માતૃકાઓ પૂજવાની છે,

૧. કિલ્લાની પહોળાઇના અર્ધ ભાગે મનુષ્યનાં માથાં બહારથી દેખાય નહિ, એટલો ઉંચો જે કોટ કરવામાં આવે છે તે કોટના બહારનો ભાગે જે કાંગરા કરવામાં આવે છે, તેને કપિશીર્ષ કહે છે, અને તે કાંગરા એક બીજાથી આઠ આઠ તસુને છેટે હોય છે.

"Aho Shrutgyanam"

તે કોઠાઓની બરોબર કરવી. એ વિદ્યાધરી અને કોઠાઓમાં વિવિધ પ્રકારના યોદ્ધાસનો ( યોદ્ધાઓને બેસવા માટે આસનો ) કરવાં. એવા કિલ્લાનો જે ઉદય હોય તે ઉદય ( ઉંચાઈ ) કરતાં બમણા વિસ્તારવાળી ( બમણી પહોળી ) ખાઈ કિલ્લાની આસપાસ કરવી એમ પંડિતોએ કહ્યું છે. ૧૫

## उपजाति.

विद्याधरीकोष्टकयोश्चमध्येबाहुप्रमाणंशररामहस्तं ॥
पंचाधिकंपंचकरेणहीनमितित्रिधावास्तुमतोदितंच ॥१६॥

**અર્થ:**—વિદ્યાધરી[1] અને કોઠાઓની વચમાં પાંત્રીસ ( ૩૫ ) [2]બાહુનું અંતર ( છેટું ) રાખવું, અથવા પાંત્રીસ ગજનું અંતર રાખવું જોઇએ. વળી એમ પણ કહ્યું છે કે, એ પ્રમાણ કરતાં પાંચ ગજ અથવા બાહુનું પ્રમાણ હોય તો પાંચ બાહુ ઓછું અંતર રાખવું, અથવા પાંચ બાહુ કે પાંચ ગજ વધારે અંતર રાખવું, એ રીતે ત્રણ પ્રકાર વાસ્તુશાસ્ત્રે કહેલા છે. ૧૬

## इंद्रवज्रा.

दूर्गोदयंनंदकरप्रमाणंतिथ्यासमंसप्तदशैवकेचित् ॥
एकोनविंशत्पृथुतात्रयाणांदिक्पालसूर्याष्टकरंवदंति ॥१७॥

**અર્થ:**—કિલ્લાનો ઉદય નવ ( ૯ ) હાથ અથવા નવ ગજ કરવો, પણ કેટલાક આચાર્યો કહે છે કે,–કનિષ્ટ પક્ષે પંદર ( ૧૫ ) હાથ ઉદયવાળો દુર્ગ ( કિલ્લો ) થાય, તથા મધ્યમ પક્ષે સત્તર ( ૧૭ ) હાથ ઉદયવાળો કિલ્લો

---

૧ વિદ્યાધરી શબ્દનો અપભ્રંશ થઇ મુસલમાની રાજસત્તાના વખતમાં તેનું "વજીરી" નામ થયું છે.

૨ બાહુ એટલે હાથની આંગુળીથી સ્કંધ અથવા ખભાની સંધી સુધી ગણાય છે અ- અથવા પોણાબે ગજ થાય છે, એ બાહુનું બીજું નામ "કિષ્કુ" છે તે કિષ્કુ બેંતાળીસ (૪૨) તસુનો થાય છે એ વાત પ્રથમ અધ્યાયના ઓગણચાળીસમા શ્લોકની ટીપમાં બતાવી છે, તોપણ ફરીથી પ્રમાણ સાથે બતાવીએ છીએ કે, એ કિષ્કુના પ્રમાણ માટે માળવાધીશ મહારાજા ભોજદેવના રચેલા સમરાંગણ નામના ગ્રંથમાં લખે છે કેઃ-

द्वाचत्वारिंशताकिष्कुरंगुलैःपरिकीर्त्तितः ।
चतुरुत्तरयाशीत्याव्यासःस्यात्पुरुषस्तथा ॥ } अध्याय ९

**અર્થ:**—બેંતાળીસ આંગુળનો કિષ્કુ થાય તથા ચોરાશી આંગુળનું ધનુષ્ થાય અને તે ધનુષ્ પ્રમાણે પુરુષની પહોળાઇ છે (બને હાથ પોહોળા કરવાથી વામ અથવા વાંભ કહેવાય છે તે પહોળાઇ છે) અને ઉંચાઇ પણ તેટલીજ છે.

"Aho Shrutgyanam"

થાય. અને જ્યેષ્ઠ પક્ષે ઓગણીસ ( ૧૯ ) હાથ ઉદયવાળો કિલ્લો થાય. એ ત્રણે પ્રકારના દુર્ગના વિસ્તાર અથવા પહોળાઇની એવી રીતિ છે કે:—

મધ્યમ પક્ષનો જે દુર્ગ હોય તેની પહોળાઇ દશ ( ૧૦ ) હાથ અથવા દશ ગજની જોઇએ. જ્યેષ્ઠ દુર્ગનો વિસ્તાર બાર હાથનો અને કનિષ્ઠ પક્ષના કિલ્લાની પહોળાઈ આઠ હાથની જોઇએ. ૧૭

## शार्दूलविक्रीडित.

तांबूलंफलदंतगंधकुसुमंमुक्तादिकंयद्भवेत्
राजद्वारसुराग्रतोहिसुधियाकार्यंपुरेसर्वतः ॥
प्राग्विप्रास्त्वथदक्षिणेनृपतयःशूद्राःकुबेराश्रिताः
कर्त्तव्याःपुरमध्यतोपिवणिजोवैश्याविचित्रैर्गृहेः ॥ १८ ॥

**અર્થઃ**—નગરમાં તાંબુલની ( પાનની, ) ફળોની, દાંતની, [૧]સુગંધિ પદાર્થોની, પુષ્પોની અને મોતી વગેરે [૨]રત્નોની દુકાનો બુદ્ધિમાન્ પુરૂષોએ રાજદ્વાર આગળ તેમજ દેવમંદિર આગળ કરાવવી, તથા નગરમાં પૂર્વ દિશાએ બ્રાહ્મણો, દક્ષિણ દિશાએ ક્ષત્રિયો, ઉત્તર દિશાએ શુદ્રોને, તથા વૈશ્યોને વસાવવા અને અન્ય વેપારી લોકોને નગરના મધ્ય ભાગમાં વિચિત્ર રીતે ચિતરેલા ઘરોમાં વસાવવા જોઇએ. ૧૮

ईशेरंगकराःकुविंदरजकावह्नौचतज्जीविनः
प्रोक्ताःअंत्यजचर्मकारबुरुडाःस्युःशौंडिकाराक्षसे ॥
पण्यस्त्रीनिर्ऋतौचमारुतयुतेकोणेन्यसेल्लुब्धकान्
वापीकूपतडागकुंडमखिलंतोयंतथावारुणे ॥ १९ ॥

**અર્થઃ**—નગરના ઇશાન કોણમાં [૩]રંગકરા અથવા રંગારા તથા [૪]કુવિંદ અથવા કપડાં વણનાર અને ધોબીને વસાવવા, તથા [૫]અગ્નિવડે પોતાની આ-

૧ સુગંધી પદાર્થો એટલે, અત્તર, ફુલેલ, તેલ, કેસર, કપૂર, કસ્તુરી અને અર્ગજો ઇત્યાદિ.
૨ રત્નો એટલે, મોતી, પ્રવાળાં, મણિ, હીરા, ઝવેર, પાના અથવા પન્ના, માણક ઇત્યાદિ.
૩ રંગકરા અથવા રંગારા એટલે—રંગરેજ, ગળિયારા, ખતરી, વગેરે રંગ કહાડનારા રંગારા લોકો.
૪ કુવિંદ—એટલે સુતર તથા રેશમનાં કપડાં વણનાર ખાતરી, સાળવી અને વાંઝા, વગેરે લોકો.
૫ અગ્નિવડે પોતાની આજીવિકા ચલાવનાર એવા સોની, લવાર, કલાઇગરા, વગેરે લોકો છે તે.

"Aho Shrutgyanam"


कोठो.
आ देखाव किल्लाना बहारनो छे तेमां कांगरा छे ते कपिशीर्ष कहेवाय
विद्याधरी.
कोठो
आ देखाव किल्लानी अंदरनो छे.




"Aho Shrutgyanam"

જીવિકા ચલાવનારા લોકોને નગરની ત્રિકોણમાં વસાવવા. [1]અંત્યજ, [2]ચર્મકાર, વાંસફોડા અથવા ઘાંચી અને કલાલ એ લોકોને દક્ષિણ દિશામાં વસાવવા. નગરની નૈર્ઋત કોણમાં વેશ્યાઓને તથા નગરની વાયવ્ય કોણમાં પારધી લોકોને વસાવવા અને નગરથી પશ્ચિમ દિશામાં કૂવા, તળાવ, વાવડી અને કુંડ ઇત્યાદિ [3]જળાશયો સ્થાપવાં. ૧૯

**सिंहद्वारचतुष्टयंचखटकीद्वाराणिचाष्टौतथा**
**कर्त्तव्यानिदृढार्गलानिरुचिरैःकापाटकैःसुदृढैः ॥**
**कीर्तिस्तंभनृपालय.मरगृहैर्हट्टैःसुधानिर्मितैः**
**हर्म्यैश्चोपवनैर्जलाश्रययुतैःकार्यंपुरंशोभनं ॥ २० ॥**

**અર્થઃ**—નગરને ચાર [4]સિંહદ્વાર કરવાં અને આઠ ખડકીદ્વાર કરવાં, તેમજ તેવાં દ્વારોને મજબુત અર્ગલા અથવા જેને ભુંગળ કહે છે તે કરવી, તથા મજબુત અને શોભાયમાન કમાડો કરવાં, તથા રાજમંદિર આગળ એક કીર્તિસ્તંભ કરવો, તથા રાજઘર, દેવપ્રાસાદ, હાટો અને હવેલીઓ એ સર્વે ચૂનામય ઉજ્વળ કરવાં ( ચૂનેથી છોએલાં ) તથા નગરની પાસે બાગ કરવો અને તે બાગમાં જળાશય કરવું તેમજ નગરમાં અને રાજમેહેલ પાસે પણ જળાશય કરવાનું કહ્યું છે. ૨૦

## अथ यंत्र प्रकरण.

### उपजाति.

**यंत्राःपुराणामथरक्षणाय । संग्रामवन्ह्यंबुसमीरणाख्याः ॥**
**+विनिर्मितास्तेजयदानृपाणां । भवन्तिपूज्याःसुरयाथमांसैः॥२१॥**

---

૧ અંત્યજ એટલે જેનો સ્પર્શ થવાથી આર્ય લોકોને નહાવું પડે છે એવા ઢેડ, ભંગી અને ચમાર.

૨ ચર્મકાર એટલે—ચામડું પકાવનાર ચમાર તથા ચામડું રંગનાર અને ચામડું સીવનાર મોચી વગેરે.

૩ જળાશયો સ્થાપવાં તે નગર વસાવતી વખત સ્થાપવાં અને પછી તો ગમે ત્યાં કરવાં.

૪ સિંહદ્વાર એટલે, નગરના દરવાજા મોટા હોય તે તથા દરબારનું દ્વાર હોય એ વગેરે કહેવાય.

**+षष्ट्यांकरागांकविभेदभिन्ना** } **पाठांतर ॥**

અર્થઃ—સંગ્રામ માટેના યંત્રોના સાઠ ભેદો છે, તેમજ જળયંત્રના નવ ભેદો છે, તથા અગ્નિ યંત્રના ૭ ભેદો છે અને વાયુયંત્રના નવ ભેદો છે. એ સર્વ મળી યંત્રોના ચોરાશી ( ૮૪ ) ભેદો છે.

અગ્નિયંત્રમાં તોપ અને બાણ વગેરે છે. તેમાં બાણ બાબતની રીતિ પ્રસિદ્ધમાં નથી પણ આ અધ્યાયના આદ્યશ્લોક માટે જે ટીપ આપી છે તે વાંચવી અને બાણનું ચિત્ર પણ આપ્યું છે.

"Aho Shrutgyanam"

**અર્થ**:—નગરના રક્ષણ માટે સંગ્રામમાં મુકવાનાં યંત્રો એવાં હોવાં જોઇએ કે--જળ, અગ્નિ અને વાયુવડે ચલાવી શકાય એવાં યંત્રોને માંસ અને મદિરાનું બળિદાન આપવું કે જેથી રાજાનો જય થાય. ૨૧

## शार्दूलविक्रीडित.

हस्ताअष्टचभैरवेनवकरैश्चंद्रोदशार्कोभवेत् ।
रुद्रैर्भीमगजोपिभास्करकरैर्युग्मंतुविश्वैःशिखी ॥
प्रोक्तोसौयमदंडएवमनुभिस्तिथ्थामहाभैरवः ।
त्वष्टौशंकरनिर्मिताश्चसमरेदेवासुरेभैरवाः ॥ २२ ॥

**અર્થ**:—દેવો અને અસુરોના સંગ્રામ વખતે આઠ પ્રકારના ભૈરવયંત્રો મહાદેવે રચેલા છે, તે યંત્રોમાંથી જે યંત્રની લંબાઇ આઠ (૮) હાથ હોય તેનું "**ભૈરવ**[૧]" નામ છે, તથા જે યંત્રની લંબાઇ નવ (૯) હાથની હોય તે "[૨]**ચંદ્ર**" નામા યંત્ર કહેવાય તથા દશ (૧૦) હાથ લંબાઈ હોય તે "[૩]**અર્ક**," અગિયાર (૧૧) હાથ લંબાઇ હોય તે "**ભીમગજ**[૪]" બાર હાથ (૧૨) લંબાઈ હોય તે "**યુગ્મ**[૫]" તેર હાથ (૧૩) લાંબો હોય તે "[૬]**શિખિ**" ચૌદ (૧૪) હાથ લંબાઈ હોય તે "**યમદંડ**," અને જે યંત્રની લંબાઈ પંદર (૧૫) હાથની હોય તે યંત્રનું નામ "[૮]**મહાભૈરવ**"નામા કહેવાય, એ રીતે આઠ ભૈરવ યંત્રો જાણવા. ૨૨

यंत्रेचाष्टकरेष्टहस्तफणिनीसूर्यांगुलाविस्तरे
स्तंभोमर्कटिकाचपंजरमतःषट्त्रित्रिहस्ताःक्रमात् ॥
यष्ट्यापृष्ठविभागतोपिरदनैस्तुल्योष्टमात्रांगुलैः
प्रोक्ताकुंडलवेलणीबहिरतोमध्यादशीत्यंगुलैः ॥२३॥

**અર્થ**:—આઠ હાથના યંત્રને આઠ હાથની ફણિની ( ગોફણ ) જોઇએ પણ તે ફણિનીનો વિસ્તાર ( ગોફણના ચાડાની પહોળાઇ ) બાર આંગુળનો કરવો, તથા બે સ્તંભાઓ વચ્ચે છ હાથની પહોળાઇ રાખવી, તથા ત્રણ હાથની મર્કટિકા (માંકડી) કરવી, તથા ત્રણ હાથનું પાંજરું કરવું, તથા યંત્રના પાછળના ભાગે બત્રીશ (૩૨) આંગુળની યષ્ટી કરવી ને તે યષ્ટિની જાડાઇ તથા પોહોળાઈ આઠ આંગુળ સમ કરવી અને તેવા યંત્રને જે કુંડળ વેણી રાખવામાં આવે ત એશી (૮૦) આંગુળ બહાર નીકળતી રાખવી. ૨૩

## इंद्रवज्रा.

यष्ट्यांदृढांमर्कटिकांविदध्यात् । लोहस्यकीलेनचचर्मणाच ॥
यंत्रंप्रकुर्याद्दृढकाष्ठकस्य । तन्यात्तथायोतिक्रियासमेतं ॥ २४ ॥

"Aho Shrutgyanam"

**અર્થઃ**—યંત્રની યષ્ટિમાં લોઢાના ખીલાવડે અથવા ચામડાના વાધરવડે મર્કટીને દૃઢ કરવી તેમજ તણી અને ચોતિકા સહિત મજબુત લાકડાનો તે યંત્ર કરવો.

## उपजाति.

तिर्य्यांगुलैपंजरकस्यदैर्घ्यं । केषांमतेहस्तमितेचयंत्रे ॥
येढींकुलीवह्निजलानिलाख्याः । तेलक्षतोज्ञैःपरिकल्पनीयाः ॥२५॥

**અર્થઃ**—કેટલાક આચાર્યોનો એવો મત છે કે--એક હાથનો યંત્ર કરવો અને તે યંત્રને પંદર (૧૫) આંગુળનું પાંજરૂં કરવું, તથા જે અગ્નિયંત્ર, જળયંત્ર અને વાયુયંત્ર થાય છે. તે યંત્રો *ઢીંકુળી સહિત કરવા, એવા યંત્રો પંડિતોએ તર્ક-શક્તિએ રચવા જોઇએ. ૨૫

## +इति यंत्रप्रकरण.

नीराश्रयःपुण्यवताविधेयः । मध्येपुरस्यापितथैवबाह्ये ।
वाप्यश्चतस्रापिदशैवकूपाः । चत्वारिकुंडानिचषट्तडागाः ॥२६॥

**અર્થઃ**—નગરમાં અને તેના બહારના ભાગે પુણ્યવંત પુરુષે જળાશયો કરવાં તે એવી રીતે કે--ચાર પ્રકારની વાવડીયો, તથા દશ પ્રકારના કૂવા, તથા ચાર પ્રકારના કુંડો અને છ પ્રકારનાં તળાવો કરવાં. ૨૬

---

* ઢીંકુળી શબ્દ દેશ ભાષાનો છે એમ મંડન ઠેકાણે ઠેકાણે કહે છે એ વાત ખરી ઠરે છે કારણ કે કોઇપણ કળથી કામ કરવામાં આવે છે તેને ગામડાના લોકો ઢેકળી અથવા ઢીંકળી કહે છે વળી કેટલેક ઠેકાણે " કારશો " પણ કહે છે, એ ઢીંકુળી શબ્દ શેહેરોમાંતો ખોઇ બેઠા છે કારણ કે હાલમાં વિદ્યાનો વધારો થવે એવા પ્રાચીન શબ્દોનો અનાદર થવે તેમ બન્યું છે એટલુંજ નહિ પણ તેવો શબ્દ કોઇ બોલે તો તેને ગામડિયો કહી હસી કહાડે છે પણ તેવા શબ્દોનો નિર્ણય કરવામાં આવતો નથી. ગામડામાં " એંધણાં " અથવા " ઇંધણાં " બોલાય છે તેથી ગામડીયા ભાષા કહેવાય છે પણ વિચાર કરવામાં આવે તો તે સંસ્કૃત શબ્દમાં જરાક અપભ્રંશ થયો છે. ઇંધન અથવા ઇંધણ.

\+ એ રીતે ઢીંકુળી છે તે સર્વ યંત્રોમાં લાગવે સહેલાઇથી કામ થાય છે તેનું નામ કળ છે તે કળ બંદુકમાં ઘોડો, ધમણમાં પવન લેવાતું પાટિયું, જળચક્કી, પવનચક્કી, અરટ વગેરેમાં લાકડા અથવા લોઢાની ઢીંકુળી લાગવાથી સહેલાઇથી ફરે છે, એ રીતે યંત્રોમાં ઢીંકુળી મુખ્ય જીવ છે તેવા યંત્રો ઘણી પ્રકારના પૂર્વે કરવામાં આવતા હતા પણ તેની દરકાર નહિ રહેવાથી ઉપર બતાવેલા યંત્રોનાં નામ અને અર્થ ન સમજાય તેવો થયો છે ત્યારે ચિત્ર તો બનેજ ક્યાંથી ? એ અનભ્યાસનું કારણ છે તોપણ યંત્રો માટે અમારી મહેનત જારી છે પણ ખરચની તંગીથી લાચાર ? !

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

कूपाः श्रीमुखवैजयौचतदनुप्रांतस्तथादुंदुभिः ।
तस्मादेवमनोहरश्चपरतःप्रोक्तश्चचूडामणिः ॥
दिग्भद्रोजयनंदशंकरमतोवेदादिहस्तैर्मितैः ।
विश्वांतैःक्रमवर्द्धितैश्चकथितावेदादधःकूपिका ॥ २७ ॥

**અર્થઃ**—ચાર હાથથી માંડીને તેર હાથ સુધીના વિસ્તારવાળા કૂવા કરવાનું કહ્યું છે તેમાં જે કૂવાની પહોળાઈ ચાર હાથ સુધી હોય તે '**શ્રીમુખ**[1]" નામા કૂપ કહેવાય, તથા જે પાંચ હાથ પહોળો હોય તે "**વૈજય**[2]" કહેવાય, તથા છ હાથ પહોળો હોય તે "**પ્રાંત**[3]" કહેવાય, તથા સાત હાથ પહોળો હોય તે "**દુંદુભિ**[4]" કહેવાય, તથા આઠ હાથ પહોળો હોય તે "**મનોહર**[5]" કહેવાય, તથા નવ હાથ પહોળો હોય તે "**ચુડામણિ** " કહેવાય તથા દશ હાથ પહોળો હોય તે "**દિગભદ્ર**[7]" કહેવાય, તથા અગિયાર હાથ પહોળો હોય તે "**જય**[8]" કહેવાય, તથા બાર હાથ પહોળો હોય તે "**નંદ**[9]" કહેવાય અને જે કૂવો તેર હાથ પહોળો હોય તે "**શંકર**[10]" નામનો કહેવાય પણ ચાર હાથથી ઓછી પહોળાઇ હોય તે "કૂઇ" કહેવાય. ૨૭

## उपजाति.

वापीचनंदैकमुखात्रिकूटा । षट्कूटिकायुग्ममुखाचभद्रा ॥
जयात्रिवक्त्रानवकूटयुक्ता । त्वर्कैस्तुकूटैर्विजयामतासा ॥२८॥

**અર્થઃ**—જે વાવડીને એક મુખ હોય અને તેમાં (વાવમાં) ત્રણ *કૂટ હોય તો તે વાવડીનું નામ "**નંદા**[1]" કહેવાય, તથા જેને છ કૂટ હોય અને બે મુખ હોય તે "**ભદ્રા**[2]" નામની વાવ કહેવાય, તથા જેને ત્રણ મુખ અને નવ કૂટ હોય તે "**જયા**[3]" નામા વાવ કહેવાય અને જે વાપીને ચાર મુખ અને બાર કૂટ હોય તેનું નામ "**વિજયા**" નામે વાવ કહેવાય. ૨૮

सरोर्धचंद्रंतुमहासरश्च । वृत्तंचतुःकोणकमेवभद्रं ॥
भद्रैःसुभद्रं परिघैकयुग्मं । बकस्थलैकद्वयमेवयस्मिन् ॥ २९ ॥

**અર્થઃ**—જે તળાવ અર્ધ ચંદ્રાકારે હોય તેનું નામ "**અર્ધ**[1]" ચંદ્ર કહેવાય, તથા જે ચારે તરફ બાંધેલું હોય તેનું નામ "**મહાસર**[2]" કહેવાય; તથા જે ગોળ હોય તેનું નામ "**વૃત્ત**[3]" તળાવ કહેવાય, તથા જે ચાર ખુણાવાળું

* કૂટ એટલે વાવડીમાં ખંડો આવે છે તેના ઉપર સ્તંભાઓ મુકી શિખરબંધ દેરિયો કરવામાં આવે છે તેને કૂટ કહે છે.

"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय ४



मे० हेनरीकजन साहेबनी मारफते मलेल
संग्राममां पांषाण नाखवानो यंत्र.



अग्न्यास्त्रबाण.

शावाआ ४

२.



एक मुखनी वावडी . १



बे मुखनी वावडी. २



त्रण मुखनी वावडी. ३





च्यार मुखनी वावडी. ४

"Aho Shrutgyanam"

# राजवल्लभे अध्याय। ४.




"Aho Shrutgyanam"

(ચોખંડું) હોય તે "ચતુઃકોણ[૪]" કહેવાય. તથા જે તળાવને એક ભદ્ર+હોય તે "ભદ્ર[૫]" નામા તળાવ કહેવાય, અને જે તળાવને ચારે તરફ ભદ્ર હોય તે "સુભદ્ર[૬]" નામા તળાવ કહેવાય; એવાં તળાવોને એક અથવા બે ÷પરિધ કરવાં, તેમજ એવા તળાવો વચ્ચે એક અથવા બે બકસ્થળો* પણ કરવાં. ૨૯

**ज्येष्ठंमितंदंडसहस्रकेण । मध्यंतदर्धेनततःकनिष्ठं ॥**
**×ज्यैष्ठंकरैःपंचशतानिदैर्घ्ये । तदर्धमध्यंतुपुनःकनिष्ठं ॥३०॥**

**અર્થઃ**—જે તળાવ એક હજાર દંડ અથવા ધનુષ્નું હોય તે જ્યેષ્ઠમાનનું તળાવ કહેવાય, તથા પાંચસેં ધનુષ્નું હોય તે મધ્યમાનનું કહેવાય; અને અઢીશેં દંડનું જે તળાવ હોય તે કનિષ્ઠમાનનું કહેવાય, એ રીતના અનુક્રમે જે તળાવને પાંચસેં હાથ ઉંચી પાળ હોય (હજાર ધનુષ્ના જ્યેષ્ઠમાનના તળાવને) જે જ્યેષ્ઠમાનની પાળ કહેવાય, તથા અઢીસેં હાથ ઉંચી હોય તે મધ્યમાનની પાળ કહેવાય, અને સવાસો હાથ ઉંચી હોય તે કનિષ્ઠમાનની પાળ કહેવાય. ૩૦

---

+ ભદ્ર એટલે, તળાવના મુખ આગળ ખુંણો પડતો હોય તે ખુંણાનું નામ ભદ્ર કહેવાય છે.

÷ પરિધ: એટલે. તળાવમાં ઉપર પોહોળા પટવાળા ચોતરા જેવો આકાર હોય છે તેનું બીજું નામ પરિધિ છે.

* બકસ્થલ એટલે, તળાવના મધ્ય ભાગમાં બગલાં વગેરે પક્ષિયોને બેસવા માટે માટેનો બેટ, અથવા ટીંબો રાખવામાં આવે છે તેનું નામ બકસ્થળ છે, તે ઠેકાણે બીજાં ઘાતકી જનાવરોથી પક્ષિયો અભયપણે રહે છે.

× આ શ્લોકમાં પૂર્વાર્ધ ભાગે તળાવોનાં માન બતાવ્યાં છે અને ઉત્તરાર્ધમાં તળાવોના અનુક્રમે તેની પાળોનું માન બતાવ્યું છે પણ તે અધ્યાહારમાં છે એટલુંજ નહિ પણ, એ ઉત્તરાર્ધમાં પ્રથમના પદના ચાર અક્ષરો પછીના "પંચશતાનિ દૈર્ઘ્યે" એ વાક્યમાં પાંચસેં ગજ ઉંચી પાળ અથવા બીજી રીતે કહિએ તો દૈર્ઘ્ય શબ્દનો અર્થ મોટી અથવા જાડી અથવા પહોળી થાય છે, એમ હોય તો જ્યેષ્ટ તળાવ એક હજાર દંડનું કહ્યું છે તેને પાંચસેં હાથ પહોળી પાળ હોય અને એવા અનુક્રમે પાંચસેં દંડના તળાવને અઢીસેં હાથ પહોળી તેમજ અઢીસેં દંડના તળાવને સવાસો હાથ પહોળી પાળ અથવા ઉંચી હોવી જોઇએ એ વાત અસંભવિત છે, પણ વ્યાકરણની રીતે "પંચશતાનિ દૈર્ઘ્યે" એ વાક્યનો અર્થ બીજી રીતે થાય નહિ, કદાચ "પચાશત્" કહિયે તો છંદશાસ્ત્રના નિયમનો ભંગ થાય છે એવા કારણથી ઓછામાં ઓછી રાજવલ્લભની વીશ પ્રતો મેળવી તપાસ કર્યો પણ એ વાક્યનું મૂળ ઉંડું ઉતરી ગયેલું હોવાથી એકજ રીતનો પાઠ મળી આવ્યો!! એટલે તે વાક્ય ફેરવવાનું અમે દુરસ્ત ધાર્યું નહિ તોપણ, આ ગ્રંથ છપાતાં પહેલાં અમને કોઈ ઠેકાણેથી ખરૂં વાક્ય મળશે તો ફેરવવાનું ચૂકનાર નથી કેમકે તે વાક્ય આખા ગ્રંથમાં કાંટા જેવું ખુંચનારૂં છે, માટે તેના શોધ કામનો પ્રયત્ન જારી છે તે પહેલાં અમે કરેલો અનુમાન સાચો થવાના સાધનરૂપી શિલ્પ પ્રકરણી કેટલાક ગ્રંથોનો સંગ્રહ કરેલો તે પૈકી "જ્ઞાનરત્નકોશ" નામે અપૂર્વ ગ્રંથમાં તળાવ અને તેની પાળ માટે

"Aho Shrutgyanam"

## उपजाति.

**भद्राख्यकुंडंचतुरस्रकंच । सुभद्रकंभद्रयुतंद्वितीयं ॥**
**नंदाख्यकंस्यात्प्रतिभद्रयुक्तं । मध्येसभिट्टंपरिघंचतुर्थं ॥३१॥**

**અર્થ:**—જે કુંડ ચતુરસ્ર (ચોરસ) હોય તે કુંડનું નામ "**ભદ્ર**" કહેવાય, પણ જે કુંડ ભદ્ર સહિત હોય તે કુંડનું નામ "**સુભદ્ર**" કહેવાય; તથા

---

સ્પષ્ટ હકીકત મળી આવ્યાથી સંશય દૂર થવા મૂળ શ્લોકો લખતા પહેલાં કહેવું જોઇએ કે, વાસ્તુશાસ્ત્રના બીજા પણ ગ્રંથો જેણે રચેલા છે એવા પંડિતની પંક્તિના શોભાવનાર મંડન સૂત્રધારે રાજવલ્લભ જેવા રત્નમાં આવું પદ મૂક્યું હોય એમ સંભવતું નથી કારણ કે, એજ રાજવલ્લભની એ પ્રતમાં એવું વાક્ય છે કે, " કરાષ્ટતઃ પંચશતાનિ દૈર્ઘ્યે તદર્ધ મધ્યંતુપુનઃકનિષ્ટં " આઠ હાથથી માંડી પાંચસેં હાથ સુધી પહોળી પાળ કરવી તે પછી મધ્ય અને કનિષ્ટ માટે અનુક્રમે અર્ધ પ્રમાણથી કરવી, એ રીતે પાઠાંતર મળે છે તેથી સમજાય છે કે પદમાં ફેરફાર થવાનું કારણ શિલ્પશાસ્ત્રની પરંપરા કેટલાક વર્ષોથી ચાલી આવે છે તે રૂઢીને અનુસરી ગ્રંથ લખાવનાર અને લેખકની કાળજી હશે નહિ તેથી તેમ બન્યું હશે.

**सहस्रदंडैर्ज्येष्ठंस्यात् । मध्यंचतदर्घतः ॥ मध्यार्धस्यात्कनिष्ठंच । त्रिविधंतुल्यदीर्घतः ॥३५॥**
**ज्येष्ठंपंचाशहस्तंच।मध्यमंपंचविंशति॥कनिष्ठंसूर्यहस्तंच।पालमानंतुविस्तरे॥३६॥सूत्र॥७४॥**

**અર્થ:**—એક હજાર દંડનું જે તળાવ હોય તે જ્યેષ્ટ માનનું કહેવાય, તથા પાંચસેં દંડનું હોય તે, મધ્ય માનનું અને અઢીશેં ધનુષ્યનું હોય તે કનિષ્ઠ માનનું કહેવાય, એ રીતે ત્રણ પ્રકારનાં મોટાં તળાવો છે તેમાં જ્યેષ્ટ માનના તળાવને પચાસ હાથની પાળ હોય તે જ્યેષ્ટમાનની પાળ કહેવાય, તથા મધ્ય તળાવને પચીસ હાથના વિસ્તારવાળી પાળ હોય તે મધ્યમમાનની કહેવાય અને કનિષ્ઠમાનના તળાવને બાર હાથની પાળ હોય તે કનિષ્ટમાનની કહેવાય. ૩૫, ૩૬.

એ રીતે તળાવ અને તેના અનુક્રમે પાળનું માન કહ્યું છે તે બરોબર હશે એમ નિશ્ચય થાય છે તોપણ છત્રીશમા શ્લોકના પ્રથમ પદમાં ॥ **ज्येष्ठंपंचाशहस्तंच** ॥ છે તેના બદલે પંચાશત્ હોત તો વ્યાકરણની રીતિ પ્રમાણે ઠીક પડતે પણ તેમ ન છતાં પંચાશ છે તેના આગળ વ્યંજન ત્ કરવામાં આવે તો છંદ શાસ્ત્રના નિયમથી ઉલટું થાય છે કારણ કે અનુષ્ટુપ છંદના દરેક પદનો પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો ગુરૂ હોવો જોઇએ એવો નિયમ સચવાતો નથી કેમકે અર્ધ તકાર કરવામાં આવે તો પાંચમો અને છઠ્ઠો એ બન્ને અક્ષરો ગુરૂ રૂપે થાય છે.

હવે ગ્રંથો અશુદ્ધ થવાનું કારણ તો એજ છે કે, શિલ્પશાસ્ત્રના હીમાયતી લોકોએ પોતે અભ્યાસ કર્યો નહિ અને એવા ગ્રંથો છુપાવી રાખી અભ્યાસિઓની દ્દષ્ટિએ પડવા દીધા નહિ તેથી તે લોકોમાંથી તેનું જ્ઞાન નાશ પામ્યું અને પુસ્તકો પારવિનાનાં અશુદ્ધ થઇ પડ્યાં છે તેથીજ શિલ્પના ઘણા ગ્રંથોનો અંત આવ્યા જેવું થોડા કાળમાં થશે એટલે જેટલો ભાગ્યો તુટ્યો હુન્નર છે તે પણ નાશ થશે.

"Aho Shrutgyanam"

પ્રતિભદ્ર સહિત હોય તો તે કુંડનું નામ "**નંદ** કહેવાય અને જે કુંડના મધ્ય ભાગમાં ભિટ્ટ હોય તે કુંડનું નામ "**પરિઘ** કહેવાય. ૩૧

**कराष्टतोहस्तशतप्रमाणं । द्वारैश्चतुर्भिःसहितानिकुर्यात् ॥**
**मध्येगवाक्षाश्चदिशोविभागे । कोणेचतुष्कयस्त्वपिपट्टशालाः३२**

**અર્થ:**—આઠ હાથથી માંડી સો ( ૧૦૦ ) હાથ અથવા સો ગજ સુધીનો કુંડ કરવો, અને તેને ચાર દ્વારો કરવાં ( ચારે તરફથી ઉતરવા માટે ). તે દ્વારોમાં દિશાઓના ભાગમાં ગોખલા કરવા; તેમજ કુંડના ખુણાઓમાં ચોંકિયો તથા પટ્ટશાળાઓ કરવી. ૩૨

## शार्दूलविक्रीडित.

**गंगाद्यारवयोहरेश्चदशकंरुद्रादशैकाधिकाः**
**दुर्गाभैरवमातृकागणपतिर्वह्निस्त्रिकंचंडिका ॥**
**दुर्वासामुनिनारदस्तुसकलाद्वारावतीलीलिका ।**
**लोकाःपंचपितामहादिविबुधाःस्युर्मध्यभिट्टेसदा ॥ ३३ ॥**

**અર્થ:**—કુંડમાં રહેલા *ભિટ્ટ વિષે ગંગા આદિ નદીઓની પ્રતિમાઓ કરવી, તથા બાર સૂર્યની બાર પ્રતિમાઓ, તથા વિષ્ણુના દશે અવતારોની દશ પ્રતિમાઓ, તથા અગિયાર રુદ્રની, તથા દુર્ગાની, ભૈરવની, સોળ માતૃકાઓની, ગણપતિની, ત્રણ અગ્નિની, ચંડિકાની, દુર્વાસા મુનિની, નારદની દ્વારકાની લીલા અને બ્રહ્માદિ પાંચ [1]લોકપાળની પ્રતિમાઓનું સ્થાપન કરવું. ૩૩

## उपजाति.

**[2]तस्योर्द्धतःश्रीधरमंडपस्य । संदर्शनात् पूर्णफलंचकाश्याः ॥**
**स्नानाच्चगंगाप्लवनस्यपुण्यं । कृतंभवेच्चेतविधिवत्विधिज्ञैः॥३४॥**

---

* ભિટ્ટ એટલે એક પ્રકારનો થર છે તે ભિટ્ટમાં ગોખલાઓ આવે છે તેમાં મુર્તિઓ સ્થાપન કરવી.

૧ પાંચ લોકપાળ એટલે-ઈંદ્ર, યમ, વરુણ, કુબેર અને બ્રહ્મા.

૨ **तस्योर्द्धतःश्रीधरमाडमस्य ।**
**तस्योर्द्धतःश्रीधरमाडकस्य ।** } **इतिपाठांतरं ॥**

ઉપરના છેલ્લા શ્લોકમાં ગામ અથવા નગરના પ્રમાણના શોળમા ભાગની ભૂમિમાં રાજાનું મકાન કરવાનું કહ્યું છે તે એવી રીતે કે, ગામ અથવા નગર જેટલા વિસ્તારમાં હોય તેટલા વિસ્તારનું ક્ષેત્રફળ કહાડતાં જે આવે તે ક્ષેત્રફળના શોળમા ભાગમાં અથવા અંશમાં રાજાનું ઘર કરવા માટેની જમીન હોવી જોઈએ જેમકે:—૧૬

"Aho Shrutgyanam"

**અર્થ**:—કુંડના દ્વારના પ્રથાર અથવા પરથાર ઉપર ૧૩ શ્રીધરમંડપ કરવો, પણ એ મંડપ અને કુંડ ચતુર શિલ્પિએ જો શાસ્ત્ર પ્રમાણે કરેલાં હોય તો તેના દર્શનવડે કાશીયાત્રાનું ફળ થાય અને તેમાં સ્નાન કરવાથી તો ગંગામાં સ્નાન કરવા જેટલું ફળ થાય. ૩૪

विधारितंजीवनमेवयेन । तद्गोःपदैकेनसमंपृथिव्यां ॥
सषष्ठिसंख्यंचसहस्त्रवर्षं । स्वर्लोकसौख्यान्यखिलानिभुंक्ते ॥३५॥

**અર્થ**:—જે જળ પ્રાણિયોના પ્રાણને બચાવે છે તે જળનું સ્થાન ગોપદ અથવા ગાયના પગલા જેટલું પૃથ્વીમાં કોઈ મનુષ્ય બનાવે છે તો તેને સાઠ હજાર વર્ષ સુધી સ્વર્ગ લોકનાં સુખો પ્રાપ્ત થાય છે. ૩૫

## शार्दूलविक्रीडित.

ग्रामेवाथपुरेनरेंद्रभवनंतत्षोडशांशंभवेत् ।
मध्यात्पश्चिमदिक्समाश्रितमिदंदुर्गेभवेत्भूवशात् ।
द्वारादक्षिणवामतश्चपुरतःकार्यास्त्रयश्चत्वराः ।
सर्ववास्तुगृहादिवासरचनाभूपेच्छयाकारयेत् ॥ ३६ ॥

**इतिश्री राजवल्लभेमंडनकृतेग्रहादिलक्षणंनाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥**

**અર્થ**:—ગામ અથવા નગર જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણના સોળમા અંશમાં જેટલી ભૂમિ આવે તેટલી ભૂમિમાં એ ગામ અથવા નગરના રાજાનું ઘર અથવા દરબાર કરવો જોઇએ, પણ ગામ અથવા નગરના મધ્યભાગથી પશ્ચિમ દિશામાં કરવો જોઇએ અને પર્વતો વિષે તો ચોરસ ભૂમિ જોઈ અથવા ચોરસ કરી તેમજ બહારના શત્રુનો મારકો ન લાગે અથવા એકાકી બહારના શત્રુનો દાવ ન ફાવે એવા સ્થળ ઉપર રાજમેહેલ કરવો અને તે મેહેલ અથવા દરબાર સામે તથા તેની ડાબી તરફ અને જમણી તરફ એ રીતે ત્રણે બાજુએ ત્રણ ચોવટાં કરવાં અને બાકીના ભાગમાં રાજાની મરજી પ્રમાણે સર્વ લોકોનાં ઘરોની રચના કરવી. ૩૬

---

કોઈ એક ગામ અથવા નગરનો વિસ્તાર ( લંબાઈ અને પહોળાઈ ) એંશી ગજ (૮૦) ચોરસ છે તેનું ક્ષેત્રફળ ચોશઠસેં ( ૬૪૦૦ ) ગજ થાય. તેનો શોળમો અંશ ચારસેં ગજ ( ૪૦૦ ) થાય તેનું મૂળ વીશ (૨૦) ગજ થાય છે. માટે વીશ ગજ ચોરસ ભૂમિમાં રાજાનું ઘર કરવાનું કહ્યું છે, માટે યાદ રાખવાનું છે કે; ગામ અથવા નગરના ચોરસ વિસ્તારના ક્ષેત્રફળના શોળમા ભાગના મૂળમાં જેટલી જમીન આવે તેટલી જમીનમાં દરબાર કરવો જોઇએ.

"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय ४.

वृत्ततलाव.

अर्धचंद्र तलाव.







चतुरस्त्र तलाव चतुःकोण.




भद्र तलाव.




सुभद्र तलाव




चारे तरफ बांधेलूं होय तो तेनुं नाम महासर कह्यूं छे. ते चतुःकोणमां समाश थाय अथवा वृत्तसमाश थाय एटला माटे पांच चित्रो बताव्यां छे

"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय ४.



भद्रकुंड १



सुभद्र. २



प्रतिभद्र. ३.

"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय ४




परिघ ४




"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय ५ मो.

### उपजाति.

अथोनृपाणांभवनानिवक्ष्ये । त्वेकातपत्रावनिपालकस्य ।
शतंचहस्ताष्टसमन्वितंच । व्यासंगृहंचोत्तममेवतस्य १ ॥

**અર્થ:**—એક છત્રધારી (ચક્રવર્તિ) રાજાના ઉત્તમ ઘરનો વ્યાસ (વિસ્તાર અથવા પહોળાઇ) એકસો અને આઠ (૧૦૮) હાથનો કરવો. ૧

### इंद्रवज्रा.

येद्वापरेभूमिभूजोबभूवुः । तेषांगृहंहस्तशतंद्विहीनं ॥
तत्त्र्यंशभूमीश्वरकोनृनाथः । त्वष्टाधिकाशीतिकरंगृहंस्यात् ॥२॥

**અર્થ:**—દ્વાપરયુગ વિષે જે ચક્રવર્ત્તિ રાજાઓ હતા તેનાં ઘરો અઠ્ઠાણું (૯૮) હાથનાં હતાં પણ તેવા રાજાઓથી ત્રીજા ભાગની પૃથ્વીના માલિક જે રાજાઓ હતા તેનાં અઠ્ઠયાશી (૮૮) હાથનાં ઘરો હતાં. ૨

### उपजाति.

ग्रामैकलक्षद्वयमस्तियस्य । प्रोक्तोमहामंडलिकोनरेंद्रः ॥
अशीतिहस्तंद्विकरेणहीनं । कुर्याद्गृहंशोभनमेवतस्य ॥ ३ ॥

**અર્થ:**—જે રાજાને એક અથવા બે લાખ ગામો હોય તેને મહામંડળિક કહેવો. તે મહામંડલિક રાજાનું ઘર અઠ્ઠ્યોતેર (૭૮)હાથનું શોભાયમાન કરવું. ૩

पंचायुतेशोनृपमंडलीको । भवेद्गृहंतस्यकराष्टषष्टिः ॥
सामंतमुख्योद्वयुताधिपोसौ । तद्गेहमष्टेषुकरप्रमाणं ॥ ४ ॥

**અર્થ:**—પચાસ હજાર ગામ હોય એવા મંડલિક રાજાનું અડસઠ (૬૮) હાથનું ઘર કરવું અને વીસ હજાર ગામ હોય એવા મુખ્ય સામંત રાજાનું અઠ્ઠાવન (૫૮) હાથનું ઘર કરવું. ૪

सामंतसंज्ञायुतनाथएव । तद्वेश्मपंचाशदपिद्विहीनं ॥
तथातृतीयोपिततोर्धहीन । स्त्रिंशत्कराष्टाधिकमेवगेहं ॥ ५ ॥

"Aho Shrutgyanam"

**અર્થ**:—દશ હજાર ગામનો ધણી જે સામંત રાજા હોય તેનું અડતાળીસ (૪૮) હાથનું ઘર કરવું, અને જે પાંચ હજાર ગામનો ધણી સામંત રાજા હોય તેનું બત્રીશ (૩૨) હાથનું ઘર કરવું. ૫.

## इंद्रवज्रा.

प्रोक्तःप्रवीणैश्चतुराशिकोसौ । ग्रामाहियस्यैवसहस्त्रमेकं ।
अष्टाधिकंविंशतिहस्तहर्म्यं । सिध्यैसमस्तानियथोदितानि ॥६॥

**અર્થ**:—જે રાજાને એક હજાર ગામ હોય તે ચોરાસીનો ધણી કહેવાય માટે તેવા રાજાનું ઘર અઠ્ઠાવીસ હાથનું કરવું. એ રીતે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઘરો કરવાથી સિદ્ધિ થાય છે, પણ તેથી ઉલટી રીતે ઘરો કરવામાં આવે તો હાનિ થાય છે. ૬

## उपजाति.

ग्रामाधिपायेतुशताधिपाश्च । तेस्वल्पराष्ट्राअपिसैन्यपाश्च ॥
तेषांगृहाअष्टदशाधिकैश्च । करैःसमानामुनिनिर्मिताश्च ॥७॥

**અર્થ**:—સો (૧૦૦) ગામનો ધણી જે હોય તે અલ્પ દેશનો રાજા કહેવાય માટે તેવા રાજાનું અને [1]સેનાપતિનું એ બન્નેનું ઘર અઢાર હાથનું કરવું એમ મુનીશ્વરોએ કહ્યું છે. ૭

भूपालयार्धेनचमंत्रिगेहं । यथाधिकारेणभवंतिहीनं ॥
व्यासाद्दशांशाधिकमेवदैर्घ्यं । कुर्यादथोपंचमभागमिष्टं ॥ ८ ॥

**અર્થ**:—રાજાના ઘર કરતાં તેના મંત્રીનું (પ્રધાનનું) અર્ધ ભાગનું ઘર કરવું, તથા મંત્રીથી અનુક્રમે ઉતરતા અધિકારીઓનાં ઘરો પણ પ્રધાનના ઘરથી અનુક્રમે અર્ધ અર્ધ ભાગનાં કરવાં, તેમજ ઘરોનો જેટલો વિસ્તાર (પહોળાઇ) કરવો કહ્યો છે તે દરેક ઘરની પહોળાઈ હોય તેનો દશાંશ ભાગ $\frac{૧}{૧૦}$ ઘરની લંબાઇમાં વધારી લાંબું ઘર કરવું અથવા પહોળાઇનો પંચમાંશ $\frac{૧}{૫}$ લંબાઇમાં ઉમેરી ઘરની લંબાઇ કરવી. ૮

गृहंचतुर्हस्तमितंकरादि । वृद्ध्याद्विरामांतमितिप्रमाणं ॥
ततःपरंभूपतिमंदिराणि । यावच्छतंचाष्टकराभियुक्तं ॥ ९ ॥

---

૧ સેનાપતિનું ઘર અને સો ગામના રાજાનું ઘર એ બન્નેનાં અઢાર અઢાર હાથનાં ઘરો કરવાનું કહ્યું છે. તે ઉપરથી સો ગામના રાજાનો સેનાપતિ સમજવાનું નથી પણ પૂર્વે કહેલા સામંત રાજાઓના સેનાપતિ સમજવા. કારણ કે આ રાજવલ્લભ ગ્રંથમાં બહુ ટુંકામાં સમાસ કરેલો છે પણ બીજા ગ્રંથોમાં એ બાબતનો વધારે ખુલાસો છે.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—ચાર હાથથી માંડીને બત્રીસ ( ૩૨ ) હાથ સુધીના વિસ્તારવાળું ઘર સાધારણ મનુષ્યોને હોય અને તેથી ઉપરાંત એકસોને આઠ ( ૧૦૮ ) હાથ સુધીના વિસ્તારવાળાં ઘરો રાજાઓનાં કરવાં જોઇયે ॥ ૯ ॥

**स्यद्भूमिरेकावसुहस्तगेहे । दशाभिवृध्याचपुनर्द्वितीया ॥**
**प्रासादएवामरभूपयोश्च । हर्म्याणिलोकेमुनिनोदितानि ॥१०॥**

**અર્થઃ**—આઠ હાથનું ઘર હોય તો તેને એક ભૂમિ કરવી અને અઢાર હાથનું ઘર હોય તો તેને બે ભૂમિ કરવી. પણ દેવનું અથવા રાજાનું ઘર હોય તો તેને પ્રાસાદ કહેવાય અને બીજા સાધારણ લોકોનાં ઘરને હર્મ્ય કહેવાય, એમ મુનિઓએ કહ્યું છે. ૧૦

## शार्दूलविक्रीडित.

**शालायानवधाचपंचकरतोमानंचविश्वांतकं**
**भित्तेरेवचतुर्दशांगुलमितंयावत्सपादंकरं ॥**
**आगारस्यचषोडशांशरहितोप्यर्द्धेनहीनोथवा**
**भित्तेर्मानमिदंत्रिधाविरचितंकल्प्यंयथायोग्यतः ॥११॥**

**અર્થઃ**—શાળાઓ નવ પ્રકારની થાય છે. તે એવી રીતે કે, પાંચ હાથથી માંડીને તેર હાથ સુધીની કરવી, [ ૧ પાંચ હાથની, ૨ છ હાથ, ૩ સાત, ૪ આઠ, ૫ નવ, ૬ દશ, ૭ અગિયાર, ૮ બાર, ૯ તેર હાથ સુધી કરવી. ] તે શાળાઓની ભિંતનું માન [ પાયાનો અથવા ભિંતનો ઓસાર ] ચૌદ [ ૧૪ ] આંગુળથી તે સવા હાથ સુધીના ઓસારવાળી ભિંત કરવી અગર તેમ નહિ તો ઘરના માપથી [ ઘરના વિસ્તારથી ] સાડા સોળમો અંશ અથવા અર્ધ અંશ ઓછો અર્થાત્ સાડાપન્નર અંશના ઓસારવાળી ભિંત કરવી, એ રીતે ભિંતના ઓસારનું માન ત્રણ પ્રકારનું કહ્યું છે માટે જ્યાં જેમ ઘટે તેવી રીતે યથાયોગ્ય માન કરવું જોઇએ. ૧૧

**दैर्घ्येचंद्रकलांगुलोत्तमशिलामध्यांगुलोनांतिमा**
**व्यासोदिभवभूभृदुच्छ्रितिरपित्र्यंशेनविस्तारतः**
**हस्तादेस्त्रिकरोदयंनवविधंपीठंगृहेसर्वतः**
**विप्रादेरसभूतवेदगुणकाःस्युःपीठकेमेखलाः ॥ १२ ॥**

**અર્થઃ**—જે શિળા સોળ આંગુળ લાંબી હોય તે ઉત્તમ શિળા જાણવી,

"Aho Shrutgyanam"

તથા પન્નર આંગુળ લાંબી હોય તે મધ્યમ, અને ચૌદ આંગુળ લાંબી હોય તે કનિષ્ઠ શિળા જાણવી; એ સોળ આંગુળ લાંબી હોય અને દશ આંગુળ પહોળી હોય તો તે ઉત્તમ શિળા જાણવી, તથા પંદર આંગુળ લાંબી ને નવ આંગુળ પહોળી હોય તો તે મધ્યમ શિળા જાણવી. ચૌદ આંગુળ લાંબી ને સાત આંગુળ પહોળી હોય તો તે કનિષ્ઠ શિળા જાણવી, એવી જે શિળાઓ કહી તે શિળાઓ જેટલા માનમાં પહોળી હોય તેટલા માનથી એક તૃતીયાંશ ⅓ દળમાં જાડી હોવી જોઈએ; તેમજ શાળાની પીઠ અથવા ભૂમિનો મથાળો અથવા ભૂમિતળની ઉંચાઇ અર્થાત્ પીઠનો ઉદય એક હાથથી માંડીને ત્રણ હાથ સુધી નવ પ્રકારનો હોવો જોઇએ. તે એવી રીતે કે,—

૧ એક હાથની ઉંચાઇ, ૧। સવા હાથની, ૧॥ દોઢ હાથ, ૧॥। પોણાબે હાથ, ૨ બે હાથ, ૨। સવાબે હાથ, ૨॥ અઢી હાથ, ૨॥। પોણાત્રણ હાથ અને ૩ ત્રણ હાથ સુધી જોઇએ. તે શાળા બ્રાહ્મણની હોય તો તે આગળ છ હાથની મેખળા ( પરિધિ ) જોઇએ; તથા ક્ષાત્રયના ઘર આગળ પાંચ હાથની, વૈશ્યના ઘર આગળ ચાર હાથની, અને શૂદ્રના ઘર આગળ ત્રણ હાથની મેખળા જોઇએ.

षष्ठ्यावाथशतार्धसप्ततियुतैर्व्यासस्यहस्तांगुलैः
द्वारस्योदयकोभवेच्चभवनेमध्यःकनिष्ठोत्तमौ ॥
दैर्घ्यार्धेनचविस्तरःशशिकळाभागोधिकःशस्यते
दैर्घ्यात्त्र्यंशविहीनमर्धरहितंमध्यंकनिष्ठंक्रमात् ॥१३॥

**અર્થઃ**—ઘરની પહોળાઈ જેટલા હાથ હોય તેટલા આંગુલોમાં સાઠ (૬૦) આંગુળો મેળવતાં એકંદર જેટલા આંગુળો થાય તેટલો ઘરના દ્વારનો ઉદય કરવો. તે ઉદય મધ્યમમાનનો કહેવાય, તથા ઘરનો જેટલો વિસ્તાર હોય તેટલા આંગુળોમાં પચાસ (૫૦) આંગુળો મેળવતાં જેટલા આંગુળો થાય તેટલો દ્વારનો ઉદય કરવો તે કનિષ્ઠમાનનો ઉદય કહેવાય અને ઘરની પહોળાઈ જેટલા ગજ હોય તેટલા આંગુળોમાં સીતેર (૭૦) આંગુળો મેળવી ગણુતાં જેટલા આંગુળો થાય તેટલા માનનો દ્વારનો ઉદય કરવામાં આવે તે ઉત્તમ —જયેષ્ઠ પ્રકારનું દ્વાર કહેવાય. (ઘરની જમીનઃજેટલા હાથ પહોળી હોય તેટલા આંગુળો લઇ તેમાં ૫૦–૬૦–૭૦ ઉમેરવા ) એ રીતે ઘરના દ્વારના ઉદય ત્રણ પ્રકારના કહ્યા છે અને હવે ઘરના દ્વારના વિસ્તાર અથવા પહોળાઈ માટેની એવી રીત છે કે,—

"Aho Shrutgyanam"

ઘરના દ્વારનો જે ઉદય હોય તે ઉદયનો અર્ધભાગ લઇને પછી આખા ઉદયનો સોળમો અંશ $\frac{1}{16}$ તે અર્ધ ભાગમાં મેળવતાં જેટલા આંગુળો થાય તેટલા આંગુળો પ્રમાણે દ્વારની પહોળાઈ કરવામાં આવે તો શ્રેષ્ઠ છે, તથા દ્વારનો જે ઉદય હોય તેમાંથી ત્રીજો ભાગ બાદ કરી બાકી રહેલા બે ભાગ જેટલી પહોળાઇ કરવામાં આવે તો તે મધ્યમ દ્વાર કહેવાય અને ઘરના દ્વારનો જે ઉદય હોય તેના અર્ધભાગની પહોળાઈ કરવામાં આવે તો તે કનિષ્ઠ પ્રકારનું દ્વાર જાણવું. ૧૩

## उपजाति.

**ज्येष्ठाप्रतोलीतिथिहस्तसंख्या । प्रोक्तोदयेविश्वकराचमध्या ॥**
**कनिष्ठिकारुद्रकराक्रमेण । व्यासेष्टसप्तैवचरागसंख्या ॥ १४ ॥**

**અર્થ**:—જે પોળ અથવા દરવાજાનો ઉદય પંદર (૧૫) હાથ હોય તે જ્યેષ્ઠમાન કહેવાય, તથા તેર (૧૩) ઉદય હોય તે મધ્યમમાન કહેવાય; અને અગિયાર (૧૧) હાથ ઉદય હોય તે કનિષ્ઠ માન કહેવાય, આઠ હાથનો વ્યાસ હોય તે જ્યેષ્ઠમાન કહેવાય તથા સાત હાથ વ્યાસ હોય તે મધ્યમમાન કહેવાય અને જે દરવાજાનો વ્યાસ છ હાથ હોય તે કનિષ્ઠ માન કહેવાય. ૧૪

## शार्दूलविक्रीडित.

**वेश्मव्यासकलांशकेयुगगुणैर्हस्तैस्त्रिसार्द्धैर्युते ।**
**हर्म्यस्यत्रिविधोदयःक्षितितलाद्यावच्चपट्टोर्द्धकं ॥**
**एकैकोपिपुनस्त्रिधानिगादितःसर्वेतएकादश ।**
**क्षेप्याःषण्नवतौनखाःशशिकलाअष्टादशाद्यास्त्रिधा ॥ १५ ॥**

**અર્થ**:—ઘરના ઉદય માટે એવી રીત છે કે, ઘરના વ્યાસનો સોળમો અંશ લઇ તે અંશમાં ચાર હાથ ઉમેરી ઘરનો ઉદય કરવામાં આવે તો તે જ્યેષ્ઠ પ્રકારનો ઉદય જાણવો, ઘરના વ્યાસના સોળમા અંશમાં ત્રણ હાથ ઉમેરી ઉદય કરવામાં આવે તો તે કનિષ્ઠ પ્રકારનો ઉદય જાણવો અને ઘરના વ્યાસના સોળમા અંશમાં સાડાત્રણ હાથ ઉમેરી ઘરનો ઉદય કરવામાં આવે તો તે મધ્યમ માનનો ઉદય સમજવો. એ રીતે ત્રણ પ્રકારના ઉદય છે. તે શાળાની પીઠ અથવા ઘરની ભૂમિતળથી મેડીના પાટડાના મથાળા સુધી ગણાય છે. એ ત્રણ પ્રકારના ઉદય થાયછે ને તે દરેક ઉદયના બીજા ત્રણ ત્રણ ભેદે કરીને [૧]બાર પ્રકારના ઉદય થાય છે, પણ તેમાંથી અગિયાર પ્રકારના ઉદય ગણવામાં આવે છે તે એવી રીતે કે:—

"Aho Shrutgyanam"

ચાર હાથના છન્નુ આંગુળો ( ૯૬ ) થાય તેમાં વીસ ( ૨૦ ) આંગુળો મેળવતાં એક સો ને સોળ આંગુળો ( ૧૧૬ ) થાય માટે તેટલો ઘરનો ઉદય થાય તો તે "જ્યેષ્ઠ જ્યેષ્ઠ" ઉદય જાણવો, તથા ચાર હાથના છન્નુ (૯૬) આંગુળોમાં સોળ ( ૧૬ ) આંગુળો મેળવતાં એક સો ને બાર ( ૧૧૨ ) આંગુળો થાય તે પ્રમાણેનો ઉદય કરવામાં આવે તો તે " જ્યેષ્ઠ કનિષ્ઠ " ઉદય જાણવો, અને ચાર હાથના છન્નુ ( ૯૬ ) આંગુળોમાં અઢાર ( ૧૮ ) આંગળો મેળવતાં એક સો ને ચૌદ ( ૧૧૪ ) આંગુળો થાય તેટલો ઉદય હોય તો તે "જ્યેષ્ઠ મધ્યમ " ઉદય જાણવો. ૧૫

---

૧ ઉપર બતાવેલા ઘરના ઉદયોમાં અગિયાર ઉદયો ગણવામાં આવે છે તેની સમજ અને બાર ઉદયની સમજ આ નીચે બતાવવામાં આવીછે તે વાંચવાથી સેહેલી રીતે સમજ પડશે.

### મુખ્ય ઉદય.

(૧) પાંચ ગજનો ઉદય હોય તે જ્યેષ્ઠ ઉદય, (૨) ચાર ગજનો ઉદય હોય તે કનિષ્ઠ ઉદય, અને (૩) જે ઘરનો સાડાચાર ગજનો ઉદય હોય તે મધ્યમ ઉદય કહેવાય, આ ઉદયોમાં જ્યેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એવો અનુક્રમ બતાવ્યો નથી પણ ઉલટ સુલટ બતાવ્યો છે માટે આ નીચે અનુક્રમે છે. (૧) પાંચ ગજ ઉદયવાળું ઘર જ્યેષ્ઠ. (૨) સાડાચાર ગજ ઉદયવાળું ઘર મધ્યમ. (૩) ચાર ગજ ઉદયવાળું ઘર કનિષ્ઠ.

### હવે નવ પેટા ભેદોદય.

એકસો ને સોળ ( ૧૧૬ ) આંગુળના ઉદયવાળું ઘર "જ્યેષ્ઠ જ્યેષ્ઠ" નામનું સમજવું, ૧. તથા એકસો ને ચઉદ (૧૧૪) આંગુળના ઉદયવાળું ઘર "જ્યેષ્ઠ મધ્યમ" માનનું સમજવું; ૨. તથા એકસો ને બાર ( ૧૧૨ ) આંગુળના ઉદયવાળું ઘર "જ્યેષ્ઠ કનિષ્ઠ" માનનું સમજવું, ૩. તથા એકસો ને અગિયાર ( ૧૧૧ ) આંગુળના ઉદયવાળું ઘર "મધ્યમ જ્યેષ્ઠ" સમજવું, ૪. તથા એકસો ને પાંચ ( ૧૦૫ ) આંગુળના ઊદયવાળું ઘર "મધ્યમ મધ્યમ" માનનું સમજવું, ૫. તથા નવ્વાણું (૯૯) આંગુળના ઊદયવાળું ઘર "મધ્યમ કનિષ્ઠ" સમજવું, ૬. તથા નવ્વાણું ( ૯૯ ) આંગુળના ઊદયવાળું ઘર "કનિષ્ઠ જ્યેષ્ઠ " માનનું સમજવું, ૭. તથા ત્રાણું ( ૯૩ ) આંગુળના ઊદયવાળું ઘર " કનિષ્ઠ મધ્યમ " સમજવું, ૮. તથા સત્યાસી ( ૮૭ ) આંગુળના ઊદયવાળું ઘર " કનિષ્ઠ કનિષ્ઠ" માનનું સમજવું. ૯

એ રીતે બાર પ્રકારના ઊદયો છે તેમ છતાં અગિયાર પ્રકાર ગણવાનું કારણ એવું છે કે છઠ્ઠા અને સાતમા ઘરનો ઊદય નવ્વાણું ( ૯૯ ) આંગુળોનો છે એટલે એ બન્ને ભેદોને એક ભેદમાં ગણી ગ્રંથકર્તાએ અગિયાર ભેદો કહેલા હોય એમ સમજાય છે, પણ મુખ્ય ઊદય તો ત્રણ (૩) છે અને નવ (૯) પેટા ઉદય મળી બાર ( ૧૨ ) ઉદયો છે.

"Aho Shrutgyanam"

सा.ना.भा ५



द्वारना व्यासना सातमा भाग जेटली जाडी शाखा करवी.




५ हाथ शालानी भीतनो व्यास.
१४ अंगुळ.

स्केल १ गजे .।। इंच × ।। इंच.


सौभाग्यपट्टी अं ४
थर २




उदय ३॥ गजशालाना
व्यासनो १६ मो अंशनाळो
उदयके थोडे १ ग। अर्धे इंचस्केल.







"Aho Shrutgyanam"

८६/४ राय। आ५










"Aho Shrutgyanam"

त्रिस्थानेयुगपर्वतास्तिथियुताधिष्ण्येकविंशान्विता
मध्योयंत्रिकरैस्तदंशसहितैःप्रोक्तःकनिष्ठस्त्रिधा ॥
वृक्षंदग्धविशुष्ककंटकयुतंनीडैस्तुचैत्यद्रुमं
क्षैरंमारुतपातितंचभवनेचिंचांबिभीतंत्यजेत् ॥ १६ ॥

**અર્થ**:—સાડાત્રણ ગજના ચોરાશી (૮૪) આંગુળોમાં પંદર (૧૫) આંગુળો મેળવતાં નવ્વાણું (૯૯) આંગુળો થાય. તેટલો ઉદય હોય તો તે "મધ્યમ કનિષ્ઠ" ઉદય જાણવો, સાડાત્રણ ગજના ચોરાશી (૮૪) આંગુળોમાં સત્યાવિશ (૨૭) આંગુળો મેળવતાં એક સો ને અગિયાર (૧૧૧) આંગુળો થાય તે પ્રમાણે હોય તો તે "મધ્યમ જ્યેષ્ઠ" ઉદય જાણવો, સાડા ત્રણ હાથના ચોરાસી (૮૪) આંગુળોમાં એકવીસ (૨૧) આંગુળો મેળવતાં એક સો ને પાંચ (૧૦૫) આંગુળો થાય તેટલો ઉદય હોય તો તે "મધ્યમ મધ્યમ" ઉદય જાણવો, ત્રણ ગજના બહોત્તેર (૭૨) આંગુળોમાં પન્નર (૧૫) આંગુળો મેળવતાં સત્યાસી (૮૭) આંગુળો થાય તેટલો ઉદય હોય તે "કનિષ્ઠ કનિષ્ઠ" ઉદય જાણવો, તથા ત્રણ ગજના બહોત્તેર (૭૨) આંગુળોમાં સત્યાવિશ આંગુળો મેળવતાં નવ્વાણું (૯૯) આંગુળો થાય તે પ્રમાણે ઉદય હોય તો તે "કનિષ્ઠ જ્યેષ્ઠ" ઉદય જાણવો, તથા ત્રણ હાથના બહોત્તેર (૭૨) આંગુળોમાં એકવીસ (૨૧) આંગુળો મેળવતાં ત્રાણું (૯૩) આંગુળો થાય તેટલો ઉદય હોય તો તે "કનિષ્ઠ મધ્યમ" ઉદય જાણવો. ( આ અર્ધા શ્લોકનો અર્થ થયો. )

ઘરના ગામમાં આવેલું વૃક્ષ, પોતાની મેળે ઉભું સૂકાઈ ગયેલું વૃક્ષ, જેમાં પક્ષિયોના માળા હોય તેવું વૃક્ષ, દેવાલય પાસેનું વૃક્ષ, જેમાં ભૂત પ્રેતાદિ વસતાં હોય તેવું વૃક્ષ, દૂધવાળું વૃક્ષ, પવનવડે પડી ગયેલું વૃક્ષ, આંબલીનું વૃક્ષ, અને બહેડાનું વૃક્ષ. એટલા પ્રકારનાં ઝાડોનાં લાકડાં વાપરવાં નહિ. ૧૬

शाकःशालमधुकसर्जखदिरारक्तासनाःशोभनाः
एकोमौसरलोर्जुनश्चपनसःश्रीपर्णिकाशींशपाः ॥
हारिद्रस्त्वपिचंदनःसुरतरुःपद्माख्यकस्तिंदुकः
नैतेन्येनयुताभवंतिफलदाःशाकादयःशोभनाः ॥ १७ ॥

**અર્થ**:—સાગ, શાળ, મહુડો, +સર્જ, ખેર અને બિયો. એટલાં વૃક્ષોનાં કાષ્ઠો એક ઘરમાં ભેગાં હોય અથવા એટલાં ઝાડોમાંથી ગમે તો એકજ વૃક્ષ જાતિનાં લાકડાં ઘરમાં હોય તો તે શ્રેષ્ઠ છે, તથા [1]સરલ, [2]અર્જુનવૃક્ષ, પનસ અથવા ફનસ, [3]શ્રીપર્ણિકા, શીશમ, હળદરવો, ચંદન [4]સુરતરુ, પદ્માક અને ટીંબરણ, એટલાં વૃક્ષોનાં કાષ્ઠો એક ઘરમાં ભેગાં વાપરવાં નહિ. માટે એવાં વૃક્ષોમાંથી તો એકજ જાતિનાં વૃક્ષોનાં કાષ્ઠો વાપરવાં એ સારું છે. ૧૭

"Aho Shrutgyanam"

## उपजाति.

गेहोदयंतुविभजेन्नवधाषडंश । स्तंभोर्द्धभागसमकंभरणंशिरश्च ॥
कुंभीह्युदंबरसमैकविभागतुल्या । पट्टश्चतंत्रिकयुतःसममानएव ।१८।

**અર્થ**:—ઘરના ભૂમિતળથી પાટડા સુધી ઘરના ઉદયના નવ ભાગો કરવા પણ તે નવમાંથી છ ભાગોનો સ્તંભ કરવો, તથા અર્ધ ભાગનું ભરણું કરવું, તથા અર્ધ ભાગનું સરૂ કરવું, તથા એક ભાગની કુંભી ઉંબરાના મથાળા બરોબર કરવી, અને બાકીના એક ભાગનો *કનેરી સુદ્ધાંત પાટડો કરવો.

## शार्दूलविक्रीडित.

शालालिंदउदीरितोहिविबुधैःबाणेषुयुग्मांशकः
सप्तांशेषुगुणैश्चनंदपदतोवेदांशतुल्यस्तथा ॥
कापाटंगहदक्षिणेनिगदितंवामेभवेदर्गला
सृष्ट्यानिःक्रमणंकृतंमुनिवरैर्द्वारेषुसर्वेषुयत् ॥ १९ ॥

**અર્થ**:—ઘર કરવાની જમીનના પાંચ ભાગો કરી તેમાંથી બે ભાગની મધ્યશાળા ( મધ્યપદો કરવી અને બાકીના ત્રણ ભાગની જમીનમાંથી દોડ દોડ ભાગના બે પદો બે તરફ થાય પ્રતિશાળ અથવા પરશાલ કરવી ) તેમજ ઘરની જમીનના સાત ભાગો કરી તેમાંથી ત્રણ ભાગોની શાળા કરવી અને બાકીના ચાર ભાગોમાંથી બે બે ભાગોની બે તરફ પ્રતિશાળા કરવી. તેમજ ઘરની જમીનના નવ ભાગો કરી તેમાંથી ચાર ભાગોની શાળા અને બાકીના પાંચ ભાગોમાંથી અઢી અઢી ભાગની બે તરફ બે પ્રતિશાલ કરવી એવા ઘરના દ્વારને એક કમાડ કરવું હોય તો ઘરની જમણી તરફ કરવું અને ઘરના ડાબા અંગે અર્ગલા અથવા ભૂંગળ રાખવી તથા ઘરના સર્વે દ્વારોમાંથી સૃષ્ટિમાર્ગે નીકળવું તે શ્રેષ્ઠ છે. ૧૯

## इंद्रवज्रा.

शालाजिनांशैर्मनुरेवमध्ये । त्रयोहयांतेद्वयमस्यपार्श्वे ॥
द्वारोत्तमांगेनसमानकर्णा । शस्तानशस्ताभवनाभिवक्रा ॥२०॥

---

૩ શ્રીપર્ણિકા એટલે કાયફળનું ઝાડ એમ શબ્દરત્નાકરની ટીકામાં છે પણ એ વૃક્ષો કોકણમાં ઘણાં છે તે માટે આગળ લખાઇ ગયું છે. ૪ કલ્પવૃક્ષ ( આંબો હોય. )

* કનેરી પાટડાના મથાળે આવે છે તે તંત્રક અથવા તાંતરો જેના ઉદયમાંથી કનેરી નીકળે છે તે.

"Aho Shrutgyanam"

८८/१ रा. व. अ. ५

भाग २४



घोडा गर्भ

भाग ३२



घोडा गर्भ

भाग १४



घोडा. गर्भ.

"Aho Shrutgyanam"

रा।अ।५




५
शाला
अलिंद.




शाला-
अलिंद.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—શાળાના ચોવીસ ભાગો કરી તેમાંથી ચૌદ ભાગો મધ્યમાં રાખી બન્ને તરફ ત્રણ ત્રણ ભાગે ઘોડાગર્ભ આવે, અને વળી તે પછી બે બે ભાગે ઘોડાગર્ભ બન્ને તરફ આવે, તથા દ્વાર ઉપરના ઉત્તરંગના તળાંચા [ ઉત્તરંગના નીચેનો ભાગ ] બરોબર ઘોડાઓના કાનો રાખવા [ ઉત્તરંગના તળાંચાથી ઘોડાના કાનો ઉંચા થવા જોઈએ ] એ સારા છે પણ, દ્વારના સામે અથવા દ્વારના ગર્ભે ઘોડો આવે તે સારું નહીં. ૨૦

## उपजाति.

**दीपालयोदक्षिणदिग्विभागे । सदाविधेयोर्गलयासमानः ॥**
**वामेचमध्येनशुभायगेहेसुरालयेवामदिशीष्टसिध्यै ॥ २१ ॥**

**અર્થઃ**—દીવો મુકવાનું આલય અથવા આળિયું ઘરના જમણા અંગે રાખવું. તે આલયની ઉંચાઈ દ્વાર માટેની અર્ગલા અથવા ભુંગળ રહેતી હોય તે અને દીપાલય એ બે એક સૂત્રમાં હોવાં જોઇએ, પણ એ દીપકાલયનું સ્થાન ઘરના ડાબા અંગે અથવા હરેક બીજા ભાગમાં અથવા ઘરના મધ્ય ભાગમાં ઇત્યાદિ ઠેકાણે કરવું નહિ એમ કહ્યું છે; પણ દેવમંદિરના ડાબા અંગે દીપાલય હોય તો તે સારું છે. ૨૧

## शार्दूलविक्रीडित.

**द्वाराग्रेखटकीमुखंचतदधोद्वाःषोडशांशाधिकं**
**सर्वंवाशुभमिच्छताचसततंकार्यंतुपट्टादधः ॥**
**तन्नूनंनशुभंतुलातलगतंकुक्षौतथापृष्टगं**
**काष्ठंपंचकएवनीतमाहितंयन्मूलपूर्वोत्तरं ॥ २२ ॥**

**અર્થઃ**—ઘરના દ્વાર આગળ ખડકીદ્વાર કરવું એ બાબતની એવી રીત છે કે, ઘરના દ્વારનો જેટલો ઉદય હોય તેટલા ઉદયમાંથી [ ૧૬ ] સોળમો અંશ ખડકીના દ્વારમાં ઉમેરી ગણતાં જેટલું થાય તેટલા ઉદયવાળું ખડકીનું દ્વાર કરવું.

ખડકીના દ્વારનો ઉદય વધારવાનું જે કહ્યું છે તે દ્વારના ઉપરના ભાગમાં નહિ પણ, ખડકીના દ્વારના નીચેના ભાગમાં વધારવાનું છે એમ સમજવું. અર્થાત્ ઘરના દ્વારના ઉત્તરંગ અને ખડકીના દ્વારનો ઉત્તરંગ એ બે એકજ સૂત્રમાં ઉદય હોય; પણ ઘરના દ્વારના ઉંબરાથી ખડકીના દ્વારનો ઉંબરો નીચો રાખવામાં આવે છે માટે તે નીચાઇના ભાગમાં સોળમો અંશ વધારવો. તોપણ ઘરના દ્વારના ઉંબરાથી ખડકીદ્વારનો ઉંબરો નીચોજ હોવો જોઇએ.

"Aho Shrutgyanam"

મનુષ્યો પોતાનું શુભ ઈચ્છનાર હોય તેમણે ઘરનાં દ્વારકામો પાટડાથી નીચે રાખવાં પણ તુળા તળગત એટલે ગમે તે દ્વાર પાટડાના તળાંચાથી ઊંચું થવું જોઇએ નહિ, અને તેજ રીતે મુખ્ય શાળાના દ્વારની ઉંચાઈથી બીજા સર્વ દ્વારોનો નીચેનો ભાગ [ ઊંબરા નીચા રાખવા ] નીચોજ રાખવો; તેમજ કુક્ષ અને પંછળના ભાગમાં પણ જાદે કમી ન કરતાં સરખાં દ્વારો રાખવાં જોઇએ, અને ઘરના કામમાં જોઈતાં લાકડાં પંચકમાં લાવવાં નહિ. તે લાકડાનાં મૂળો અથવા થડો ઘરને વિષે પૂર્વ અને ઉત્તર દિશા સામે રાખવાં નહિ. ૨૨

## શાલિની.

**द्वारोर्द्धेयद्वारमस्यप्रमाणं । संकीर्णवाशोभनंनाधिकंतत् ॥**
**ह्स्वद्वाराण्येवयानिप्रथूनि । तेषांशीर्षाण्येकसूत्राणिकुर्यात् ॥२३॥**

**અર્થ:**—ઘરના દ્વાર ઉપર દ્વાર મુકવામાં આવે તે દ્વાર, ઘરના નીચેના દ્વાર પ્રમાણે કરવું. નીચેના દ્વારથી ઉપરનું દ્વાર સાંકડું કરવું પણ તે સુશોભિત કરવું. નીચેના દ્વાર કરતાં ઉપરનું દ્વાર પહોળું કરવું નહિ તેમજ ઉદયમાં વધારવું નહિ. નાનાં અને મોટાં એ સર્વ દ્વારોનાં મથાળાં સમસૂત્ર રાખવાં જોઈએ. અર્થાત્ નીચેના દ્વારના મથાળા પ્રમાણે નીચેનાં સર્વ અને ઉપરના દ્વારના મથાળા પ્રમાણે ઉપરનાં સર્વ દ્વારોનાં મથાળાં એક સૂત્રમાં રાખવાં કહ્યાં છે. ૨૩

**सर्वंद्वारंचीयमानंरुजायै । यद्वाऽह्स्वंतत्करोत्यर्थनाशं ॥**
**गेहाद्यंयत्पूर्ववास्तुस्वरुपं । तेषांभंगान्नैवसौख्यंकदाचित् ॥२४॥**

**અર્થ:**—તૈયાર થએલાં સર્વ પ્રકારનાં દ્વારોમાંથી કોઈ પણ દ્વાર ચણી લેવામાં આવે તો તેથી ઘરના મનુષ્યોમાં રોગ ઉત્પન્ન થાય, તથા પ્રથમથી જે પ્રમાણમાં દ્વાર હોય તે પ્રમાણ કરતાં જૂદા પ્રમાણ માટે પ્રથમનું દ્વાર પાડીનાનું અથવા મોટું દ્વાર કરવામાં આવે તો તેથી ધનનો નાશ થાય. એટલુંજ નહિ પણ પ્રથમનું ઘર જે વાસ્તુ પ્રમાણે હોય તે વાસ્તુનો ભંગ[1] કરવામાં આવે તો તેથી ઘરના માલિકને કોઈ દિવસ સુખ પ્રાપ્ત થાય નહિ. ૨૪

---

૧ વાસ્તુનો ભંગ એટલે ઉભેલા ઘરની રવશ અથવા આકૃતિ ફેરવી નવીન પ્રકાર કરવો હોય તો તે ઘરને પાયામાંથી ઊખેડી ફરી પાયો પૂરી, ફરી બીજી વખત વાસ્તુનું પૂજન કરી નવીન ઘર કરવું કહ્યું છે. પણ જીર્ણોદ્ધાર કરવો હોય તો પ્રથમના વાસ્તુનો ભંગ કરવો નહિ એમ સમજવાનું છે.

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

द्वारंव्यासरदांशतोधिकमिदंकार्यंगृहंदक्षिणे
तुल्यंहस्तिगृहंचवाजिसदनंतेनाधिकंवामतः ॥
अष्टांशेचनवांशकेचवितथेतोयेजयेंद्रेहितं
द्वारंसौम्यगृहक्षतेचकुसुमेभल्लाटकेशस्यते ॥ २५ ॥

**અર્થ**:—મનુષ્ય માટેના ઘરની પોવાળના બત્રીશ ભાગો કરી ગર્ભથી જમણી બાજુએ એક અંશ અથવા એક ભાગ વધારે રાખી (સત્તર ભાગો જમણી તરફ રાખી પન્નર ભાગોમાં) દ્વાર મુકવું, પણ હસ્તિશાળા હોય તો તેની પોવાળ બન્ને બાજુએ સરખી રાખી ગર્ભે દ્વાર મુકવું; તેમજ અશ્વશાળા (ઘોડાર) હોય તો તેની પોવાળના બત્રીશ ભાગો કરી ગર્ભથી ડાબી તરફ એક ભાગ વધારે રાખી દ્વાર મુકવું. શાળાના આઠ અથવા નવ ભાગો કરી તે શાળાની દક્ષિણ દિશામાં વિતથ દેવના ભાગમાં દ્વાર મુકવું, પશ્ચિમે વરૂણના ભાગમાં દ્વાર મુકવું, પૂર્વ દિશામાં જય અને ઇંદ્રિ એ બે દેવના ભાગમાં દ્વાર મુકવું, ઉત્તર દિશામાં સૌમ્ય અથવા કુબેર દેવના ભાગમાં દ્વાર મુકવું, દક્ષિણ દિશામાં ગૃહક્ષત દેવના ભાગમાં દ્વાર મુકવું, પશ્ચિમ દિશામાં પુષ્પદેવના ભાગમાં દ્વાર મુકવું અને ઉત્તર દિશામાં ભલ્લાટ દેવના ભાગમાં દ્વાર મુકવું. ૨૫

प्राग्द्वाराष्टकमध्यतोपिनशुभंसूर्येशपर्जन्यतो
याम्यायांचयमाग्निपौष्णमपरेशोषासुरंपापकं ॥
सौम्यायामथरोगनागगिरिजंत्याज्यंतथान्यच्छुभं
केश्चिद्वारुणसौम्यकंनहिहितंप्रोक्तंचवातायने ॥ २६ ॥

**અર્થ**:—પૂર્વ દિશાના આઠ ભાગોમાં સૂર્ય, ઈશિ અને પર્જન્ય, એ ત્રણ દેવોના વિભાગોમાં દ્વાર મુકવું નહિ; દક્ષિણ દિશાના આઠ ભાગોમાં યમ, અગ્નિ અને પૌષ્ણ (પૂષા એ ત્રણ દેવતાઓના વિભાગોમાં દ્વાર મુકવું નહિ; પશ્ચિમ દિશાના આઠ ભાગોમાં શેષ, અસુર અને પાપ, એ ત્રણ દેવતાઓના વિભાગોમાં દ્વાર મુકવું નહિ અને ઉત્તર દિશાના આઠ ભાગોમાં રોગ, નાગ અને શૈળ, એ ત્રણ દેવતાઓના વિભાગોમાં દ્વાર મુકવું નહિ. એ રીતે બતાવેલા બાર દેવોના વિભાગોમાં દ્વાર મુકવું નહિ. એ બાર વિના બીજા બધાય દેવો શુભ છે. વળી કેટલાક આચાર્યો કહે છે કે, પશ્ચિમ અને ઉત્તર દિશામાં જાળી મુકવી નહિ. ૨૬.

"Aho Shrutgyanam"

द्वारंविद्धमशोभनंचतरुणाकोणभ्रमस्तंभकैः ।
कूपेनापिचमार्गदेवभवनैर्विद्धंतथाकीलकैः ॥
उच्छ्रायाद्द्विगुणांविहायपृथिवींवेधोनाभित्त्यंतरे ।
प्राकारान्तरराजमार्गपरतोवेधोनकोणद्वये ॥ २७ ॥

**અર્થઃ**—દ્વારમાં વૃક્ષનો, [1]ખૂણાનો, [2]ભ્રમનો, [3]સ્તંભનો, [4]કૂવાનો, [5]ઘરમાં માર્ગ પડતો હોય તે, દેવમંદિરનો અને ખીલાનો (ઘરના દ્વાર વચ્ચે અથવા સામે કોઇ પ્રકારનો ખીલો હોય તેનો) એટલા પ્રકારના વેધો તજવા કહ્યા છે, પણ ઘરની ઉંચાઈ હોય તેથી બમણી જમીન છોડી દીધા પછી (ઘરની ઉંચાઈથી બમણી જમીન ઘરના દ્વાર સામે હોય તો) તેટલે છેટે કોઇ પ્રકારનો વેધ હોય તો તે વેધનો દોષ નથી. દ્વાર અને દ્વાર સામે જે વેધ આવતો હોય એ બે વચ્ચે ભિંત હોય તો વેધનો દોષ નથી. વેધ અને દ્વાર વચ્ચે કિલ્લો અથવા કોટ હોય તો વેધનો દોષ નથી. દ્વાર અને વેધ વચ્ચે રાજમાર્ગ હોય તો વેધનો દોષ નથી. અને દ્વાર તથા આવેલા વેધ વચ્ચે સામેના ઘરના બે ખૂણા આવતા હોય તો તેથી વેધદોષ લાગતો નથી.

दैर्घ्येसार्धशतांगुलंचदशभिर्हीनंचतुर्धाविधः
प्रोक्तंचाथशतंत्वशीतिसहितंयुक्तंनवत्याशतं ॥
तद्वद्षोडशभिःशतंचनवभिर्युक्तंतथाशीतिकं
द्वारंमत्स्यमतानुसारिदशकंयोग्यंविधेयंबुधैः ॥ २८ ॥

**અર્થ**—મત્સ્યપુરાણના મત પ્રમાણે દ્વારના ઉદય દશ પ્રકારના બતાવ્યા છે. તે એવી રીતે કે, એકસોને પચાસ (૧૫૦) આંગુળ પ્રમાણે ઘરના દ્વારનો ઉદાય કરવો ૧, એ દોઢસો આંગુળવાળા દ્વારના ઉદયમાં ચાર ભેદ છે; તે એવા કે, દરેક દ્વારના ઉદય માટે દોઢસોમાંથી દશ દશ આંગુળ ઓછું કરવામાં આવે છે. એકસોને ચાળીસ (૧૪૦) આંગુળ દ્વારનો ઉદય કરવો(૨) એકસોને ત્રીસ(૧૩૦) આંગુળનો ઉદય કરવો (૩) એકસોને વીસ (૧૨૦) આંગુળનો

૧ ઘરના દ્વાર વચ્ચે બીજાના ઘરના ખુણાનો વેધ આવવો જોઇએ નહિ.

૨ ઘાણી, તથા પાણીના અરટનો અને શેલડી પીલવાના કોલુ વગેરે ભ્રમોનો વેધ દ્વારમાં આવવો જોઇએ નહિ.

૩ બીજાના ઘરના સ્તંભાનો વેધ.

૪ દ્વાર સામે કૂવો ન જોઇએ.

૫ ઘરમાં બીજા લોકોને જવા આવવાનો માર્ગ હોય તો તે પણ વેધ છે માટે તે આવવા દેવો નહિ.

"Aho Shrutgyanam"

१२
―
१

गा।व।अ।५

पूर्व




पश्चिम.

पूर्व.




पश्चिम.

"Aho Shrutgyanam"

करानां २ भाग करी ते मांहेला १ भागनी उंचाइनो करानी टोचवे.




करानाउदयनो अर्ध अने करानां उदयना ४ च्यार भागने मांहेलो १ भागभेली नो करानां ४ भाग तेवा ३ भाग टोचढालनी उंचाइ वे




"Aho Shrutgyanam"

(૪) અને એકસોને દશ (૧૧૦) આંગુળ દ્વારનો ઉદય કરવો (૫), તેમજ એકસોને એંશી (૧૮૦) આંગુળ દ્વારનો ઉદય કરવો (૬), એકસોને નેવુ (૧૯૦) આંગુળ દ્વારનો ઉદય કરવો (૭), એકસોને સોળ (૧૧૬) આંગુળ દ્વારનો ઉદય કરવો (૮), એકસોને નવ (૧૦૯) આંગુળ દ્વારનો ઉદય કરવો (૯) અને એંશી (૮૦) આંગુળ દ્વારનો ઉદય કરવો (૧૦). એ રીતે (૧૫૦, ૧૪૦, ૧૩૦, ૧૨૦, ૧૧૦, ૧૮૦, ૧૯૦, ૧૧૬, ૧૦૯, ૮૦ ) દશ પ્રકાર દ્વારના ઉદયના કહ્યા છે માટે ડાહ્યા મનુષ્યે જેવું જ્યાં ઘટે તેવું ત્યાં દ્વાર કરવું.

## मालिनी.

स्वयमपिचकपाटोद्घाटनंवापिधानं
भयदमधिकहीनंशाखयोर्वाविचाले ॥
पुरुषयुवतिनाशंस्तंभशाखाविहीनं
भयदमखिलकाष्ठाग्रंयदाधःस्थितंस्यात् ॥ २९ ॥

**અર્થ:**—ઘરનાં દ્વાર પોતાની મેળે વસાઈ જાય અથવા બંધ થાય તેમજ પોતાની મેળે ઉઘડી જાય તો તે ભય ઉત્પન્ન કરે, દ્વારની શાખાઓ એક[1] તરફ પહોળી અને બીજી તરફ સાંકડી હોય તો તે પણ ભય પેદા કરે, તથા સ્તંભ અને શાખા વિનાનું દ્વાર હોય તો તેથી સ્ત્રી અથવા પુરુષનો નાશ કરે, અને દ્વારના સ્તંભો તેમજ શાખા વગેરે (દ્વારના કામમાં જેટલાં લાકડાં ઉભાં કરી રોકવામાં આવે છે તે) લાકડાંઓનાં મૂળ અથવા થડનો ભાગ નીચે અને ટોચનો ભાગ ઉંચો રાખવો જોઇએ તેમ છતાં તેથી ઉલટી રીતે રાખવામાં આવે તો તે પણ ભય પેદા કરનાર છે. ૨૯

## इंद्रवज्रा.

देवालयंवाभवनंमठश्च । भानोःकरैर्वायुभिरेवभिन्नं
तन्मूलभूमौपरिवर्जनीयं । छायागतायस्यगृहस्यकूपे ॥ ३० ॥

**અર્થ:**—દેવમંદિર, ઘર, મઠ ઇત્યાદિની પહેલી ભૂમિમાં સૂર્યનાં [2]કિરણ

---

૧ દ્વારની શાખ્યો ઘડતાં નીચે અથવા ઉપર એમ એક તરફ પહોળી રહી જાય અને બીજી તરફ સાંકડી રહે તો ખોટી છે.

૨ પ્રાસાદના ગંભારામાં તથા શાળા કે મઠના ઓરડામાં સૂર્યનાં કિરણો તથા પવનનો સંચાર થવો જોઇએ નહિ અર્થાત્ મંદિરના ગંભારામાં અને ઘર અથવા મઠની નીચેની ભૂમિમાં જાળી બારી વગેરે કાંઇ મુકવું નહિ. પણ મેડીના ભાગમાં જાળી બારી મુકવાની હરકત નથી.

"Aho Shrutgyanam"

તથા વાયુનો સંચાર આવવો જોઇએ નહિ, તથા જે ઘરની છાયા બીજા અથવા ત્રીજા પહોરે ઘરની પાસેના કૂવામાં ઉતરે તો તે ઘર શ્રેષ્ઠ કહેવાય નહિ. ૩૦

## उपजाति.

नैकोलघुर्वामदिशाविभागेमध्योद्धिश्दारुनवर्णगेहे ॥
स्तंभासनंहीनमपिक्षयाययदाधिकंरोगकरंतदास्यात् ॥३१॥

**અર્થ:**—ઘરની ડાબી તરફ એક અલિંદ હોય તે સારો નહિ તેમજ ઘર અથવા શાળામાં એક પાટડો તેમજ એક સ્તંભ હોય તો તે પણ સારો નહિ અને કુંભીના પ્રમાણથી કુંભી ઓછી હોય તો તે ક્ષય કરે તેમજ પ્રમાણથી વધારે હોય તો રોગ કરે. ૩૧

## शार्दूलविक्रीडित.

स्तंभोष्टास्त्रसुवृत्तभद्रसहितोरूपेणचालंकृतः
युक्तःपल्लवकैस्तथाभरणकंयत्पल्लवेनावृतं ॥
कुंभीभद्रयुताकुमारसहितंशीर्षंतथाकिन्नराः
पत्रंचेतिगृहेनशोभनमिदंप्रासादकेशस्यते ॥ ३२ ॥

**અર્થ:**—અષ્ટાસ્ર અથવા આઠ હાંસવાળો સ્તંભ, વૃત અથવા ગોળ સ્તંભ, [1]ભદ્ર સહિત સ્તંભ, મૂર્ત્તિથી અલંકૃત અથવા મૂર્ત્તિઓ કોતરેલી હોય એવો સ્તંભ, પલ્લવ અથવા પાંદડાં કોતરેલાં હોય એવો સ્તંભ અથવા સ્તંભના ભરણામાં પલ્લવ કોતરેલાં હોય એવો સ્તંભ, કુંભીમાં ભદ્ર હોય તેવો, તેમજ શરામાં [2]કીચક હોય એવો સ્તંભ, જેમાં [3]કિન્નર કોતરેલા હોય, તેમજ સ્તંભમાં પત્ર કોતરેલાં હોય, એ વગેરે બાબતોવાળો સ્તંભ ઘરવિષે સારો નહિ પણ [4]પ્રાસાદવિષે શ્રેષ્ઠ છે. ૩૨

---

૧ ભદ્ર એટલે જે સ્તંભામાં ચઢતા ઉતરતા ખાંચા હોય તે.

૨ કીચક એટલે સ્તંભાના મથાળે અને શરા ભરણા નીચે એક તરફ અથવા ચારે તરફ એક પ્રકારની બેડોળી મૂર્તિઓ બનાવવામાં આવે છે, તેનાં મોટાં પેટ જાણે ભારના કારણે નીકળેલાં હોય તેવાં રૂપ કીચકનાં છે. વિરાટ રાજાના સાળા કીચકને સ્તંભાના શરા નીચે ભીમે દાબવાથી તેવું રૂપ થયું છે.

૩ કિન્નર એટલે ગાંધર્વોનું નામ છે. જે વાદિત્રો વગાડતા હોય અથવા સાદા રૂપે હોય છે તે.

૪ પ્રાસાદ એટલે દેવમંદિર અને રાજાના મેહેલ એ બન્નેનું નામ પ્રાસાદ છે, તેવા પ્રાસાદોમાં એવા સ્તંભાઓ હોય તો દોષ નથી પણ સાધારણ લોકોના ઘરોમાં તેવા સ્તંભા જોઇએ નહિ એમ શિલ્પશાસ્ત્રકારોએ કહ્યું છે.

"Aho Shrutgyanam"

## उपजाति.

**स्तंभोद्वयोर्मध्यगतोनशस्तः । शुभंकरौपट्टयुगांशतोद्वौ ॥**
**गृहेप्रशस्ताश्चतुरस्रकास्ते । स्तंभानकंदेनविनाप्रशस्ताः॥३३॥**

**અર્થઃ**—બે ઘરો વચે એક સ્તંભ હોય તે સારો નહિ, પણ ચાર પાટડા (ભારવટ અથવા લગ) અને ચાર સ્તંભાઓ અથવા બે પાટડા અને બે સ્તંભા હોય તો તે સારા છે, પરંતુ તે સ્તંભાઓ ચતુરસ્ર (ચાર હાંસવાળા) જોઈએ અને કુંભી વિનાનો સ્તંભ હોય તો તે પણ સારો નહિ. ૩૩

## इंद्रवज्रा.

**हानिस्तुलामध्यगताषणस्यस्तंभेभदंतालयभित्तिमूषाः ॥**
**संलग्नचत्वार्यपिहानयंस्युःस्तंभासनंस्तंभशिरश्चशीर्षं ॥ ३४ ॥**

**અર્થઃ**—[1]ષણ વચ્ચે [2]તુળા, એક સ્તંભો તથા એક ગજદંત[3], ભિંત (બે સ્તંભાવચે ભિંત એટલે એક સ્તંભો એક બાજુ અને બીજો સ્તંભો બીજી બાજુ હોય તે બેના વચે ભિંત હોય તે અને પ્રણાલ (પાણી જવાની પડનાળ અથવા ખાળ) એટલી બાબતો ષણ મધ્યે હોય તો તે સારી નહિ, તેમજ કુંભી, સરો, શરૂ અને ભરણું એ ચારે વસ્તુઓ એક લાકડામાંથી અથવા એકજ પથરમાંથી કોતરી કહાડેલાં હોય અથવા ઘડી કહાડચાં હોય એવા સ્તંભ હોય તો તે હાનિ કરે. માટે એ ચારે વસ્તુઓ એકજ વસ્તુમાંથી કોતરી અથવા ઘડી વળગાડ રાખવો નહિ એમ કહ્યું છે.

---

૧ ષણ એટલે ખંડ.

૨ તુળામાટે પ્રથમ સમજુત આપી છે તોપણ વિશેષ હોય તો તે ખોટું કહેવાય નહિ કારણ કે, શિલ્પશાસ્ત્રથી ગેરમાહિત ઘણા લોકો હોવાથી તેમ કરવું પડયું છે.

**દૃષ્ટાન્ત.**

૩ દ્વાર ઉપરના ઉદય ઉપર જડતર આવે છે તેમાં જે કડી જડવામાં આવે છે તે કડી અથવા તરિયું દ્વારના ગર્ભમાં આવે તો તે તુળાવેધ કહેવાય, માટે દ્વારના મધ્ય ભાગ વિષે આવે નહિ એવો હિસાબ ગણી કડીઓ જડવી કહી છે. એવા અનેક વેધો છે. જેમકે, બે સ્તંભાઓ ઉપર એક આડો પાટડો આવે. તે પછી તેના ઉપર ઉભો પાટડો અથવા કડી આવે તો તે તુળા થાય તે વેધ છે. વળી દ્વાર સામેની ભિંતમાં જે ભાગમાં ખીંટી આવે તે ખીંટી સામેના દ્વારના ગર્ભમાં ખીંટી આવે તો તે વેધ છે તેમજ દ્વારના ગર્ભે ઉભી ભિંત આવે તો તે પણ વેધ ગણાય છે, માટે એવા વેધો સર્વથા તજવા જોઇએ. એવી રીતે વેધો અને તે વિના બીજા અનેક પ્રકારના ભેદો કાષ્ઠ સંબંધી છે તે જાણવા માટે મહારાજા ભોજદેવની સભાના મલ નામના સૂત્રધારે રચેલા પ્રમાણમંજરી નામના ગ્રંથમાં કાષ્ઠનું માપ, રીત, વગેરે બહુ સારી સમજુત આપી લોકોઉપર ઉપકાર કરેલો છે, તે ગ્રંથ સર્વજનોએ અવસ્ય જોવો જોઇએ એવી ખાસ અમારી ભલામણ છે. તે ગ્રંથ અમારી પાસે છે. તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનો ઇરાદો છે.

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

उच्छ्रायार्द्धविनिर्गतंशरयुगांशेनाधिकंशस्यते
छाद्यंपट्टसमानकंसुखकरंनाशायनिम्नोन्नतं ॥
तत्काकस्यचपक्षवच्चकुमुदाभंसौर्पकालापकं
प्रालंबंचकरालकंहिविबुधैःप्रोक्तंचततषड्विधं ॥ ३५ ॥

**અર્થઃ**—ઘરના કરાનો જેટલો ઉદય હોય તેટલા ઉદયનો [૧]અર્ધ ભાગ ગણી કરાની ટોચમાં ઉમેરતાં જેટલી ઉંચાઇ થાય તેટલો ઉંચો ઘરનો કરો કરવો. કદાચ ઘરની ઊંચાઇ વધારે બતાવવી હોય અર્થાત્ છાપરાનો ઢાળ વધારે રાખવો હોય તો જે કરાના ઉદયનો અર્ધ ભાગ કરાની ટોચમાં અંબોરી ટોચ પૂરી કરવામાં આવી હોય તે ટોચમાં મૂળ કરાનો એક ચતુર્થાંશ $\frac{1}{4}$ અથવા એક પંચમાંશ $\frac{1}{5}$ વળી ટોચમાં અંબોરી ટોચનો ઉદય કરવો, તથા ઘરના છાપરાનો ઢાળ કરવામાં આવે તે ઢાળ પાટડા અથવા છાપરાના દોરિયાના બરોબર રાખવો પણ પાટડાથી નીચો કે ઊંચો ઢાળ રાખવો નહિ. વળી એ છાપરાં ઢાંકવાના છ પ્રકારો કહ્યા છે તે એવી રીતે કેઃ—

૧ એક પ્રકાર એવો છે કે, કાગડાની પાંખના રૂપે છાપરાનો ભાગ ઢાંકવો. ( થોડો ઢાળ.)

૨ બીજો પ્રકાર કમળની પાંખડીની આકૃતિરૂપે છાપરૂં ઢાંકવું. (બન્ને તરફના વધારે ઢાળો. )

૩ ત્રીજો પ્રકાર સૂપડાની આકૃતિ રૂપે વધારે ઢાળવાળું એકઢાળિયું છાપરૂં હોય તે. એ ત્રણ પ્રકારનાં છાપરાંના ઢાળ અને ઢાંકવાનું કહ્યું છે તે ચોરશીબંધ સમજવાનું છે.

૪ ચોથો પ્રકાર છાપરા ઉપર નળીયાં છાએલાં હોય તે.

૫ પાંચમો પ્રકાર ચૂનાગચ્છિ અથવા ધાબાબંધ ઘર હોય તે.

૬ છઠ્ઠો પ્રકાર જે ઘર પથ્થરવડે ઢાંકેલ હોય તે અર્થાત્ ઘરઉપરનો છાત પથ્થરબંધ હોય તે રીતે ઘર ઢાંકવાના છ પ્રકારો કહ્યા છે. ૩૫

---

૧ મેડી વિનાનું ઘર હોય તો તેના મેડી મથાળાના ભાગ સુધીનો આખો કરો ભરી તેમાંથી અર્ધ ભાગ કરાની ટોચમાં મેળવવો પણ મેડીબંધ ઘર હોય તો મેડી મથાળાથી ઉપર ચાલેલા કરાનો ભાગ ગણાય છે; ત્યાં સુધીનો અર્ધ ભાગ ગણી કરાની ટોચમાં અંબોરી ટોચ કરવી. કરાનો ભાગ દાંતા છુટતાં પહેલાંનો છે એમ જાણવું. પ્રથમ ઘરોના ઉદય માટે કહ્યું છે. ( સોળમા શ્લોકમાં ઉદયની બાર રીતિઓ ) તે રીતિ યાદ રાખવાથી આ પ્રસંગે ઉપયોગી થાય છે. વળી નીચેના ઉદયથી મેડીનો ઉદય બારમા અંશે

# राजवल्लभ अध्याय ५.



कराना उदयनो अर्ध अने कराना उदयना ९ भाग करी ते ९ नो एक भाग जोडीने ढाळनी टोच करवी.



कराना उदयना ४ चार भाग करीने ते चारनो एक भाग लेइने ढाळनी टोच करवी.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

भूम्यारोहणमुर्द्धतस्तदुपरिप्राग्दक्षिणंशस्यते ।
द्वारंतूर्द्धभवंचभूमिरपरान्हस्वार्कभागैःक्रमात् ॥
प्रासादेचमठेनरेंद्रभवनेशैलःशुभोनोगृहे ।
तस्मिन्भीत्तिषुबाह्यकासुशुभदःप्राग्भूमिकुंभ्यांतथा ॥३६॥

**અર્થ:**—પ્રથમ ભૂમિથી બીજા માળ ઉપર ચઢતાં પહેલાં દ્વારમાં પ્રવેશ કર્યા પછી જમણા હાથ તરફ મેડીનો જીનો અથવા નીસરણી હોય તે શ્રેષ્ઠ છે; અને નીચેના દ્વાર કરતાં મેડી ઉપરનું દ્વાર બારમા અંશે $\frac{1}{12}$ ઓછું કરવું. તેજ રીતે નીચેના ઉદયથી ( ભૂમિતળથી મેડી મથાળા સુધીના ઉદયથી ) મેડીનો ઉદય પણ બારમા અંશે $\frac{1}{12}$ ઓછો કરવો; ~~વળી દેવપ્રાસાદ તથા રાજમેહેલ અને મઠની એક બાજુએ અથવા બન્ને બાજુએ પર્વતની ભિંત આવે તો તે સારી છે~~, પણ સાધારણ લોકોના ઘરને પર્વતની ભિંત આવે તો સારી નહિ, પરંતુ તેવા લોકોના ઘરોની ભિંતના બહારના ભાગે પર્વતનો ભાગ હોય તો તેની ફીકર નથી, તથા લોકોના ઘરની પ્રથમ ભૂમિની ગમે તે જગોની કુંભીના નીચે પર્વતનો ગમે તે ભાગ આવે અથવા તેજ પર્વતના કોઈ પણ ભાગની કુંભી હોય તો તેની ચિંતા નથી, તેમજ ઘર આગળના ઓટલા સુધી પર્વતનો પથ્થર આવે અથવા પર્વતના પથ્થરનોજ ઓટલો હોય તોપણ તેની ફીકર નથી. ૩૬

## उपजाति.

पृष्ठेक्षणानंतरमेवबाह्यात्गृहप्रवेशोनशुभंकरोसौ ॥
गृहस्यपृष्ठेयदिराजमार्गस्तदादिभूमेर्नहिपृष्ठमीक्ष्यं ॥ ३७ ॥

**અર્થ:**—ઘરના બહારના ભાગથી ઘરની પ્રથમ પછીત જોઈ ઘરમાં પ્રવેશ થાય તો તે ઘર સારું નહિ; પણ તેવા ઘરની પછીતે રાજમાર્ગ હોય તો કાંઈ દોષ નથી. તોપણ તેવા ઘરની મેડી નીચેના ભાગની પછીત જોઈ ઘરમાં પ્રવેશ થાય તો તેતો સારું નથીજ, અને તેવા ઘર પછવાડે રાજમાર્ગ અને મેડીની પછીત જોવામાં આવે તો તેનો દોષ નથી, પણ મેડી નીચેની પછીત જોવામાં આવે અને રાજમાર્ગ હોય તોપણ દોષ છે. ૩૭

---

ઓછો કરવાનું કહ્યું તે, અને દ્વારના ઉદયથી મેડીના દ્વારનો ઉદય પણ બારમા અંશે ઓછો કરવાનું કહ્યું તે માટે પણ તેરમા શ્લોકની રીત યાદ રાખવાની છે. એ ઘરનો અને દ્વારનો ઉદય પ્રથમ કહ્યો છે તે ઉદયથી બારમો અંશ ઉપરના ભાગે ઓછો રાખવો અને પછી નીચેના ઉદયનો અર્ધ ભાગ ટોચે મેળવવો તેજ રીતે દ્વાર માટે પણ છે.

"Aho Shrutgyanam"

## शालिनी.

जीर्णंगेहंभित्तिभग्नंविशीर्णं । तत्पातव्यंस्वर्णनागस्यदंतैः ॥
गौशृंगैर्वाशिल्पिनानिश्चयेन । पुजांकृत्वावास्तुदोषोनतस्य ॥३८॥

**અર્થઃ**—જે ઘર જીર્ણ શીર્ણ થયું હોય, જે ઘરની કોઇ પણ ભિંત પડી ગઈ હોય, જે ઘર વેરાઇ ગયું હોય, તેવા ઘરને પાડી ફરી કરવું હોય તો શિલ્પિએ નિશ્ચય કરી સુવર્ણના હાથીના *દાંતવડે અથવા સુવર્ણની ગાયના શિંગડાવડે પાડવું, પણ ઘર પાડતાં પહેલાં વાસ્તુની પૂજા કરી પાડવું એટલે વાસ્તુનો દોષ લાગતો નથી. ૩૮

## शार्दूलविक्रीडित.

हर्म्यस्यापिसमृद्धितोगृहपतिर्वृद्धिंयदापीहते
सर्वाशासुविवर्धनंचफलदंदुष्टंतदेकत्रच ॥
प्राग्मित्रैरपिवैरमुत्तरदिशाभागेमनस्तापकृत्
पश्चादर्थविनाशिदक्षिणदिशःशत्रोर्भयंवर्द्धते ॥ ३९ ॥

**અર્થઃ**—ઘરનો માલિક સમૃદ્ધિવાન્ હોય, ને તે પોતાના ઘરની વૃદ્ધિ કરવા ( મોટું ઘર કરવાનું ઈચ્છે તો ) જીજ્ઞાસા ધરાવે તો ઘરની એક દિશા તરફની જમીન ન લેતાં ઘરની આસપાસ એટલે ચારે તરફમાં જોઈતી જમીન લઈ ઘર વધારવું કહ્યું છે. કદાચ એકલી પૂર્વ દિશાની જમીન ઘરવિષે વધારવામાં આવે તો મિત્ર સાથે વૈર થાય; ફક્ત ઉત્તર દિશાની જમીન વધારવામાં આવે તો મનને પરિતાપ કરે, એકલી પશ્ચિમ દિશા તરફની જમીન વધારવામાં આવે તો તેથી ઘરનો નાશ થાય અને ફક્ત દક્ષિણ દિશાની જમીન ઘરમાં વધારવામાં આવે તો તેથી શત્રુનો ભય ઉત્પન્ન થાય. ૩૯

वामांगेधनवस्त्रदेवभवनंधातुश्रियोर्वाजिनः
नार्यास्त्वौषधभोजनस्यभवनंस्याद्वाटिकावामतः ।
वह्नेर्गोजलदंतिशस्त्रसदनंस्त्रीणांतथादक्षिणे
स्थानंमाहिषमाजमौर्णिकमिदंयाम्याग्निमध्येशुभं ॥४०॥

---

* સુવર્ણના હાથીના દાંતથી અથવા સુવર્ણની ગાયના શૃંગથી ઘર પાડવું એમ બતાવ્યું છે પણ તેમાં સમજવાનું છે કે, મનુષ્યની સંપત્તિના અનુસારે એવા સાધનવડે માત્ર શાસ્ત્ર-મર્યાદા જાળવવા માટે શકુન તરિકે ભિંતનો કાંઇક ભાગ પાડવો અથવા ભિંતના ભાગને સ્પર્શ કરાવી બીજા ઓજારોવડે ઘર પાડવું.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—ધનનું, વસ્ત્રનું, દેવનું, ધાતુનું, લક્ષ્મીનું, ઘોડાનું, રાણીનું, ઔષધનું, બાગનું, અને ભોજનનું સ્થાનક રાજાએ પોતાના રાજમેહેલથી ડાબી તરફ કરવાનું કહ્યું છે. અગ્નિનું, ગાયનું, જળનું, હાથીનું, શસ્ત્રનું, અને÷સ્ત્રીઓનાં સ્થાનકો મેહેલની જમણી બાજુ ઉપર કરવાં, અને ભેંશોનું, બકરાંઓનું અને ગાડરોનું, એટલાઓનાં સ્થાનકો ઘરથી દક્ષિણ અને અગ્નિકોણ વચ્ચે કરવાં. ૪૦

सुग्रीवेवरुणेऽसुरेगणवरेस्याद्घोटकानांगृहं
*द्वास्थेयुद्धगृहंचनृत्यरमणंगंधर्वदेवाश्रितं ॥
राज्ञोमातृगृहंजयेंद्रजयकेरुद्रेमहिष्यागृहं ।
सत्येधर्मगृहंरवौव्ययगृहंप्रोक्तंजयेश्रीगृहं ॥४१॥

**અર્થઃ**—સુગ્રીવ, વરૂણ, અસુર અને [1]ગણવર (પુષ્પદંત) એટલા દેવોના સ્થાનક વિષે ઘોડાઓની શાળા કરવી, દ્વારસ્થના સ્થાન વિષે (નંદિના સ્થાનક વિષે) યુદ્ધગૃહ કરવું, ગંધર્વના સ્થાનક વિષે નૃત્યાગાર (નૃત્યશાળા) કરવું, જય અને ઇંદ્રજયનાં સ્થાનકમાં રાજમાતાનું સ્થાનક કરવું, રૂદ્રના સ્થાનકમાં પટરાણીનું સ્થાન કરવું, સત્યના સ્થાનમાં ધર્મશાળા કરવી, સૂર્યના સ્થાનકમાં વ્યયનું અથવા ધન ખરચાતું હોય તેવું અથવા તીજોરીનું સ્થાન કરવું અને જયના સ્થાનકમાં લક્ષ્મીનું સ્થાનક કરવું. ૪૧

## शालिनी.

ईशप्राच्योरंतरेगर्दभानामुष्ट्राणांवास्थानमेवात्रकार्यं ॥
धान्यागारंस्याच्चवायव्यकोणे [1]भृंशेप्येवंशंभुकोणेशिवार्चा ॥४२॥

**અર્થઃ**—ઈશાન અને પૂર્વ, એ બે દિશાઓના મધ્યે ગર્દભોનું સ્થાનક અને ઉંટનું સ્થાનક કરવું. વાયવ્ય કોણે ભૃંશના સ્થાનમાં ધાન્યનો કોઠાર કરવો અને ઇશાન કોણમાં મહાદેવની મૂર્તિ સ્થાપવી. ૪૨

÷ રાજાના ભાઇઓની સ્ત્રિયો તથા રાજકુમારોની સ્ત્રિયો તથા રાજમાતા તથા બેનો અને દીકરિયોના સ્થાનો રાજાના રહેવાના સ્થાનકથી જમણી તરફ કરવાં.

* द्वारे ॥ इति पाठान्तरं ॥

૧ વાસ્તુના અંગે રહેલા દેવોનાં જૂદાં જૂદાં નામો આવે છે તે જાણવાનો કોશ અમારી પાસે છે તે પ્રસંગે છપાશે.

१ कामेप्येवं शंभुकोणे शिवार्चा ॥ पाठान्तरं ।

## इंद्रवज्रा.

प्राक्पश्चिमेमारुतवह्निकोणे । प्रोक्ताप्रवीणैरपिनृत्यशाला ॥
वर्चोगृहंरात्रिचरस्यकोणे । स्यात्पश्चिमेभोजनशालिकाच ॥४३॥

**અર્થ**:—પૂર્વ, પશ્ચિમ, વાયવ્ય અને અગ્નિકોણમાં નૃત્યશાળા કરવી એમ બુદ્ધિમાન્ પુરૂષોએ કહ્યું છે. તથા નૈઋત કોણે જાજરૂ કરવું અને પશ્ચિમે; ભોજનશાળા કરવી કહી છે. ૪૩

## शार्दूलविक्रीडित.

प्राक्शोभानृपमंदिरेचपुरतःस्थानंतथापौत्रकं
वामांगेनृपतेस्तथायुधधराःकृष्णातनुत्राणिच ॥
छत्रंचामरतापसाःस्वगुरवस्तांबूलधृक्दक्षिणे
गेहाधीशयदृच्छयाचशयनंसर्वासुभूमीषुच ॥ ४४ ॥

**અર્થ**:—રાજમેહેલ આગળ શોભાયમાન મંડપ કરવો અને તે મંડપ આગળ પુત્રપૌત્રાદિકોનો મેહેલ કરવો. રાજાના સ્થાનકથી ડાબી બાજુ ઉપર શસ્ત્રધારણ કરનાર યોદ્ધાઓનું અને બખતરો મૂકવાનું સ્થાનક કરવું. રાજમેહેલથી જમણી બાજુઉપર રાજાના શિરે છત્રિ પકડનારનું, ચામર ઉડાવનારનું, ગુરૂનું, અને તાંબૂળ ધરનારનું, એટલાઓનાં સ્થાનકો કરવાં એમ કહ્યું છે, પણ ઘરની અંદર શયન કરવાનું સ્થાનક ઘરધણીની મરજીમાં આવે ત્યાં કરવું. ૪૪

## उपजाति.

विवस्वदारव्येध्ययनंप्रसिद्धंवादित्रगेहंसवितुर्विधेयं ॥
पूषाश्रितंभोजनमंदिरंचमहानसंवह्निदिशाविभागे ॥४५॥

**અર્થ**:—વિવસ્વતના સ્થાનમાં અધ્યયનશાળા કરવી તે પ્રસિદ્ધ છે. સવિતાના સ્થાનમાં વાદિત્રશાળા કરવી. પૂષના સ્થાનમાં ભોજનશાળા અને અગ્નિકોણે રસોડું કરવું.

## शालिनी.

माहेंद्रारव्येगोपुरंद्वित्रिभूमं । भानोःसंख्यातस्यमध्येविधेया ॥
उक्तानुक्तंमंदिरादौनिवेशे । त्वष्टाकार्यंचाज्ञयाभूपतीनां ॥४६॥

"Aho Shrutgyanam"

**અર્થ**:—બે અથવા ત્રણ ભૂમિનો દરવાજો ઇંદ્રના સ્થાનમાં કરવો અને તે દરવાજામાં સૂર્યની ગતિની સંખ્યા બાંધવી. (યંત્રવડે દિવસ અને રાત્રીની ગતિની ખબર પડવાનો સાંચો અથવા ઘડિયાળ કરવી.) એ રીતે જે કહેલું તે અને જે કહેલું નથી તે પણ રાજાની આજ્ઞા પ્રમાણે ગૃહાદિક વિષે શિલ્પિએ કરવું.૪૬

**दिक्शालांतंह्येकशालादिगेहं । ज्येष्ठामध्याकन्यसादक्षिणांगात्॥**
**शालाकार्यालोकगेहेयुगांता । त्रिद्व्येकाःस्युर्भूमयस्तेषुनूनं ॥४७॥**

**इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते राजगृहादि लक्षणो नाम पंचमोऽध्यायः ॥ ५ ॥**

**અર્થ**:—એક શાળાથી માંડીને દશ શાળા સુધી ઘરો કરવાં, તે શાળાઓમાં જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકાર છે. તે સૃષ્ટિમાર્ગે કરવા કહ્યું છે, પણ અન્ય લોકો માટે એક શાળાથી માંડીને ચાર શાળા સુધી ઘરો કરવાં. એવાં ઘરો ઉપર ત્રણ માળ, બે અથવા એક માળ સુધી કરવાનું કહ્યું છે.૪૭



"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय ६ ठो.

### उपजाति.

अथैकशालंद्विगुणाब्धिशालं । प्रस्तारतोलक्षणमेवतेषां ॥
यथोदितंवास्तुमतेतथैव । ब्रवीमिराज्ञामथवाजनानां ॥ १ ॥

**અર્થ**:—એક શાળાનું ઘર, બે શાળાનું, ત્રણ શાળાનું અને ચાર શાળાનાં ઘરો પ્રસ્તારવડે કરવામાં આવે છે. પણ એવાં ઘરો રાજાઓ માટે અથવા સાધારણ લોકો માટે કરવાં તે [redacted]હેલાં લક્ષણો પ્રમાણે કરવાં જોઇએ.૧

### शार्दूलविक्रीडित.

चत्वारोगुरवस्तुपूर्वगुरुतोधोऽह्रस्वतोन्येसमाः
भूयःपश्चिमपूरितंचगुरुभिर्यावल्लघुत्वंभवेत् ॥
उद्दिष्टेद्विगुणांककैर्लघुभवैःसंख्यैकमिश्रीकृते
नष्टस्तेविषमेसमंगुरुलघूरूपेतदर्द्धार्द्धतः ॥ २ ॥

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ડ | ડ | ડ | ડ |
| ૨ | । | ડ | ડ | ડ |
| ૩ | ડ | । | ડ | ડ |
| ૪ | । | । | ડ | ડ |
| ૫ | ડ | ડ | । | ડ |
| ૬ | । | ડ | । | ડ |
| ૭ | ડ | । | । | ડ |
| ૮ | । | । | । | ડ |
| ૯ | ડ | ડ | ડ | । |
| ૧૦ | । | ડ | ડ | । |
| ૧૧ | ડ | । | ડ | । |
| ૧૨ | । | । | ડ | । |
| ૧૩ | ડ | ડ | । | । |
| ૧૪ | । | ડ | । | । |
| ૧૫ | ડ | । | । | । |
| ૧૬ | । | । | । | । |

**અર્થ**:—ચાર ગુરૂનાં ચાર ચિન્હો પ્રથમના રૂપમાં કર્યા પછી બીજા રૂપમાં (પ્રથમ રૂપના આદ્યના ગુરૂ નીચે ) લઘુ ચિન્હ મૂકી પછી આદ્યના રૂપના બાકી રહેલા ત્રણ ગુરૂ નીચે વળી ત્રણ ગુરૂ મૂકવાથી બીજું રૂપ થાય. ત્રીજું રૂપ કરતી વખતે બીજા રૂપમાં આદ્યે લઘુ છે તે પછીના ગુરૂ નીચે લઘુ કરી બાકી બીજા રૂપનાં જે ચિન્હો હોય તે પ્રમાણે મુકી દેવાં એટલે એ ત્રીજું રૂપ થયું. ચોથા રૂપમાં આદ્યે બે લઘુ અને અંતે બે ગુરૂ આવે. પાંચમા રૂપમાં આદ્યે બે ગુરૂ પછી એક લઘુ અને છેલ્લે ગુરૂ આવે. છઠ્ઠા રૂપમાં આદ્યે લઘુ, પછી ગુરૂ, પછી લઘુ અને છેલ્લે ગુરૂ. સાતમા રૂપમાં આદ્યે ગુરૂ પછી બે લઘુ અને છેલ્લે એક ગુરૂ. આઠમા રૂપમાં આદ્યે ત્રણ લઘુ અને છેલ્લે એક ગુરૂ હોય. નવમા રૂપમાં આદ્યે ત્રણ ગુરૂ અને છેલ્લે એક લઘુ આવે. દશમા રૂપમાં આદ્યે એક લઘુ, પછી બે ગુરૂ અને છેલ્લે એક લઘુ. અગિયારમા રૂપમાં આદ્યે ગુરૂ, પછી લઘુ, પછી ગુરૂ અને છેલ્લે લઘુ આવે.બારમા રૂપમાં આદ્યે બે લઘુ,પછી ગુરૂ અને છેલ્લે એક લઘુ.તેરમા રૂપમાં આદ્યે બે ગુરૂ અને અંતે બે લઘુ; તથા ચૌદમા

"Aho Shrutgyanam"

રૂપમાં આદ્યે લઘુ પછી ગુરૂ અને અંતે બે લઘુ. પંદરમા રૂપમાં આદ્યે એક ગુરૂ અને અંતે ત્રણ લઘુ આવે અને સોળમા રૂપમાં ચારે લઘુ આવે છે ત્યારે પ્રસ્તાર પૂરો થાય છે.

આ પ્રસ્તાર કહાડવામાં એટલુંજ યાદ રાખવાનું છે કે, દર પંક્તિના આદ્યે ગુરૂ નીચે લઘુ કરવો. તે પછી આગળ જેવું રૂપ હોય તેવું કરવું અને પછી લઘુ નીચે મારગ વધે ત્યાં ગુરૂનું ચિન્હ મૂકવું. એ રીતે જતાં આદ્યે ગુરૂ નીચે લઘુ આવે અને આવતાં લઘુ નીચે ગુરૂ મૂકી ઉપરની પંક્તિનાં બીજાં રૂપો હોય તેવાં કરતા જવું.

હવે ઉદ્દિષ્ટની રીતે કોઇ પૂછે કે, ચાર ગુરૂના પૂરા કરેલા પ્રસ્તાર વિષે 'ऽ।ऽ।" આ કેટલામું રૂપ છે? એ પ્રશ્નનો ઉત્તર આપવાની એવી રીત છે કે, પૂછેલા પ્રશ્નમાં આદ્યે ગુરૂનું ચિન્હ છે તે ગુરૂના માથે એક લખી બીજા લઘુ ઉપર એકથી બમણો એટલે બેને અંક લખ્યા પછી ત્રીજા ગુરૂ ઉપર પાછળના અંકથી બમણો એટલે ચારનો અંક લખવો; અને છેલ્લા લઘુ ચિન્હ ઉપર પાછલા ચિન્હ ઉપરના અંકથી બમણા કરી એટલે, આઠનો અંક મુકી દેવો. એટલે અનુક્રમે એક, બે, ચાર અને આઠ સુધી છેલ્લો અંક આવશે. જુવો $\overset{૧}{ऽ}\overset{૨}{।}\overset{૪}{ऽ}\overset{૮}{।}$ આ ચાર ચિન્હો ઉપર એકથી આઠ અંક સુધી આવ્યા છે તે અંકો નીચેના ચાર ચિન્હો પૈકી લઘુ ચિન્હો ઉપર રહેલા (૨-૮) બે અને આઠના અંકો છે; તે લઇ બંને રકમને એક કરતાં જેટલો અંક (૧૦) થાય તે અંકમાં એક (૧) ઉમેરી ગણતાં જેટલો અંક (૧૧) થાય તેટલામું તે રૂપ થાય (અગિયારમું). એ રીતે ગમે તેટલા ગુરૂના પ્રસ્તારમાંથી ગમે તે રૂપ કોઇ કહાડી આપે તો તે રૂપના અનુક્રમે આદ્યચિન્હ ઉપર એકનો અંક, બીજા ઉપર તેથી બમણો એમ ચિન્હો પૂરાં થતાં સુધી પાછળના અંકથી બમણા કરી આગળના ચિન્હ ઉપર મુકતા જવું. તે પછી ગુરૂના ચિન્હો ઉપરના અંકો ત્યાગી લઘુ ચિન્હો ઉપરના અંકોનો સરવાળો ગણી તેમાં એક અંબોરતાં જેટલો અંક થાય તેટલામું તે રૂપ સમજવું. જુઓ આ $\overset{૧}{।}\overset{૨}{ऽ}\overset{૪}{।}\overset{૮}{।}$ બીજું રૂપ છે તેમાંથી ગુરૂ ચિન્હના અંકો મુકી દઇ લઘુ ચિન્હોના ઉપરના અંકો ગણો એટલે તે તેર (૧૩) થશે, તેમાં એક ઉમેરો એટલે ચૌદ (૧૪) થશે માટે તે ચૌદમુ રૂપ છે એમ કહેવું.

હવે નષ્ટ રીતિ બાબત કોઇ પૂછે કે, ચાર ગુરૂના પ્રસ્તારમાં દશમું રૂપ કેવું હશે? આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં પ્રશ્ન સમ છે કે વિષમ છે? (બેકી હોય તો તે સમ અને એકી હોય તો વિષમ.) એ વાત ઉપર ધ્યાન રાખી જેવું કે સમ હોય તો આદ્યે લઘુ મુકવો અને વિષમ હોય તો આદ્યે ગુરૂનું ચિન્હ મુકવું. જેમકે, દશમું રૂપ કેવું હોય? એમ પૂછયું છે તો

"Aho Shrutgyanam"

(।) કૌંસમાં બતાવેલા લઘુનું ચિન્હ મુકવું અને તે પછી દશનું અર્ધ પાંચ કરવા. એ પાંચ વિષમ છે, માટે પ્રથમ કરેલા લઘુ આગળ ગુરૂનું ચિન્હ મુકવું, (।S) આવી રીતે. હવે પાંચનું અર્ધ થતું નથી (અંક તોડવો નહિ) માટે તેમાં એક અંબોરી છ કરી તેનું અર્ધ ત્રણ કરવા. એ ત્રણ વિષમ છે એટલે વળી ગુરૂનું ચિન્હ મુકવું. (।SS) તે પછી બાકી રહેલા ત્રણનું અર્ધ થતું નથી માટે તેમાં એક અંબોરી ચાર કરી તેનું અર્ધ બે થાય તે સમ છે માટે વળી લઘુ મુકવો (।SS।). એ રીતે સમ અંકે અર્ધ કરવું અને વિષમમાં એક અંબોરી સમ કરી તેનું અર્ધ કરતા જવું. તે જેટલા ગુરૂ હોય તેટલાં ચિન્હો આવે ત્યાં સુધી વિષમનો સમ અંક કરી અર્ધ કરતા જવું, જ્યારે ચાર ગુરૂના પ્રસ્તારનાં ચાર ચિન્હો પૂરાં થાય ત્યાં સુધી તેમ કરવું; તેજ રીતે જેટલા ગુરૂના પ્રસ્તારનું રૂપ પૂછ્યું હોય તેટલાં ચિન્હો પૂરાં કરવાં જોઇએ. એ રીતે સમ અંકનું પ્રશ્ન પૂરૂં થયું અને હવે વિષમ કહીએ છીએ. કોઇ પૂછે કે ચાર ગુરૂના પ્રસ્તારમાં તેરમું રૂપ કેવું છે? એ તેર વિષમ છે માટે પ્રથમ ગુરૂનું ચિન્હ મુકવું. (S), પછી તેરમાં એક અંબોરી ચૌદ કરી તેનું અર્ધ સાત થાય એટલે એ વિષમ છે માટે તે પણ ગુરૂ ચિન્હ લાવશે (SS). તે પછી સાતમાં એક અંબોરી આઠ કરી તેનું અર્ધ કરતાં ચાર થાય, એ સમ છે માટે તેનું લઘુ ચિન્હ આવે (SS।), અને તે પછી ચારનું અર્ધ બે થાય તે સમ છે એટલે તેનું લઘુ ચિન્હ આવે (SS।।). એ રીતે પ્રશ્ન ઉપર ધ્યાન રાખી સમનું લઘુ અને વિષમનું ગુરૂ થાય. २ [ આ પિંગળની રીતિ છે તેજ રીતિ ઘરના છંદના રૂપને લાગુ થાય છે જેમકે (।।SS) આ રૂપનું કિયું ઘર અને કેટલામું રૂપ થાય? ચોથું નંદ ઘર જુવો, ચોથું રૂપ છે.] २

## उपजाति.

**स्थानेलघोःसद्ममुखादलिंदं । प्रदक्षिणंतंक्रमतोविदध्यात् ॥**
**प्रस्तारतःषोडशकंगृहाणां । प्रोक्तंतथाख्याःकथयामितेषां ॥३॥**

**અર્થઃ**—ઘરનું મુખ અથવા ઓવાળ જે દિશામાં હોય તે પૂર્વ દિશા સમજવાનું છે, (રાજાઓનાં ઘરો માટે નહિ પણ સાધારણ લોકો માટે તે રીત છે.) અને તે ઘરનો એક કરો દક્ષિણ, બીજો ઉત્તર અને પછીત પશ્ચિમ સમજીને સૃષ્ટિમાર્ગે *પ્રસ્તારમાં જે દિશાએ લઘુ આવે તેજ સૃષ્ટિમાર્ગે ઘરને અલિંદ અથવા પ્રશાળ આવે. એ રીતથી અનુક્રમે ઘરનાં સોળ રૂપો થાય છે તે કહું છું. ૩

---

* પ્રસ્તારની રીતિ પાછળ બીજા શ્લોકમાં બતાવી છે તે રીતિ પ્રમાણે ઘરો ઉત્પન્ન કરવામાં આવે છે; પણ હાલના વખતમાં શિલ્પિ લોકોએ એ રીત ત્યાગેલી છે. ત્યાગેલી છે એટલે તે રીતિને નાદુરસ્ત સમજીને નહિ, પણ જેમ કોઇ રસ્તેગિરિને રસ્તે ચાલતાં તેની મતિ ભ્રષ્ટ થવે કોઈની ચોરી કરી ધાસ્તિના કારણે માર્ગનું ભાન ન

"Aho Shrutgyanam"

ध्रुवंचधान्यंजयनंदसंज्ञे । खराख्यकांतेचमनोरमाव्हं ॥
सुवक्रमस्मात्किलदुर्मुखाख्यं । क्रूरंविपक्षंधनदंक्षयंच ॥४॥
आक्रंदकंवैपुलवैजयेच । फलानिनाम्नाचतथैवतेषां ॥
धान्यादितोष्टौविजयांतकंहि । त्वलिंदयुक्तंमुखतोविदध्यात् ।५।

**અર્થઃ**—ધ્રુવ,[1] ધાન્ય[2], જય[3], નંદ[4], ખર[5] કાંત[6], મનોરમ[7], સુવક્ત્ર[8], દુર્મુખ[9], ક્રૂર[10], વિપક્ષ[11], ધનદ[12], ક્ષય[13], આક્રંદ[14], વૈપુળ[15], અને વિજય[16]. એ સોળ ઘરોનાં જેવાં નામો છે તેવાંજ તેનાં ફળો છે. એ ઘરોમાં બીજા ધાન્યથી વિજય ઘર સુધી એક એક ઘરના અંતરે (એક મુકી બીજું ઘર) આઠ ઘરો લેઇ તે દરેકના મુખ આગળ એક એક અલિંદ વધારમાં આવે તો તેથી રમ્યાદિ આઠ ઘરો થાય. ૫

---

રાખતાં ઉજાડમાં જતાં રસ્તો ભૂલી જવે બેભાન થઇ જંગલમાં આમ તેમ ગોથાં મારે તે રીતે ચોરનિષ્ટા રાખનાર શિલ્પકારો ભૂલી ગયા છે, તે એટલે સુધી ભૂલ્યા છે કે, પ્રસ્તારરુપી રસ્તાનું નામ પણ જાણતા નથી. આ કેટલો મોટો અફસોસ છે ? ! ! !

આપણા દેશમાં મુસલમાની રાજસત્તા જ્યારથી સ્થાપન થઇ ત્યાર પછીથી આવી બાબતનો લોપ થતે થતે હાલમાં તો તે જાણે નાશ પામી હોય એવા રુપમાં **શિલ્પવિદ્યા** થઇ પડી છે, તોપણ તેની બેન કાવ્ય અને બીજી સંગીત, એ જીવતી છે તેમાં પણ સંગીત વિદ્યાના તમામ અવયવો ચૂર્ણ થઈ ગયા છે, તેના સાંધા મેળવી ટટાર કરવા માટે ગુજરાત દેશમાં વડોદરા રાજ્યધાનીને શોભાવનાર શ્રીમંત મહારાજા **સયાજીરાવ** ગાયકવાડ સરકારે તે વિદ્યાના ઉપાસક પ્રોફેસર મઉલાબક્ષની સમ્મત્તિ પ્રમાણે પોતાના રાજ્યમાં ગાયનશાળાઓ સ્થાપન કરી છે તેમાં પૂર્વની રીતિ પ્રમાણે વર્ત્તાય છે એ ખુશી થવા જેવું છે ! ! ગાયન કરનાર કેટલાક ગવૈયા લોકોને લેખી ગાયન કરવાનું કહેતાં તથા પ્રસ્તારની રીતિ કરી ગાયન કરવાનું કહેતાં તે હસવા લાગે છે અને એમજ બોલે છે કે ગાયનવિદ્યા લેખી હોતી નથી, ત્યારે તો મનકલ્પિત ગાતાં લઘુ ગુરુને સ્થાનભ્રષ્ટ કરી યતિ ભાગ કૂદી જાય અથવા ન જોઇએ ત્યાં યતિ લગાવે એટલે સ્વરનું અંગ ભંગ થવે કર્ણને ખેદ ઉત્પન્ન કરે છે તેજ રીતે શિલ્પમાં ઘરોના છંદોનું અંગ ભંગ થવે જોનારનું મન કુદરતી રીતે લોભાતું નથી.

હવે ત્રીજી કાવ્યવિદ્યા છે તે પણ પ્રસ્તાર વડેજ છે એટલે તેના હિસાબે ગણો મુકવાથી છંદ ઓળખાય છે તે કાવ્યમાં જેટલાં અંગો છે તે પૂર્ણ હોય તો પછી કાવ્ય સાંભળનારનું મસ્તક ધુણ્યા વિના કેમ રહેશે ? એ કાવ્યવિદ્યાનું પૂર્ણ અંગ આપણા દેશમાં અદ્યાપ પર્યંત કેટલેક ઠેકાણે આપણા જોવામાં આવે છે. આ ત્રણે વિદ્યા એકજ અંગ ભોગવે છે. પણ તેનાં રુપો ભિન્ન ભિન્ન છે. જેમકે, કાવ્યમાં પ્રસ્તારવડે ઉપજાતિ, ઇંદ્રવજ્રા, ઉપેંદ્રવજ્રા, વસન્તતિલકા, ભુજંગપ્રયાત, માલિની, શિખરિણી, સ્રગ્ધરા, શાર્દૂલવિક્રીડિત અને મંદાક્રાન્તાદિ છંદો છે તેમાં એક લઘુ કે ગુરુ જાદે કમી હોય તો છંદનું નામ ફરી જાય છે અને તેમાં દરેક ગણના આદ્યે આટલા ગુરુ, મધ્યે આટલા લઘુ, અંતે આટલા

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

**रम्यंश्रीधरमोदितेचपरतस्तद्वर्द्धमानंगृहं ।**
**कारालंचसुनाभमेवतदनुध्वांक्षंसमृद्धंतथा ॥**
**सर्वाणिध्रुववद्भवंतिसततंषद्दारुकैःसुंदरं ।**
**प्रोक्तंतद्वरदंचभद्रप्रमुदेथोवैमुखाख्यंशिवं ॥ ६ ॥**

**અર્થ**:—જેમ **ધાન્ય** નામા ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "[1]**રમ્ય**" નામા ઘર થાય, **નંદ** ઘરના મુખ આગળ એક અલિંદ વધારિએ તો તે "[2]**શ્રીધર**" ઘર થાય, **કાંત** ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "[3]**મુદિત**" ઘર થાય, **સુમુખ** ઘરના મુખ આગળ એક અલિંદ

---

ગુરૂ હોવાથી ફલાણો ગણ થાય છે અને આટલા ગણો હોવાથી ફલાણો છંદ થાય છે; તેવા છંદના અંતે એક લઘુ અથવા ગુરૂ આવવો જોઇએ તોજ તે છંદ થાય એવો નિયમ છે તેજ રીતે ગાયનમાં પણ લઘુ ગુરુ માટે પ્રસ્તાર કરી તેના છંદ બાંધવામાં આવે છે; ત્યાર પછી ગાયન થાય છે. આ વાત ટુંકામાં બતાવવાનું કારણ સ્થળભેદ છે.

જેમ કાવ્ય અને ગાયનના પ્રસ્તાર વડે છંદ ઉત્પન્ન થાય છે તેમજ પ્રસ્તાર વડે ઘરોના છંદો થાય છે. જેમકે, " ધ્રુવ, ધાન્ય, જય, નંદ " ઇત્યાદિ છે અને તે છંદો પ્રસ્તાર વડે થાય છે તે રીતિનો મુદ્દલ નાશ થયો છે એમ કહીએ તો તે ખોટું નથી; માટે તે રીતિ ફરીથી જીવતી થાય તો સારૂં છે, એમ જાણી સર્વને એક સરખી રીતિ જાણવામાં આવે એવા હેતુથી કાંઇક લખવા ધારૂં છું તે ઉપર ધ્યાન આપવાથી સમજણ પડશે તો ખરી, તોપણ અભ્યાસી દ્વારાએ જે વિદ્યા શીખવામાં આવે છે તે બહુ ફળદાયિ થાય છે.

ચાર ગુરના પ્રસ્તારના સોળ રુપો છે, તેજ ધ્રુવાદિ સોળ ઘરો છે; તે પ્રસ્તારમાં જે પ્રથમ રુપ ચાર ગુરુનું છે તે ધ્રુવ ઘર સમજવું. અર્થાત્ ગુરુસ્થાને ભિંત હોય છે એટલે ચાર ગુરુની ચાર ભિંતો થઈ એટલે તે તો કોઠા જેવું થયું એમ કોઇ કહેશે તો તેમ સમજવાનું નથી પણ, જે જાતિનું ઘર કરવું હોય તેને પ્રથમ દ્વાર કલ્પવું અને તે દ્વાર પૂર્વ દિશાનું છે એમ માનવું અને તે પૂર્વથી દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર, એ સૃષ્ટિમાર્ગે ફરવાનું છે; તે બાબતની સમજુત પ્રથમ આપવામાં આવી છે, તે યાદ રાખી સૃષ્ટિમાર્ગ સમજવો. ( પહેલા અધ્યાયના બત્રીશમા શ્લોક નીચેની ટીપમાં જુવો. ) તે પછી ઘરના છંદો ઉત્પન્ન કરવા માટે પ્રવૃત્ત થતાં સમજી લેવું કે, કાવ્ય કામમાં આદિ લઘુ, મધ્ય ગુરુ, અંત્ય લઘુ; આદિ ગુરુ, મધ્ય લઘુ, અંત્ય ગુરુ ઇત્યાદિ રુપો આવ્યેથી જૂદી જૂદી પ્રકારના પદો થાય છે, તેજ રીતે ઘરોના છંદો થાય છે. તે જુવો–પણ સર્વ ઘરોમાં આદ્યનું ધ્રુવ ઘર અથવા તે છંદ રહે છે તે યાદ રાખવું.

૧ ડ ડ ડ ડ આ ચાર ગુરુનું રુપ છે તેનો ધ્રુવ છંદ છે. તે **ધ્રુવ** ઘરનું મુખ પૂર્વે છે એમ માનો.

૨ । ડ ડ ડ આ રુપમાં આદ્ય લઘુ આવ્યો એટલે ધ્રુવ ઘરના આગળ ( પૂર્વ દિશાએ ) લઘુ અથવા અલિંદ અથવા પ્રશાળ અથવા ઓશરી ઉત્પન્ન થવે ધ્રુવ છંદ મટી તેનું નામ **ધાન્ય** ઘર અથવા છંદ કહેવાણું.

"Aho Shrutgyanam"

વધારીએ તો તે "**વર્ધમાન**" ઘર થાય, **ક્રૂર** ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "[૫]**કરાળ**" ઘર થાય, **ધનદ** ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "[૬]**સુનાભ**" ઘર થાય, **આક્રંદ** ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "[૭]**ધ્વાંક્ષ**" ઘર થાય, **વિજય**નામા ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "[૮]**સમૃદ્ધ**" નામનું ઘર થાય, એ રીતે રમ્યાદિ આઠ ઘરો થાય છે.

હવે ધ્રુવાદિ જે સોળ ઘરો છે તેમાં પટ્ટદારૂ હોય નહિ તેમ છતાં એજ ધ્રુવાદિ ઘરોમાં એક એક પટ્ટદારૂ નાખવામાં આવે તો તેથી તે સુંદરાદિ સોળ

---

૩ ડ । ડ ડ આ રુપમાં આદ્યના ગુરુ પછી લઘુ આવ્યો છે. એ ઠેકાણે અલિંદ ઉત્પન્ન થયો, એ રીતમાં કઇ દિશામાં અલિંદ આવ્યો તે સમજાણું તો હશેજ તોપણ ફરી કહું છું કે, ચાર ગુરુના પ્રસ્તારમાં ચાર ગુરુનાં ચાર ચિન્હો છે, તે ગુરૂ નીચે લઘુ આવે અથવા મધ્યે કે અંત્યે લઘુ આવે તોપણ ચિન્હો તો ચારજ રહેશે; પણ રૂપ બદલવાથી વસ્તુ જૂદી થાય છે. જેમકે, ગુરૂ સ્થાને ભિત અને લઘુ સ્થાને અલિંદ. એ ચાર રૂપને ચાર દિશા માનો, તેમાં આદ્યથી પૂર્વ, પછી દક્ષિણ, પછી પશ્ચિમ અને છેલ્લી ઉત્તર જાણવી, એવા અનુક્રમથી જુવોઃ—ત્રીજા રૂપના આદ્યના ગુરૂ પછી લઘુ આવ્યો છે એટલે આદ્યનો ગુરૂ પૂર્વ અને પછીનો લઘુ છે તે દક્ષિણ છે માટે જે ઘરની દક્ષિણે એક અલિંદ હોય તે જય ઘર અથવા છંદ થાય.

૪ । । ડ ડ આ ચોથા રૂપમાં આદ્યે બે લઘુ છે એટલે તે **નંદ** ઘર થાય છે તે નંદને પૂર્વ અને દક્ષિણે એ બે દિશાએ બે અલિંદો છે.

૫ ડ ડ । ડ આ રૂપમાં ત્રીજી પશ્ચિમ દિશાએ અલિંદ છે તેથી તે ઘરનું નામ **ખર** છે (પાંચમું).

૬ । ડ । ડ આ છઠ્ઠા રૂપમાં પૂર્વે અલિંદ છે અને બીજો પશ્ચિમદિશાએ છે તેથી તે **કાંત** છંદછે.

૭ ડ । । ડ આ રુપમાંદક્ષિણ અને પશ્ચિમ એ બે દિશાએ બે અલિંદો છે તેથી **મનોરમ**નામછે.

૮ । । । ડ આ રુપમાં પૂર્વ,દક્ષિણઅનેપશ્ચિમએત્રણે દિશાએઅલિંદોછે તેથી તેનું સુવક્ત્રનામ છે.

૯ ડ ડ ડ । આરુપમાં ચોથીઉત્તરદિશામાં એક અલિંદ હોવાથી તે **દુર્મુખ** છંદ અથવાઘરછે.

૧૦ । ડ ડ । આ રુપમાં પ્રથમ પૂર્વ અને ચોથી ઉત્તરદિશાએ અલિંદ છે તેથી તેનું નામ**ક્રૂર**ઘર છે.

૧૧ ડ । ડ । આરુપમાંદક્ષિણ અને ઉત્તર એ બે અલિંદો છે તેથી તેનું નામ **વિપક્ષ** ઘર છે.

૧૨ । । ડ । આ રુપમાં પૂર્વ, દક્ષિણઅને ઉત્તરએત્રણ તરફ અલિંદોછેતેથી **ધનદ** નામાઘર થયું.

૧૩ ડ ડ । । આ રુપમાં પશ્ચિમ અનેઉત્તર એ બે તરફ બે અલિંદો હોવાથીતે**ક્ષય** નામનુંઘરથયું.

૧૪ । ડ । । આ રુપમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરે અલિંદ છે તેથી તેનું નામ **આક્રંદ** છે.

૧૫ ડ । । । આ રુપમાં દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એ ત્રણ તરફમાં અલિંદો હોવાથી તેનું નામ **વૈપુળ** છે.

૧૬ । । । । આચારે લઘુ રુપછેતેથીચારેદિશાએઅલિંદોહોવાથીતેછંદઅથવાઘરનું **વિજય** નામછે.

"Aho Shrutgyanam"

ઘરો થાય. જેમકે, ધ્રુવનામા ઘરમાં એક ષટ્દારૂ નાખવામાં આવે તો તે "**સુંદર**[૧]" નામા ઘર થાય છે; **ધાન્ય** ઘરમાં એક ષટ્દારૂ નાખવામાં આવે તો તે "**વરદ**[૨]" ઘર થાય, **જય** ઘરમાં એક ષટ્દારૂ નાખવામાં આવે તો તે "**ભદ્ર**[૩]" ઘર થાય, **નંદ** ઘરમાં એક ષટ્દારૂ નાખીએ તો તે "**પ્રમુખ**[૪]" ઘર થાય, **ખર** નામા ઘરમાં એક ષટ્દારૂ નાખવામાં આવે તો તે "**વિમુખ**[૫]" ઘર થાય, અને **કાંત** નામા ઘરમાં એક ષટ્દારૂ નાખવામાં આવે તો તે "**શિવ**[૬]" નામા ઘર થાય છે. ૬

---

એ રીતે સોળ રુપો છે તે દરેક રુપમાં ધ્રુવ ઘર હોવું જોઇએ ત્યારે જૂદાં રુપો થાય છે.

આ ચાર ગુરુના પ્રસ્તારનાં સોળ રુપો થયાં છે તે સોળે ઘરોમાં આદ્યનું ધ્રુવ ઘર હોવું જોઇએ. અર્થાત્ ચાર પદ અથવા પાયા એ સોળેમાં હોય છે, જેમ કાવ્ય અથવા છંદના ચાર પદો હોય ત્યારે પૂરો છંદ કહેવાય તેવા ચાર પાયાવડે ધ્રુવ છંદ નામનું ઘર થાય છે, એ ધ્રુવ છંદના ચાર ગુરુ પછી તેના બીજા રુપમાં આદ્યે લઘુ આવે છે એટલે ધ્રુવ છંદ બદલાઇ ધાન્ય નામનો છંદ થાય છે અર્થાત્ આદ્ય લઘુ આવ્યો એટલે ધ્રુવ શાળા આગળ એક અલિંદ અથવા પરશાળ ઉત્પન્ન થવે ધાન્ય છંદ નામ થયું એ રીતે પ્રસ્તારનાં રુપો ફરતાં જાય તેમ ઘરનાં નામો ફરે છે.

એ રીતે ચાર ગુરુના પ્રસ્તારનાં સોળ રુપોના અનુક્રમે ધ્રુવાદિ સોળ ઘરો ઉત્પન્ન થાય છે. તે સોળે ઘરોનાં રુપો જૂદાં જૂદાં છે. ત્યાર પછી એ સોળ ઘરોનાં રુપોમાંથી બીજું રુપ ધાન્ય ઘર છે. તે ધાન્ય ઘરનું મૂળ ધ્રુવ છે પણ તેના મુખ આગળ એક અલિંદ અથવા લઘુ આવ્યાથી ધાન્ય છંદ થયો છે. તે ધાન્યના મુખ આગળના અલિંદ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તેથી રમ્યાદિ આઠ ઘરો થાય છે, પણ તેમાં યાદ રાખવાનું છે કે, ધાન્યથી એક ઘર મુકી બીજું લેવું, ત્યાર પછી ત્રીજું ઘર મુકી ચોથું ઘર લેવું, તે એ રીતે કેઃ—

ધાન્યના મુખ આગળ એક અલિંદ વધ્યાથી રમ્ય ૧ ઘર થાય છે, તે ધાન્ય પછીનું જય ઘર છે તે ન લેતાં, જયને મુકી નંદ ઘર લેવું. તે નંદ ઘર આગળ એક અલિંદ વધારીએ તો નંદ નામ બદલાઇ તેનું શ્રીધર ૨ નામ થાય, તેમજ નંદ પછીનું ખર છે તે ન લેતાં કાંત ઘર લેવું અને તેના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે કાંત નામ મટી " મુદિત ૩ " નામ થાય છે; તે પછી સાતમું મનોરમ ન લેતાં આઠમું સુવક્ત્ર લઇ તેના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે સુવક્ત્ર નામ બદલાઇને તેનું " વર્ધમાન " ૪ નામ થાય છે; તે પછી દશમું ક્રૂર ઘર લઇ તેના આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે ક્રૂર નામ મટી " કરાળ " ૫ નામનું ઘર થાય છે; તે પછી બારમું ધનદ ઘર લઇ તેના આગળ એક અલિંદ વધારવામાં આવે તો ધનદ નામ મટી " સુનાભ " ૬ નામ થાય છે, તે પછી ચૌદમા આક્રંદ ઘર આગળ એક અલિંદ વધે તો આક્રંદ નામ મટી તેનું " ધ્વાંક્ષ ", નામ થાય છે અને, સોળમા વિજય ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો વિજય નામ મટી " સમૃદ્ધ " ૮ નામે ઘર થાય છે.

"Aho Shrutgyanam"

**तत्सर्वलाभंचविशालसंज्ञं । तथाविलक्षंत्वशुभंध्वजंच ॥**
**उद्योतमेवंत्वथभीषणंच । सौम्याजितेस्तःकुलनंदनंच ॥७॥**

**અર્થઃ—મનોરમ** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **સર્વ-લાભ**[7] " ઘર થાય, **સુવકત્ર** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **વિ-શાળ**[8] " ઘર થાય, દુર્મુખ ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **વિ-લક્ષ**[9] " ઘર થાય, **ક્રૂર** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **અશુભ**[10] " ઘર થાય, **વિપક્ષ** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **ધ્વજ**[11] " ઘર થાય, **ધનદ** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **ઉદ્યોત**[12] " ઘર થાય, **ક્ષય** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **ભીષણ**[13] " ઘર થાય, " **આ-ક્રંદ** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **સૌમ્ય**[14] " ઘર થાય, **વિ-પુળ** ઘરમાં એક ષટ્દારુ નાંખવામાં આવે તો તે " **અજીત**[15] " ઘર થાય, અને **વિજય** ઘરમાં એક ષટ્દારુ નાખવામાં આવે તો તે " **કુળનંદન**[16] " નામા ઘર થાય. ૭

## शार्दूलविक्रीडित.

**पूर्वालिंदसमस्तकेषुयुगलंपट्टश्चशालांतरे ।**
**हंसंचैवसुलक्षणंचपुरतः सौम्यंहयंभावुकं ॥**
**तस्मादुत्तमरोचिरेचसततंक्षेमंतथाक्षेपकं ॥**
**चोद्वृत्तंवृषमुच्छ्रितंचव्ययमानंदंसुनंदंक्रमात् ॥ ८ ॥**

---

એ રીતે ધ્રુવાદિ સોળ ઘરોમાંથી એક એક ઘર મુકી દર બીજા ઘર આગળ એક એક અલિંદ વધારવાથી રમ્યાદિ આઠ ઘરો થાય છે. જુવો એ રીતમાં દરેક છંદ આગળ એક એક લઘુ વધવાથી છંદોના નામો ફરી ગયાં છે. તેજ રીતે ગુરુ વધે તોપણ છંદ ફરી જાય છે; એટલે કાવ્ય અને શિલ્પની એકજ રીત મળે છે. કાવ્યમાં જેમ આદ્યે ત્રણ લઘુ હોય તે **નગણ** ગણ થાય આદ્યે, ત્રણ ગુરુ હોય તો **મગણ** ગણ, આદ્યે એક ગુરુ અને અંતે બેલઘુ થાય તો **ભગણ** થાય, એ ત્રણ ગણ આવ્યેથી એકાદજાતિનો છંદ થાય, તે ગણો પછી એક લઘુ આવે તો બીજા પ્રકારનો છંદ થાય અને છલ્લે ગુરુ આવે તો ત્રીજી પ્રકારનો છંદ થઇ જાય. એ વાત સર્વના ધ્યાનમાં આવી હશે તો તેજ પ્રમાણે મૂળ ધ્રુવ ઘર આગળ એક અ-લિંદ આવે તો **ધાન્ય** છંદ થાય. એ ધ્રુવ ઘરની પાછળ એક અલિંદ આવે તો **ખર** ઘર થાય, એ ધ્રુવ ઘરની જમણી તરફ અર્થાત્ દક્ષિણે એક અલિંદ આવે તો ધ્રુવ મટી જય છંદ થાય અને એજ ધ્રુવ ઘરની ડાબી તરફ અર્થાત્ ઉત્તરે એક અલિંદ આવે તો તે **દુર્મુખ** છંદ થઇ જાય.

એ રીતે એક લઘુ આવેથી નામ જુદાં થાય છે. તેજ રીતે બે બે અલિંદો આવેથી વળી નામ બદલાય તથા ત્રણ લઘુ આવેથી નામ બદલાય છે; એમ દરેક ઘરોમાં એક લઘુ વધે તો ઘરોનાં નામ અથવા છંદ ફરી બીજું નામ અથવા બીજો છંદ થઇ જાય છે.

"Aho Shrutgyanam"

**અર્થ**:—પ્રથમ ધ્રુવાદિક જે ઘરો કહ્યાં છે તેમાં જ્યાં એક અલિંદ કરવાનું કહ્યું છે ત્યાં બે અલિંદો અને તે અલિંદોની શાળામાં બે (પ્રસાળ પાછળ મુખ્ય ઓરડામાં) પાટડા નાખવામાં આવે તો તેથી તે ધ્રુવાદિકનાં રુપો બદલાઇ હંસાદિક સોળ ઘરો થાય. જેમકેઃ—

**ધ્રુવ** નામના ઘરને અલિંદ નથી તેમ છતાં તેના મુખ આગળ (દ્વાર આગળ) એક અલિંદ કરી ધ્રુવ ઘરમાં પાટડા નાખવામાં આવે; તો તે "**હંસ**[1]" નામનું ઘર થાય; **ધાન્ય** ઘરના મુખ આગળ એક અલિંદ હોય તે અલિંદ આગળ બીજો એક અલિંદ કરી ધાન્ય ઘરમાં પાટડો નાખવામાં આવે તો તે "**સુલક્ષણ**[2]" ઘર થાય; **જય** ઘરની જમણી તરફ એક અલિંદ હોય તે અલિંદ આગળ એક અલિંદ કરી જયમાં પાટડો નાખવાથી તે "**સૌમ્ય**[3]" ઘર થાય; **નંદ** ઘરના મુખ આગળ અને જમણી તરફ એ બન્ને ઠેકાણે એક એક અલિંદ છે; એ દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી નંદમાં પાટડો નાખવામાં આવે તો તે "**હય**[4]" ઘર થાય; **ખર** ઘરની પાછળ (પછીતે) એક અલિંદ હોય તે અલિંદ આગળ એક બીજો અલિંદ વધારી ખરમાં પાટડો નાખવામાં આવે તો તે "**ભાવુક**[5]" ઘર થાય; **કાંત** ઘરના મુખ આગળ અને તેની પછીતે, એ બન્ને ઠેકાણે એક એક અલિંદ હોય, એ બન્ને અલિંદો આગળ એક એક અલિંદ વધારી કાંતમાં પાટડો નાખવામાં આવે તો તે "**ઉત્તમ**[6]" નામે ઘર થાય; **મનોરમ** ઘરની જમણી તરફ અને પછીતે એ બન્ને ઠેકાણે એક એક અલિંદ હોય, એ દરેક અલિંદ આગળ એક અલિંદ વધારવામાં આવે અને મનોરમમાં પાટડો નાખવામાં આવે તો તે "**રુચિર**[7]" નામે ઘર થાય; **સુમુખ** ઘરના મુખ આગળ અને તે ઘરના મુખથી જમણી તરફ તેમજ તે ઘરની પછીત એ રીતે ત્રણે તરફ એક એક અલિંદ હોય, એ દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી સુમુખમાં પાટડોનાખવામાં આવે તો તે "**સતત**[8]" નામે ઘર થાય; **દુર્મુખ** ઘરના મુખથી ડાબી તરફ એક અલિંદ હોય તે અલિંદ આગળ એક અલિંદ વધારી દુર્મુખમાં પાટડો નાખવાથી તે "**ક્ષેમ**[9]" નામે ઘર થાય; **ક્રૂર** ઘરના મુખ આગળ તથા તે ઘરની ડાબી તરફ એ બન્ને ઠેકાણે એક એક અલિંદ હોય, એ દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી ક્રૂરમાં પાટડો નાખવામાં આવે તો તે "**ક્ષેપક**[10]" નામે ઘર થાય; **વિપક્ષ** ઘરની જમણી અને ડાબી એ બન્ને તરફ એક એક અલિંદ હોય, એ દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી વિપક્ષ ઘરમાં પાટડો નાખવાથી તે "**ઉદ્વૃત્ત**[11]" નામે ઘર થાય; **ધનદ** ઘરના મુખ આગળ તથા તે ઘરની ડાબી તરફ અને જમણી તરફ એ રીતે ત્રણ તરફ ત્રણ અલિંદો હોય, એ દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી ધનદમાં પાટડો નાખવામાં આવે તો તે "**વૃષ**[12]" નામે ઘર થાય; **ક્ષય**

"Aho Shrutgyanam"

ઘરની પછીતે અને તે ઘરની ડાબી તરફ એ બન્ને બાજુ ઉપર એક એક અલિંદ હોય, તે દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી ક્ષય ઘરમાં પાટડો નાખવામાં આવે તો તે "[13]**ઉચ્છ્રિત**" નામે ઘર થાય; **આક્રંદ** ઘરના મુખ આગળ તથા તે ઘરની પછીતે અને તે ઘરના મુખથી ડાબી તરફ એ રીતે ત્રણે બાજુ ઉપર ત્રણ અલિંદો હોય તે દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી આક્રંદમાં પાટડો નાખવાથી તે "[14]**વ્યય**" નામે ઘર થાય; **વિપુળ** ઘરની પછીતે એક અલિંદ તથા તેની ડાબી તરફ એક અલિંદ અને એ વિપુળ ઘરની જમણી તરફ એક અલિંદ એ રીતે ત્રણે તરફ ત્રણ અલિંદો હોય તે દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી વિપુળમાં પાટડો નાખવામાં આવે તો તે "[15]**આનંદ**" નામનું ઘર થાય; અને **વિજય** નામના ઘરની ચારે તરફ એક એક અલિંદ હોય, તે દરેક અલિંદ આગળ એક એક અલિંદ વધારી વિજયમાં પાટડો નાખવામાં આવે તો તે "[16]**સુનંદ**" નામનું ઘર થાય છે. ૮

## उपजाति.

**मध्येपवर्कंध्रुवकादिकानामलंकृताव्हंप्रथमंचतत्र ॥**
**तथाप्यलंकारमितिक्रमेणख्यातंतदन्यद्रमणंचपूर्णं ॥ ९ ॥**

**અર્થ**:—ધ્રુવાદિક ઘરમાં *અપવર્ક આવે તો તેથી અલંકૃતાદિ સોળ ઘરો થાય છે. જેમકે, ધ્રુવ નામના ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે ધ્રુવ ઘરનું નામ બદલાઇ તે "**અલંકૃત**[1]" નામે ઘર થાય; **ધાન્ય** ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે ઘર "**અલંકાર**[2]" નામે થાય; **જય** ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**રમણ**[3]" ઘર થાય, અને **નંદ** ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**પૂર્ણ**[4]" નામે ઘર થાય છે. ૯

* અપવર્ક એટલે ઓરડી અથવા કોટડી. આ અપવર્ક ધ્રુવાદિક ઘરની કઇ બાજુ ઉપર આવે તો ઘરનું નામ ફરી જાય છે? એ વિષેનો સ્પષ્ટ ખુલાસો થવા અપરાજીત અથવા સૂત્રસંતાનમાં લખે છે કેઃ—

**षट्दारुकानिपरित्यज्य । ध्रुवादिक्रमसंस्थितं ॥ शालामध्येऽपवरकं धनदाशाग्रतःस्थितं ॥ १० ॥**

**अलंकृतमलंकारं । रमणंपूर्वमीश्वरं । सुपुण्यंगगुर्भकलशं । दुर्गतंरिक्तमीप्सितं ॥ ११ ॥**

**सुभद्रंवांचितदीनं । विभवाख्यंसर्वकामदं ॥ यथार्थनामभेदेन । गुणाभिधानकोत्तमं ॥ १२ ॥ ( सूत्र. ९१ )**

**અર્થઃ**—જે ઘરમાં ષટ્દારુ ન હોય તેવાં ધ્રુવાદિ સોળ ઘરો પ્રથમ કહ્યાં છે. તેનાજ અનુક્રમે શાળામાં ઉત્તર દિશા તરફ ( ઘરની ડાબી તરફ ) ઘરના આગળના ભા-

"Aho Shrutgyanam"

## वसंततिलका.

**तत्रेश्वरंतदनुपुण्यमतःसुगर्भं । प्रोक्तंगृहंकलशदुर्गतमेवरिक्तं ॥**
**स्यादिप्सितंतदनुभद्रकवंचितेच । दीनंगृहंविभवकामदमेवसंख्या॥**

**અર્થઃ**—ખર નામે ઘરની ડાબી તરફ અપવર્ક અથવા ઓરડી આવે તો તે "**ઈશ્વર**[૫]" નામે ઘર થાય; કાંત નામા ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**પુણ્ય**[૬]" નામનું ઘર થાય; મનોરમ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**સુગર્ભ**[૭]" ઘર થાય; સુમુખ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**કળશ**[૮]" નામે ઘર થાય; દુર્મુખ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**દુર્ગત**[૯]" નામનું ઘરનું ઘર થાય; ક્રૂર ઘરની ડાબી તરફ ઓરડી આવે તો તે "**રિક્ત**[૧૦]" નામનું ઘર થાય; વિપક્ષ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**ઇપ્સિત**[૧૧]" નામનું ઘર થાય; ધનદ ઘરની ડાબી તરફ અપવર્વ આવે તો તે "**ભદ્રક**[૧૨]" નામનું ઘર થાય; ક્ષય ઘરની ડાબી તરફ ઓરડી અથવા અપવર્ક આવે તો તે "**વંચિત**[૧૩]" નામનું ઘર થાય; આક્રંદ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**દીન**[૧૪]" નામનું ઘર થાય; વિપુલ ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**વિભાવ**[૧૫]" નામનું ઘર થાય અને "વિજય" ઘરની ડાબી તરફ અપવર્ક આવે તો તે "**કામદ**[૧૬]" નામનું ઘર થાય છે, ૧૦

## उपजाति.

**षट्दारुसर्वेष्वपवर्ककेषु । प्रभावसंज्ञंत्वथभावितंच ॥**
**रुक्मंतथान्यत्तिलकंचतद्वत् । स्यात्क्रीडनंसौख्यमतोयशोदं॥११॥**

**અર્થઃ**—સર્વ અપવર્ક વિષે ષટ્દારૂ નાખીએ તો તેથી "**પ્રભાવા**"દિ સોળ ઘરો થાય. તે એવી રીતે કેઃ—

પ્રથમના ધ્રુવનામના ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[૧]**પ્રભાવ**" નામે ઘર થાય; ધાન્ય ઘરના અપવર્કમાં ષટ્દારૂ નાખીએ તો તે "[૨]**ભાવિત**"

---

ગમાં જે ઘરને અપવર્ક હોય એવાં ધ્રુવાદિ સોળ અલંકૃતાદિ નામનાં ઘરો અનુક્રમે થાય છે. તે એવી રીતે કેઃ—

પ્રથમ અલંકૃત (૧), અલંકાર (૨), રમણ (૩), પૂર્ણ (૪), (રાજવલ્લભમાં ચોથું ઘર "પૂર્ણ" કહ્યું છે.) ઈશ્વર (૫), સુપુણ્ય ( (૬), સુગર્ભ (૭), કળશ (૮), દુર્ગત (૯), રિક્ત (૧૦), ઇપ્સિત (૧૧), સુભદ્ર (૧૨), (રાજવલ્લભમાં સુભદ્રને "ભદ્રક" કહ્યું છે.) વંચિત (૧૩), દીન (૧૪), વિભવ (૧૫) અને સોળમું સર્વ કામદ (૧૬), નામે ઘર થાય. (આ છેલ્લા સર્વ કામદ નામે ઘરને રાજવલ્લભમાં "**कामद**" કહ્યું છે.) આ બાબતનો ખુલાસો વધારે સારી રીતથી સમજવા માટે આ રાજવલ્લભના હવે પછીના દશમા શ્લોકમાં આવશે.

"Aho Shrutgyanam"

"નામે ઘર થાય; **જય** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[3]**રૂકમ**" નામે ઘર થાય; **નંદ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[4]**તિલક**" નામે ઘર થાય; **ખર** નામના ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[5]**ક્રીડન**" નામે ઘર થાય; **કાંત** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[6]**સાખ્ય**" નામે ઘર થાય; અને છેલ્લા **મનોરમ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ નાખવામાં આવે તો તે "[7]**યશોદ**" ઘર થાય છે. ૧૧

## मालिनी.

कुमुदमपिचकालंभासुरंभूषणंच
वसुधरमथगेहंधान्यनाशंतदन्यत् ॥
कुपितमपिचवित्तेवृद्धिदंप्रोक्तमेतत्
तदनुकुलसमृद्धंषोडशंप्रोक्तमाद्यैः ॥ १२ ॥

**અર્થઃ**—**સુમુખ** નામના ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[8]**કુમુક**" નામે ઘર થાય; **દુર્મુખ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[9]**કાળ**" નામે ઘર થાય; **ક્રૂર** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[10]**ભાસુર**" નામે ઘર થાય; **વિપક્ષ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[11]**ભૂષણ**" નામે ઘર થાય; **ધનદ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[12]**વસુધર**" નામે ઘર થાય; **ક્ષય** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે, "[13]**ધાન્યનાશ**" નામે ઘર થાય; **આક્રંદ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[14]**કુપિત**" નામે ઘર થાય; **વિપુલ** ઘરના અપવર્કમાં ષટ્દારૂ આવે તો તે "[15]**વિત્તવૃદ્ધિદ**" નામે ઘર થાય; અને **વિજય** નામના ઘરના અપવર્કમાં ષટ્દારૂ નાખવામાં આવે તો તે "[16]**કુલસમૃદ્ધ**" નામનું ઘર થાય છે. ૧૨

सर्वेमुखालिंदसमन्विताश्च । दारुद्विषट्कंह्यपवर्कमध्ये ॥
ततश्चचूडामणिकंप्रभद्रं । क्षेमंतथाशेखरमुच्छ्रितंच ॥ १३ ॥

**અર્થઃ**—અપવર્ક સાથે ષટ્દારૂ સહિત જે **પ્રભાવાદિ** ઘરો કહ્યાં છે તે ઘરોના મુખ આગળ એક એક અલિંદ વધારવામાં આવે તો તે ચૂડામણિ આદિ ઘરો થાય છે. તે એવી રીતે કેઃ—**પ્રભાવ** ઘરના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે "[1]**ચૂડામણિ**" નામે ઘર થાય; **ભાવિત** ઘરના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે "[2]**પ્રભદ્ર**" નામે ઘર થાય; **રૂકમ** ઘરના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે "[3]**ક્ષેમ**" નામે ઘર થાય; **તિલક** ઘરના મુખ આગળ એક અલિંદ વધારિએ તો તે "[4]**શેખર**" નામે ઘર થાય, તથા **ક્રીડન** ઘરના મુખ આગળ એક અલિંદ વધારિએ તો તે "[5]**ઉચ્છ્રિત**" નામે ઘર થાય છે. ૧૩.

"Aho Shrutgyanam"

विशालसंज्ञंत्वथभूतिदंच । हृष्टंविरोधंकथितंक्रमेण ॥
तत्कालपाशंहिनिरामयंतु । सुशालरौद्रेमुनिसंमताच्च ॥ १४ ॥

**અર્થઃ**—**સૌખ્ય** ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ તો તે "**વિશાળ**[6]" નામે ઘર થાય; **યશોદ** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[7]**ભૂતાદિ**" નામે ઘર થાય; **કુમુદના** મુખ આગળ એક અલિંદ વધે તો તે "[8]**હૃષ્ટ**" નામે ઘર થાય; **કાળ** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[9]**વિરોધ**" નામે ઘર થાય; **ભાસુર** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[10]**કાળપાશ**" નામે ઘર થાય; ભૂષણ ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[11]**નિરામય**" નામે ઘર થાય; **વસુધર** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[12]**સુશાળ**" નામે ઘર થાય; **ધાન્ય** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[13]**રૌદ્ર**" નામનું ઘર થાય છે; એવો મુનીશ્વરોનો મત છે. ૧૪

मेघंगृहंचैवमनोभवंचसुभद्रसंज्ञंकथिताचसंख्या ॥
इत्येकशालानिगृहाणिविद्याच्छतंचचत्वार्यधिकंध्रुवादेः ॥१५॥

**અર્થઃ**—**કુપિત** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "[14]**મેઘ**" નામે ઘર થાય; **વિત્તવૃદ્ધિદ** ઘરના મુખ આગળ એક અલિંદ વધે તો તે "**મનોભવ**[15]" નામે ઘર થાય; અને **કુળસમૃદ્ધ** નામના ઘરના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે "[13]**સુભદ્ર**" નામનું ઘર થાય છે; એ રીતે ધ્રુવાદિ લઇ એક શાળાનાં એકસોને ચાર (૧૦૪) ઘરો થાય છે. ૧૫

## आर्या.

अपवर्कंयत्कथितं । तद्वामेधीमतागृहेकार्यं ॥
यत्षट्दारुकमुदितं । ज्ञेयासापट्टजाश्रेणी ॥ १६ ॥

**અર્થઃ**—જે ઘરોને અપવર્ક કરવાનું કહ્યું છે તે અપવર્ક બુદ્ધિમાન્ પુરૂષે ઘરની ડાબી તરફ કરવો, તેમજ ઘરમાં ષટ્દારૂ નાખવાનું કહ્યું છે તે પાટડાની શ્રેણી, પાટડાની ઓળ અથવા પાટડાની પંક્તિ એટલે ષટ્દારૂ એમ સમજવું.

---

## अर्थ द्विशाळगृह लक्षणं.

## उपजाति.

अथद्विशालालयलक्षणानि । पदैस्त्रिभिःकोष्टकरंध्रसंख्या ॥
तन्मध्यकोष्टंपरिहृत्ययुग्मं । शालाश्चतस्रोहिभवंतिदिक्षु ॥१७॥

**અર્થ**:—દ્વિશાળ ઘર કરવાની રીત એવી છે કે, દ્વિશાળ ઘર કરવાની ભૂમિમાં ત્રણ *પદ કરવા. તે એવી રીતે કે, ત્રણ પદ ઉભા અને ત્રણ પદ આડા મળી નવ પદ કરી, તે નવ પદના મધ્યેનો પદ મુકી બાકીના બે બે પદમાં બે શાળા કરવી; તથા બાકીની ભૂમિ ખુલ્લી રાખવી. એ પ્રમાણે ચાર દિશાઓમાં ચાર પ્રકારની શાળા થાય છે. ૧૭

## वसंततिलका.

याम्याग्निगाचकरिणीधनदाभिवक्रा
पूर्वाननाचमहिषीपितृवारुणस्था ॥
गावीयमाभिवदनापिचरोगसोमे
छागीमहेंद्रशिवयोर्वरुणाभिवक्रा ॥ १८ ॥

**અર્થ**:—દક્ષિણ અને અગ્નિ એ બે કોણના બે કોઠાઓમાં બે શાળાઓ હોય તે બન્નેનાં મુખ ઉત્તર દિશામાં હોય તો તે શાળાનું નામ "[1]**કરિણી**" (હસ્તિની) શાળા કહેવાય; નૈર્ઋત અને પશ્ચિમ એ બે દિશાઓના બે કોઠાઓમાં બે શાળાઓ હોય અને તે બન્ને શાળાઓનાં મુખ પૂર્વ દિશામાં હોય તો તેનું નામ "[2]**મહિષી**" કહેવાય; વાવ્ય અને ઉત્તર એ બે દિશાઓના પદોમાં બે શાળાઓ હોય અને તેનું મુખ દક્ષિણમાં હોય તો તે "[3]**ગાવી**" શાળા કહેવાય; પૂર્વ અને ઇશાન એ બે દિશાઓમાં જે બે પદો હોય તે પદોમાં બે શાળાઓ હોય અને તે બેનું મુખ પશ્ચિમમાં હોય તો તે "[4]**છાગી**" શાળા કહેવાય. ૧૮

## शार्दूलविक्रीडित.

हस्तिन्यामहिषीद्विशालभवनंसिद्धार्थकंतच्छुभं
गावीमाहिषसंज्ञकंम्हतिकरंतद्यामसूर्यंभवेत् ॥
दंडंछागगवान्वितंधनहरंहस्तिन्यजाभ्यांतथा
काचंगोकरिणीयुतंनाहिशुभंचुल्हचिपूर्वापरं ॥ १९ ॥

**અર્થ**:—જે ઘરમાં કરિણી (હસ્તિની) અને મહિષી, એ બે શાળાઓ ભેગી હોય તે ઘરનું "[1]**સિદ્ધાર્થ**" નામ કહેવાય; તેથી તે ઘરના નામ પ્રમાણે તેનું ફળ પણ શુભ છે. ગાવી, અને મહિષી એ બે શાળાઓ જે ઘરમાં ભેગી હોય તે "[2]**યમસૂર્ય**" નામે ઘર કહેવાય. તેવા ઘરનું ફળ મૃત્યુ કરાવે. છાગી અને ગાવી એ બે શાળાઓ જે ઘરમાં ભેગી હોય તે "[3]**દંડ**" નામનું ઘર કહેવાય. તેનું ફળ ધનનો નાશ કરનારૂં છે, હસ્તિની, અને છાગી, એ બે શા-

* પદ એટલે ભાગ, વિભાગ, કોઠા અથવા ખંડ. ( ઘરની ભૂમિના કોઠાઓ કરવા. )

"Aho Shrutgyanam"

ળાઓ જે ઘરમાં ભેગી હોય તે ઘરનું નામ "[૪]ક્રાચ" ઘર કહેવાય; એવા ઘરનું ફળ પણ દંડ ઘરના ફળ જેવું છે. ( ધન નાશનું ફળ. ) ગાવી અને કરિણી, એ બે શાળાઓ જે ઘરમાં ભેગી હોય તેવા ઘરનો આકાર **ચુલ્હિનો** થાય છે. કેમકે, તેવા ઘરનો પૂર્વ અને પશ્ચિમ એ બે દિશાઓમાં હોવાથી ચુલા જેવો આકાર થાય છે. એ ઘર સારૂં નથી. ૧૯

## इंद्रवज्रा.

**नामान्यतःसंततशांतिदंच । स्याद्वर्द्धमानंत्वथकुर्कुटाख्यं ॥**
**हस्तादितोनामचतुष्टयंच । हर्म्यंद्विशालंप्रथमंतथैव ॥ २० ॥**

**અર્થઃ**—જે ઘરને હસ્તિની શાળા હોય તે "[૧]**સંતત**" નામે ઘર કહેવાય; જે ઘરને મહિષી શાળા હોય તે "[૨]**શાન્તિદ**" ઘર કહેવાય; જે ઘરને ગાવી શાળા હોય તે "[૩]**વર્દ્ધમાન**" ઘર કહેવાય; અને જે ઘરને છાગી શાળા હોય તે "[૪]**કુર્કુટ**" ઘર કહેવાય. એ રીતે પ્રથમ દ્વિશાળ ઘર કહ્યાં છે ૨૦

**यत्स्वस्तिकंतद्रसदारुमध्येऽलिंदस्तथाग्रेकथितंद्विशालं ।**
**हंसाख्यकंस्यादथवर्धमानंकीर्त्तिर्विनाशंभवनंचतुर्थं ॥२०॥**

**અર્થઃ**—ઉપર બતાવેલા સંતત નામના દ્વિશાળ ઘર આગળ એક અલિંદ આવે અને શાળામાં ષટ્દારૂ આવે તો તે "[૧]**સ્વસ્તિક**" નામે ઘર કહેવાય. શાંતિદ નામના બે શાળાના ઘર આગળ એક અલિંદ આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[૨]**હંસ**" નામનું ઘર થાય. વર્ધમાન નામના દ્વિશાળ ઘર આગળ એક અલિંદ આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તોપણ તે ઘરનું તેજ "[૩]**વર્ધમાન**" નામ રહે છે અને કુર્કુટ નામે દ્વિશાળ ઘર આગળ એક અલિંદ આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[૪]**કીર્તિવિનાશ**" નામનું ઘર કહેવાય. ૨૧

## उपजाति.

**अलिंदयुग्मंपुरतोविदध्यात्षट्दारुमध्येपिचशांतसंज्ञं ॥**
**तस्माद्गृहेहर्षणवैपुलेचतथाचतुर्थंकथितंकरालं ॥ २२ ॥**

**અર્થઃ**—સંતત ઘર આગળ બે અલિંદો આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[૧]**શાંત**" નામનું ઘર કહેવાય; શાંતિદ ઘર આગળ બે અલિંદો હોય અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[૨]**હર્ષણ**" ઘર કહેવાય; વર્ધમાન ઘર આગળ બે અલિંદો આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[૩]**વિપુળ**" ઘર કહેવાય અને કુર્કુટ નામના ઘર આગળ બે અલિંદો આવે અને શાળા વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[૪]**કરાળ**" નામનું ઘર કહેવાય. ૨૨

"Aho Shrutgyanam"

## इंद्रवज्रा.

तस्मिन्गृहेदक्षिणतोह्यलिंदेवित्तंचचित्तंनकालदंडे ॥
वामेपुनर्बंधुदपुत्रदंस्यातसर्वंतुतस्मिन्नपिकालचक्रं ॥२३॥

**અર્થ**:—ઉપર બતાવેલા બે શાળાવાળા શાંત ઘર આગળ બે અલિંદો અને શાળા વચ્ચે ષટ્દારૂ કહેવામાં આવ્યું છે તે ઘરની જમણી તરફ ત્રીજો અલિંદ આવે તો તે ઘરનું "[1]**વિત્ત**" નામ થાય; તેજ રીતે હર્ષણ ઘરની જમણી તરફ એક અલિંદ આવે તો તે "[2]**ચિત્ત**" ઘર કહેવાય; વિપુળની જમણી તરફ એક અલિંદ આવે તો તે ઘરનું "[3]**ધન**" નામ થાય; કરાળ ઘરની જમણી તરફ એક અલિંદ આવે તો તેવા ઘરનું "[4]**કાળદંડ**" નામ થાય.

વળી પ્રથમ ઉપર બતાવેલા એજ શાંત ઘરની ડાબી તરફ એક અલિંદ આવે તો તે "[1]**બંધુદ**" ઘર કહેવાય; તેજ હર્ષણ ઘરની ડાબી તરફ એક અલિંદ આવે તો તે "[2]**પુત્રદ**" ઘર કહેવાય; તેજ વિપુળ ઘરની ડાબી તરફ એક અલિંદ આવે તો તે "[3]**સર્વ**" નામનું ઘર કહેવાય અને એજ કરાળ ઘરની ડાબી તરફ એક અલિંદ આવે તો તે "[4]**કાળચક્ર**" નામનું ઘર કહેવાય.

## उपजाति.

लघुश्चपश्चात्पुरतोपियुग्मंस्याद्दक्षिणैकोरसदारुमध्ये ॥
तत्रैपुरंसुंदरमेवनीलंस्यात्कौटिलंचैवयथाक्रमेण ॥ २४ ॥

**અર્થ**:—સંતત ઘરની પછીતે એક અલિંદ આવે અને તે ઘરના મુખ આગળ બે અલિંદો આવે તેમજ તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ આવે વચમાં ષટ્દારૂ આવે તો તેથી સંતત ઘરનું રૂપ બદલાવાથી તે "[1]**ત્રૈપુર**" નામે ઘર થાય; શાંતિદ ઘરની પછીતે, એક અલિંદ તથા તે ઘરના મુખ આગળ બે અલિંદો તથા તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ આવે અને વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[2]**સુંદર**" નામનું ઘર થાય; વર્ધમાન ઘરની પછીતે એક અલિંદ, ઘરના મુખ આગળ બે અલિંદો તેમજ તે ઘરની જમણી તરફ એક અલિંદ અને વચ્ચે ષટ્દારૂ આવે તો તે "[3]**નીલ**" નામનું ઘર થાય; અને કુર્કુટ ઘરની પછીતે એક અલિંદ તથા તે ઘરના મુખ આગળ બે અલિંદો તથા તે ઘરની જમણી તરફ એક અલિંદ અને વચમાં ષટ્દારૂ આવે તો તે "[4]**કૌટિલ**" નામનું ઘર થાય. ૨૪

"Aho Shrutgyanam"

प्रदक्षिणैकःपुरतोपियुग्मं । षट्कंगृहांतःकिलशारदाख्यं ॥
ततोद्वितीयंखलुशास्त्रदंस्यात् । शीलंतथाकोटरमेवसंज्ञं ॥२५॥

**અર્થઃ**—સંતત ઘરની જમણી તરફ તથા ડાબી તરફ અને તેની પછીતે, એ રીતે ત્રણે દિશાએ એક એક અલિંદ હોય, અને તે ઘરના મુખ આગળ બે અલિંદો હોય, તેમજ વચ્ચે ષટ્દારૂ હોય તો તે "[1]**શારદ**" નામનું ઘર કહેવાય; શાંતિદ ઘરની જમણી, ડાબી અને પછીતે એ ત્રણે તરફ એક એક અલિંદ હોય તથા મુખ આગળ બે અલિંદો હોય અને વચમાં ષટ્દારૂ હોય તો તે "[2]**શાસ્ત્રદ**" નામે ઘર કહેવાય; વર્ધમાન ઘરની જમણી, ડાબી અને પછીતે એ રીતે ત્રણે દિશાએ એક એક અલિંદ હોય તેમજ તે ઘરના મુખ આગળ બે અલિંદો હોય અને વચ્ચે ષટ્દારૂ હોય તો તે "[3]**શીળ**" નામનું ઘર કહેવાય; અને કુર્કુટ ઘરની જમણી તરફ એક અલિંદ, ડાબી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ, તથા તે ઘરના મુખ આગળ બે અલિંદો હોય, વચ્ચે ષટ્દારૂ હોય તો તે "[4]**કોટર**" નામનું ઘર કહેવાય. ૨૫

सौम्यंगृहंमंडपसंयुतंचेत् । तत्तुल्यरूपंविबुधैर्विधेयं
सुभद्रमस्मादपिवर्धमानं । क्रूरंचसर्वेष्वशुभंचतुर्थं ॥ २६ ॥

**અર્થઃ**—જે ઘરના મુખ આગળ બે અલિંદ અને વચ્ચે ષટ્દારૂ એવું બે શાળાવાળું શાંત, ઘર કહ્યુંછે. તે ઘર આગળ એક મંડપ આવે તો તે "[1]**સૌમ્ય**" નામે ઘર કહેવાય; એજ રીતે હર્ષણ ઘર હોય છે. તે હર્ષણના મુખ આગળ મંડપ આવે તો તે "[2]**સુભદ્ર**" ઘર કહેવાય; એજ રીતના વિપુલ ઘરના મુખ આગળ બે અલિંદ અને વચ્ચે ષટ્દારૂ હોય તેના મુખ આગળ એક મંડપ આવે તો તે "[3]**વર્ધમાન**" ઘર કહેવાય; અને તેજ રીતે કરાળ ઘરના મુખ આગળ બે અલિંદ અને વચ્ચે ષટ્દારૂ આવે છે તે ઘરના મુખ આગળ મંડપ આવે તો તે "[4]**ક્રૂર**" નામનું ઘર કહેવાય. એ રીતે જે દ્વિશાળ ઘરો કહ્યાં છે તે દરેક દ્વિશાળ ઘરમાં છેલ્લું અથવા ચોથું ઘર આવે તે અશુભ છે એમ સમજવું. ૨૬

मुखेत्रयंदक्षिणपार्श्वमेकः । षट्दारुकंश्रीधरनामधेयं ॥
प्रोक्तेगृहेकामदपुष्टिदेच । चतुर्थकंकीर्तिविनाशमेव ॥ २७ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે અલિંદ આવે અને તે બે

"Aho Shrutgyanam"

અલિંદ આગળ એક મંડપ આવે તેમજ તે દ્વિશાળ ઘરની જમણી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ, વચ્ચે ષટ્દારૂ આવે અને તે ઘરનું મુખ ઉત્તર દિશામાં હોય તો તે "[५]**શ્રીધર**" ઘર કહેવાય, એજ રીતના દ્વિશાળ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે "[६]**કામદ**" ઘર કહેવાય; એવાજ દ્વિશાળ ઘરનું મુખ દક્ષિણમાં હોય તો તે "[७]**પુષ્ટિદ**" નામે ઘર કહેવાય અને એવાજ દ્વિશાળ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે "[८]**કીર્ત્તિવિનાશ**" નામે ઘર કહેવાય. ૨૭

## इंद्रवज्रा.

**वामेतथादक्षिणपश्चिमैको । युग्मंमुखेमंडपमग्रतश्च ॥**
**श्रीभूषणंश्रीवसनंततश्च । श्रीशोभकीर्त्तिक्षयमेवतद्वत् ॥ २८ ॥**

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરની ડાબી તરફ એક અલિંદ, જમણી તરફ એક અલિંદ, પછીતે એક અલિંદ અને તે ઘરના મુખ આગળ બે અલિંદ હોય, તે બે અલિંદ આગળ એક મંડપ હોય, એવા દ્વિશાળ ઘરનું મુખ ઉત્તરમાં હોય; તો તે "[१]**શ્રીભૂષણ**" ઘર કહેવાય, એજ પ્રકારના દ્વિશાળ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે "[२]**શ્રીવસન**" ઘર કહેવાય; એજ પ્રકારના દ્વિશાળ ઘરનું મુખ દક્ષિણ તરફ હોય તો તે "[३]**શ્રીશોભ**" ઘર કહેવાય; અને એવાજ પ્રકારના દ્વિશાળ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે "[४]**કીર્ત્તિક્ષય**" નામનું ઘર કહેવાય. ૨૮

**एकोपरेदक्षिणवामपार्श्वे । षण्मध्यगंश्रीधरयुग्मपूर्वं ॥**
**सर्वार्थदंस्यान्मुखतस्त्रयंचेत् । लक्ष्मीनिवासंकुपितंचनाम्ना ॥२९॥**

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરની પછીતે એક અલિંદ તથા જમણી અને ડાબી તરફ એક એક અલિંદ તથા તે ઘરના મુખ આગળ ત્રણ અલિંદ, વચ્ચે ષટ્દારૂ હોય અને તે ઘરનું મુખ ઉત્તર દિશામાં હોય તો તે "[१]**શ્રીધરયુગ્મ**" ઘર કહેવાય, તેવાજ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે "[२]**સર્વાર્થદ**" ઘર કહેવાય; તેવાજ ઘરનું મુખ દક્ષિણમાં હોય તો તે "[३]**લક્ષ્મીનિવાસ**" ઘર કહેવાય અને એવાજ ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે "[४]**કુપિત**" નામનું ઘર કહેવાય.

## उपजाति.

**युग्मंमुखेमंडपमेवचाग्रे । युग्मंतथादक्षिणतोंतभित्तिः ॥**
**पृष्टैकउद्योतकबाहुतेजः । सुतेजएवंकलहावहंस्यात् ॥ ३० ॥**

"Aho Shrutgyanam"

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય અને તે અલિંદો આગળ એક મંડપ હોય, તે ઘરની જમણી તરફ બે અલિંદો હોય અને તેથી છેલ્લી ભિંત હોય, પછીતે પણ એક અલિંદ હોય અને તે ઘરનું મુખ ઉત્તરમાં હોય તો તે "[1]**ઉદ્યોતક**" ઘર કહેવાય, તેમજ તે અથવા તેવા ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે "[2]**બાહુતેજ**" ઘર કહેવાય, તેવાજ ઘરનું મુખ દક્ષિણમાં હોય તો તે "[3]**સુતેજ**" ઘર કહેવાય, તેવાજ ઘરનું મુખ પશ્ચિમમાં હોય તો તે ઘરનું નામ "[4]**કળહાવહ**" કહેવાય. ૩૦

**उद्योतकेपश्चिमभागतोद्वौ । कुर्याद्विशालंचबहोर्निवासं ॥**
**ततस्तृष्ठिदंकोपसमानमंत्य । मनुक्तषट्कंक्रमतोविधेयं ॥३१॥**

**અર્થઃ**—પ્રથમ કહેલા શ્લોકમાં 'ઉદ્યોત' ઘરની પછીતે બે અલિંદો હોય પણ તેને ષટ્દારૂ ન હોય તો તે "[1]**વિશાળ**" ઘર કહેવાય; 'બાહુતેજ' ઘરની પછીતે બે અલિંદ હોય પણ તેને ષટ્દારૂ ન હોય તો તે "[2]**બહુનિવાસ**" ઘર કહેવાય, 'સુતેજ' ઘરની પછીતે બે અલિંદો હોય પણ તેને ષટ્દારૂ ન હોય તો તે "[3]**સૃષ્ટિદ**" ઘર કહેવાય અને તેજ રીતે 'કળહાવહ' ઘરની પછીતે બે અલિંદો હોય ને તેને પણ ષટ્દારૂ ન હોય તો તે "[4]**કોપસમાન**" નામનું ઘર કહેવાય. ૩૧

**लघुत्रिकंपूर्वदिशाविभागे । एकोभवेद्दक्षिणवामपश्चात् ॥**
**महांतमेतन्महितंचदक्षं । कुलक्षयंमंडपसंयुतंस्यात् ॥ ३२ ॥**

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય અને તે ત્રણ અલિંદો આગળ એક મંડપ હોય તથા તેજ ઘરને એક અલિંદ જમણી તરફ, એક અલિંદ ડાબી તરફ અને એક અલિંદ પછીતે હોય અને તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તેવા ઘરનું નામ "[1]**મહાંત**" કહેવાય; તેજ અથવા તેવુંજ ઘર પૂર્વ મુખવાળું હોય તો તે "[2]**મહિત**" કહેવાય; તેવાજ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે "[3]**દક્ષ**" કહેવાય અને તેવાજ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે "[4]**કુળક્ષય**" ઘર કહેવાય. ૩૨

**भ्रमद्वयंतिसृषुदिक्षुभागे । मुखेत्रिकंमंडपमग्रतश्च ॥**
**प्रतापवर्द्धन्यमिदंचदिव्यं । सुखाधिकंसौख्यहरंचतुर्थं ॥ ३३ ॥**

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરને ત્રણે દિશાઓમાં (ડાબી, જમણી અને પછીતે) બે બે અલિંદો હોય, તે ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય, એ મુખ આ-

"Aho Shrutgyanam"


ध्रुव १
ऽऽऽऽऽ
धान्य २
।ऽऽऽ
जय ३
ऽ।ऽऽ
नंद ४
।।ऽऽ
खर ५
ऽऽ।ऽ
कांत ६
।ऽ।ऽ
मनोरम ७
ऽ।।ऽ
८
।।।ऽ
दुर्मुख ९
ऽऽऽ।
क्रूर १०
।ऽऽ।
विपक्ष ११
ऽ।ऽ।
धनद १२
।।ऽ।
क्षप १३
ऽऽ।।
आक्रंद १४
।ऽ।।
विपुल १५
ऽ।।।

विजय.१६




रम्य.१




श्रीधर.२




मुदित.३




वर्धमान.४




कराल.५




स्कनाभ.६




ध्वांक्ष.७




समृद्ध.८




स्कंदर.१



वरद.२



भद्र.३



"Aho Shrutgyanam"

प्रमुद ४



विमुख ५



शिव ६



सवलाभ.७



विशाल.८



विलक्ष.९



अशुभ.१०



ध्वज. ११.



उद्योत. १२



भीषण.१३



सौम्य. १४



अनिल. १५



कुलनंदन.१६



सुंदरादि थी कुळनंदन सुधी १६ घरो छे ते ध्रुवादि घरोना रुपे छे ध्रुवादि घरोमां षट् दारु होय नहीं, (बे पाटडा अने चार थांभाने षट्दारु कहे छे) तेम छतां ए ध्रुवादि रुपे आ शोळ घरोमां षट्दारु नाखवामां आवे तो तेथी सुंदरादि नामो थाय छे, मात्र षट्दारुना कारणे नामो बदलाणा छे, षट्दारुनुं रूप बताव्युं नथी केमके आडी लिटीओ आव्येथी वाचनारने अलिंदो समझाय तेथी भुलावो खाय-

"Aho Shrutgyanam"




आ घरोमां पाटडो नाखवानुं कह्युं छे ते "पाटडो" (पट्ट) शब्द एक वचनमां छे तेथी भाषांतरमां ठेकाणे ठेकाणे एकवचन राखी पाटडो लखवामां आव्युं छे पण, शिल्पशास्त्र ना मतानुसारे शालामां एक पाटडो नाखवो ए निषेध छे, माटे जेजे ठेकाणे पाटडो शब्द आवे त्यां द्विवचन समजी बे पाटडा समजवानुं छे.

"Aho Shrutgyanam"

क्षेम. ९




क्षेपक. १०




उद्धृत्त. ११




वृष. १२




उच्छ्रित. १३




व्यय. १४




आनंद १५




सुनंद. १६



उपरना शोले घरोमां पाटडानुं रूप नहि बता-व्यानुं कारण आडी. लीटी होय तोत्ते अलिंद समजा इजाय. तथा आ घरोना अलिंदोमां चोरस मींडां बताव्या छे ते स्तं-भाओना स्थानो छे. त्यां स्तंभा राखी भींत चणाय नहि तो घ-रमां हवा अने प्रकाश आवे, अने भींत करवी होय तो ते घरना मालीकनी मरजीनी वात छे.

"Aho Shrutgyanam"

अलंकृत. १




अलंकार. २




रमण. ३




पूर्ण. ४




ईश्वर. ५




पुण्य. ६




स्रुगर्भ. ७




कलश. ८




दुर्गत. ९




रिक्त. १०




इप्सित. ११.




भद्रक. १२




वंचित. १३




दीन. १४




विभव. १५




"Aho Shrutgyanam"

कामद.१६.




प्रभाद. १




भावित.२




रुक्म.३




तिलक.४




क्रीडन.५




सौख्य. ६




यशोद ७




कुमुद. ८




काल. ९




भास्कर.१०




भूषण. ११




बस्कृधर १२




धान्यनाश १३




कुपित. १४




"Aho Shrutgyanam"

वित्तवृद्धिद.१५




कुलसमृध्द.१६




चूडामणी.१




प्रभद्र.२




क्षेम.३




शेखर.४




उच्छ्रित.५.




विशाल.६




भूतिद.७




हृष्ट.८




विरोध.९




कालपाश.१०




निरामय.११




सुशाल.१२




रौद्र.१३




"Aho Shrutgyanam"

मेघ.१४



मनोभव.१५



सुभद्र.१६



करिणी १



महिषी.२



गावी.३



छागी.४



सिध्धार्थ. १



यमसूर्य.२



दंड.३



काच.४



चुल्ही.५



पश्चिम.

द्विशाल घरमां करिणीथी छागी सुधी चार शालाओ जेजे दिशाओनी बतावी छे ते, एक दिशानुं द्विशाल बीजी दिशाना द्विशाल घरमां मलवे सिध्धार्थादि अनुक्रमें नामो फरे छे.




"Aho Shrutgyanam"

सर्व.३



कालचक्र.४



त्रैपुर.१



सुंदर.२



नील.३



कौटिल.४



शारद.१



शास्त्रद.२



शील.३



कोटर.४



सौम्य.१



सुभद्र.२



वर्द्धमान ३



क्रूर.४



श्रीधर १.



"Aho Shrutgyanam"

कामद.२



पुष्टिद.३



कीर्त्तिविनाश.४



श्रीभूषण १



श्रीवसन२



श्रीशोभ ३



कीर्त्तिक्षय.४



श्रीधरयुग्म १



सर्वार्थद.२



लक्ष्मीनिवास३.



कुपित.४



उद्योतक १



बाहुतेज२



रुतेज३



कलहावह४



"Aho Shrutgyanam"

विशाल.१



बहुनिवास २



सृष्टिद.३



कोपसमान.४



महान्त १



महित.२



दक्ष.३



कुलक्षय.४



"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

ગળના ત્રણ અલિંદો આગળ એક મંડપ હોય, તે ઘરનું મુખ ઉત્તર દિશામાં હોય તો તેવા ઘરનું નામ "[1]પ્રતાપવર્દ્ધન" કહેવાય. તે અથવા તેવાજ ઘરનું મુખ પૂર્વ દિશામાં હોય તો તે "[2]દિવ્ય" ઘર કહેવાય; તે અથવા તેવાજ ઘરનું મુખ દક્ષિણ દિશામાં હોય તો તે "[3]સુખાધિક" ઘર કહેવાય; અને તે અથવા તેવાજ ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે "[4]સૌખ્યહર" ઘર કહેવાય. ૩૩

**तस्यैवरूपंरसदारुयुग्मं । पुनस्त्वलिंदोजगतंततश्च ॥**
**स्यात्सिंहयानंत्वथहस्तियानं । ज्ञेयंतथाकंटकमेतदंत्यं ॥३४॥**

**અર્થઃ**—પ્રથમ કહેલા દ્વિશાળ ઘરની ડાબી તરફ બે અલિંદો, જમણી તરફ બે અને પછીતે પણ બે અલિંદો કહ્યા છે, અને તે ઘરના મુખ આગળ ત્રણ અલિંદો કહ્યા છે, એ ત્રણ અલિંદો આગળ એક મંડપ કહ્યો છે, એવા ઘરના મુખ આગળ વળી એક અલિંદ વધારવામાં આવે અર્થાત્ ઘરના મુખ આગળ ચાર અલિંદો કરી તે ચાર આગળ એક મંડપ હોય ( પ્રથમ ત્રણ અલિંદ આગળ મંડપ કહ્યો છે, તે ન કરતાં ચાર અલિંદ કરી તે ચાર આગળ મંડપ કરવો ) અને તેવા ઘરમાં બે ષટ્દારૂઓ આવે તેમજ તે ઘરનું મુખ ઉત્તર દિશામાં હોય તો તે "**અજગત**[1]" ઘર કહેવાય, પણ એ અજગત ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે "**સિંહયાન**[2]" ઘર કહેવાય, તે ઘરનું મુખ દક્ષિણે હોય તો તે "**હસ્તિયાન**[3]" ઘર કહેવાય, અને તેવાજ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે "**કુંટક**[4]" નામનું ઘર કહેવાય. ૩૪.

## उपेंद्रवजा.

**शांतादिगेहानिचषोडशैव । द्विशालकानीहयथाक्रमेण ॥**
**नामानिचत्वार्यपिरूपमेकं । हस्त्यादिभेदैःक्रमतोविधेयं ॥३५॥**

इतिश्रीराजवल्लभेवास्तुशास्त्रेएकशालाद्विशालालक्षणंनामषष्ठोऽध्यायः ॥ ६ ॥

**અર્થઃ**—શાંતાદિ દ્વિશાળ એવાં અનુક્રમે સોળ ઘરો જે કહ્યાં તે ઘરોનું એક એક રૂપ છે, પણ હસ્તિન્યાદિ શાળાઓના ભેદ કરી તેવાં ઘરોના એક એક રૂપનાં ચાર ચાર નામો થાય છે. એ સર્વને એકઠાં કરવે ચોસઠ નામો થાય છે. ૩૫

"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय ७ मो.

### उपजाति.

द्विशालगेहानिचषोडशैव । वास्तूदधेःसारतरंपुनश्च ॥
वक्ष्याम्यलिंदःषणकोलघुश्च । द्वौतिंदुकाख्यौकथितावलिंदौ॥१॥

**અર્થઃ**—વાસ્તુરૂપી સમુદ્રના સારરૂપે વળી બીજાં (૧૬) સોળ દ્વિશાળ ઘરો કહીએ છીએ, તેમાં "અલિંદ" "ષણ" અને "લઘુ" કહેવામાં આવશે; તે ત્રણે નામો અલિંદનાંજ છે, અને બે અલિંદ હોય તો તેનું "તિંદુક" નામ છે. ૧

सूर्यद्विशालंलघुरस्यवामे । मुखेत्रिकंदक्षिणतस्तथैकः ॥
वेदामुखेवासवमेवगेहं । वामेपसव्येलघुरेकएव ॥ २ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરની ડાબી તરફ એક અલિંદ અથવા લઘુ હોય, મુખ આગળ ત્રણ લઘુ હોય અને જમણી તરફ એક લઘુ હોય તો તે "**સૂર્ય**[૧]" નામા ઘર કહેવાય; જે દ્વિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય ને ડાબી તરફ એક અલિંદ હોય તો તે "**વાસવ**[૨]" ઘર કહેવાય. ૨

प्रासादसंज्ञंमुखतस्त्रयंच । प्रदक्षिणोतिंदुकवेष्टितंस्यात् ॥
अलिंदयुक्तंविमलंद्विशालं । तद्वीर्यवंतंसहमंडपेन ॥ ३ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય. ડાબી, જમણી ને પાછળની બાજુએ એ ત્રણે તરફ એક એક તિંદુક હોય (બે બે અલિંદો) તો તે **પ્રાસાદ**[૩] ઘર કહેવાય; તે દ્વિશાળ ઘરના મુખ આગળ એક અલિંદ વધારીએ (ચાર અલિંદ કરીએ) તો તે "**વિમલ**[૪]" નામા ઘર કહેવાય અને એ વિમળ ઘરના મુખ આગળ એક મંડપ વધારીએ તો તે ઘરનું નામ "**વીર્યવંત**[૫]" કહેવાય. ૩

अथद्विशालेषुसमस्तकेषु । मध्येविदध्याद्रसदारुचैकं ॥
तदाभवेद्भासुरमग्रयुग्म । मेकोलघुर्दक्षिणदिग्विभागे ॥ ४ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય, તેની જમણી તરફ એક અલિંદ હોય અને મધ્યે ષટ્દારૂ હોય તો તે **ભાસુર**[૬] નામા ઘર કહેવાય. ૪

"Aho Shrutgyanam"

## इंद्रवज्रा.

एकोलघुर्दक्षिणपूर्वतःस्यात् । तदुंदुभान्हंमुखमंडपेन ॥
द्वौपूर्वतोदक्षिणतस्तथैको । युग्मंभवेत्मंडपगंसुतेजः ॥ ५ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરની જમણી તરફ એક અલિંદ હોય તેમજ મુખ આગળ એક લઘુ અને તે મુખ આગળના લઘુ આગળ એક મંડપ હોય તો તે [7]**દુંદુભ** નામા ઘર કહેવાય; જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે આલિંદો હોય, તે ઘરની જમણી તરફ એક અલિંદ હોય, મુખ આગળ બે અલિંદો જે કહ્યા તે બે અલિંદો આગળ એક મંડપ હોય; અને જમણી તરફ એક અલિંદ જે કહ્યો તે એક અલિંદ આગળ પણ મંડપ હોય, તો તે [8]**સુતેજ** નામા ઘર કહેવાય. ૫

## उपजाति.

मुखेगुणादक्षिणतस्तथैको । द्विमंडपेऽस्मिन्हयजाभिधानं ॥
महांतगेहंमुखगेत्रिकेतु । युग्मान्वितंमंडपमेतदेव ॥ ६ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય અને તે અલિંદો આગળ એક મંડપ હોય; તે ઘરની જમણી તરફ એક અલિંદ હોય, તે એક અલિંદ આગળ પણ એક મંડપ હોય તો તે [9]**હયજ** ઘર કહેવાય; જે દ્વિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય તે અલિંદો આગળ બે મંડપ હોય તો તે [10]**મહાંત** નામા ઘર કહેવાય. ૬

मुखेतथामंडपकेचयुग्मं । वामेपसव्येयुगलंलघोश्च ॥
लोकत्रयाडंबरमेवनाम । षडक्षरंशंभुगणेशयोश्चः ॥ ७ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય તે બે અલિંદો આગળ બે મંડપ હોય તે ઘરની જમણી તરફ બે અલિંદો હોય તેમજ, ડાબી તરફ પણ બે અલિંદો હોય તો તે છ અક્ષરોના નામવાળું "**ત્રૈલોક્યાડંબર**[11]" નામા ઘર કહેવાય, તેવું ઘર મહાદેવ અને ગણપતિને હોય. ૭

युग्मंमुखेमंडपगंद्वयंस्यात् । तथाद्वयंदक्षिणवामतश्च ॥
एकोहिपश्चात्वरदाभिधानं । श्रीविश्वकर्मोक्तमतात्द्विशालं ॥८॥

"Aho Shrutgyanam"

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય અને તે અલિંદો આગળ બે મંડપો હોય, તે ઘરની જમણી અને ડાબી એ બે તરફ બે બે અલિંદો હોય અને પછીતે એક અલિંદ હોય તો એવા ઘરનું નામ "**વરદ**[૧૨]" છે એમ વિશ્વકર્માએ કહ્યું છે. ૮

मालीनसंज्ञंमुखगैश्चतुर्भिर्युग्मंभवेद्दक्षिणवामभागे ॥
युग्मंतथापश्चिमदिग्विभागेतस्याग्रतोमंडपएकएव ॥ ९ ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય અને તે ચાર અલિંદો આગળ એક મંડપ હોય, તે ઘરની જમણી અને ડાબી એ બન્ને તરફ બે બે અલિંદો હોય, તેમજ પછીતે પણ બે અલિંદો હોય તો તે "**માલીન**[૧૩]" નામા ઘર કહેવાય. ૯

## शार्दूलविक्रीडित.

प्राक्ग्रामालघवोविलासभवनेवामेलघुर्दक्षिणे
तच्चेन्मंडपसंयुतंचकमलंस्यात्वृद्धिदंसौख्यदं ॥
वेदाःसुंदरकेमुखेचसततंवामेषणोदक्षिणे
तस्याग्रेमुखमंडपश्चफलदाएवंगृहाषोडश ॥ १० ॥

**અર્થઃ**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય, તે ઘરની ડાબી અને જમણી એ બન્ને તરફ એક એક લઘુ હોય તો તે "**વિલાસ**[૧૪]" નામા ઘર કહેવાય; પણ તેજ વિલાસ ઘર આગળ એક મંડપ આવે તો તે વિલાસ નામ બદલાઇ તેનું નામ "**કમલ**[૧૫]" કહેવાય; તે કમળ ઘર વૃદ્ધિ અને સુખ આપનાર છે; જે દ્વિશાળ ઘરના મુખ આગળ ચાર ષણ હોય અને તે ચાર ષણ આગળ એક મંડપ હોય; તે ઘરની ડાબી અને જમણી, એ બન્ને તરફ એક એક ષણ હોય તો તે ઘરનું નામ "**સુંદર**[૧૬]" કહેવાય. એ રીતનાં સોળ ગૃહો કહ્યાં તે ફળદાયિ છે. ૧૦

---

# अथ त्रिशाल गृह लक्षणं.

## उपजाति.

अथत्रिशालंत्रिदशंषणैकं । स्यात्रैदशावाससुरूपसंज्ञे ॥
तथाचतुर्थंकुमदाभिधानं । हस्त्यादिभेदैःक्रमतोविधेयं ॥११॥

**અર્થઃ**—જે ઘરને ત્રણ શાળાઓ હોય એવા ત્રિશાળ ઘર આગળ એક ષણ

"Aho Shrutgyanam"

હોય તો તે હસ્તિની શાળા કહેવાય છે; પણ હસ્તિનીશાળાનું મુખ ઉત્તર સામે હોય તો તે '[1]**ત્રિદશ**' નામા ઘર કહેવાય; પણ તે ત્રિદશ ઘર પૂર્વ મુખનું હોય તો તે '[2]**ત્રિદશાવાસ**' કહેવાય; તેજ ત્રિદશ ઘર દક્ષિણ મુખનું હોય તો તે '[3]**સુરુપ**' નામા ઘર કહેવાય; અને તેજ ત્રિદશ પશ્ચિમ મુખનું હોય તો તેનું '[4]**કુમુદ**' નામ કહેવાય. ૧૧

**छत्रंद्वयालिंदंचतथैवपुत्रहरंचकामंत्वथन्हस्वभद्रं ॥**
**षट्कंचमध्येस्वधनंकुबेरंपक्षंतथाकामदमेतदेव ॥ १२ ॥**

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય અને તે શાળાનું મુખ ઉત્તર સામે હોય તો તે [5]**છત્ર** નામા ઘર કહેવાય; તેવુંજ ઘર પૂર્વ દ્વારનું હોય તો તે [6]**પુત્રહર** નામનું ઘર કહેવાય; તેજ ઘર દક્ષિણ મુખવાળું હોય તો તે [7]**કામ** નામા ઘર કહેવાય; તેજ ઘર પશ્ચિમ મુખવાળું હોય તો તે [8]**હ્રસ્વભદ્ર** ઘર કહેવાય; તેવાજ ઘર મધ્યે ષટ્દારુ હોય તો [9]**સ્વધન** નામા ઘર કહેવાય; તે ષટ્દારુવાળું ઘર પૂર્વ દિશાના મુખવાળું હોય તો તે [10]**કુબેર** નામનું ઘર કહેવાય; તેજ ષટ્દારુવાળું ઘર દક્ષિણ મુખનું હોય તો તે [11]**પક્ષ** નામનું ઘર કહેવાય; અને તેજ ષટ્દારુવાળું પશ્ચિમ મુખે હોય તો તે [12]**કામદ** નામા ઘર કહેવાય. ૧૨

**अलिंदयुग्मंत्वथभद्रयुक्तंमध्यैकपट्टंजलजाभिधानं ॥**
**स्याद्भेषजंचैवगजंकूपंचषट्दारुमध्येसकलेष्वथातः ॥१३॥**

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ બે અલિંદો હોય અને તે અલિંદો આગળ એક ભદ્ર હોય તથા મધ્યે એક પાટડો હોય, એવા ઘરનું ઉત્તર મુખ હોય તો તે [13]**જલજ** નામનું ઘર કહેવાય; તેવાજ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે [14]**ભેષજ** નામા ઘર કહેવાય; તેવુંજ ઘર દક્ષિણ મુખવાળું હોય તો તે [15]**ગજ** નામા ઘર કહેવાય અને તેજ ઘર પશ્ચિમ મુખનું હોય તો તે [16]**કૂપ** નામનું ઘર કહેવાય. અને હવે પછી જેટલાં ત્રિશાળ ઘરો કહેવામાં આવશે તે સર્વ ષટ્દારુ યુક્ત ઘરો જાણવાં. ૧૩

**स्याद्विजयंमंडपन्हस्वभद्रंजयंनिनादंत्वथकीर्त्तिजंच ॥**
**भद्रोनन्हस्वाधिकसाकलाव्हंनिर्लोभकंवासदकौशलेच॥१४॥**

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ એક હ્રસ્વ (લઘુ) હોય, તે હ્રસ્વ આગળ એક મંડપ હોય, તે મંડપ આગળ એક ભદ્ર હોય, તેવા ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે [1]**વિજય** નામનું ઘર કહેવાય; તેવાજ

"Aho Shrutgyanam"

ઘરનું મુખ પૂર્વમાં હોય તો [૨]**જય** નામનું ઘર કહેવાય; તેજ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે [૩]**નિનાદ** નામા ઘર કહેવાય. તથા તેવાજ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે [૪]**કીર્ત્તિજ** નામા ઘર કહેવાય.

ઉપર કહેલું પ્રથમનું વિજય ઘર જે કહ્યું છે તેને ભદ્ર કરવાનું કહ્યું છે તે ભદ્રના સ્થાને એક અલિંદ કરીએ અને તે ઘર ઉત્તર મુખવાળું હોય તો તે [૫]**સફળ** નામા ઘર કહેવાય; તેજ સકળ ઘર પૂર્વ મુખનું હોય તો તે [૬]**નિલોભ** નામા ઘર કહેવાય; તેજ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે [૭]**વાસદ** નામા ઘર કહેવાય અને તેજ સકળ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે [૮]**કોશળ** નામનું ઘર કહેવાય.

## इंद्रवज्रा.

**त्र्येकंक्रमादीश्वरवारदाख्यंभीमंचकौशल्यमतःक्रमेण ॥**
**तद्वेदबुद्धिस्वजनंद्वितीयंस्यात्कोशदंनीलमिदंचतुर्थं ॥१५॥**

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય, તે ઘરની જમણી તરફ એક અલિંદ હોય, તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે [૧]**ઇશ્વર** નામા ઘર કહેવાય; તેજ ઈશ્વર ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે [૨]**વરદ** ઘર કહેવાય; તેજ ઘરનું મુખ દક્ષિણમાં હોય તો તે [૩]**ભીમ** ઘર કહેવાય અને તેજ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે [૪]**કુશળ** નામા ઘર કહેવાય; એ રીતે ત્રિશાળ ઘરની જમણી તરફ અલિંદ ભેદવડે એ ઘરોનાં નામો બદલે છે તેજ પ્રમાણે એજ ત્રિશાળ ઘરની ડાબી તરફ અલિંદ આવ્યેથી ઘરનું રૂપ બદલાય છે તેમજ ઘરનું નામ પણ બદલાય છે તે એવી રીતે કે—

જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદ હોય અને તે ઘરની જમણી તરફ અલિંદ હોય નહિ પણ ડાબી તરફ એક અલિંદ હોય અને તેવા ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તેનું નામ [૫]**વેદબુદ્ધિ** ઘર કહેવાય, તેજ વેદબુદ્ધિનું મુખ પૂર્વસામે હોય તો તે [૬]**સ્વજન** નામા ઘર કહેવાય, તેજ વેદબુદ્ધિનું મુખ દક્ષિણ સામે હોય તો તે [૭]**કોશદ** નામા ઘર કહેવાય અને તેજ વેદબુદ્ધિનું મુખ પશ્ચિમે હોય તો તે ચોથું [૮]**નીલ** નામા ઘર કહેવાય. ૧૫

## मालिनी.

**मुखगुणलघुवामेदक्षिणेचैकएतत्**
**वरदसरदमुक्तंदंडकंकाकपक्षं ॥**
**इदमिहहयनादंमंडपेनाधिकंस्यात्**
**तदनुचगजनादंबाहुलंकीर्त्तिजाऽहं ॥ १६ ॥**

"Aho Shrutgyanam"

**અર્થ:**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય, જમણી અને ડાબી એ બન્ને તરફ એક એક અલિંદ હોય ને તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે **વરદ**[1] ઘર કહેવાય, તેજ વરદ ઘરનું મુખ પૂર્વસામે હોય તો તે **સુરદ**[2] ઘર કહેવાય, તેજ વરદ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે **દંડક**[3] કહેવાય અને તેજ વરદનું મુખ પશ્ચિમે હોય તો તે **કાકપક્ષ**[4] નામા ઘર કહેવાય.

ઉપર કહેલા પ્રથમ વરદ ઘરના મુખ આગળ એક મંડપ વધારીએ અને તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે **હયનાદ**[5] ઘર કહેવાય; તેજ હયનાદનું મુખ પૂર્વમાં હોય તો તે ઘરનું નામ **ગજનાદ**[6] કહેવાય; તેજ હયનાદનું મુખ દક્ષિણે હોય તો તે **બાહુલ**[7] ઘર કહેવાય અને તેજ હયનાદનું મુખ પશ્ચિમે હોય તો તે **કીર્તિજ**[8] નામનું ઘર કહેવાય. ૧૬.

## वसन्ततिलका.

सृष्ट्याब्धिरूपमुखमंडपमेवसिंहं ।
ज्ञेयंगृहेवृषगजेअपिकोशसंज्ञं ॥
वामेधिकंचलघुनाकथितंसुभद्रं ।
स्यान्माणिभद्रमपिरत्नजकांचनाख्ये ॥ १७ ॥

**અર્થ:**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ સૃષ્ટિમાર્ગે ચાર અલિંદો હોય, તે અલિંદો આગળ એક મંડપ હોય પણ તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે [1]**સિંહ** ઘર કહેવાય; તેજ સિંહ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે**વૃષ**[2] ઘર કહેવાય; તેજ સિંહ ઘરનું મુખ દક્ષિણે હોય તો તે **ગજ**[3] ઘર કહેવાય અને તેજ સિંહ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે **કોશ**[4] નામનું ઘર કહેવાય.

ઉપર કહેલા પ્રથમના સિંહ ઘરની ડાબી તરફ એક અલિંદ હોય ને તે ઘરનું મુખ ઉત્તરમાં હોય તો તે **સુભદ્ર**[5] નામા ઘર કહેવાય; તેવાજ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે [6]**માણિભદ્ર** નામા ઘર કહેવાય; તેજ ઘરનું મુખ દક્ષિણ દિશા સામે હોય તો તે **રત્નજ**[7] ઘર કહેવાય; અને તેવાજ ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે [8]**કાંચન** નામનું ઘર કહેવાય. ૧૭

## मालिनी.

युगमुखमपरैकोभैरवंदक्षिणेच
भरतनरजमेतत्स्याच्चतुर्थंकुबेरं ॥
पुनरपिलघुवामेहस्तियानंवियानं
हयजकृपजगेहंतच्चतुर्थंक्रमेण ॥ १८ ॥

"Aho Shrutgyanam"

**અર્થ:**—જે દ્વિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય, તે ઘરની જમણી તરફ એક અલિંદ અને પછીતે એક અલિંદ હોય પણ તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો **ભૈરવ**[1] નામા ઘર કહેવાય; તેજ ભૈરવ ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે **ભરત**[2] નામા ઘર કહેવાય; તેજ ભૈરવ ઘરનું મુખ દક્ષિણ સામે હોય તો તે [3]**નરજ** નામા ઘર કહેવાય; અને તેવાજ ભૈરવ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે [4]**કુબેર** નામનું ઘર કહેવાય.

ઉપર કહેલા પ્રથમના ત્રિશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય પછીતે એક અલિંદ હોય પણ તે ઘરને જમણી તરફ અલિંદ ન હોય અને ડાબી તરફ એક અલિંદ હોય; તેવા ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે [5]**હસ્તિયાન** ઘર કહેવાય; તે ઘરનું મુખ પૂર્વમાં હોય તો તે [6]**વિયાન** ઘર કહેવાય; તથા તે ઘરનું મુખ દક્ષિણે હોય તો તે ઘરનું નામ [7]**હયજ** કહેવાય; અને તેજ ઘરનું મુખ પશ્ચિમે હોય તો તે [8]**કૃપજ** કહેવાય. ૧૮

## शार्दूलविक्रीडित.

वर्णानांशुभदंचसागरगृहंपंचैवन्हस्त्रामुखे
प्रोक्तंक्षीरदरत्नदायकमिदंकोलाहलंचापरं ॥
षट्दारुद्वयभद्रसप्तलघवस्तिर्यग्युतंशालया
गंधर्वक्षितिभूषणंचकथितंसर्वज्ञकंदर्पकं ॥ १९ ॥

**અર્થ:**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ પાંચ હ્રસ્વ હોય અને તે ઘરનું મુખ ઉત્તર સામે હોય તો તે [1]**સાગર** નામા ઘર કહેવાય; તે સાગર ઘર ચારે વર્ણને સુખકારી છે પણ તે સાગર ઘર પૂર્વ મુખનું હોય તો તેનું સાગર નામ બદલાઇ [2]**ક્ષીરદ** નામા ઘર થાય; તેજ સાગર ઘરનું મુખ દક્ષિણે હોય તો તે **રત્નદાયક** નામા ઘર કહેવાય; અને તેજ સાગર ઘરનું પશ્ચિમે મુખ હોય તો તે [4]**કોલાહલ** નામા ઘર કહેવાય છે.

ઉપર કહેલા ત્રિશાળ ઘર મધ્યે બે ષટ્દારૂ હોય, તે ત્રિશાળ ઘરના મુખ આગળ સાત (૭) અલિંદો હોય, તે અલિંદો આગળ એક ભદ્ર હોય, તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય, એવા ઘરનું ઉત્તર મુખ હોય તો તે [5]**ગંધર્વ** ઘર કહેવાય; તેજ ઘરનું મુખ પૂર્વ સામે હોય તો તે [6]**ક્ષિતિભૂષણ** નામા ઘર

૧ હસ્તિયાન અને ભૈરવ ઘરને વિષે માત્ર ફેર એટલોજ રહે છે કે, હસ્તિયાન ઘરની ડાબી તરફ અલિંદ આવ્યો એટલે ભૈરવ નામ બદલાઇને તેનું હસ્તિયાન નામ થયું.

"Aho Shrutgyanam"

કહેવાય; તેજ ઘરનું મુખ દક્ષિણ સામે હોય તો તે ૭સર્વજ્ઞ નામા ઘર કહેવાય; અને તેવાજ ઘરનું મુખ પશ્ચિમ દિશા સામે હોય તો તે ૮દર્પક નામા ઘર કહેવાય.૧૯

**धान्यंवृद्धिकरंत्रिशालमुदितंशालाविभागंविना**
**प्राक्शालारहितंशुभंनिगदितंसुक्षेत्रमर्थप्रदं ॥**
**चुल्हीसंज्ञमिदंकरोतिमरणंहानिंतथायाम्यया**
**पक्षघ्नंमहिषीमृतेचभवनंतत्पुत्रबंधुक्षयं ॥ २० ॥**

**અર્થ**:—શાળાના વિભાગ વિના (અલિંદ વિના) ઉત્તર દિશાના મુખવાળું જે ત્રિશાળ ઘર હોય તે ૧ધાન્ય નામનું ઘર કહેવાય; તે ધાન્ય ઘર કરવાથી વૃદ્ધિ થાય, પણ તેજ ત્રિશાળ ઘર પૂર્વના મુખનું હોય તો તે ૨સુક્ષેત્ર નામા ઘર કહેવાય; તે સુક્ષેત્ર ઘર શુભ છે માટે તેવું ઘર કરવાથી ધનની પ્રાપ્તિ થાય; વિના અલિંદનું ત્રિશાળ ઘર દક્ષિણ મુખનું હોય તો તે ૩ચુલ્હી નામનું ઘર કહેવાય; તેવું ઘર કરવાથી ઘરધણીનું મૃત્યુ થાય—હાનિ થાય; અને મહિષી શાળા વિનાનું એટલે વિના અલિંદનું ત્રિશાળ ઘર પશ્ચિમ મુખવાળું હોય તો તે પક્ષઘ્ન નામા ઘર કહેવાય; તેવું ઘર પુત્ર અને ભાઇનો નાશ કરનાર છે, માટે તેવું ઘર કરવું નહિ. ૨૦

**त्रैशालानिचषोडशप्रथमतःसोमेचषट्दारुकं**
**तच्चैकेनपुशोपिशंकरमिदंमध्यक्रमात्विश्वतः ॥**
**रुद्रेद्वौमुखतोपिदक्षिणलघुस्त्वेकाधिकंसागरं**
**चत्वारोनृपशोभितेचपुरतःप्रादक्षिणैकोलघुः ॥२१॥**

**અર્થ**:—પ્રથમ કહેલા ત્રિદિશાદિ એક અલિંદવાળાં ત્રિશાળ સોળ (૧૬) ઘરો જે જે કહ્યાં છે, તેવા ઘરોમાં ષટ્દારુ હોય તો તે ૧સોમ નામા ઘર કહેવાય; પણ જે ઘરને ષટ્દારુ ન હોય તો તે ૨શંકર નામે ઘર કહેવાય; એવા ઘરોનો અનુક્રમ મધ્યથકી છે તે એવી રીતે કેઃ—

આ શ્લોકમાં છ ઘરો કહ્યાં છે, તેમાં મધ્યનાં બે ઘરોમાંથી એકનું ૩વિશ્વ નામ છે અને બીજા ઘરનું નામ ૪રુદ્ર છે. એ બન્ને ઘરોના મુખ આગળ બે બે અલિંદો હોય, સોમ અને શંકર એ બન્ને ઘરોના મુખ આગળ એક એક અલિંદ હોય, પણ એ બન્ને પૈકી સોમ ઘરને ષટ્દારુ હોય અને શંકર ઘરને ષટ્દારુ હોય નહિ એટલોજ ભેદ છે. વિશ્વ ઘરના મુખ આગળ બે અલિંદો હોય તેજ રીતે રુદ્ર ઘરના મુખ આગળ પણ બે અલિંદો હોય, પણ રુદ્ર ઘરની જમણી તરફ એક અલિંદ હોય એમાં એટલોજ ભેદ છે. અને તે રુદ્ર

"Aho Shrutgyanam"

ઘરના મુખ આગળ એક અલિંદ વધારી ત્રણ અલિંદો કરવામાં આવે તો તે રુદ્ર નામ બદલાઈ તેનું નામ [5]**સાગર** ઘર કહેવાય; પણ તે નામના ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય, તે ઘરની જમણી તરફ એક અલિંદ, ડાબી તરફ એક અલિંદ અને પછીતે એક અલિંદ હોય, એ રીતે અલિંદો વધારી ઘર કરવામાં આવે તો તે [6]**નૃપશોભિત** નામનું ઘર કહેવાય. ૨૧

**पंचाग्रेसकलंभ्रमश्चलघुनासर्वस्यतत्सौख्यदं**
**राजस्याग्रमसंयुतंचभवनंतत्सर्वशांतंभवेत् ॥**
**प्राग्बाणंकुलनंदनंक्रमतयात्वेकद्वयैकान्वितं**
**तस्मिन्दक्षिणसंयुतेचलघुकेकल्याणसंज्ञंतदा ॥ २२ ॥**

**અર્થ:**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ પાંચ અલિંદો હોય, તે ઘરની ડાબી, જમણી અને પછીતે, એ રીતે ત્રણ તરફમાં ત્રણ અલિંદો અર્થાત્ દરેક તરફ એક અલિંદ હોય અને તે ઘરનું મુખ ઉત્તરમાં હોય તો તે [1]**સૌખ્યદ** ઘર કહેવાય; તેવુંજ ઘર પૂર્વ મુખનું હોય તો તે [2]**રાજાગ્ર** ઘર કહેવાય; તેવુંજ ઘર દક્ષિણ મુખનું હોય તો તે [3]**અસંયુત** ઘર કહેવાય અને તેવુંજ ઘર પશ્ચિમ મુખનું હોય તે તો [4]**સર્વશાંત** ઘર કહેવાય. વળી—

જે ઘરના મુખ આગળ પાંચ અલિંદો હોય, તે ઘરની જમણી અને ડાબી તરફ એક એક અલિંદ હોય, પછીતે બે અલિંદો હોય તો તે [5]**કુલનંદન** ઘર કહેવાય; પણ તેવાજ ઘરની જમણી તરફ વળી એક અલિંદ વધારી બે અલિંદો કરવામાં આવે તો તે [6]**કલ્યાણ** ઘર કહેવાય. ૨૨

**सर्वाशासुलघुत्रयंशरमुखेतत्पट्टयुग्मंक्रमात्**
**तत्सौभाग्यविवर्धनंचभवनंराज्ञांसदानिर्मितं ॥**
**आनंदंमुखरागदक्षिणलघुर्वामेचपृष्ठेद्वयं**
**रामास्यंजनशोभनंगुणगुणैकेनान्वितंसृष्टितः ॥ २३ ॥**

**અર્થ:**—જે ત્રિશાળ ઘરનાં મુખ આગળ પાંચ અલિંદો હોય, તેવા ઘરની જમણી, ડાબી અને પછીતે એ રીતે ત્રણ તરફ નવ અલિંદો હોય, અર્થાત્ દરેક તરફ ત્રણ ત્રણ અલિંદો હોય અને તેવા ઘર મધ્યે બે પટ્દારુ હોય, તો તે [7]**સૌભાગ્યવર્ધન** ઘર કહેવાય; તે સૌભાગ્યવર્ધન ઘર રાજાઓએ નિરંતર કરવું જોઈએ; જે ત્રિશાળ ઘરના મુખ આગળ છ અલિંદો હોય તે ઘરની જમણી તરફ એક અલિંદ હોય, તેમજ ડાબી તરફ બે અલિંદો હોય અને પછીતે બે અલિંદો હોય; તો તે ઘરનું નામ [8]**આનંદ** કહેવાય;

"Aho Shrutgyanam"

અને જે ત્રિશાળ ઘરના મુખ આગળ છ અલિંદો હોય, તથા (જમણી તરફ) ત્રણ અલિંદો હોય, પછીતે ત્રણ અલિંદો હોય અને ડાબી તરફ એક અલિંદ હોય તો તે ઘરનું નામ [૯]**જનશોભન** કહેવાય. ૨૩

स्याद्गोवर्धनमग्रतोरसयुतंयुग्माग्निनेत्रैःक्रमात्
सप्ताग्रेत्रिगुणंत्रिकंचलघवोलोकत्रिकेसुंदरं ॥
गेहंश्रीतिलकंचभद्रसहितं-ह्रस्वेनहीनंमुखे
तद्युक्तंलघुनाथभद्रसहितंविष्णुप्रियंभूपतेः ॥ २४ ॥

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ છ અલિંદો હોય, તથા જમણી તરફ બે અલિંદો, પછીતે ત્રણ અલિંદો અને ડાબી તરફ બે અલિંદો હોય, તો તે [૧૦]**ગોવર્ધન** ઘર કહેવાય; જે ત્રિશાળ ઘરના મુખ આગળ સાત અલિંદો હોય, તે ઘરની જમણી તરફ ત્રણ અલિંદો, ડાબી તરફ ત્રણ અલિંદો હોય તો તે [૧૧]**ત્રૈલોકયસુંદર** ઘર કહેવાય; પણ તે ત્રૈલોકયસુંદર ઘરના મુખ આગળના સાત અલિંદોમાંથી એક અલિંદ ઓછો કરી, તે ઓછા કરેલા અલિંદના ઠેકાણે એક ભદ્ર કરવામાં આવે તો તે [૧૨]**શ્રીતિલક** ઘર કહેવાય, અને એજ ત્રૈલોકયસુંદર ઘરના મુખ આગળના સાત અલિંદો કાયમ રાખી તે સાતે અલિંદો આગળ એક ભદ્ર વધારવામાં આવે તો તે [૧૨]**વિષ્ણુપ્રિય** નામે ઘર કહેવાય છે; તેવાં ઘરો રાજાઓએ કરવાં જોઇએ. ૨૪

## इंद्रवज्रा.

षट्दारुकंश्रीत्रिदशंत्रिशालं । तच्छ्रीनिवासंमुख-ह्रस्वयुक्तं ॥
श्रीवत्सतःश्रीधरमेकवृद्ध्या । श्रीभूषणंवेदमुखंचगेहं ॥ २५ ॥

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરમધ્યે ષટ્દારૂ હોય તે [૧૪]**શ્રીત્રિદશ** નામા ઘર કહેવાય; પણ તે શ્રીત્રિદશ ઘરના મુખ આગળ એક હ્રસ્વ હોય તો તે [૧૫]**શ્રીનિવાસ** કહેવાય; તેજ શ્રીત્રિદશ ઘરના મુખ આગળ બે અલિંદો હોય તો તે [૧૬]**શ્રીવત્સ** ઘર કહેવાય; તેજ શ્રીત્રિદશ ઘરના મુખ આગળ ત્રણ અલિંદો હોય તો તે [૧]**શ્રીધર** ઘર કહેવાય; અને તેજ શ્રીત્રિદશ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય તો તે [૨]શ્રીભૂષણ ઘર કહેવાય. ૨૫

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

*बाणैःश्रीजयमग्रतोपिऋतुभिःश्रीतैलकंमंदिरं
रागाग्रंरसदारुयुग्मसहितंतच्छ्रीविलासंभवेत् ॥
श्रीतेजोदयमग्रतश्चमुनिभिःषद्दारुयुग्मान्वितं
सोमादित्रिदशादिभूपतिगृहाःपंचाधिकाविंशतिः ॥२६॥

**અર્થઃ**—ઉપર કહેલા ષટ્દારૂવાળા ત્રિશાળ ઘરના મુખ આગળ પાંચ અલિંદો હોય તો તે [3]**શ્રીજય** નામા ઘર કહેવાય; પણ તેજ ઘરના મુખ આગળ છ અલિંદો હોય તો તે [4]**શ્રીતિલક** ઘર કહેવાય; તે શ્રીતિલક ઘર મધ્યે બે ષટ્દારૂ હોય તો તે [5]**શ્રીવિલાસ** ઘર કહેવાય; અને તેજ શ્રીવિલાસ ઘરના મુખ આગળ સાત અલિંદો હોય તો તે [6]**શ્રીતેજોદય** નામા ઘર કહેવાય; એ રીતે સોમાદિ સોળ ( ૧૬ ) ઘરો અને શ્રીત્રિદશાદિ ( ૯ ) ઘરો મળી પચીશ ( ૨૫ ) ઘરો રાજાઓને હોય. ૨૬

## अथ चतुःशाल गृह लक्षणं.

### मालिनी.

भवननवकमुक्तंतच्चतुःशालमध्यात्
नयनलघुमुखंस्याद्दक्षिणेकेनचंद्रं ॥
भवतिसदनमध्येसर्वतोदारुषट्कं
द्वितयमपिचतेषामंतिमेयुग्मयुक्तं ॥ २७ ॥

**અર્થઃ**—ઉપર કહેલા નવ ત્રિશાળ ઘરોને ચતુઃશાળ કરી તેના મુખ આગળ બે લઘુ, જમણી તરફ એક લઘુ કરવામાં આવે તો તે [1]**ચંદ્ર** નામા ઘર થાય; અને એવાં જે ચતુઃશાળ ઘરો કહેવામાં આવશે, તે સર્વ ઘરોમાં ષટ્દારૂ હોવા જોઈએ; તેમજ બે ષટ્દારૂ પણ હોવા જોઈએ, પણ એ નવ ઘરોમાં છેલ્લું **કામદ** નામા ઘર કહેવામાં આવશે તે કામદનેજ બે ષટ્દારૂ હોય અને બાકીનાં આઠે ઘરોમાં એક એક ષટ્દારૂ આવે. ૨૭

* बाणैःश्रीजयमग्रतोऽलिचरणैःश्रीतैलकंमंदिरं ॥ इतिपाठान्तरं ॥

"Aho Shrutgyanam"

प्रतापवर्द्धन. १



दिव्य.२ सुखाधिक ३ सौख्यहर ४

  

अजगल ५ सिंहयान २ हस्तियान. ३

  

कंटक ४ सूर्य.१ वासव.२

  

प्रासाद.३ विमल.४ वीर्यवंत ५

  

"Aho Shrutgyanam"

भासुर ६



दुंदुभ.७



स्वतेज ८



हयज ९



महान्त १०



त्रैलोक्याडंबर.११



वरद १२



मालीन.१३



विलास १४



कमल १५



स्वंदर १६



त्रिदश.१



त्रिदशावास २



स्वरूप ३



कुमुद.४



"Aho Shrutgyanam"

छत्र १



पुत्रहर २



काम.३



ह्रस्वभद्र ४.



स्वधन.१



कुबेर २



पक्ष ३



कामद.४



जलज.१



भेपज.२



गज.३



कूप.४



विजय.१



जय.२



निताद.३



"Aho Shrutgyanam"

कीर्त्तिज४



सकल १



निर्लोभ २



वासद.३



कौशल ४



ईश्वर १



वरद२



भीम.३



कुशल.४



वेदबुद्धि १



स्वजन.२



काशद.३



नील.४



वरद.१



सरद.२



"Aho Shrutgyanam"

दंडक३



काकपक्ष४



हयनाद·१



गजनाद·२



बाहुल३



कीत्तिज ४



सिंह·१



वृष२



गज·३



कोश·४



स्फभद्र·१



मणिभद्र२



रत्नज·३



कांचन·४



भैरव·१



"Aho Shrutgyanam"

भरत.२



नरज.३



कुबेर.४



हास्तयान१



विमान२



हयज.३



कूपज ४



सागर.१



क्षीरद.२



रत्नदायक ३



कोलाहल.४



गंधर्व.१



क्षीतिभूवण२



सर्वज्ञ.३



दर्पक.४



"Aho Shrutgyanam"

धान्य.१



स्क्षेत्र.२



चुल्ही ३



पक्षघ्न ४



सोम.१



शांकर २



चिश्व ३



रुद्र.४



सागर.५



नृपशोभित.६



सौरव्यद.१



राजाग्र.२



असबुत.३



सर्वशान्त४



कुलनदन.५



"Aho Shrutgyanam"

कल्याण ६



सौभाग्यवर्धन.७



आनंद.८



जनशोभन ९



गोवर्धन.१०



त्रैलोक्यसुंदर.११



श्रीतिलक.१२



विष्णुप्रिय १३



श्रीत्रिदश.१४



श्रीनिवास १५



श्रीवत्स.१६



श्रीधर.१



श्रीभूषण.२



श्रीजय.३



श्रीतैलक.४



"Aho Shrutgyanam"

श्रीविलाश.५



श्रीतेजोदय.६



चंद्र.१.



मलय.२



शोभन.३



स्फकणी.४



नागेंद्र.५



चक्र.६



जयावह.७



मकरध्वज.८



कामद९



"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

मलयमथचगेहंवाम-र्हस्वाधिकंस्यात्
भवतिचगुण-र्हस्वंशोभनंपूर्वतोपि ॥
त्रिभिरपिचसुकर्णपृष्ठयाम्येतथैकः
तदधिकमपिवामेवेश्मनागेंद्रसंज्ञं ॥ २८ ॥

**અર્થ:**—ઉપર બતાવેલાં ચતુઃશાળ ઘરોમાં ચંદ્ર ઘરની ડાબી તરફ એક હ્રસ્વ વધારવામાં આવે તો તે [1]**મલય** નામા ઘર થાય; કોઈ પણ ચતુઃશાળ ઘરના મુખ આગળ ત્રણજ અલિંદ હોય અને બીજી એકે તરફ અલિંદ ન હોય તો તે [3]**શોભન** ઘર કહેવાય; અને તે શોભન ઘરની પછીતે એક અલિંદ હોય, તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય તો તે ઘરનું નામ [4]**સુકર્ણ** કહેવાય, પણ એ સુકર્ણની ડાબી તરફ એક અલિંદ હોય તો તે [5]**નાગેંદ્ર** નામા ઘર કહેવાય.

## वसंततिलका.

चक्रंचतुष्टयमुखंसकलेषुशस्तं। याम्योत्तरेहिलघुनापिजयावहंस्यात्
भद्रान्वितंचमकरध्वजमेवतस्मिन्। पृष्ठाग्र-र्हस्वमपिकामदमग्रभद्रं।२९।

**અર્થ:**—જે ચતુઃશાળ ઘરના મુખ આગળ ચાર અલિંદો હોય તો તે [6]**ચક્ર** ઘર કહેવાય; એ ઘર સર્વઘરોમાં શ્રેષ્ઠ છે (ચાર શાળાના ઘરોમાં ચક્ર ઘર શ્રેષ્ઠ છે.) અને એ ચક્ર ઘરની ડાબી તરફ અને જમણી તરફ એ બન્ને તરફ એક એક લઘુ હોય તો તે [7]**જયાવહ** નામા ઘર કહેવાય; પણ એ જયાવહના મુખ આગળ એક ભદ્ર હોય તો તે [8]**મકરધ્વજ** ઘર કહેવાય; અને તે મકરધ્વજની પછીતે એક અલિંદ વધારીએ તો તે [9]**કામદ** નામા ઘર કહેવાય. ૨૯

शुद्धादयोमुनिमतेष्टविधाश्चशाला। स्तासांषडेवकथिताभवनप्रसंगे
शालालिमध्यरचितोपिलघुःसुखाय। यद्वातदग्ररचितापृथगेवशाला३०

**इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते द्विशाल त्रिशाल चतुःशाल गृह लक्षणं नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥**

**અર્થ:**—મુનિના મત પ્રમાણે શુદ્ધાદિ આઠ શાળાઓ છે, તે મધ્યે ઘરના પ્રસંગમાં છ શાળાઓ કહી છે, તે શાળાઓ મધ્યે એક લઘુ કરવામાં આવે તો તે ઘર સુખકારી છે અથવા લઘુ આગળ જૂદીજ શાળા કરવી એમ કહ્યું છે. (આ રીત રાજાઓની શાળાઓ માટેની છે.) ૩૦

---

"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय ८ मो.

### मालिनी.

शयनमथनृपाणांत्वंगुलानाशतैकं
नवतिरपिसुतानांमंत्रिणांषड्विहीनं ॥
बलपतिगुणहस्तंत्र्यंगुलोनंगुरोश्च
तदनुयुगलहीनंब्राह्मणादेःप्रशस्तं ॥१॥

**અર્થ:**—રાજાની શય્યા (પલંગ) સો (૧૦૦) આંગુળ લાંબી કરવી, રાજપુત્ર માટે (૯૦) આંગુળ, મંત્રી માટે (૮૪) ચોરાશી આંગુળ, સેનાપતિ માટે બહોત્તેર (૭૨) આંગુળની, રાજગુરૂ માટે અગન્યોત્તેર (૬૯) આંગુળ અને બ્રાહ્મણાદિ ચારે વર્ણ માટે (૬૭) સડસઠ આંગુળની લાંબી શય્યા કરવી.

### उपजाति.

व्यासोर्धभागेनचदैर्घ्यतश्चकलांशमात्रोधिकएवशस्तः
त्र्यंशेनपादेनसमुच्छ्रयःस्याद्द्वित्र्यंगुलानामधिकाचकार्या॥२॥

**અર્થ:**–પલંગની લંબાઇનો અર્ધ ભાગ $\frac{1}{2}$ કર્યા પછી પલંગની પૂરી લંબાઇનો $\frac{1}{16}$ સોળમો અંશ લંબાઈના કરેલા અર્ધ ભાગમાં મેળવતાં જેટલા આંગુળો થાય, તેટલા આંગુળો પલંગની પહોળાઈ કરવી, પલંગની લંબાઇનો $\frac{1}{3}$ ત્રીજો અથવા $\frac{1}{4}$ ચોથો ભાગ કરી તે ત્રીજા અથવા ચોથા ભાગમાં (૨) બે અથવા (૩) ત્રણ આંગુળો ઉમેરતાં જેટલા આંગુળો થાય તેટલા આંગુળ પલંગની ઉંચાઇ કરવી.

### शार्दूलविक्रीडित.

श्रीपर्णीधनदासनोपिगदहावित्तप्रदातिंदुकी
वृद्धिःशिंशपयाथशाकशयनेशर्मापिशिल्पैःकृते ॥
आयुःपद्मककेचचंदनमयेशत्रुक्षयःस्यात्सुखं
श्रेष्ठंत्वेकमयंशिरीषजनितंपर्यंकयानासनं ॥ ३ ॥

"Aho Shrutgyanam"

**અર્થ**:—[૧]**શ્રીપર્ણીના** લાકડાનો પલંગ કરવે ધનની પ્રાપ્તિ થાય, [૨]**અસનના** લાકડાનો પલંગ કરવે રોગનો નાશ થાય, [૩]**તિંદુકીના** લાકડાનો પલંગ કરવે ધનની પ્રાપ્તિ થાય, **શીશમના** લાકડાનો પલંગ કરવે વૃદ્ધિ થાય, સાગનો પલંગ કરવે સુખ મળે; [૪]**પદ્મકનો** પલંગ કરવે આયુષ્ય વધે, **ચંદનનો** પલંગ કરવે શત્રુનો ક્ષય થાય અને [૫]**શિરીષનો** પલંગ કરવે સુખ થાય.

એ રીતે ઉપર બતાવેલાં લાકડાંની જાતિના પલંગ, ગાડીગાડાં, રથ, પાલખી આસનો, તાવદાન, ખાટ અને પાટલા વગેરે કરવાં, પણ જે વસ્તુ કરવી તે એકજ જાતિના લાકડાની કરવી. એક જાતિમાં બીજી જાતિનું લાકડું મેળવવું નહિ. તેમજ જે વસ્તુ કરાવવી હોય તે શિલ્પિના હાથેજ કરાવવી જોઇએ. ૩

## उपजाति.

सिंहासनंचोत्तममंगुलानांषष्ठ्यादशोनंत्वपरंतथैव ॥
दशांशवस्वंसमतोविहीनंव्यासेनदैर्घ्यार्द्धसमुच्छ्रयःस्यात् ॥४॥

**અર્થ**:—રાજા માટે ઉત્તમ સિંહાસન સાઠ ( ૬૦ ) આંગુળોનું કરવું મધ્ય સિંહાસન પચાસ (૫૦ ) આંગુળોનું કરવું અને કનિષ્ઠ સિંહાસન ચાળીસ ( ૪૦ ) આંગુળોનું કરવું, પણ તે સિંહાસનોની લંબાઈથી પહોળાઈમાં એક દશાંશ $\frac{૧}{૧૦}$ હીન ( ઓછું ) કરવું, અથવા લંબાઈથી પહોળાઈમાં એક અષ્ટાંશ $\frac{૧}{૮}$ હીન કરવું, અને તેવા સિંહાસનોની લંબાઇના અર્ધ ભાગની $\frac{૧}{૨}$ ઉંચાઈ કરવી જોઇએ ૪

## मालिनी.

मुनिभिरथशरैर्वाभद्रभागत्रयंस्यात्
उदयइहविभागैर्भाजितेपीठमष्टौ ॥
कणकमपिशरांशंसप्तधाग्रासपट्टी
शिवनवमुनिरत्नैर्दतिवाहौनृवेद्यो ॥ ५ ॥

---

૧ શ્રીપર્ણી નામનું ઝાડ ગુજરાતમાં નથી પણ કોકણમાં છે ત્યાં તેનું નામ " શિવણી " કહે છે. તે રંગે સફેદ હોય છે, ને તેનું લાકડું બહુ સફાઇદાર હોય છે તેથી તેમાં બારીક કોતરકામ સારૂં નીપજે છે. ચરખી ઉપર ચઢાવી તેના પ્યાલા વગેરે ઉતારવામાં આવે છે. તેને શવન કહે છે. શિતાર બને છે. ૨ બિયો, ૩ ટીંબરણ, ૪ પતંગ; આ લાકડાનો લાલ રંગ હોય છે, તેના રંગમાં ખતરી, વગેરે લોકો કપડાં રંગે છે. ૫ શિરીષ. આ લાકડાનો ઉપયોગ ગુજરાતમાં કરતા નથી અને તે વિનાશકારક છે, એવો વહેમ રાખે છે પણ તેમાં સમજવું જોઇએ કે, કોઇ પણ સ્થિર કામમાં તે લાકડું વાપરવું નહિ પણ ચળ વસ્તુ કરવામાં કાંઈ દોષ નથી. તેજ પ્રમાણે શીશમના લાકડા માટે છે. પણ શિરીષ નામ શરસડાનું છે.

* પાંચમા શ્લોકમાં સિંહાસનના ઉદયના કેટલા ભાગો કરવા? તે કાંઇ કહ્યું નથી, તેમજ ભિટ્ટનો થર પણ ન બતાવતાં અધ્યાહારમાં વાત રાખેલી છે, તેમ છતાં વાં-

"Aho Shrutgyanam"

**અર્થ**:—સિંહાસનની પહોળાઇના સાત ભાગો કરવા, અને તે સાત ભાગોમાંથી ત્રણ ભાગોનું ભદ્ર કરવું, બે તે ભાગોના કોણ કરવા, અથવા સિંહાસનની પહોળાઇના પાંચ ભાગો કરવા. તે પાંચ ભાગોમાંથી બે ભાગોનું ભદ્ર કરવું, અને દોઢ દોઢ ભાગના કોણ રાખવા; એવા સિંહાસનના ઉદયના છાશી (૮૬) ભાગો કરવા, અને છાશીમાંથી આઠ (૮) ભાગોનું પીઠ અથવા જાડંબો કરી પાંચ (૫) ભાગોની કણી કરવી તથા સાત (૭) ભાગોની ગ્રાસપટ્ટી, અગિયાર (૧૧) ભાગોનો ગજથર, નવ (૯) ભાગોનો અશ્વથર, સાત (૭) ભાગાનો નરથર અને ચઉદ (૧૪) ભાગોની વેદી કરવી. ૫

## शार्दूलविक्रीडित.

छाद्यंस्याद्रसभागमेवतिथितोभागेनकक्षासनं
युक्तंस्तंभयुगेनतोरणयुतंरत्नैः शुभैःसंचितं ॥
कर्त्तव्यंनृपवल्लभंमतिमताज्येष्ठंचसिंहासनं
ज्ञातव्यंचयशोभिवर्द्धनमिभैःसिंहैर्नृकक्षासनैः ॥ ६ ॥

**અર્થ**:—છ (૬) ભાગોનું છાદ્ય કરવું, પંદર (૧૫) ભાગોનું કક્ષાસન અથવા કઠેડો કરવો, એવા સિંહાસનને ચાર સ્તંભાઓ કરવા, તેને તોરણ

---

ચનારને સમજવા માટે અર્થમાં સ્પષ્ટ બતાવ્યું છે તે ક્યાંથી લાવ્યા ? એમ પ્રશ્ન થશે તે પહેલાં ખુલાસો કરવામાં આવે છે કે, આ રાજવલ્લભનો કર્ત્તા સુત્રધાર મંડન પંડિતના વંશમાં ત્રણ ચાર પેઢી છેટે તેનો પૌત્ર અથવા પ્રપૌત્ર નાથા નામના સૂત્રધારે સિંહાસન માટે બતાવેલી રીતિ અમે કરેલા અર્થ પ્રમાણેજ છે, એટલુંજ નહિ. પણ એજ મંડનના રચેલા બીજા ઘણા ગ્રંથો છે તે પૈકી " વાસ્તુમંડન " નામના ગ્રંથમાં હરેક વાત વિસ્તારથી બતાવી છે એટલે રાજવલ્લભમાં અધ્યાહાર વાપર્યો જણાય છે. જુઓ—

षडशीत्योदयेभक्तेतत्रभिट्टंयुगांशकं ॥
जाड्यकुंभंतुसप्तांशंकंदमंशेनकारयेत् ॥ ५५ ॥
कर्णपालीतुवेदांशाद्व्यंशमंतरपत्रकं ॥
कर्णाद्विभागिकंकुर्याद्ग्रासपट्टीयुगांशका ॥ ५६ ॥
गजाःशिवैर्हयानंदैर्नराःसप्तभिरंशकैः ॥
वेदीशक्रैरसैश्छाद्यंतिथिभिर्मत्तवारणं ॥ ५७ ॥

**અર્થ**:—સિંહાસનના ઉદયના છાશી (૮૬) ભાગો કરવા અને તે ભાગોમાંથી ચાર ભાગોનો ભિટ્ટ કરવો; સાત ભાગોનો જાડંબો કરવો, એક ભાગનો કંદ કરવો, ચાર ભાગોની કણી કરવી, બે ભાગોનું અંતરપત્ર કરવું, બે ભાગોનો કાન કરવો, ચાર ભાગોની ગ્રાસપટ્ટી કરવી, અગિયાર ભાગોનો ગજથર કરવો, નવ ભાગોનો અશ્વથર કરવો, સાત ભાગોનો નરથર કરવો, ચઉદ ભાગોની વેદી કરવી, છ ભાગોનું છાદ્ય કરવું અને પંદર ભાગનું મત્તવારણ અથવા કક્ષાસન કરવું જોઈએ. ૫૫, ૫૬, ૫૭.

"Aho Shrutgyanam"




सिंहासन उदय






"Aho Shrutgyanam"



सिंहासन उदय.



सिंहासनउदय.



सिंहासन उदय.

"Aho Shrutgyanam"



सिंहासन उदय.

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

કરવું, ઉંચા પ્રકારનાં રત્નો જડવાં, એવું જ્યેષ્ઠમાનનું રાજાને વલ્લભ જે સિંહાસન તે બુદ્ધિમાન પુરુષે કરવું. વળી જે સિંહાસનને ગજથર, સિંહથર, નરથર, અને કક્ષાસન હોય એવું સિંહાસન હોય તો કીર્ત્તિની વૃદ્ધિ થાય. ૬

## उपजाति.

नरास्तुवेदीपुनरेवछाद्यंसुखासनंतोरणसंयुतंस्यात् ॥
पीठंचकुंभःकलशंविटंकमुत्तुंगसंज्ञंसहछाद्यकेन ॥ ७ ॥

## शार्दूलविक्रीडित.

पीठेभौहरिवेदिकेचसुयशःछाद्येनसिंहासनं
हस्तीमात्रिकवेदिकासनमतस्तद्दीपचित्रंभवेत् ॥
छत्रंज्येष्ठमशीतिवेदसहितंद्वासप्ततिर्मध्यमं
षष्ठ्याकन्यसमंगुलैर्नरपतेर्दैवंशतार्द्धंशुभं ॥ ८ ॥

**અર્થઃ**—ત્રીજા પ્રકારના સિંહાસન વિષે નરથર, વેદી, છાદ્ય, સુખાસન, અને તોરણ સહિત કરવું ચોથા પ્રકારનું સિંહાસન એવું કરવું કે, પ્રથમ કહ્યા પ્રમાણેજ પીઠ અને તે પીઠ ઉપર કુંભાનો થર, તેના ઉપર કળશાનો થર, તેના ઉપર કપોતાલીનો થર અને તેના ઉપર છાદ્ય હોય એવું જે સિંહાસન હોય તેનું "ઉ-ત્તુંગ" નામ કહેવાય. ૭

**અર્થઃ**—પાંચમા પ્રકારના સિંહાસનમાં પીઠ, ગજથર, સિંહથર, વેદિકા અને છાદ્ય હોય તો એવા સિંહાસનનું **"સુયશ"** નામ છે. અને છઠ્ઠા પ્રકારના સિંહાસનમાં ગજથર, માત્રિકાથર, વેદિકા, આસન અને છાદ્ય હોય, એવું જે સિંહાસન હોય તેનું **"દીપચિત્ર"** નામ કહેવાય. એવા સિંહાસન ઉપર રાજાના શિરે છત્ર કરવું. તે જ્યેષ્ઠમાનનું ચોરાશી (૮૪) આંગુળનું કરવું; બોતેર (૭૨) આંગુળનું મધ્યમ માનનું અથવા સાઠ (૬૦) આંગુળનું કનિષ્ઠ માનનું કરવું જોઇએ. એ ત્રણ પ્રકારનાં છત્રો રાજા માટે કરવાં, પણ દેવતાઓ માટે તો પચાસ (૫૦) આંગુળનું છત્ર કરવું. ૮

## अथ गवाक्षलक्षणं.

## उपजाति.

वातायनोलुंबिकयाविहीनोबुधैरुदीर्णस्त्रिपताकएव ॥
द्विलुंबिकश्चोभयसंज्ञकश्चयःस्वस्तिकोसौयुगलुंबियुक्तः ॥ ९ ॥

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

स्याद्वाणैःप्रियवक्रएवसुमुखःषड्भिर्युतश्चेतिच
छाद्यैकेनयुतःसुवक्रउदितोद्वाभ्यांप्रियंगोभवेत् ॥
एकेनोपरिपद्मनाभउदितस्तद्दीपचित्रोयुगैः
वैचित्रःशरपंक्तिभिस्तुविविधाकारैर्युतःपंचच ॥ १० ॥
सिंहोदैर्घ्यविवर्द्धितोहिपृथुलेहंसोगवाक्षोभवेत्
तुल्योसौमतिदोपिभद्रसहितोज्ञेयस्तुबुद्धयर्णवः ॥
द्वारैणैवयुगास्त्रकेणगरुडःपक्षद्वयेजालकं
प्रोक्ताःपंचदशैवरूपमदलावेद्यादिकक्षासनैः ॥ ११ ॥

**અર્થ:**—જે ગવાક્ષને *લુંબિ ન હોય તેવા ગવાક્ષનું [1]**ત્રિપતાક** નામ પંડિતોએ કહ્યું છે; જે ગવાક્ષને બે લુંબિ હોય તે [2]**ઉભય** નામા ગવાક્ષ કહેવાય; જે ગવાક્ષને ચાર લુંબિ હોય તે [3]**સ્વસ્તિક** અથવા **નંદાવર્ત્તક** ગવાક્ષ કહેવાય. ૯

જે ગવાક્ષને છ લુંબિ હોય અને પાંચ મુખ હોય તે [4]**પિયવક્ત્ર** અથવા [5]**સુમુખ** નામનો ગવાક્ષ કહેવાય; જે ગવાક્ષને એક છાદ્ય હોય તેનું [6]**સુવક્ત્ર** નામ છે; જેને બે છાદ્ય હોય તેનું [7]**પ્રિયંગ** નામ છે; જેને ત્રણ છાદ્ય હોય તેનું [8]**પદ્મનાભ** નામ છે; જેને ચાર છાદ્ય હોય તેનું [9]**દીપચિત્ર** નામ છે અને જે ગવાક્ષને પાંચ છાદ્ય હોય તેનું [10]**વૈચિત્ર** નામ છે, એ રીતે ગવાક્ષો હોય છે. ૧૦

જે ગવાક્ષ લંબાઈમાં વધારે હોય તેનું [11]**સિંહ** નામ છે; જે પહોળાઈમાં વધારે હોય તેનું [12]**હંસ** નામ છે; લંબાઈ અને પહોળાઈમાં સરખો હોય તેનું [13]**મતિદ** નામ છે, જે ગવાક્ષ ભદ્ર સહિત હોય તેનું [14]**બુદ્ધયર્ણવ** નામ છે; અને જેને ચારે તરફ દ્વારો હોય તેનું [15]**ગરૂડ** નામ છે, એવા ગરૂડ ગવાક્ષને બે તરફ દ્વારો હોય અને તે દ્વારોને જાળીયો હોય; એ રીતે રૂપ, મદળો, વેદી, અને કક્ષાસન સહિત પંદર પ્રકારના ગવાક્ષો કરવાનું કહ્યું છે. ૧૧

### इति गवाक्षलक्षणं.

* ઉપરના શ્લોકમાં લુંબિઓ માટે જે કહેવામાં આવ્યું છે. તે કરતાં વાસ્તુમંજરીમાં વધારે લુંબિઓ કહી છે તેમજ આ રાજવલ્લભમાં બતાવેલી લુંબિઓ કરતાં વાસ્તુમંડન અને વાસ્તુસાર એ બે ગ્રંથકર્તા એજ મંડન છતાં તેમાં વધારે કહી છે તેમજ ગવાક્ષોના નામોમાં પણ ફેરફાર થાય છે જુઓ વાસ્તુસારમાં મંડન કહે છે કે—

"Aho Shrutgyanam"

आ उभयने बे लुंबि छे पण लुंबि न होत तो तेनुं त्रिपताक नाम थते.




आ छाद्य उपर पांचमुं छाद्य होय तो ते वैचित्र नामनो गवाक्ष कहेवाय




आ राजवल्लभमां बार लुंबिनो गवाक्ष कह्यो नथी पण सुमुख नाम आव्युं छे अने चकारनुं ग्रहण कर्युं छे तेथी वास्तुसार नामने समजवुं.




आ स्वस्तिकने चार लुंबि छे पण छ लुंबि होयतो तेनुं प्रियवक्त्र नाम थते अने बार लुंबि होय तो तें सुमुख गवाक्ष कहेवाय.

"Aho Shrutgyanam"

## राजवल्लभ अध्याय ८.



हंस.



मतिद.

गरुड जाळियो सहित.





बुध्यर्णव

"Aho Shrutgyanam"

राजवल्लभ अध्याय ८.



सिंह.



"Aho Shrutgyanam"

राजवल्लभ अध्याय ८.




"Aho Shrutgyanam"

राजवल्लभ अध्याय ८.



"Aho Shrutgyanam"



नंदा १



भद्रा २



जगदा ३



पूर्णा ४



यक्षी ६



दिव्या ५

"Aho Shrutgyanam"

# अथ राजसभाष्टक.

## उपजाति.

समाचनंदापरतोपिभद्राजयाचपूर्णाक्रमतोपिदिव्या ॥
यक्षीचरत्नोद्भविकोत्पलाष्टौबुधैर्विधेयावनिपालगेहे ॥ १२ ॥

## वसंततिलका.

क्षेत्रंचतुष्टयपदैरपिषोडशांशंमध्येतुरीयपदमेकपदोलघुश्च ॥
नंदेतिभद्रसहिताचपदेनभद्रातद्वेदतश्चजयदालघुनाचपूर्णा॥१३॥

**અર્થઃ**—રાજાઓની સભાઓ આઠ ( ૮ ) પ્રકારની થાય છે; તેમાં પ્રથમ "[૧]**નંદા**" બીજી "[૨]**ભદ્રા**" ત્રીજી "[૩]**જયા**" ચોથી "[૪]**પૂર્ણા**" પાંચમી "[૫]**દિવ્યા**" છઠ્ઠી "[૬]**યક્ષી**" સાતમી "[૭]**રત્નોદ્ભવા**" અથવા "**રત્નોદ્ભવિકા**" અને આઠમી "[૮]**ઉત્પલા**" એ રીતે આઠ પ્રકારની સભાઓ છે તેવી સભાઓ બુદ્ધિમાન પુરૂષે રાજાઓનાં ગૃહે કરવી. ૧૨

તે સભા કરવાના ક્ષેત્રની એક બાજુએ ચાર પદો અથવા ચાર વિભાગો કરવા, અને તેજ રીતે ચારે તરફ ચાર ચાર પદો કરવાથી સોળ (૧૬) પદો થાય; તે પદોના મધ્યના જે ચાર પદો છે તે ચારેનું એક પદ કરી સભા આગળ એક અલિંદ કરવાથી તે "[૧]**નંદા**" સભા થાય; અને તેજ નંદાની આગળ એક ભદ્ર હોય તો તે સભાનું નામ "[૨]**ભદ્રા**" થાય; પણ તેજ નંદાસભાની ચારે તરફ ભદ્રો હોય તો તે સભાનું નામ "[૩]**જયદા**" થાય; તેજ નંદાની ચારે તરફ લઘુ હોય તો તેનું "[૪]**પૂર્ણા**" નામ થાય. ૧૩

---

गवाक्षस्त्रिपताकारव्यो द्विलुंबिरुभयोमतः ॥
नंद्यावर्त्तश्चतुर्लुंबिरष्टलुंबिःप्रियाननः ॥ [redacted]
सन्मुखोद्वादशयुतश्छंदाःपंचप्रकीर्तिताः ॥
} वास्तुसार.

અર્થઃ—જે ગવાક્ષને લુંબિ ન હોય તેનું "**ત્રિપતાક**" નામ છે, જેને બે લુંબિ હોય તેનું "**ઉભય**" નામ, જેને ચાર લુંબિ હોય તેનું "**નંદ્યાવર્ત્ત**" નામ, જેને આઠ લુંબિ હોય તેનું "**પ્રિયાનન**" નામ અને જેને બાર લુંબિ હોય તેનું "**સન્મુખ**" નામ છે; [redacted] રીતે ગવાક્ષોના પાંચ પ્રકાર કહ્યા છે.

"Aho Shrutgyanam"

## उपजाति.

दिव्यासमाकेवलनंदभागाभद्रैश्चतुर्भिःसहिताचयक्षी ॥
रत्नोद्भवास्याद्युगतोऽपितुल्यातथोत्पलाख्याप्रातिभद्रतश्च ॥१४॥

## शार्दूलविक्रीडित.

स्तंभैस्तोरणराजितैश्चमदलानिर्व्यूहवैतानकैः
लुंबाद्यैर्गजसिंहवाजिविविधैर्नृत्यान्वितैःशोभनं ॥
रत्नस्फाटिकरंगभूमिनृपतेःक्रीडास्पदंमंडपं
कुर्याद्दक्षिणभद्रकेचरुचिरांतन्मध्यतोवेदिकां ॥ १५ ॥

ફક્ત નવ ભાગોની સભા હોય તો તે "[५]દિવ્યા" સભા કહેવાય; પણ તેજ દિવ્યાની ચારે તરફ એક એક ભાગે ભદ્રો હોય તો તે "[६]યક્ષી" નામની સભા કહેવાય; તેજ દિવ્યાની ચારે તરફ ત્રણ ત્રણ પદનાં ચાર ભદ્રો હોય છે તેનું નામ "[७]રત્નોદ્ભવા" કહેવાય; અને તેજ રત્નોદ્ભવાના દરેક ભદ્રો આગળ એક એક પ્રતિભદ્ર હોય તો તેનું નામ "[८]ઉત્પલા" કહેવાય. ૧૪

ઉપર કહેલી સભાઓ વિષે સ્તંભા, તોરણ, મદળો, નર્જુ, અને છાદ્ય કરવું; અને તે છાદ્ય વિષે લુંબો કરવી. એ સભામાં હસ્તિ; ઘોડા, સિંહો, નૃત્ય કરતી હોય એવા ભાવની પૂતળિયો, તથા તે સભા આગળ રત્નો અને સ્ફાટિકોવડે જડેલી એવી રંગભૂમિ કરવી; અને તે રંગભૂમિ આગળ ક્રીડા કરવા માટે મંડપ કરવો; એટલુંજ નહિ પણ, એ સભાની જમણી તરફના ભદ્રમાં સુશોભિત વેદિકા કરવી. ૧૫

## अथ वेदिका लक्षणं.

## शार्दूलविक्रीडित.

वेदीकोणचतुष्टयेनसकलेपाणिग्रहेस्वस्तिका
कल्याणंरविकोणकैश्चनृपतेःसाभद्रिकासर्वदा ॥
कोणैःश्रीधरिकाचविंशतिमितैस्तिस्रोमराणांगृहे
कर्णैरष्टभिरन्विताचशुभदाचंडयर्चनेपद्मिनी ॥ १६ ॥

**અર્થઃ**—લગ્નના કામમાં સર્વ ઠેકાણે ચાર ખૂણાની વેદી કરવી કહી છે. તે ચાર ખૂણાવાળી વેદીનું **સ્વસ્તિક** નામ છે; રાજાની સભામાં બાર

ખૂણાની વેદી કરવી. તે વેદીનું **ભદ્રિકા** નામ છે, તે ભદ્રિકા વેદી **કલ્યાણ** કર્ત્તા છે, વીસ ( ૨૦ ) ખૂણાની વેદી હોય તો તેનું **શ્રીધરિકા** નામ છે, એ શ્રીધરિકા અને પ્રથમની સ્વસ્તિક તેમજ બીજી ભદ્રિક મળી ત્રણે પ્રકારની વેદીઓ દેવમંદિરમાં કરવી કહી છે, પરતુ ચંડીના પૂજનની અને હોમયાગાદિ માટેની આઠ ખૂણાની વેદી કરવી કહી છે, તે વેદીનું **પદ્મિની** નામ છે, એ વેદી શુભ ફળ આપનાર છે. ૧૬

विप्रेसप्तकराचभूपभवनेषट्पंचवैश्येतथा
कुर्याद्धस्तचतुष्टयंचवृषलेत्रिद्व्येकतोहीनके ॥
तस्योर्द्धेचनरेश्वरासनमतोमंडंचतुःस्तंभकं
हेम्नामौक्तिकपट्टकूलमणिभिःसौम्याननंराजितं ॥ १७ ॥

**અર્થઃ**—**બ્રાહ્મણનું** ઘર હોય તો ત્યાં સાત (૭) હાથની વેદી કરવી કહી **છે; રાજઘર** હોય તો છ (૬) હાથની વેદી કરવી; **વૈશ્યનું** ઘર હોય તો પાંચ હાથની (૫) વેદી કરવી, અને **શુદ્રનું** ઘર હોય તો ત્યાં ચાર હાથની (૪) વેદી કરવી કહી છે. એ રીતે અનુક્રમે કહેલી વેદિયોમાં જેવી જ્યાં હોય તે વેદીની લંબાઇથી ત્રીજા ભાગની $\frac{1}{3}$ વેદીની ઉંચાઇ કરવી અથવા વેદીની લંબાઇથી અર્ધ ભાગની ( એકદ્વિતીયાંશ ) $\frac{1}{2}$ ઉંચાઇ કરવી, અથવા જ્યાં જેટલી હોય ત્યાં તેટલીજ ઉંચાઇ કરવી, ( જેટલી લાંબી તેટલી ઉંચી ) અને તે વેદી ઉપર રાજાનું [1]સિંહાસન કરવું, ચાર સ્તંભાનો મંડપ કરવો અને તે મંડપને સુવર્ણ, મોતી, પટકુળ અને મણિઓવડે શોભાયમાન કરવો. ૧૭

## मंदाक्रांता.

दीपस्तंभंत्रिकरमुदयेषड्भिरूनंक्रमेण
हस्तांतंतत्विहितमपितैःपीठकुंभान्वितंच ॥
दीपस्योर्द्धेकनककलशंशोभितंकंकणाद्यैः
कुर्याद्धातोरथतरुमृतोनागवंगेविवर्ज्ये ॥ १८ ॥

---

૧ સિંહાસન ( રાજાનું ) અને મંડપ એ બે કરવાનું બતાવ્યું છે પણ શ્લોકમાં સ્પષ્ટ ખુલાસો ન છતાં અધ્યાહારમાં છે, તોપણ, આપણે સમવું જોઇએ કે, રાજાને બેસવા માટેની સભામાં વેદી હોય તો તેના ઉપર સિંહાસનજ થાય, તેમજ મંડપ પણ થાય અને હોમયાગાદિ કાર્ય કરવાની વેદી હોય તો તેના ઉપર પણ ચાર સ્તંભાનો મંડપ થાય.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—દીપક મુકવાની દીવીનો સ્તંભ ત્રણ હાથ ઉંચો કરવો, પણ ત્રણ હાથ પૂરો ન રાખતાં તેમાંથી છ આંગુળો ઓછો કરી પોણાત્રણ હાથ ઉંચો કરવો, એવા અનુક્રમે દીવો મુકવાની દીવિયોના આઠ પ્રકાર કહ્યા છે. તે દરેક પ્રકારમાં છ છ આંગુળો દીપકનો સ્તંભ †ઓછો કરવો; એટલે છેવટ એક હાથ સુધીના સ્તંભવાળી દીવીને પીઠના થર અને કુંભાના થર લગાવવા, દીવીના મથાળે સુવર્ણનો કળશ, કાંકણી વગેરે પ્રકારની શોભાયમાન દીવી કરવી; પણ તે દીવી ધાતુની, કાષ્ઠની અથવા માટીની કરવી કહી છે. તે ધાતુમાં સીસું અને કથીર, એ બે જાતિની ધાતુની દીવી કરવી નહિ. ૧૮

**इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे सिंहासन, छत्र, गवाक्ष, सभाष्टक, वेदिका चतुष्टय दीपस्तंभ लक्षणं अष्टमोऽध्याय. ८**

* ઓછો સ્તંભ કરવાની રીત એવી છે કે, ત્રણ હાથમાંથી છ આંગુળ ઓછી કરતાં પોંણાત્રણ હાથ થાય. ૧. તે પછી અઢી હાથ. ૨. સવાબે હાથ. ૩. બે હાથ. ૪. પોંણાબે હાથ. ૫. દોઢ હાથ. ૬. સવા હાથ. ૭. અને એક હાથ. ૮ એ રીતે આઠ પ્રકાર છે. ૨॥।-૨॥-૨।-૨-૧॥।-૧॥-૧।-૧.



"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

# राजवल्लभ अध्याय९

## मदल



"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय १ मो.

### भुजंगप्रयात.

गृहावास्तुशास्त्रोदधौराजयोग्याअनंताहिसंत्यत्रतेभ्यःकियंतः॥
मयोक्ताश्चयोग्यानृपाणांसमृद्ध्यैसुशोभान्विताश्चतेतुकल्याणदाश्च १

**અર્થઃ**—વાસ્તુશાસ્ત્ર રુપી સમુદ્રમાં રાજાઓને યોગ્ય એવાં અનંત પ્રકારનાં ઘરો છે તેમાંનાં કેટલાંક ઘરો સમૃદ્ધિ આપનાર એવાં તથા સુશોભિત અને કલ્યાણુકારી એવાં, રાજાઓને યોગ્ય ઘરો મેં આ ઠેકાણે ( રાજવલ્લભમાં ) કહ્યાં છે.

त्रिशालंगृहंदिक्त्रये-हस्वयुग्मंमुखेवीथिकाग्रेचषट्दारुमध्यं
गुणालिंदचातुर्दिशंचैकवक्त्रंगवाक्षंचकोणेचभद्रंविधेयं ॥ २ ॥

**અર્થઃ**—ત્રિશાળ ઘરને ત્રણે દિશાઓમાં બે બે -હસ્વ હોય તથા તે ઘરના મુખ આગળ વીથિ હોય અને મધ્યે ષટ્દારુ હોય તે એક પ્રકારનું ઘર છે અને બીજા પ્રકારનું ત્રિશાળ ઘર થાય છે તે એવી રીતે કે—

ત્રિશાળ ઘરની ચારે દિશાઓએ ત્રણ ત્રણ અલિંદો હોય, તેવા ઘરને એક મુખ હોય અને તે ઘરના ખૂણાઓ વિષે ગવાક્ષો હોય અથવા ભદ્રો હોય તો તે બીજા પ્રકારનું ઘર છે એમ સમજવું. ૨

मुखेभद्रकेश्रीधरंमाडयुक्तंतथामूखिकाःपंचसप्तैवभूम्यः ॥
विनाछादनंमंडपंवेदवक्त्रैरिपुघ्नंगृहंराज्यवर्धन्यमेतत ॥ ३ ॥

**અર્થઃ**—જે ત્રિશાળ ઘરના મુખ આગળ માઢ સહિત ભદ્ર હોય તે **શ્રીધર** નામા ઘર કહેવાય; જે ઘર પાંચ (૫) અથવા સાત (૭) ભૂમિનું હોય, તેવા ઘરને જાળિઓ અને બારિઓ હોય પણ મંડપ ઢાંકયા વિનાનો હોય એટલુંજ નહિ પણ, એવા ઘરને ચાર મુખ હોય તો તે **રાજ્યવર્ધન્ય** નામા ઘર કહેવાય, એ ઘર શત્રુનો નાશ કરનાર છે. ૩

"Aho Shrutgyanam"

## शालिनी.

मध्येनिम्नंत्वंगणाग्रंतथो च्चैःशश्वच्चैवंपुत्रनाशायगेहं ॥
स्तंभश्रेणीमध्यमानेनकार्यान्यूनाधिक्येनैवपूजानचश्रीः ॥४॥

**અર્થ:**—જે ઘર મધ્ય ભાગમાં નીચું હોય અને ÷આંગણા આગળ ઉંચું હોય તો તેવું ઘર નિરંતર પુત્રનો નાશ કરનાર છે, વળી—ઘરને સ્તંભાની ઓળ મધ્યમાનની કરવી, પણ માન કરતાં ઓછી કે વધારે પંક્તિ કરે તો તેવા ઘરધણીને જગતમાં માન્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય નહિ. ૪

हीनस्तंभेशालयोर्बाह्यपट्टेनोवेधःस्यादन्यतोवेधएव ॥
भूमेर्ज्ञेयंरुद्रसंख्याप्रमाणंतुल्यानेष्टावर्धमानाःशुभाःस्युः ॥ ५ ॥

**અર્થ:**—જે દ્વિશાળ ઘરમાં શાળાના સ્તંભથી બહારના પાટડે ઓછો સ્તંભ હોય તો તેથી કાંઇ વેધ ગણાય નહિ પણ, શાળામાંજ સ્તંભની એક પંક્તિમાં સ્તંભ ઓછો હોય, અથવા સ્તંભની એક પંક્તિમાં સ્તંભ વધારે હોય તો તે વેધ ગણાય છે માટે ઘરમાં તેવો વેધ લાવવો નહિ; ઘરને એક ભૂમિથી અગિયાર (૧૧) ભૂમિ સુધીનું કરવું; પણ તે ભૂમિકાઓ સમ નહિ કરતાં વિષમ ભૂમિઓ કરવી. ૫

## वसन्ततिलका.

सार्धत्रयेणविभजेत्करतत्वसंख्यामध्येनवांशमुदितंचपदार्धभित्ती ॥
स्तंभाश्चषोडशगृहेऽपिचभद्रकेषु दंतैर्मिताश्चसकलासुचतुर्मुखंस्यात्

**અર્થ:**—ઘરની ભૂમિને સાડાત્રણ ભાગે વહેંચી તેમાંના ત્રણ ભાગમાં નવ કોઠાઓ કરવા અને બાકીના અર્ધ ભાગમાં બે તરફની બે ભિંતો કરવી; તે ઘરમાં સોળ (૧૬) સ્તંભા કરવા તે એવીરીતે આવે કે.—

ચાર ભિંતોના મળી બાર (૧૨) અને મધ્ય ભાગમાં ચાર સ્તંભાઓ મૂકવા પણ, જે ઘરને ચાર મુખ હોય તે ઘરને ચારે દિશાઓમાં એક એક ભદ્ર

---

÷ આંગણા આગળ ઘર ઉંચું જોઇએ નહિ, એનો અર્થ એવો છે કે પાછળના ઘરની ભૂમિથી આગળની સર્વ ભૂમિ નીચી જોઇએ; અર્થાત્ પાછળની ભૂમિ હોય તે આગળની ભૂમિને દેખી શકે એમ હોવું જોઇએ, પણ ઓરડીની ભૂમિ કરતાં ખડકીની ભૂમિ ઊંચી જોઇએ નહિ. તેમજ પાછળના ઘરના ઉદયથી આગળના ઘરનો ઉદય પણ નીચો હોવો જોઇએ.

"Aho Shrutgyanam"

आ "श्रीधर" घर छे पण ०,० आवी निशानी वाला ठेकाणें जालियोके बारियो होय तो तेथी तेनुं नाम "राज्यवर्धन्य" कहेवाय.



"Aho Shrutgyanam"

रा.।व.।अ.९



त्रिशालघर राजाओने.

"Aho Shrutgyanam"



त्रिशालघर राजाओने.

"Aho Shrutgyanam"

१४६
४

रा·व·अ. ९



त्रिशालघर राजाओने

"Aho Shrutgyanam"



त्रिशालधर राजाओने.

"Aho Shrutgyanam"

# त्रिशालघर

रा.व अ.९





लक्ष्मीनर्म



प्रतापवर्धन

"Aho Shrutgyanam"

रा.व.अ.१



लक्ष्मीविलास

श्रीनिवासप्रकार २



"Aho Shrutgyanam"

१४६
८

रावाआ ९ श्रीनिवासप्रकार-२



"Aho Shrutgyanam"

આવે અને તે દરેક ભદ્રમાં ચાર ચાર સ્તંભાઓ આવે, એ રીતે ગણતાં પ્રથમ કહેલા સોળ સ્તંભા અને ચાર ભદ્રના મળી બીજા ( ૧૬ ) સોળ સ્તંભા મેળવતાં ( ૩૨ ) બત્રીસ સ્તંભાઓ થાય, એવા પ્રકારનું જે ઘર હોય તે **"પ્રતાપવર્ધન"** નામા ઘર કહેવાય. ૬

## उपजाति.

**भद्रेषुभूमिद्वयमूर्ध्वमाडंसार्धत्रिभूमंकथितंचगेहं ॥**
**प्रतापवर्धन्यमिदंनृपाणांलक्ष्मीविलासंचवदामितस्मात् ॥७॥**

**અર્થઃ**—જે ઘરના ભદ્રોમાં બે બે ભૂમિઓ હોય અને તે ભૂમિઓ ઉપર માડો હોય; તે દરેક ભદ્રને ( ૧૦ ) દશ દશ સ્તંભા હોય, એ ચારે ભદ્રોના મળી ( ૪૦ ) ચાળીસ સ્તંભાઓ થાય; ઘરની ભૂમિ [1]સાડાત્રણ ભાગની હોય તેવા ઘરને પ્રથમ બતાવ્યા પ્રમાણે (૧૬) સોળ સ્તંભાઓ આવે તો તેવા ઘરનું નામ " **લક્ષ્મીવિલાસ**" કહેવાય. ૭

**स्तंभादशदशभद्रंचैकंषोडशमध्येतत्समरूपं ॥**
**मदनशरावनिमाडसमेतंलक्ष्मीनर्मकरोतिचनित्यं ॥८॥**

**અર્થઃ**—જે ઘરના ચારે ભદ્રોમાં દશ દશ સ્તંભાઓ હોય તેવા ઘરની ભૂમિના મધ્યના પાંચ ભાગો કરી તેમાંથી બે ભાગોની ભૂમિ મધ્યમાં રાખી બાકીના ત્રણ ભાગોમાંથી દોઢ દોઢ ભાગની ભૂમિ ચારે બાજુએ રાખવી; તથા તે ઘરમાં સોળ (૧૬) સ્તંભાઓ આવે, એ સોળ સ્તંભાઓ અને ચાર ભદ્રોના (૪૦) ચાળીસ સ્તંભાઓ મળી (૫૬) છપ્પન સ્તંભાઓ થાય તેથી તેવા ઘરનું નામ "**લક્ષ્મીનર્મ**" કહેવાય; એવું ઘર નિત્ય લક્ષ્મીની વૃદ્ધિ કરે. ૮

## शार्दूलविक्रीडित.

**भागाःपंचगुणाश्चपंचभवनेषट्त्रिंशतास्तंभकैः**
**कुड्येचार्द्धपदेचनंदपदकैर्भद्रंचतुर्द्धारके ॥**
**भद्रैर्वैगुणभद्रकाणिसकलेऽष्टाशीतिकाःस्तंभकाः**
**माडंभूत्रितयेच सार्धशरभूःस्याच्छ्रीनिवासंगृहं ॥ ९ ॥**

---

૧ સાડાત્રણ ભાગે વહેંચવાની એવી રીત છે કે, સાડાત્રણ પૂર્વ અને પશ્ચિમ તથા સાડાત્રણ ઉત્તર અને દક્ષિણ, એ રીતે બે બે દિશાએ સાડાત્રણ ભાગો થાય.

"Aho Shrutgyanam"

**અર્થ:**—ઘરની ભૂમિના પાંચ ભાગો અથવા ત્રણ ભાગો કરવા, એ બે પ્રકારમાંથી પ્રથમના પ્રકારમાં જો ઘરની ભૂમિના પાંચ ભાગો કરવામાં આવે તો તેમાં છત્રીસ ( ૩૬ ) સ્તંભાઓ આવે અને અર્ધ ભાગની ભૂમિમાં ભિંતો આવે તથા ચારે તરફમાં ચાર દ્વારો આવે; તે દરેક દ્વારને નવ ( ૯ ) પદનાં ભદ્રો થાય, અને તે દરેક ભદ્રમાં ત્રણ ત્રણ ભૂમિકાઓ થાય, અને એ કહેલા દરેક ભદ્રમાં અઢાર (૧૮) સ્તંભાઓ આવે એટલે ચારે ભદ્રોના મળી બહોતેર (૭૨) સ્તંભાઓ થાય; તે સ્તંભાઓ અને મધ્યની ભૂમિના છત્રીસ (૩૬) સ્તંભાઓ સાથે મેળવતાં એકસો ને આઠ (૧૦૮) સ્તંભાઓ થાય.

હવે બીજા પ્રકારમાં ઘરની ભૂમિના ત્રણ ભાગો કરવામાં આવે તો તે ઘરમાં સોળ (૧૬) સ્તંભાઓ આવે. એ સોળ ઘરની ભૂમિના સ્તંભાઓ અને ઉપર પ્રથમ પ્રકારમાં બતાવેલા ચાર ભદ્રોના બહોતેર સ્તંભાઓ (૭૨) એ બન્ને ને મેળવતાં અઠ્યાસી (૮૮) સ્તંભાઓ થાય તથા એ કહેલા દરેક ભદ્રમાં મંડપ આવે, એવું જે ત્રણ ભૂમિ અને સાડીપાંચભૂમિનું એ બન્ને પ્રકારના ઘરનું એકજ **"શ્રીનિવાસ"** નામ છે. ૯

**मध्येस्तंभशतंचभागसमिकेभित्तीचतुर्द्वारकैः**
**सप्तांशाद्रिशरांशरामसहितंभद्रंचतुस्त्रिंशता ॥**
**षट्त्रिंशतद्विशतीचतेतुसकलाःस्तंभाःक्षितौपूर्वतः**
**नाम्नैतत्कमलोद्भवंचकथितंभूसार्धसप्तान्वितं ॥ १० ॥**

**અર્થ:**—ઘરની ભૂમિના સમ ભાગો ( આઠ ભાગો ) કરી તેમાંથી અર્ધા ભાગની ભિંતો કરવી અને બાકીના સાડાસાત ભાગોનું ઘર કરવું અને ઘરમાં સો (૧૦૦) સ્તંભાઓ આવે; એવા ઘરને ચાર દ્વારો કરવાં, અને તે દરેક દ્વાર આગળ ભદ્ર કરવું, અને તે ભદ્રના પહેલા ભાગમાં સાત ચોકિયોની પંક્તિ કરવી; તેજ ભદ્રના બીજા ભાગમાં વળી સાત ચોકિયોની બીજી પંક્તિ કરવી, અને એ ભદ્રના પ્રતિભદ્રમાં પાંચ ચોકિયોની પંક્તિ કરવી અનેએ પ્રતિભદ્રના આગળના મુખ ભદ્રમાં ત્રણ ચોકિયો કરવી. એ રીતે એક એક ભદ્ર થયું તે આખા ભદ્રના સર્વ મળી ચોત્રીસ (૩૪) સ્તંભાઓ થાય; એવા ચારે ભદ્રોના સર્વ સ્તંભાઓ એક સો ને છત્રીસ ( ૧૩૬ ) સ્તંભાઓ થાય. તે સ્તંભાઓમાં ઘરના સો (૧૦૦) સ્તંભાઓ મેળવતાં બસેં ને છત્રીસ (૨૩૬) સ્તંભાઓ થાય તેથી તેવા ઘરનું **"કમલોદ્ભવ"** નામ થાય છે. ૧૧

"Aho Shrutgyanam"

रा.व.अ.९



कमलोद्भव.

"Aho Shrutgyanam"




उपरना स्तंभो. शरां पाटडा अने कुंभीओ. जे बतावेल छे ते राजाओ माटे छे.

"Aho Shrutgyanam"

राजवल्लभ अध्याय ९







"Aho Shrutgyanam"

रा.व.अ. ९



नवशालागृह राजाओनें.

"Aho Shrutgyanam"

हर्म्यस्योदयकंविभज्यनवधाकुंभीभवेद्भागतः
पादोनंभरणंशिरश्चकथितंपट्टःसपादोभवेत् ॥
स्तंभःपंचपदोनभागउदितोकोणाष्टवृत्तस्तथा
भागार्धेनजयंतिकानिगदितासातंत्रकस्योपरि ॥ ११ ॥

**અર્થઃ**—હવેલીના ( રાજઘરના ) ઉદયના નવ ભાગો કરવા અને તે નવ ભાગોમાંથી એક ભાગની કુંભી કરવી; પોણા ભાગનું ભરણું કરવું; પોણા ભાગનું શરું કરવું; સવા ભાગનો પાટડો રાખવો; સવાપાંચ ભાગનો સ્તંભો કરવો અને તે સ્તંભાને અષ્ટાસ્ર અથવા ગોળ કરવો; પાટડાનો પોણો ભાગ સાદો રાખી ઉપરના અર્ધ ભાગમાં તંત્રક અથવા તાંતર કરવો અને તે તંત્રક ઉપર [1]જયંતિકા કરવી. ૧૧

## भुजंगप्रयात.

गृहस्योदयंदिग्विभागैर्विभज्यद्विभागेनकक्षासनंवेदिकास्यात् ॥
त्रिभागेनतत्कंठकोनिम्नमेवंगृहस्योदयार्द्धेनपीठंनृपाणां ॥१२॥

**અર્થઃ**—ઘરના ઉદયના દશ ભાગો કરી તેમાંથી ત્રણ ભાગોની વેદી કરવી, તથા બે ભાગોનું કક્ષાસન કરવું અને તે કક્ષાસનનો કંઠ ત્રીજા ભાગે નમેલો કરવો. એ રીતે ઘરના ઉદયના અર્ધ ભાગે રાજાઓને બેસવાની પીઠ થાય.

## उपजाति.

उत्तानपट्टोनृपमंदिरेसौहस्तेचहस्तेद्वियवोन्नतःस्यात् ॥
पाषाणतःसौख्यकरोनृपाणांधनक्षयंसोपिकरोतिगेहे ॥ १६ ॥

**અર્થઃ**—રાજાના પ્રાસાદ વિષેના પાટડા ઉપરની [2]છાટ રાખવાની રીત એવી

---

૧ જયંતિકા એટલે હોડી. ૨ છાટ એટલે છાત અથવા પાથરણું; જેમ પાટિયાં પાથરી મેડી જડાય છે તેમ.

સાધારણ લોકોના ઘરમાં પથ્થરની છાટ નાખવાથી ધનનો નાશ થવાનો દોષ બતાવ્યો છે પણ ગ્રંથકર્ત્તાનો હેતુ એવો છે કે સાધારણોના ઘરમાં પત્થરની છાટો નાખવે ખરચ ઘણું થાય છે તેથી ધનનો બચાવ કરવા માટે એમ કહ્યું છે, અગર એમ ન હોય તો અપરાજિત જેવા પ્રાચીન અને [illegible] ગ્રંથમાં અનેક દેશોનાં નામો બતાવ્યાં છે તેમાંથી જે દેશોમાં લાકડાની છાત નથી પણ ફક્ત પત્થરનું કામ થાય છે ત્યાંતો છાટ પણ પત્થરનીજ હોવી જોઈએ. પણ જે દેશના જે ઘરમાં સર્વ કામ લાકડાનું હોય ત્યાં તો પત્થરની છાટ નાખવી નહિ કેમકે, લાકડું અને પત્થર એ બેની ઘડાઈ વગેરે કામનું ખરચ ગણવામાં આવે તો પત્થરનું ખરચ વધશે, આ બાબતનો વધારે તપાસ કરતાં માગધી ભાષામાં ગાથાબદ્ધ 'વાસ્તુસાર' નામના ગ્રંથમાં તેનો કર્તા ઠક્કુર ફેરુ કહે છે કે—

"Aho Shrutgyanam"

છે કે, દરેક હાથે બે જવ પ્રમાણે છાટની જાડાઈ રાખવી. એવી જે પાષાણુની છાટ હોય તે રાજાને સુખકારી છે પણ એવી છાટ સાધારણ લોકોના ઘરમાં નાખે તો તેથી ધનનો નાશ થાય. ૧૩

**सुधेष्टिकेशर्करयावियुक्तेसशर्करैस्तैःसुदृढागृहेभूः ॥**

**शस्तानशस्तंभवनेषुचित्रंकपोतगृध्राःकपिकाकरौद्रं ॥१४॥**

**અર્થઃ**—ઇંટયોના ચોટકના કામમાં ચૂનામાં કાંકરી રહેવા દેવી નહિ પણ તેજ ચૂનો ભૂમિ તળમાં ( ચોક ગચ્છિ વગેરે બાંધવાના કામમાં ) વાપરવો હોય તો ચૂનામાં કાંકરો મેળવવાથી કામની મજબૂતી થાય છે, વળી ઘરમાં ચિત્રો કરવાં હોય તો તે ચિત્રામાં હોલો, ગીધપક્ષી, વાનર અને કાગડો વગેરે ભય આપનાર પક્ષી ચીતરવાં નહિ. ૧૪

## शार्दूलविक्रीडित.

**शुद्धोलिंदविशेषतश्चसकलाभूम्योवरंड्यान्विता**
**छाद्येनाप्यथमत्तवारणयुतंमाडंतथार्द्धोदयं ॥**
**मौडोभद्रचतुष्किकाभिरुदितोमाडेनयुक्तस्तथा**
**मध्येतुल्यसपादकैःसुमुकुलोवाशीर्षकैःशेखरः ॥ १५ ॥**

**અર્થઃ**—રાજાઓના પ્રાસાદો માટે છ (૬) ભેદો કહ્યા છે તેમાં પ્રથમ "શુદ્ધ" નામનો ભેદ છે તે એવી રીતે કેઃ—

૧ પ્રાસાદને અલિંદો હોય તે અલિંદોની સર્વ ભૂમિઓ વરંડીવાળી હોય તેનું નામ શુદ્ધભેદ પ્રાસાદ કહેવાય, અને બીજો **"માડ"** નામનો ભેદ છે તે એવી રીતે કેઃ—

---

**गाथा.**

**" पहाणमयंकट्ठमए, पायवस्सथंभाइं; पासाएयगिहेवा, वज्जेयव्वापयत्तेण. "**

**અર્થઃ**—પ્રાસાદ અને ઘર વિષે સ્તંભા અને પાટડા વગેરે લાકડાના હોય તો તેના ઉપર પત્થરની છાટ જડવી નહિ.

આ ગાથાનો હેતુ એવો છે કે, જ્યાં લાકડાનું કામ હોય ( સ્તંભા પાટડા વગેરે ) ત્યાં તેના ઉપર પત્થરની છાટ જડવી નહિ, એટલે તેનો અર્થ એવોજ થાય છે કે લાકડાના કામ ઉપર પત્થરની છાટ જડવી અથવા નાખવી નહિ પણ જ્યાં પ્રત્થરનું કામ હોય ત્યાં તો છાટ પણ પત્થરનીજ હોવી જોઇએ.

"Aho Shrutgyanam"

૨ જે પ્રાસાદ મત્તવારણો ( અથવા કક્ષાસન ) સહિત હોય અથવા પ્રાસાદનો જેટલો વિસ્તાર હોય તે વિસ્તાર અથવા વ્યાસના અર્ધ ભાગનો ઉદય કરી છાદ્ય વાળવું. એટલે તે "**માડ**" ભેદ પ્રાસાદ થાય, તથા ત્રીજો '**મૌડ**' નામનો ભેદ છે તે એવી રીતે કેઃ—

૩ પ્રાસાદના ભદ્રોની ચોકિઓ માડે કરી ઢાંકેલી હોય તથા તેની મધ્યની ભૂમિનો વ્યાસ હોય તે વ્યાસ જેટલોજ ઉદય કરી માથે શૃંગ કરવું, અથવા મધ્ય ભૂમિના વ્યાસ કરતાં સવાગણું ઉંચું શૃંગ કરવું પણ તે શૃંગનું રુપ એવું હોવું જોઇએ કે જાણે વિના ખિલેલા કમળની કળી હોય એવી આકૃતિનું શૃંગ કરવું. એ ત્રીજો "**મૌડ**" ભેદ છે, તથા ચોથો '**શેખર**' નામનો ભેદ છે તે એવી રીતે કેઃ—

૪ શેખર એટલે ઉપર બતાવેલા ત્રીજા ભેદવાળા પ્રાસાદને માથે જે શૃંગ કરવાનું કહ્યું છે તેવું શેખર પ્રાસાદ ઉપર કરવું નહિ પણ તેવા શૃંગના ઠેકાણે જેવું દેવમંદિર ઉપર શિખર હોય એવી આકૃતિનું શિખર કરવું એટલે તે ચોથો ભેદ "**શેખર**" થાય છે. ૧૫

## उपजाति.

**राजगृहंछंदचतुष्ठयंस्यात्तथैवघंटाकलशेनयुक्तं ॥**
**तुंगारसंज्ञंत्वथसिंहकर्णप्रासादकेतेपिषडेवशस्ताः ॥ १६ ॥**

**અર્થઃ**—રાજાઓના પ્રાસાદોના પ્રથમના શ્લોકમાં ચાર પ્રકારના છંદભેદો બતાવ્યા છે, તે છંદભેદોમાં [1]ઘંટા અને કળસ સહિત પ્રાસાદ છંદ ભેદો હોવા જોઈએ અને ત્યાર પછી પાંચમો '**તુંગાર**' નામનો છંદ ભેદ છે તે એવી રીતે કેઃ—

૫ પ્રાસાદને લાગેલા ભદ્રો પાસે "**તવંગો**" ( ભદ્ર પાસે જે ખૂણો નીકળે છે તેનું નામ તવંગ છે ) નીકળેલા હોય છે, તે તવંગો ઉપર ઘંટાઓ અને કળસો હોય તો તેવા પ્રાસાદનું નામ "**તુંગાર**" ભેદ પ્રાસાદ કહેવાય, અને છઠ્ઠો 'સિંહકર્ણ' નામનો ભેદ છે તે એવી રીતે કેઃ—

૬ પ્રાસાદના ભદ્રોના ખૂણાઓને ગોળ કરવા એટલે એવી રીતે કે, પ્રાસાદના જે ભદ્રો હોય તે ભદ્રોના મથાળે ખૂણાઓને ગોળ કરવા તેનું નામ

---

૧ ટીપ. ઘંટા, કળસ, તવંગ, વગેરે દેવપ્રાસાદોમાં આવે છે. તે શિખર ભેદમાં છે, તે સ્પષ્ટ સમજવા માટે લખતાં આ ગ્રંથના વિસ્તાર જેટલો બલકે તેથી પણ વધારે શિખર ભેદનો વિસ્તાર થાય તેથી લખતા નથી પણ અપરાજિત, જ્ઞાનરત્નકોશ, પ્રાસાદમંડન, ક્ષીરાર્ણવ, વૃક્ષાર્ણવ, જ્ઞાનસાર અને [illegible] વગેરે ગ્રંથોમાં ઘણો વિસ્તાર બતાવ્યો છે પણ એ વાત બતાવવાનો આ પ્રસંગ નથી.

"Aho Shrutgyanam"

સિંહકર્ણુ છે. વળી, સિંહકર્ણુ એટલે કર્ણુને સિંહ કરી નાખવા અર્થાત્ કર્ણુને હણી નાખવા અથવા તેનું રુપ કહાડી નાખી કર્ણુને ગોળ કરવો તેનું નામ "**સિંહકર્ણુ**" છે. એ રીતે રાજાઓના પ્રાસાદોના છ ભેદો બતાવ્યા છે ( જુઓ અપરાજિત. ) ૧૬

## इंद्रवज्रा.

षड्जातिगेहंतृणपर्णपट्टैर्वंशैःकटैर्वापिमृदाशिलाभिः ॥
छन्नंप्रकारैःकथितंचषड्भिर्लोकप्रसिद्ध्यापिपरीक्षणीयं ॥ १७ ॥

**અર્થ**:—ઘર ઢાંકવાના છાદ્યો છ પ્રકારનાં છે એટલે ઘરો પણ છજા (૬) પ્રકારનાં છે; તેમાં પ્રથમ તૃણુનું ( ઘાસનું ) છાદ્ય (૧), બીજું પાંદડાંનું છાદ્ય (૨), ત્રીજું પાટિયાનું છાદ્ય (૩), ચોથું વાંસના ખપેડા અથવા ટટ્ટાનું છાદ્ય (૪), પાંચમું માટીનું છાદ્ય (૫), અને છઠ્ઠું પત્થરની શિળાનું છાદ્ય (૬); એ રીતે ઘરો ઢાંકવાના છ પ્રકારો છે અને તેથી વિશેષ લોક રુઢીથી સમજવું. ૧૭

## शालिनी.

वामेभागेदक्षिणेवान्टपाणांत्रेधाकार्यावाटिकाक्रीडनार्थं ॥
एकद्वित्रिर्दंडसंख्याशतंस्यान्मध्येधारामंडपंतोययंत्रैः ॥ १८ ॥

**અર્થ**:—રાજાના પ્રાસાદથી ડાબી તરફ અથવા જમણી તરફ રાજાને ક્રીડા કરવા માટે વાડી અથવા બાગ કરવો. તે બાગો ત્રણુ પ્રકારના કરવા કહ્યા છે. તે એવી રીતે કેઃ-પ્રથમ પ્રકાર સો ( ૧૦૦ ) દંડનો બાગ કરવો. તે કનિષ્ટ પ્રકારનો છે તથા બીજો ( ૨૦૦ ) બસો દંડનો મધ્યમ પ્રકારનો છે, અને ત્રીજો ( ૩૦૦ ) ત્રણુ સો દંડનો બાગ કરવો. તે જ્યેષ્ટ પ્રકારનો બાગ કહેવાય, એવા બાગોમાં મંડપ કરવો અને તે મંડપમાં જળયંત્ર અથવા કુવારો કરવો.

## शार्दूलविक्रीडित.

क्षेत्रंसप्तविभागभाजितमतोभद्रंचभागत्रयं
तन्मध्येजलवापिकाजिनपदैरेकांशतोवेदिका ॥
स्तंभैर्द्वादशभिश्चमध्यरचितःकोणेषुरूपान्वितः
कर्तव्योजलयंत्रएषविधिवतभोगायपृथ्वीभूजां ॥ १९॥

"Aho Shrutgyanam"

**અર્થ:**—જળયંત્ર કરવાના ક્ષેત્રના સાત સાત કોઠાઓ કરવા (૪૯); અને તે કોઠાઓમાંથી ચારે દિશાઓ તરફ ત્રણ ત્રણ કોઠાઓનાં ભદ્રો કરવાં. બાકી મધ્યમાં રહેલા (૨૫) પચીસ કોઠાઓની ચારે બાજુઓના કોઠાઓમાં પાણી ભરેલું રહે તેવો ફરતો હોદ કરવો. ત્યારપછી પ્રથમ બતાવેલા ( ૪૯) સર્વ કોઠાઓના મધ્યના ભાગમાં (મધ્યબિંદુ) એક કોઠામાં વેદિકા અથવા બેસવાનો ચોતરો કરવો; અને એ મધ્યબિંદુના કોઠાની આસપાસ ( વેદીની આસપાસ. ) આઠ કોઠાઓના વિભાગોમાં બાર સ્તંભાઓ કરવા; ( દરેક વિભાગમાં એક સ્તંભો ) એ કુવારાના બહારના એટલે છેલ્લા ચાર તરફના ચાર ખૂણા ઉપરના કોઠાઓ ઉપર રુપો અથવા પૂતળિયો કરવી, ( તરેહવાર પૂતળિયો જેમાં કોઈ નૃત્ય ભાવ બતાવે, કોઈના હાથમાં મૃદંગ, પિચકારી, વગેરે ) એ રીતે શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે રાજાને ક્રીડા કરવા માટે નળયંત્ર અથવા કુવારો કરવો જોઈએ. ૧૯

तस्यांचंपककुंदजातिसुमनोवल्लीश्चनिर्वालिका
जातीहेमसमानकेतकिरपिश्वेतातथापाटला ॥
नारिंगःकरणोवसंतलतिकाचारक्तपुष्पादिकं
जंबीरोबदरीचपूंगमधुपाजंबुश्चचूतद्रुमाः ॥ २० ॥
माल्लूरःकदलीचचंदनवटावश्वत्थपथ्याशिवाः
चिंचाशोककदंबनिंबतरवःखर्जूरिकादाडिमी ॥
कर्पूरागरुकिंशुकाहयरिपुःपुन्नागकोनिंबुकी
प्रोक्तानागलताचबीजनिभृतास्यात्तिंदुकीलांगुली ॥ २१ ॥

**અર્થ:**—ઉપર બતાવ્યા પ્રમાણે બાગ કરવો અને તેવા બાગમાં વૃક્ષો રોપવાં તે એવાં કે ચંપો, કુંદ ( મોગરા ), જાઈ, તથા જેમાં પુષ્પો થતાં હોય એવી વેલીયો, નિર્માલિકા (નરમાળી), જેનાં સુવર્ણ સરિખાં પીળાં પુષ્પો હોય એવી જાઈ, કેતકી, ધોળી પાડળ, નારંગીનાં વૃક્ષો, લાલ કણેર, વસન્તલતિકા ( વેલમોગરો ), તથા જેમાં લાલ પુષ્પો આવે એવાં અનેક વૃક્ષો તેમજ બીજી અનેક પ્રકારની વેલિઓ, જંબીર, બોરડી, સોપારીનાં વૃક્ષો, મહુડા, જાંબુ, આંબા. ૨૦

**અર્થ:**—માલૂર ( બીલી ), કેળયો, ચંદન, વડ, પિંપળા, હરડે, આંબળી, ( આંબળાંનાં વૃક્ષો ) આંબલી, આસોપાલવ, કદંબ, ( ચેંબલો ), નિંબડા, ખજૂરી, દાડિમી, કપૂર, અગર, ખાખરા, ધોળી કણેર, પુન્નાગ ( જાયફળ ), લિંબુનાં અનેક પ્રકારનાં વૃક્ષો, નાગરવેલ, બીજોરાંનાં વૃક્ષો, ટીંબરણ, નાળિએરિઓ. ૨૧

"Aho Shrutgyanam"

द्राक्षैलाशतपत्रिकाचबकुलाधत्तूरकंकोलकौ
शालास्तालतमालकौमुनिवरोमंदारपारिद्रुमौ ॥
अन्येभोग्यविचित्रखाद्यसुफलास्तेरोपणीयाबुधैः
यःप्राप्नोतिनभूतलेशुभतरुंतच्चंपकान्वापयेत् ॥ २२ ॥
आस्थानप्रतिसेचनायचघटीयंत्रःसुसारोभवेत्
दोलास्त्रीजनखेलनायरुचिरेवर्षावसन्तोत्सवे ॥
बालाप्रौढवधूःसुमध्यवनितागानैर्मनोहारिभिः
ग्रीष्मेशारदकेथशीतलजलक्रीडाशुभेमंडपे ॥ २३ ॥

**અર્થ:**—દ્રાક્ષવેલિઓ, ઇલાયચીના રોપાઓ, બોરશળી, ધતૂરા, કર્પૂરકાચલી, સાહડ, તાડ, તમાલ વૃક્ષ, ઇંગોરી, મંદાર, પારિજાતક, અને એ શિવાય અનેક પ્રકારનાં શ્રેષ્ઠ અને તરેહવાર જાતિનાં પુષ્પો ઉત્પન્ન થાય એવાં વૃક્ષો બુદ્ધિમાન્ પુરુષે બાગમાં રોપવાં જોઇએ, પરંતુ એવાં વૃક્ષો જે ઠેકાણે ન મળે એવું સ્થળ હોય તો તેવા બાગમાં ચંપાનાં ઘણાં વૃક્ષો રોપવાં. ૨૨

**અર્થ:**—એવા બાગમાં વૃક્ષોને પાણી પાવામાટે કૂવા ઉપર મજબુત (ખેરજાતિના વૃક્ષના લાકડાનો અરટ કરવો, તથા વર્ષા અને વસન્ત ઋતુમાં બાળા, મધ્યા અને પ્રૌઢા, એ ત્રણે જાતિની સ્ત્રીઓને મનોહર ગાયન કરવા માટે, તેમને હીંચવા માટે, તે બાગમાં હીંચોળા બાંધવા; તેમજ ગ્રીષ્મ અને શરદ ઋતુના દિવસોમાં શીતળ જળમાં ક્રીડા કરવા માટે શ્રેષ્ઠ મંડપ વિષેના હોદમાં પાણી ભરી રાખવું. ૨૩

## उपजाति.

तुरंगमाणांगृहवामभागेशालाचतुःषष्टिकराविधेया ॥
शतार्धतोमध्यमिकाचदैर्घ्येकनीयसातैर्दशभिर्विहीना ॥ २४ ॥
व्यासेचज्येष्ठातिथिहस्तमानात्रयोदशैकादशभिःक्रमेण ॥
तद्बाह्यभित्तिश्चकरप्रमाणापंचार्धपंचाब्धिकरोदयास्यात् ॥ २५ ॥

**અર્થ:**—ઘોડાઓની શાળા ઘરથી ડાબી તરફ કરવાની કહી છે, પણ જે શાળા (૬૪) ચોસઠ હાથ લાંબી હોય તે જ્યેષ્ઠમાનની સમજવી, તથા (૫૦) પચાસ હાથ લાંબી હોય તે મધ્યમ માનની, અને જે અશ્વશાળા (૪૦) ચાળીસ હાથ લાંબી હોય તે કનિષ્ઠ માનની જાણવી. ૨૪

"Aho Shrutgyanam"

रा.व.अ.९



पांचशालाघर राजाओने.

"Aho Shrutgyanam"

रा.व.अ.९



पांचशालाघर राजाओनें.

"Aho Shrutgyanam"

राजवल्लभ. अध्याय. ९

आ यत्रमां मध्य भागे वेदी छे तेनी चारे तरफना सरखे भागे चोविस(२४) कोठाओमां पाणी भरेलुं होवुं जोइये.




"Aho Shrutgyanam"




"Aho Shrutgyanam"

**અર્થ:**--જે શાળા સાઠ હાથ લાંબી હોય તે જ્યેષ્ઠ માનની હોય એમ કહ્યું છે. તે જ્યેષ્ઠ માનની શાળાનો વ્યાસ (૧૫) પંદર હાથ રાખવો તથા મધ્યમ શાળાનો વ્યાસ (૧૩) તેર હાથનો અને કનિષ્ટ શાળાનો વ્યાસ (૧૧) અગિયાર હાથ રાખવો. એવી જે અશ્વશાળાઓ હોય તે અશ્વશાળાઓની ભિંત્યોનો ઓસાર એક ગજ પહોળો રાખવો અને તે ભિંત્યોનો ઉદય શાળાઓના અનુક્રમે સાડાપાંચ હાથનો (પાા) કરવો; તે ઉત્તમ ઉદય કહ્યો છે. તથા પાંચ હાથનો (૫) મધ્યમ ઉદય છે અને (૪) ચાર હાથનો ઉદય હોય તે કનિષ્ટ ઉદય છે. ૨૫

## शार्दूलविक्रीडित.

तेजोहानिममीहयाविदधतेपूर्वापरास्यानृणां
तेयाम्योत्तरतोमुखाहिसततंकीर्त्तियशोधान्यकं ॥
कर्त्तव्योहिषणंप्रतीहकलशःस्थानंद्विहस्तोदयं
तस्यास्तोरणमुच्छ्रितंचमुनिभिर्हस्तैःसुशोभान्वितं ॥२६॥

**અર્થઃ**--ઘોડાઓના મુખો પૂર્વ અને પશ્ચિમ દિશા સામે રાખી બાંધવામાં આવે તો ઘોડાના માલિકના તેજની હાનિ થાય, અને દક્ષિણ કે પશ્ચિમ દિશા સામે મુખ રાખી ઘોડા બાંધવામાં આવે તો ઘોડાના માલીકને કીર્ત્તિ તથા યશ અને ધાન્યની વૃદ્ધિની પ્રાપ્તિ થાય. વળી ઘોડાના મુખ આગળ તેમને ખાવાની ઘાસ નાખવામાં આવે છે તે ઘાસ રહેવા માટે ઘોડાના મુખ આગળ "*ષણ" કરવાનું કહ્યું છે અને તે ષણ ઉપર કળશ કરવા, પણ ષણનો ઉદય બે હાથ કરવો તથા શોભા માટે તે ષણના પાયાથી શાળાના [1]ઉદય સુધી સાત (૭) હાથ ઉંચું તોરણ કરવું. ૨૬

* ષણ એટલે "ખંડ" નામ થાય છે. તેને મારવાડમાં "ખંધો" કહે છે, તથા પંજાબમાં "ખુરલી" કહે છે, સંસ્કૃતમાં તેનું બીજું નામ "ઓદનકોષ્ટક" છે ( ભોજન અથવા ખાવાનો કોઠો) પણ ગૂજરાતી ભાષામાં તેનું બીજું નામ મળી આવતું નથી. ઘોડાઓના બાંધવાના આખા સ્થાનને થાન અથવા ઠાણુ કહે છે, અગર ઘાસ નાખવાને ઠેકાણે ખીલો હોય છે તે ખીલા સાથે ઘોડાને બાંધવામાં આવે છે તેને અગાડી કહે છે પણ અગાડી તો આગળ શબ્દ હિંદુસ્તાની છે તોપણ તે તો બાંધવાની સરક થાય છે પણ સ્પષ્ટ સમજવા માટે ગૂજરાતી ભાષામાં અમને નામ મળી આવ્યું નથી.

૧ શાળાનો ઉદય સાડાપાંચ, પાંચ અને ચાર હાથ કહ્યો છે. ( ત્રણ પ્રકાર ) તે ઉદય ષણના ઉપરના ભાગેથી સમજવાનો છે, એટલે જે જ્યેષ્ઠ ઉદય છે તે ષણ સહિત સાડાસાત હાથ થાય; મધ્યમ ઉદય ષણ સહિત સાત હાથ થાય અને કનિષ્ટ ઉદય ષણ સહિત છ હાથ થાય.

"Aho Shrutgyanam"

षष्ट्यासाधुहयोंगुलैर्निगदितोवेदांगुलेनाधिकः
श्रीवत्सस्त्वहिलादएवचमनोहारीद्विसप्तांगुलः ॥
रागाब्ध्यंऽगुलिकैस्तुवाजिविजयोऽशीत्यातथावैभवः
शांताख्यस्तुयुगाष्टमात्रउदयेमानंहरेःसप्तधा ॥ २७ ॥

**અર્થ**:—જે ઘોડો સાઠ (૬૦) આંગુળ ઉંચો હોય તે "**સાધુ**" નામા ઘોડો કહેવાય; (૬૪) ચોસઠ આંગુળ ઊંચો હોય તે "**શ્રીવત્સ**" કહેવાય; (૬૮) અડસઠ આંગુળ ઊંચો હોય તે "**અહિલાદ**" કહેવાય; (૭૨) બહોતેર આંગુળ ઊંચો હોય તે "**મનોહારી**" કહેવાય;(૭૬)છોતેર આંગુળ ઊંચો હોય તે "**વિજય**" કહેવાય; (૮૦) એંશી આંગુળ ઊંચો હોય તે "**વૈભવ**" કહેવાય અને જે ઘોડો (૮૪) ચોરાશી આંગુળ ઊંચો હોય તે "**શાન્ત**" નામા ઘોડો કહેવાય એ રીતે ઘોડાની ઊંચાઇના (૭) સાત પ્રકાર કહ્યા છે. ૨૭

---

હવે તોરણના ઉદય માટે રાજવલ્લભમાં વિસ્તાર સાથે બતાવ્યું નથી પણ **અપરાજિત ગ્રંથના અનુસારે સમજાય છે** કે તોરણના પણ ત્રણજ પ્રકાર હોવા જોઇએ તે એવી રીતે કે—જ્યેષ્ઠ માનના તોરણનો ઉદય સાત હાથનો; મધ્યમ માનના તોરણનો ઉદય સાડા૭ હાથનો અને કનિષ્ઠ માનના તોરણનો ઉદય સાડાપાંચ હાથનો થાય. એ રીતે ત્રણ પ્રકાર સમજવાના છે જુઓઃ—

सप्तहस्तोच्छ्रितंकार्यं । उदयंपक्षस्तंभकं
तोरणं सप्तहस्तांतं । उत्तरंस्तंभकोद्भवं ॥ २२ ॥ } **સૂત્ર. ૮૦**

**અર્થ**:—શાળાનો ઊદય સાત હાથનો કરવો તેમજ પક્ષસ્તંભનો ઊદય પણ સાત હાથનો કરવો તથા તોરણનો ઊદય પણ છેવટ સાત હાથ સુધી કરવો અને એ તોરણ પક્ષસ્તંભાઓને લગાડવું.

તોરણનો ઉદય છેવટ સાત હાથનો બતાવ્યો છે તેથી સમજાય છે કે તેના પણ શાળાની રીતે ત્રણજ ભેદો હોવા જોઈએ એટલુંજ નહિ પણ "**સમરાંગણ**" વિશે કહે છે કેઃ—

दशरत्निसमुच्छ्रायमष्टौदशचविस्तृतं ॥　　**અધ્યાય ૧૧**

**અર્થ**:—ઘોડાની શાળાનો ઉદય દશરત્નીનો ( મુંઠી વાળેલો હાથ અથવા મુંડ હાથ ) કરવો અને તે શાળાનો વિસ્તાર અઢાર રત્નિનો કરવો.

એ રીતે **મહારાજ ભોજદેવ કહે છે તેમાં** સમજવાનું છે કે રાજવલ્લભમાં હાથ કહ્યો છે તેને ગજ સમજવાનું છે અને આરત્નિ કહેવામાં આવ્યું છે તે મુંડો હાથ એટલે પું-ણોગજ ગણવામાં આવે તેથી સાડાસાત હાથ થાય છે. માટે રાજવલ્લભમાં જ્યેષ્ઠ માનનો ઉદય અશ્વશાળાનો સાડાપાંચ હાથનો કહ્યો છે પણ **સમરાંગણ** સાથે મેળવતાં સાડા સાત હાથ ઉદય થાય છે એટલે બે હાથનો ષણ અને તેના ઉપર સાડાપાંચ હાથનો જ્યેષ્ઠ માનની શાળાનો ઉદય થાય એટલે સાડાસાત હાથ બરોબર થાય છે.

૧ આ રાજવલ્લભમાં જે ઘોડાનું "**સાધુ**" નામ બતાવ્યું છે તેજ ઘોડાનું **અપરાજિત**માં "સુંદર" નામ બતાવ્યું છે.

"Aho Shrutgyanam"

## शालिनी.

सिंहद्वारंपूर्वमानेनकार्यंत्रिद्व्येकावामालिकास्तंभशीर्षे ॥
स्यातांमध्येतोडकौरक्षणार्थंतुल्यौभागेनाधिकौवापिसार्द्धौ ॥२८॥

**અર્થઃ**—રાજાઓના પ્રાસાદો માટે પ્રથમ છ (૬) ભેદો બતાવ્યા છે તેવા પ્રાસાદો આગળ પ્રથમ બતાવેલી રીતી પ્રમાણે *સિંહદ્વારો કરવા; પણ તેવા સિંહદ્વારના દ્વારની શાખાના સ્તંભના મથાળે (શાખના મથાળે) ત્રણ અથવા બે અથવા એક મદળ ગોઠવવી, અને તે મદળોના રક્ષણ માટે એ મદળો નીચે તોડકાઓ (ટોડા) મુકવા જોઈએ, પણ તે તોડકાઓ તુલ્ય ભાગે મુકવા અથવા સવાયા ભાગે અથવા દોઢ ભાગે મુકવા. અર્થાત્ મદળ નીચે મુકવાના તોડકાની જેટલી પહોળાઇ હોય તેજ પ્રમાણે તેની જાડાઇ હોય તો તે "તુલ્ય" ભાગ કહેવાય તથા તોડકાની જેટલી પહોળાઇ હોય તે પહોળાઈ કરતાં સવાઇ જાડાઇ હોય તે "સવાઈ" કહેવાય અને તોડકાની જેટલી પહોળાઇ હોય તે પહોળાઇ કરતાં દોઢી જાડાઇ હોય તે "દોઢાઈ" કહેવાય એમ સમજવું.

## शार्दूलविक्रीडित.

भागेदक्षिणवामकेचकरिणांशालाहरेर्द्वारतः
कर्त्तव्यासुदृढोन्नताचकलशैर्घंटादिभिर्भूषिता ॥
संकीर्णोरसतोनगैर्निगदितोमंदोमृगश्चाष्टतः
सर्वेषूत्तमभद्रजातिरुदितोनंदैःकरैरुच्छ्रितः ॥ २९ ॥

**અર્થઃ**—સિંહદ્વારથી ડાબી અથવા જમણી તરફ મજબુત અને ઊંચી એવી હસ્તિશાળા કરવી અને તે શાળા ઉપર કળશ અને ઘંટાઓની શોભા કરવી કહી છે.

---

* રાજાના દરબાર આગળ દરવાજા કરવામાં આવે છે તેના આગળ બે બુરજા કરવામાં આવે છે; તે એવી રીતે કે, બન્ને બુરજાઓ મુકી નીમ ગોળાઇમાં દરવાજો હોય. કેમકે, સંગ્રામ વખતે શત્રુના હાથીની ટક્કર દરવાજાને સિધી રીતે લાગે નહિ. હાથી ટક્કર મારતાં પાછો હઠે ત્યારે તેનું જોર ફાવે, પણ હાથીના પાછલા ભાગે બુરજો અડી રહે એટલે ટક્કર લાગે નહિ. એવા દરવાજાને સિંહદ્વાર કહે છે. તેવા દરવાજાઓ ભૂજ, ઉદેપુર વગેરે ઠેકાણે છે. એવા દરવાજાની રીતિ એટલે તેની ઉંચાઈ અને તેનો વ્યાસ કેટલા પ્રમાણનો રાખવો ? એ બાબત પાછળના પાંચમા અધ્યાયના ચૌદમા ( ૧૪ ) શ્લોકમાં બતાવી છે તે મુજબ સિંહદ્વારો કરવાં. તે નગરના અને દરબારમાં પ્રવેશ કરવાના દરવાજાઓ એવીજ રીતના સિંહદ્વારો કરવા કહ્યું છે. એવા સિંહદ્વારને ત્રણ શાખાઓ તથા પાંચ શાખાઓ હોય છે પણ તે જૂદી હોય નહિ, ભાગો જૂદા દેખાય.

"Aho Shrutgyanam"

જે હાથી (૬) છ હાથ ઉંચો હોય તેનું "સંકીર્ણ" નામ કહેવાય, તથા (૭) સાત હાથ ઉંચો હોય તે "મંદ" નામનો હાથી કહેવાય, તથા (૮) આઠ હાથ ઉંચો હોય તે "મૃગ" નામનો હાથી કહેવાય, તથા (૯) નવ હાથ ઉંચો હોય તે "ભદ્રજાતિ" હાથી કહેવાય, એ ભદ્રજાતિનો હાથી સર્વ હાથીઓની જાતિમાં ઉત્તમ જાતિનો હાથી કહેવાય. ૨૯

## उपजाति.

अष्टोत्तरंहस्तशतंपृथुत्वेनृपगृहंचोत्तममेवतस्मात् ॥
अष्टाभिरष्टाभिरतोविहीनान्पंचैवभागाधिकतोपिदैर्घ्ये ॥३०॥

**અર્થઃ**—રાજાનું ઘર એક સો ને આઠ હાથ (૧૦૮) પહોળું હોય તો તે ઉત્તમ ઘર કહેવાય પણ એ ઉત્તમ ઘર કરતાં કનિષ્ઠ પંક્તિનું ઘર કરવું હોય તો એ ઉત્તમ ઘર કરતાં દરેક કનિષ્ઠ ઘર આઠ આઠ હાથ ઘટાડવું; પણ ઘટાડવાની રીત એવી છે કે, ઘરનો જેટલો વ્યાસ હોય તે વ્યાસથી ઘરની લંબાઈ સવાગણી વધારે રાખવી. જેમકે—જે ઘર (૧૦૮) એકસો ને આઠ હાથ પહોળું હોય તે ઘર (૧૩૫) એકસો ને પાંત્રીશ હાથ લાંબું કરવું; સો (૧૦૦) હાથ પહોળું હોય તે (૧૨૫) સવાસો હાથ લાંબું કરવું; (૯૨) બાણું હાથનો વ્યાસ હોય તે ઘર (૧૧૫) એકસો ને પંદર હાથ લાંબું કરવું; (૮૪) ચોરાશી હાથનો વ્યાસ જે ઘરનો હોય તે (૧૦૫) એકસો ને પાંચ હાથ લાંબું કરવું, અને જે ઘરનો વ્યાસ (૭૬) છોતેર હાથ હોય તે (૯૫) પંચાણું હાથ લાંબું ઘર કરવું, એ રીતે રાજાઓનાં ઘરો પાંચ પ્રકારનાં કહ્યાં છે. ૩૦

## उपजाति.

अशीतितोरागकरैश्चहीनाःपंचालयाभूपसुतप्रियाणां ॥
त्रिभागदैर्घ्योधिकताविधेयागृहाःक्रमेणैवयथोदिताश्च ॥ ३१ ॥

**અર્થઃ**—રાજાના કુમારનું અને રાજાની પટરાણીનું ઘર (૮૦) એંશી હાથના વ્યાસવાળું કરવું તે ઉત્તમ પ્રકારનું ઘર છે; પણ તે પ્રકારથી કનિષ્ઠ પ્રકારનું કરવું હોય તો ઉત્તમ ઘર કરતાં દરેક કનિષ્ઠ ઘરમાં (૬) છ છ હાથ ઘટાડવું પણ, ઘરની પોહોળાઇનો ત્રીજો ભાગ ઘરની લંબાઈમાં વધારી લંબાઈનો વધારો કરવો તે એવી રીતે કેઃ—

"Aho Shrutgyanam"

જે ઘર ( ૮૦ ) એંશી હાથ પહોળું હોય તે ( ૧૦૬ાા-૪ ) એક સો સાડા છ હાથ ને ચાર આંગુળ લાંબું ઘર કરવું; તથા જે ( ૭૪ ) ચમ્મોતર હાથ પહોળું હોય તે ( ૯૮ાા-૪ ) સાડીઅઠ્ઠાણું હાથ ને ચાર આંગુળ લાંબું કરવું; જે (૬૮) અડસઠ હાથ પહોળું હોય તે ઘર (૯૦ાા-૪) સાડીનેવુ હાથ ને ચાર આંગુળ લાંબું કરવું; જે (૬૨) બાસઠ હાથ પહોળું હોય તે ઘર (૮૨ાા-૪) સાડીબ્યાશી હાથ ને ચાર આંગુળ લાંબુ કરવું અને જે ઘર (૫૬) છપ્પન હાથ પહોળું હોય તે ઘર (૭૪ાા-૪) સાડીચમ્મોતેર હાથ ને ચાર આંગુળ લાંબું કરવું, એ રીતે રાજપુત્ર અને રાજપટરાણીનાં ઘરો અનુક્રમે પાંચ પ્રકારનાં કહ્યાં છે. ૩૧

**प्रोक्तंचतुःषष्टिकरंपृथुत्वेक्रमेणषडभिश्चकरैर्विहीनं ॥**
**षड्भागतोदैर्घ्यमतोधिकंस्याद्बलाधिपस्यैवचपंचवृद्ध्यै ॥३२॥**

**અર્થઃ**—રાજા, કુમાર અને રાણીનાં ઘરો જેમ પાંચ પ્રકારનાં કહ્યાં છે તેમ સેનાપતિનાં ઘરો પણ પાંચ પ્રકારનાં કહ્યાં છે તે એવી રીતે કેઃ—

જે ઘર (૬૪) ચોસઠ હાથ પહોળું હોય તો તેનો છઠ્ઠોભાગ લંબાઈમાં ઉમેરી (૭૪ાા-૪) સાડીચમ્મોતેર હાથ ને ચાર આંગુળ ઘરની લંબાઈ કરવી. જે ઘર (૫૮) અઠ્ઠાવન હાથના વ્યાસવાળું હોય તે વ્યાસમાંથી ( ૬ ) છઠ્ઠો ભાગ લંબાઇમાં ઉમેરી (૬૭ાા-૪) સાડીસડસઠ હાથ ને ચાર આંગુળ લાંબું ઘર કરવું; તથા જે ઘર (૫૨) બાવન હાથ પહોળું હોય તેનો છઠ્ઠો ભાગ લંબાઈમાં વધારી (૬૦ાા-૪) સાડીસાઠ હાથ ને ચાર આંગુળ લાંબુ ઘર કરવું જે ઘર (૪૬) છેંતાળીસ હાથ પહોળું હોય તો તેનો છઠ્ઠો ભાગ લંબાઇમાં ઉમેરતાં (૫૩ાા-૪) સાડીત્રેપન હાથ ને ચાર આંગુળ લાંબું ઘર કરવું અને જે ઘરનો વ્યાસ ( ૪૦ ) ચાળીસ હાથ હોય તેનો છઠ્ઠો ભાગ (૬ાા-૪) સાડાછ હાથ ને ચાર આંગુળ થાય તેટલો વ્યાસમાં ઉમેરી (૪૬ાા-૪) સાડીછેતાળીસ હાથ ને ચાર આંગુળ લાંબું ઘર કરવું; એવા અનુક્રમે પાંચ પ્રકાર છે તે દરેક પ્રકારમાં છ છ હાથ ઘટાડી લંબાઈમાં વધારવા. ૩૨

## शालिनी.

**षष्ट्याहस्तैर्मंत्रिगेहंपृथुत्वेहीनंहीनंपंचकंवेदवेदैः**
**कुर्याद्धस्तैरष्टमांशोधिकोसौव्यासादग्रेवर्द्धितोदैर्घ्यएव ॥३३॥**

**અર્થઃ**—મંત્રિ અથવા પ્રધાનનાં ઘરો પણ પાંચ પ્રકારનાં છે. તે દરેક પ્રકારમાં ચાર ચાર (૪) હાથો ઘટાડી ( વ્યાસમાંથી ચાર હાથ ઘટાડવું )

"Aho Shrutgyanam"

બાકી રહે તેટલા વ્યાસમાંથી આઠમો ભાગ લંબાઇમાં ઉમેરી ઘર લાંબું કરવું તે એવી રીતે કે—

જે ઘર (૬૦) સાઠ હાથ પહોળું કરવા ચિંતવ્યું હોય તે સાડીસડસઠ (૬૭॥) હાથ લાંબું કરવું; તથા જે ઘર (૫૬) છપ્પન હાથ પહોળું કરવા ચિંતવ્યું હોય તે (૬૩) ત્રેસઠ હાથ લાંબું કરવું; જે ઘર (૫૨) બાવન હાથ પહોળું કરવાનું ચિંતવ્યું હોય તેનો આઠમો ભાગ (૬॥) સાઠાછ હાથ ઉમેરી (૫૮॥) સાડીઅઠ્ઠાવન હાથ લાંબું ઘર કરવું; તથા જે ઘર (૪૮) અડતાળીસ હાથ પહોળું કરવું ચિંતવ્યું હોય તો તે પહોળાઇમાંથી આઠમો ભાગ (૬) છ હાથ લંબાઇમાં વધારી (૫૪) ચોપન હાથ લાંબું ઘર કરવું અને જે ઘર(૪૪) ચુમ્માળીસ હાથ પહોળું કરવાનું ચિંતવ્યું હોય તો તેનો આઠમો ભાગ (૫॥) સાડાપાંચ હાથ લંબાઇમાં વધારી (૪૯॥) સાડી ઓગણપચાસ હાથ લાંબું ઘર કરવું કહ્યું છે. એ રીતે મંત્રિના ઘરના પાંચ પ્રકાર કહ્યા છે. ૩૩

**शार्दूलविक्रीडित.**

**सामंतादिकभूपतेश्चभवनंविंद्धाब्धिहस्तैःसमं**
**हस्तैर्वेदविहीनकैःक्रमतयाभागाधिकंदैर्घ्यतः ॥**
**दैवज्ञस्यसभासदस्यगुरुतःपौरोधसंभैषजं**
**विंशत्यष्टकरंद्विहस्तरहितंदैर्घ्येद्विधातद्भवेत् ॥ ३४ ॥**

**અર્થ**:—સામંતાદિક રાજાઓનાં ઘરો ( પ્રથમ બતાવેલા સામંત રાજાનાં ઘરો ) ચાળીસ હાથ (૪૦) વિસ્તારવાળાં કરવાં તથા તેજ પ્રમાણે **'દૈવજ્ઞ'** અથવા જ્યોષી, તથા સભાસદોનાં (ન્યાયાધિશોનાં) તથા રાજગુરુનું, તથા પુરોહિતનું અને વૈદ્યનું, એ રીતે સામંત રાજા સહિતનાં ચાળીસ ચાળીસ હાથ વ્યાસવાળાં ઘરો કરવાં. તે ઘરો જ્યેષ્ઠ માનનાં છે એમ સમજવું પણ તેવાં ઘરોના પાંચ પ્રકાર છે તે દરેક પ્રકારમાં ચાર ચાર હાથ ઘટાડવાનું કહ્યું છે તે એવી રીતે કે—

ઘરના વ્યાસમાંથી ઘરની લંબાઇમાં છઠ્ઠો અંશ ઉમેરી લંબાઇનો વધારો કરવો. જેમકે, જે ઘર (૪૦) ચાળીસ હાથ પહોળું હોય તેનો ષષ્ઠાંશ (૬–૧૬) છ ગજ ને સોળ આંગુળ થાય, તે ચાળીસમાં અંબોરતાં (૪૬–૧૬) છેંતાળીસ ગજ ને સોળ આંગુળ થાય માટે ચાળીસ હાથના વ્યાસવાળા ઘરને છેંતાળીસ હાથ ને સોળ તસુ લાંબું રાખવું; ૧. જે ઘરનો વ્યાસ (૩૬) છત્રીસ હાથનો હોય તેનો ષષ્ઠાંશ (૬) છ ગજ થાય તે છત્રીસમાં અંબોરતાં (૪૨) બેતાળીસ ગજ થાય માટે તે ઘર તેટલું લાંબું કરવું; ૨. જે ઘરનો વ્યાસ

"Aho Shrutgyanam"

(૩૨) બત્રીસ હાથ હોય તેનો ષષ્ઠાંશ (૫–૮) પાંચ ગજ ને આઠ તસુ થાય તે બત્રીસમાં મેળવી (૩૭–૮) સાડત્રીસ હાથ ને આઠ આંગુળ લાંબું ઘર કરવું. ૩. જે ઘર (૨૮) અઠ્ઠયાવીસ હાથ પહોળું હોય તેનો ષષ્ઠાંશ (૪–૧૬) ચાર ગજ ને સોળ આંગુળ થાય તે અઠયાવીસમાં ઉમેરતાં (૩૨–૧૬) બત્રીસ હાથ ને સોળ આંગુળ થાય માટે તેટલું લાંબું ઘર કરવું. ૪. જો ઘરનો વ્યાસ (૨૪) ચોવીસ ગજ હોય તેનો ષષ્ઠાંશ (૪) ચાર ગજ થાય તે ચોવીસમાં ઉમેરી અઠ્ઠયાવીસ ગજ લાબું ઘર કરવું. ૫. એ રીતે પાંચ પ્રકારનાં ઘરો કહ્યાં છે. તે ઘરો મુખ્ય રાજાના તાબાના સામંત રાજાઓના તથા મુખ્ય રાજાના જ્યોષી વગેરે ઉપર બતાવેલાઓનાં ઘરો કરવાં કહ્યાં છે. ૩૪ વળી–

वेश्याकंचुकिशिल्पिनामपिगृहेवेदाधिकाविंशतिः
मानंहस्तचतुष्टयैर्विरहितंदैर्घ्येद्विधाव्यासतः ॥
हर्म्यंद्यूतकरांत्यजस्यरवितोहस्तैःसमंविस्तरे
हीनंत्वर्द्धकरेणपंचकमिदंतुर्यांशदैर्घ्याधिकं ॥ ३५ ॥

**અર્થ**ઃ—વેશ્યા, કંચુકી અને શિલ્પિ, એઓનાં ઘરો અઠયાવીસ હાથ (૨૮) વ્યાસવાળાં કરવાં અને તે પણ અનુક્રમે બે બે હાથ ઓછાં કરવાં; એટલુંજ નહિ પણ તેનાએ પાંચ પ્રકારો કહ્યાછે ને તે દરેક પ્રકારમાં વ્યાસમાંથી ષષ્ઠાંશ $\frac{1}{6}$ અને અષ્ટમાંશ $\frac{1}{8}$ એ બે ભાગો પ્રથમ બતાવ્યા પ્રમાણે લંબાઇમાં ઉમેરી ઘર લાંબું કરવું. તે એવી રીતે કે—

જે ઘરનો (૨૮) અઠયાવિસ હાથ વ્યાસ હોય તો તેનો ષષ્ઠાંશ [૪–૧૬] ચાર ગજ ને સોળ આંગુળ થાય; તે વ્યાસમાંથી કહાડી લંબાઈમાં ઉમેરતાં [૩૨–૧૬] બત્રીસ હાથ ને સોળ આંગુળ થાય માટે તેટલું લાંબું ઘર કરવું; અથવા અષ્ટમાંશ કહાડતાં (૩–૧૨) ત્રણ ગજ ને બાર આંગુળ થાય તે વ્યાસમાં ઉમેરી (૩૧–૧૨) સાડીએકત્રીસ ગજ લાંબું ઘર કરવું. ૧. જે ઘરનો વ્યાસ (૨૬) છવ્વીસ હાથ છે તેનો ષષ્ઠાંશ (૪–૮) ચાર હાથ ને આઠ આંગુળ થાય તે લંબાઇમાં ઉમેરી (૩૦–૮) ત્રીસ હાથ ને આઠ આંગુળ ઘર લાંબું કરવું; અથવા અષ્ટમાંશ કાઢતાં (૩–૬) ત્રણ ગજ ને છ આંગુળ થાય તે લંબાઇમાં ઉમેરી (૨૯–૬) સવા ઓગણત્રીસ લાંબું ઘર કરવું. ૨. તથા જે ઘ-

ટીપઃ–(૩૪) ચોત્રીસમા શ્લોકમાં જોતાં સાધારણ રીતે એમ સમજાશે કે, દૈવજ્ઞ (જ્યોષી), તથા સભાસદ, તથા રાજગુરુ, તથા પુરોહિત અને રાજવૈદ્યાદિનાં (૨૮) અઠયાવીસ હાથના વિસ્તારવાળાં ઘરો જોઇએ, પણ સૂક્ષ્મ રીતે વિચાર કરતાં અને વાસ્તુ-

"Aho Shrutgyanam"

રનો વ્યાસ (૨૪) ચોવીસ ગજ હોય તેનો ષષ્ઠાંશ (૪) ચાર ગજ થાય તે લંબાઇમાં ઉમેરી (૨૮) અઠ્યાવીસ ગજ લાંબું ઘર કરવું, અથવા વ્યાસમાંથી અષ્ટમાંશ કાઢતાં (૩) ગજ થાય તે ચોવીસમાં ઉમેરી (૨૭) સત્યાવીશ ગજ લાંબું ઘર કરવું, ૩. જે ઘર (૨૨) બાવીસ હાથ પહોળું હોય તેનો ષષ્ઠાંશ (૩–૧૬) ત્રણ ગજ ને સોળ આંગુળ થાય તે ઘરના વ્યાસમાં ઉમેરતાં (૨૫–૧૬) પચીસ ગજ ને સોળ આંગુળ થાય માટે ઘરની તેટલી લંબાઈ કરવી, અથવા તે ઘરના વ્યાસનો અષ્ટમાંશ (૨–૧૮) બે ગજ અઢાર આંગુળ થાય તે બાવીસ ગજ વ્યાસમાં ઉમેરી (૨૪–૧૮) ચોવીસ ગજ ને અઢાર આંગુળ અર્થાત્ પોણીપચીસ ગજ લાંબું ઘર કરવું, ૪. અને જે ઘરનો વ્યાસ (૨૦) વીશ ગજ હોય તેનો ષષ્ઠાંશ [૩–૮] ત્રણ ગજ ને આઠ આંગુળ થાય તે લંબાઈમાં મેળવી ત્રેવીસ ગજને આઠ આંગુળ ઘરની લંબાઈ કરવી, અથવા વ્યાસમાંથી અષ્ટમાંશ [૨–૧૨] બે ગજ ને બાર આંગુળ અર્થાત્ અઢી ગજ વ્યાસમાંથી કમી કરી લંબાઇમાં ઉમેરી (૨૨–૧૨) બાવીસ ગજ ને બાર આંગુળ (સાડી બાવીસ ગજ) ઘરની લંબાઇ કરવી. ૫. એ રીતે પાંચ પ્રકાર છે અને બીજી રીતે અથવા બીજા મતે જે ચોવીસ [૨૪] હાથ વ્યાસવાળું ઘર હોય તે જ્યેષ્ઠ માનનું કહ્યું છે તેના પણ પાંચ પ્રકાર છે અને તે દરેક પ્રકારમાં ચાર ચાર [૪] હાથ ઘટાડવા તેમજ પ્રથમની રીતે લંબાઈમાં વધારો કરવાના બે પ્રકાર કહ્યા છે જેમકે—

જે ઘરનો વ્યાસ [૨૪] ચોવીસ હાથ હોય તે અઠ્યાવીસ [૨૮] અથવા (૨૭) સત્યાવીસ હાથ લાંબું કરવું; ૧. જે ઘરનો વ્યાસ (૨૦) વીસ હાથ હોય તેનો ષષ્ઠાંશ (૩–૮) ત્રણ ગજ ને આઠ આંગુળ થાય તે વીસમાં ઉમેરી (૨૩–૮) ત્રેવીસ હાથ ને આઠ આંગુળ લાંબું કરવું, અથવા વ્યાસમાંથી અષ્ટમાંશ કમી કરતાં (૨–૧૨) બે ગજ ને બાર આંગુળ થાય તે ઉમેરી સાડીબાવીસ (૨૨ાા) ગજ લાંબું ઘર કરવું; ૨. જે ઘરનો વ્યાસ (૧૬) સોળ ગજ હોય તેનો ષષ્ઠાંશ (૨–૧૬) બે ગજ ને સોળ આંગુળ થાય તે સોળમાં ઉમેરી (૧૮–૧૬) અઢાર ગજ ને સોળ આંગુળ લાંબું ઘર કરવું, અથવા સોળનો અષ્ટમાંશ (૨) બે ગજ થાય તે સોળમાં ઉમેરી (૧૮) અઢાર ગજ લાંબું ઘર કરવું; ૩. જે ઘરનો વ્યાસ (૧૨) બાર ગજ હોય તેના ષષ્ઠાંશ (૨)બે ગજ થાય તે બારમાં

---

સ્નાવલી પ્રમુખ ગ્રંથોનો આધાર જોતાં તેમનાં પણ ચાળીસ હાથના વિસ્તારવાળાં ઘરો જોઇએ તોપણ એજ દેવતાદિના ઘરોની કેટલી લંબાઇ જોઇએ ? એ બાબતનો ખુલાસો નહિ કરતાં મોક્ષમ રાજવલ્લભમાં લખે છે કે, " ભાગાધિક " ( અધિક ભાગ ) એટલે તેમાં

"Aho Shrutgyanam"

ઉમેરી (૧૪) ચૌદ ગજ ઘરની લંબાઈ કરવી, અથવા બારમાંથી અષ્ટમાંશ કમી કરતાં (૧-૧૨) એક ગજ બાર આંગુળ ( દોઢ ગજ ) થાય તે બારમાં ઉમેરી (૧૩-૧૨) તેર ગજ ને બાર આંગુળ ( સાડાતેર ગજ ) લાંબું ઘર કરવું, ૪. અને જે ઘરનો વ્યાસ (૮) આઠ ગજ હોય તેનો ષષ્ટાંશ (૧-૮) એક ગજ ને

---

શું સમજવું ? કાંઇ સમજાય નહિ પણ વાસ્તુરત્નાવળીમાં ખુલાસો આપ્યો છે કે, ઘરના વ્યાસનો છઠ્ઠો ભાગ લંબાઇમાં વધારી ઘર કરવું.

વળી પાંત્રીશમા (૩૫) શ્લોકમાં " વેશ્યા કંચુકી અને શિલ્પિ" એમના ઘરના વિસ્તાર માટે સાધારણ રીતે જોતાં (૨૪) ચોવીસ હાથના વિસ્તારવાળાં ઘર કરવાનું જણાય છે, પણ સૂક્ષ્મ રીતે જોતાં તથા વાસ્તુરત્નાવળીના મત પ્રમાણે તો તેમના ઘરોની પહોળાઇ (૨૮) અઠ્ઠયાવીસ હાથની જોઇએ. એ રીતે વાસ્તુરત્નાવળીમાં આપેલાં બન્ને પ્રમાણો સાચાં છે પરંતુ રાજવલ્લભમાં માત્ર એટલુંજ વિશેષ છે કે, જ્યેષ્ઠમાનનું ઘર (૨૮) અઠ્ઠયાવીસ હાથના વિસ્તારવાળું કહ્યું છે તે દરેક પ્રકારમાં લંબાઇનો એક એક પ્રકાર છે જેમકે—

વ્યાસનો છઠ્ઠો ભાગ લંબાઈમાં ઉમેરી લંબાઇ કરવાનું કહ્યું છે, તથા જે ઘર (૨૪) ચોવીસ હાથ વિસ્તારવાળું જ્યેષ્ઠ માનનું કહ્યું છે તેવા ઘરોના દરેક પ્રકારમાં બે બે પ્રકાર બતાવ્યા છે; તે પ્રકારો (૩૨) તથા (૩૩) શ્લોકો ઉપરથી સમજવાનું છે (બત્રીશમામાં વ્યાસનો છઠ્ઠો ભાગ લંબાઇમાં અને તેત્રીસમા વિષે વ્યાસનો આઠમો ભાગ લંબાઇમાં ઉમેરી ઘર લાંબુ કરવું કહ્યું છે ) એટલુંજ વિશેષપણું રાજવલ્લભમાં બતાવ્યું છે, પણ અમારા જોવામાં શિલ્પના બીજા ગ્રંથો આવ્યા છે તેટલાઓમાં તેમ કહ્યું હોય એમ જણાતું નથી પણ શિલ્પ સમુદ્ર છે એટલે હરેક ગ્રંથના આધારેજ આ મંડન પંડિતે કહ્યું હશે; કેમકે રાજવલ્લભનો કર્ત્તા સાધારણ પંડિત નહતો પણ જબરદસ્ત હતો એમ તેના કરેલા બીજા ગ્રંથો ઉપરથી માલમ પડે છે.

## आर्यागीति

चत्वारिंशद्धीनांश्चतुश्चतुर्भिस्तुपंचयावदिति ।
षड्भागयुतंदैर्घ्यंदैवज्ञभिषक्पुरोहितानांच ॥
नृपयुवराजविशेषःकंचुकीवेश्याकलाज्ञानाम् ।

**અર્થ**:—દૈવજ્ઞ, વૈદ્ય અને પુરોહિતનાં ઘરો જ્યેષ્ઠમાને (૪૦) ચાળીસ હાથ વિસ્તારવાળાં કરવાં તેના પાંચ પ્રકાર બતાવ્યા છે, તે દરેક પ્રકારમાં ચાર ચાર હાથ ઘટાડવાં અને લંબાઇમાં વિસ્તારનો છઠ્ઠો ભાગ ઉમેરવો, તથા કંચુકિ, વેશ્યા અને શિલ્પિનાં ઘરોમાં રાજાનાં ઘરોને અને યુવરાજનાં ઘરોને જેટલો અંતર છે તેટલું પ્રમાણ જાણવું, તે અંતરનો ખુલાસો એવી રીતે થાય છે કે—

"Aho Shrutgyanam"

આઠ આંગુળ થાય તે આઠમાં ઉમેરી (૯-૮) નવ હાથ ને આઠ આંગુળ ઘરની લંબાઇ કરવી, અથવા આઠનો અષ્ટમાંશ (૧) એક ગજ થાય તે આઠમાં ઉમેરી (૯) નવ હાથ લાંબુ ઘર કરવું, (૫) એ રીતે પાંચ પ્રકારો કહ્યા છે.૩૫

## उपजाति.

द्वात्रिंशतामानमिदंद्विजादेर्हीनंचतुर्भिःक्रमतोविधेयं ॥
दिगष्टरागाब्धिविभागतश्चक्रमेणतद्वर्णचतुष्टयेपि ॥ ३६ ॥

**અર્થ:**—બ્રાહ્મણનું ઘર (૩૨) બત્રીસ હાથ પહોળું હોય તો તેનો દશાંશ $\frac{32}{10}$ ભાગ લંબાઇમાં ઉમેરી ( ૩૫-૪ા-૨ ) પાંત્રીસ હાથ સાડાચાર આંગુળો અને બે જવ પ્રમાણે ઘરની લંબાઇ કરવી; ક્ષત્રીનું ઘર અઠ્ઠાવીસ (૨૮) હાથ પહોળું હોય તો તેનો અષ્ટમાંશ $\frac{28}{8}$ લંબાઇમાં ઉમેરી (૩૧ા) સાડીએકત્રીશ હાથ લાંબુ ઘર કરવું; વૈશ્યનું ઘર (૨૪) ચોવીસ હાથ પહોળું હોય તો તેનો ષષ્ઠાંશ $\frac{24}{6}$ લંબાઇમાં ઉમેરી (૨૮) અઠ્ઠાવીસ હાથ લાંબુ ઘર કરવું; અને શૂદ્રનું ઘર (૨૦) વીસ હાથ પહોળું હોય તો તેનો ચતુર્થાંશ $\frac{20}{4}$ લંબાઇમાં ઉમેરી (૨૫) પચીસ હાથ લાંબુ ઘર કરવું. એ રીતે ચાર વર્ણો માટેનાં ઘરો કરવાની રીતિ છે. ૩૬

## इंद्रवज्रा.

कर्णाधिकंविस्तरतोधिकंचशीघ्रंविनाशंसमुपैतिगेहं ॥
द्वारंनतमुर्ध्नियदाग्रतश्चेतत्संततेर्हानिकरंप्रदिष्टं ॥ ३७ ॥

**અર્થ:**—જે ઘર કરણમાં માન કરતાં અથવા પ્રમાણ કરતાં વધારે લાંબુ હોય અથવા વ્યાસમાં પ્રમાણ કરતાં વધારે વિસ્તારમાં હોય તો તે ઘરનો સત્વર નાશ થાય, તથા જે ઘરના દ્વારના ઉપરનો ભાગ નમેલો હોય અથવા મોવાળનો ભાગ નમેલો હોય ( માઢું અથવા પછાડું થયો હોય તો ) એવું ઘર પુત્ર પૌત્રાદિકનો નાશ કરે. ૩૭

---

રાજાનું ઘર ( ૧૦૮ ) એકસો ને આઠ હાથના વિસ્તારવાળું જ્યેષ્ઠમાનનું છે અને યુવરાજનું (૮૦) એંશી હાથના વિસ્તારવાળું જ્યેષ્ઠમાનનું કહ્યું છે, એ બન્ને ઘરોને (૨૮) અઠ્ઠયાવીસ હાથનું અંતર છે તેટલા અંતર જેટલી પહોળાઇવાળાં કંચુકી, વેશ્યા અને શિલ્પિનાં ઘરો જાણવાં અને તે પહોળાઇનો છઠ્ઠો ભાગ લંબાઇમાં ઉમેરી ઘરની લંબાઇ કરવી એમ સ્પષ્ટ જણાય છે માટે તેમ કરવું.

"Aho Shrutgyanam"

व्यासेसप्ततिहस्तवियुक्तेशालामानमिदंमनुभक्ते ॥
पंचत्रिंशत्पुनरपितस्मिन्मानमुशंतिलघोरितिवृद्धाः ॥३८॥

**અર્થઃ**—ઘરનો વ્યાસ જેટલા હાથ હોય તેટલામાં ( ૭૦ ) શીત્તેર હાથ ઉમેરી ( ૧૪ ) ચૌદે ભાગતાં લબ્ધાંક જે આવે તેટલા હાથની શાળા જાણવી, અને તે શાળા જેટલા ગજની આવી હોય તેટલા ગજમાં ( ૩૫ ) પાંત્રીસ ઉમેરી ગણતાં જેટલો અંક થાય તે અંકને (૧૪) ચૌદે ભાગતાં જે લબ્ધાંક આવે તેટલા માનનો અલિંદ જાણવો. ૩૮

## शालिनी.

एकंद्वारंप्राङ्मुखंशोभनंस्याच्चातुर्वक्त्रंधातृभूतेशजैने ॥
युग्मंप्राच्यांपश्चिमेथत्रिकेषुमूलद्वारंदक्षिणेवर्जनीयं ॥३९॥

**અર્થઃ**—જે ઘરને એક દ્વાર કરવું હોય તે ઘરને પૂર્વ દિશાએ દ્વાર કરવું, પણ બ્રાહ્મણ, મહાદેવ અને જૈનના પ્રાસાદને ચારે દિશાએ ચાર દ્વાર કરવાં, તથા જે ઘરને બે દ્વાર કરવાં હોય તે ઘરને પૂર્વ અને પશ્ચિમ એ બે દિશાઓમાં બે દ્વારો કરવાં; અને જે ઘરને ત્રણ દ્વાર કરવાં હોય તે ઘરનું મૂળ દ્વાર અથવા મુખ્ય બારણું દક્ષિણ દિશાએ કરવું નહિ. ૩૯

इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते नवमोऽध्यायः ॥ ९ ॥



"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय १० मो.

### शालिनी.

छायाचाणूरेणुकेशाग्रलिक्षायूकाःप्रोक्ताःस्याद्यवस्त्वंगुलश्च ॥
छायादिभ्योष्टघ्नमानस्यवृद्धिःप्रोक्तोहस्तोजैनसंख्यांगुलैश्च ॥१॥

**અર્થ:**—છાયાદિકના અનુક્રમે આઠ આઠ ગુણા કરવાથી માપ થાય છે તે એવી રીતે કે,—

૧ **છાયા**ની આઠ ગુણાઇ કરવે એક **અણુ** થાય, ૨ તથા તેવા આઠ અણુની એક **રેણુ** થાય, ૩ તથા તેવી આઠ રેણુનું એક **કેશાગ્ર** થાય, ૪ તથા તેવા આઠ કેશાગ્રની એક **લિક્ષા** અથવા એક **લીખ** થાય, ૫ તથા તેવી આઠ લિક્ષાની એક **યૂકા** અથવા એક જૂ થાય; ૬ તથા તેવી આઠ યૂકાનો એક **યવ** અથવા એક **જવ** થાય, ૭ તથા તેવા આઠ યવનો એક **આંગુળ** થાય. ૮ અને તેવા (૨૪) ચોવીસ આંગુળોનો એક **હાથ** થાય છે. ૧

### इंद्रवज्रा.

व्यासेनदैर्घ्येगुणितेयदैक्यंतत्कोणक्षेत्रस्यफलंप्रादिष्टं ॥
पिंडेतदैक्यंपुनरेवताडचंखातस्यभित्तेश्चयनादिसिद्धिः ॥ २ ॥

**અર્થ:**—જે ભૂમિનો વ્યાસ અને લંબાઇ, એ બે સરખાં હોય એવી ચતુરસ્ર ભૂમિના વ્યાસ સાથે લંબાઇનો ગુણાકાર કરતાં જે આવે તે ભૂમિનું ક્ષેત્રફળ સમજવું અને તે ક્ષેત્રફળને તે ભૂમિના ખાત અથવા ખોદાણની ઉંચાઈ સાથે ગુણતાં જે આવે તે ચતુરસ્ર લંબાઈ તથા વ્યાસ અને ઉંડાઇનું એ સમગ્રનું ઘન ક્ષેત્રફળ સમજવું, એ ક્ષેત્રફળનું નામ ખાતસિદ્ધિ થાય છે, અને તેજ રીતે

---

૧ છાયા એટલે ઘરના છાપરાના છિદ્રમાંથી સૂર્યનાં કિરણો ગોળ લાકડી જેવાં છાયામાં દેખાય છે તે કિરણોમાં ઉડતાં ઘણાંજ બારિક રજકણો દેખાય છે તે રજકણોના આઠમા અંશે નાની હોય એવી જે છાયા છે તે છાયાથી આઠગણાં મોટાં અણું હોય.

૨ અણું એટલે સૂર્યના કિરણમાં ઉડતાં રજકણો. ૩ રેણુ એટલે બારીક પદાર્થ હાથમાં લઈ શકાય એવું પદાર્થ. ૪ કેશાગ્ર એટલે વાળની અણી.

"Aho Shrutgyanam"

ભિંતના ચણતર માટેનું ગણિત કરવે ચણતરની[૫] સિદ્ધિ થશે અર્થાત્ ઇંટની ઉંચાઇ અથવા જાડાઈ તથા પહોળાઈ અને લંબાઇ ગણવેથી ચણતરમાં ગએલી ઇંટો અથવા ચણવાનું હોય તે કામની ઇંટોની સંખ્યા આવશે. ૨

## उपजाति.

**करेकराघ्रेचकरप्रमाणंकरांगुलेनांगुलमेवसंख्या ॥**
**स्यादंगुलैरंगुलताडितैश्चलब्धंफलंजैनविभाजितेतत् ॥ ३ ॥**

**અર્થ:**—ભૂમિના વ્યાસ સાથે લંબાઈના હાથનો ગુણાકાર કરી ક્ષેત્રફલ લાવીએ તે " હસ્તાત્મક " ક્ષેત્રફળ કહેવાય, તથા ભૂમિના વ્યાસના હાથો અને તે હાથો ઉપર આંગુળો સાથે ભૂમિની લંબાઈના હાથો અને તે હાથો ઉપરના આંગુળોને પરસ્પર ગુણાકાર કરતાં જે ક્ષેત્રફળ આવે તેનું નામ "હસ્તાંગુલાત્મક" ક્ષેત્રફળ કહેવાય, તથા ભૂમિના વ્યાસના આંગુળો કરી તેમજ ભૂમિની લંબાઇના આંગુળો કરી એક બીજા સાથે ગુણતાં જે આવે તે "આંગુલાત્મક" ક્ષેત્રફળ કહેવાય, અને એ આંગુલાત્મક ક્ષેત્રફળને ચોવીશે ભાગતાં જે આવે તે "આંગુલહસ્તાત્મક" ક્ષેત્રફલ કહેવાય. ૩

## मंदाक्रांता.

**वृत्तव्यासात्रिगुणपरिधिर्व्यासषड्भागयुक्तो**
**विस्तारार्द्धपरिधिदलमन्योन्यनिघ्नेयदैक्यं ॥**
**पिंडेनैवंपुनरपिततस्ताडयेत्खातसिद्ध्यै**
**चित्यादेर्वास्फुटफलमितिक्षेत्रवृत्तस्वरूपं ॥ ४ ॥**

---

૫. ચણતર ખાત અને ક્ષેત્રફળની સિદ્ધિ માટે આ શ્લોકમાં જે રીતિ બતાવી છે તેજ રીતે લીલાવતી વિષે ખાતવ્યવહાર અને ક્ષેત્રવ્યવહારમાં છે તથા ગણિતપચિશી નામના પુસ્તકમાં પણ તેજ રીતે છે. જુઓ—

**દાખલો.**

૫ લંબાઇ હાથ પાંચ તથા ૪ ચાર હાથ પહોળાઈ અને ૩ ત્રણ હાથની ઉંડાઇ હોય તેમાં લંબાઇ અને પહોળાઇનો ગુણાકાર કરતાં ૨૦ વીસ આવે તે ક્ષેત્રફળ થયું; એ ક્ષેત્રફળને ત્રણની ઉંડાઇ સાથે ગુણતાં જે આવે તે ઘનફળ થાય. ૬૦

$\frac{\overset{5}{4}}{20}$ ક્ષેત્રફળ. $\frac{\overset{20}{3}}{60}$ ઘન ક્ષેત્રફળ. જવાબ ૬૦ ખાતની સિદ્ધિ.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—વૃત્તના વ્યાસને (ગોળની પહોળાઇને) ત્રણગુણો કરી તે પછી તેમાં વૃતના વ્યાસનો ષષ્ટાંશ અંબોરીએ તો તેથી ભૂમિ અથવા ક્ષેત્રની પરિધિ અથવા પરિધનું માન આવે (ક્ષેત્રની આખી ગોળાઈનું માન આવે) અને વૃત્તના વિસ્તારનું અર્ધ, અને પરિધનું અર્ધ, એ બન્ને અર્ધને એક બીજા સાથે ગુણતાં જે અંક આવે તે અંકને પિંડ કહેવો અને તે પિંડને ખાતની ઉંડાઈ સાથે ગુણતાં *લબ્ધાંક જે આવે તે અંક ખાતના ક્ષેત્રફલની સિદ્ધિ જાણવી અને તેજ રીતે ચણતર માટે ગણવેથી ચણતરની સિદ્ધિ આવે એમ જાણવું એ પ્રમાણે વૃત્તના ક્ષેત્રફલનું રુપ જાણવું. ૪

* લબ્ધાંક એટલે મૂળ રકમને જેટલે ગુણવી હોય તે અને સરવાળાની એ ત્રણે રકમમાં મધ્યની રકમ લબ્ધાંક છે એમ સમજવું. જેમકે—

૫–૩–૧૫ પાંચ તરી પંદરઃ આમાં પાંચ અને પંદર એ બેના વચે ત્રણ છે તે લબ્ધાંક સમજવો. હવે વ્યાસ ઉપરથી પરિધ કહાડવાની રીત એવી છે કે—

૧ વ્યાસ ઉપરથી પરિધ કાઢવો હોય તો વ્યાસને ત્રણગુણા કરી–તેમાં વ્યાસનો છઠ્ઠો ભાગ, ઉમેરવો એટલે પરિધ આવશે.

જેમકે કોઇ ગોળનો ૪૨ ગજ વ્યાસ હોય તો પરિધ કેટલો થાય ? ઉપરની રીત પ્રમાણે ૪૨ ને ત્રણગુણા કર્યા તો ૧૨૬ થયા તેમાં ૪૨ નો છઠ્ઠો ભાગ એટલે ૭ ઉમેર્યા તો ૧૩૩ ગજ પરિધ આવ્યો.




ટીપ—લીલાવતી ગણિત પ્રમાણે તથા હાલ શાળામાં ચાલતા ગણિતની રીત પ્રમાણે વ્યાસની ત્રણ ગણાઇમાં તે વ્યાસનો સાતમો ભાગ ઉમેરીએ તો પરિધ આવે છે.

જેમ ૪૨ ગજ વ્યાસને ત્રણગણા કર્યા તો ૧૨૬ આવ્યા તેમાં વ્યાસનો સાતમો ભાગ ૬ ઉમેરીએ તો ૧૩૨ ગજ પરિધ આવે એટલે પ્રથમની રીત કરતાં આ રીતમાં ૪૨ ગજ વ્યાસે ૧ એક ગજ પરિધ ઓછો આવ્યો.

૨ પિંડ (ક્ષેત્રફળ) કોઇ વર્તુળનું કાઢવું હોય તો વ્યાસનું અર્ધ કરી તેને પરિધના અર્ધ સાથે ગુણતાં જે અંક આવે તે ક્ષેત્રફળ જાણવું.

જેમકે કોઈ વર્તુળનો વ્યાસ ૪૨ ગજ અને પરિધ ૧૩૩ ગજ હોય તો તેનું ક્ષેત્રફળ (પિંડ) કેટલું ?




રીત. $\frac{૪૨}{૨} \times \frac{૬૬॥}{૨}$ = ૧૩૯૬॥ ચોરસ ગજ પિંડ સમજવો. કેમકે ૪૨ નું અર્ધ ૨૧ ને ૧૩૩ પરિધનું અર્ધ ૬૬॥ એ બેનો ગુણાકાર કરતાં ૧૩૯૬॥ ચોરસ ગજ આવે.

૧૩૯૬॥ ચોરસ ગજ ક્ષેત્રફળને ૨૩૩ પરિધે ભાગ્યા તો ૧૦॥ ગજના ખાતના વિસ્તારની સિદ્ધિ જાણવી.

"Aho Shrutgyanam"

## वसंततिलका.

वृत्तस्ययःपरिधिरंघ्रिविभागकघ्नो
व्यासस्यचैक्यफलमुक्तमिदंहितज्ज्ञैः
दैर्घ्येपृथुत्वगुणितेचयदैक्यमस्मात्
पंचांगुलान्यपहरेत्करतः फलंस्यात् ॥ ५ ॥

**અર્થ**:—વૃત્તની [1] પરિધિને વૃત્તના વિસ્તાર સાથે ગુણતાં જે ગુણાકાર આવે તે ગુણાકારને ચારે ભાગતાં જે ભાગાકાર આવે તે ક્ષેત્રફળ જાણવું,

---

### દાખલા.

( ૧ ) એક ગોળ સ્તંભનો વ્યાસ ૨૮ આંગળ છે તો તેનો પરિધ કેટલો ?

૨૮×૩=૮૪ આંગળ.

૨૮÷૭=$\frac{૪}{૮૮}$ જવાબ ૮૮ પરિધ.

( ૨ ) એક ગોળાકાર મંડપનો વ્યાસ ૩૫ ગજ થયો તો તેનો પરિધ કેટલો ?

૩૫×૩=૧૦૫

૩૫÷૭=$\frac{૫}{૧૧૦}$ જવાબ ૧૧૦ ગજ પરિધ.

( ૩ ) કોઇ વૃત્તનો વ્યાસ ૬૩ ગજ છે તો તેનો પરિધ કેટલો ?

૬૩×૩=૧૮૯

૬૩÷૭=$\frac{૯}{૧૯૮}$ જવાબ ૧૯૮ ગજ પરિધ.

( ૪ ) ધારો કે પૃથ્વીનો વ્યાસ ૭૯૫૯ મૈલ હોય તો તેનો પરિધ કેટલો ?

૮૯૫૯×૩=૨૩૮૭૭

૭૯૫૯÷૭=$\frac{૧૧૩૭}{૨૫૦૧૪}$ જવાબ ૨૫૦૧૪ મૈલ પરિધ.

ઉપરના દાખલાઓ શ્લોક ૪ ની ટીપ પ્રમાણે ગણેલા છે.

( ૫ ) એક વૃત્તનો વ્યાસ ૭ ગજ ને પરિધ ૨૨ ગજ હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું ? ૭÷૨=૩॥. ૨૨÷૨=૧૧. ૧૧×૩॥=૩૮॥ જવાબ ૩૮॥ ચોરસ ગજ ક્ષેત્રફળ.

( ૬ ) ઉપરના દાખલાની ખાતની પહોળાઇ કેટલી જોઇએ ? ૩૮॥ ચોરસ ગજ ક્ષેત્રફળને ૨૨ ગજ પરિધે ભાગ્યા તો ૧॥। ગજ આવ્યા. જવાબ. ૧॥। પોણાબે ગજ પહોળાઈ

( ૭ ) એક ગોળ દેવાલયનો વ્યાસ ૧૪ ગજ ને પરિધ ૪૪ ગજ હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું ? તથા તેના પાયાની પહોળાઇ કેટલી નાખેલી હશે ?

૧૪÷૨=૭ ૪૪÷૨=૨૨

૨૨×૭=૧૫૪ જવાબ ૧૫૪ ચો. ગ. ક્ષેત્રફળ.

૧૫૪÷૪૪=૩॥ ૩॥ ગજ પહોળાઇ.

[1] વળી ક્ષેત્રફળ કાઢવાની રીત એવી છે કે, $\frac{\text{વ્યાસ}\times\text{પરિધ}}{૪}$=ગોળનું ક્ષેત્રફળ આવે.

"Aho Shrutgyanam"

વળિ૨, બીજી એવી રીત છે કે-વૃત્તની જેટલી પહોળાઈ છે તેટલીજ લંબાઇ છે, એ બન્નેને પરસ્પર ગુણતાં આંગુળોનો જેટલો અંક આવે તેટલા અંકને ચોવીશે ભાગતાં આવેલા આંગુળોના ગજ કરવાથી જેટલા ગજ થાય તે દરેક ગજમાંથી પાંચ આંગુળો બાદ કરતાં જે બાકી રહે તેને હસ્તાત્મક ક્ષેત્રફળ સમજવું. ૯

## उपजाति.

**घनीकृतंव्यासदलंनिजैकविंशांशयुग्गोलफलंघनंस्यात् ॥**
**व्यासस्यसप्तांशयुतःसुवृत्तेव्यासस्त्रिरुक्तःपरिवेषकोयं ॥ ६ ॥**

**અર્થ**:—વૃત્તના વ્યાસનો ઘન કરી તે ઘનનું અર્ધ કર્યા પછી એ કરેલા અર્ધનો એકવીશમો ભાગ (૨૧) અથવા એ અર્ધને એકવીશે ભાગતાં જે ભાગાકાર આવે તે ઘનના કરેલા અર્ધ ભાગમાં મેળવતાં જેટલો અંક થાય તે અંક ગોળનું ઘનફળ જાણવું. તેમજ વૃત્ત અથવા ગોળના વ્યાસને ત્રણે ગુણતાં

---

દૃષ્ટાંતઃ—૪૨ ગજ વ્યાસ અને ૧૩૩ ગજ પરિધ હોય એવા ગોળનું ક્ષેત્રફળ કેટલું ? તો ૪૨ ને ૧૩૩ એ ગુણ્યા તો ૫૫૮૬ થયા તેને ચારે ભાગ્યા તો ૧૩૯૬॥ ચો. ગ. ગોળનું ક્ષેત્રફળ આવ્યું.

૨ વળી બીજી રીત એવી છે કે વ્યાસ×વ્યાસ−$\frac{\text{વ્યાસ×વ્યાસ}}{૨૪}$×૫=ગોળનું ક્ષેત્રફળ આવે.

**દૃષ્ટાંત.**

કોઇ ગોળનો વ્યાસ ૪૨ ગજ હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું ? રીત ૪૨:-નો વર્ગ કર્યો તો ૧૭૬૪ થયા તે ૧૭૬૪ ને ચોવીશે ભાગી ભાગાકાર ૭૩॥ ને ૫ ગુણીએ તો ૩૬૭॥ આવ્યા તે બાદ કર્યો તો ૧૩૯૬॥ ચોરસ ગજ ગોળનું ક્ષેત્રફળ આવ્યું. તેને હસ્તાત્મક ક્ષેત્રફળ સમજવું.

(૬) એક ગોળાનો વ્યાસ ૪૨ બેંતાળીસ હાથ હોય તો તેનું ઘનફળ કેટલું ?

૪૨
૪૨
૧૭૬૪ વર્ગ.
૪૨
૭૪૦૮૮ વ્યાસનો ઘન.

૧૩૨ પરિધ.




વ્યાસના ૭૪૦૮૮ ઘનને (૨) બએ ભાગ્યા તો ૩૭૦૪૪ આવે તેમાં તેનો ૨૧ મો ભાગ એટલે ૧૭૬૪ આવ્યો તે ઉમેરતાં ૩૮૮૦૮ ઘન હાથ ગોળાનું ઘનફળ સમજવું.

"Aho Shrutgyanam"

જે અંક આવે તેમાં વૃત્તના વ્યાસનો સાતમો (૭) ભાગ ઉમેરવામાં આવે તો તેથી વૃત્ત ઉપરથી વૃત્તનો પરિઘ અથવા પરિવેષક નીકળે, એવો લીલાવતીનો મત છે. ૬

## मन्दाक्रान्ता.

वृत्तक्षेत्रेपरिधिगुणितेव्यासपादःफलंयत्
क्षुण्णंवेदैरुपरिपरितःकंदुकस्यैवजालं ॥
गोलस्यैवंतदपिचफलंपृष्टजंव्याससनिघ्नं
षड्भिर्भक्तंभवतिनियतंगोलगर्भेघनाख्यं ॥ ७ ॥

---

તેની ટુંકી રીત $\frac{\text{વ્યાસ}\times\text{વ્યાસ}\times\text{વ્યાસ}}{૨}+\frac{\text{વ્યાસ}\times\text{વ્યાસ}\times\text{વ્યાસ}}{૨\times૨૧}$ = ગોળાનું ઘનફળ આવે.

( ૨ ) એક ગોળાનો વ્યાસ ૪૨ હાથ હોય તો પરિઘ કેટલો ? ૪૨ ને ત્રણે ગુણ્યા તો ૧૨૬ આવ્યા તેમાં તેનો ( વ્યાસનો ) સાતમો ભાગ ૬ ઉમેરીએ તો ૧૩૨ હાથ પરિઘ આવે એ લીલાવતી પ્રમાણે છે.

**રીત:**—વ્યાસ×૩ + $\frac{\text{વ્યાસ}}{૭}$ =પરીઘ આવે.

### દાખલા.

( ૧ ) ૨॥ હાથ વ્યાસનો એક ગોળ દડો કરીએ તો તે કેટલા ઘનહાથ જગા રોકે ? અને તેનો પરિઘ કેટલો થાય ?

$\frac{૫}{૨}\times\frac{૫}{૨}\times\frac{૫}{૨}=\frac{૧૨૫}{૮}\div\frac{૨}{૧}=\frac{૧૨૫}{૮}\times\frac{૧}{૨}=\frac{૧૨૫}{૧૬}$ વ્યાસના ઘનનો અર્ધભાગ થયો.

$\frac{૧૨૫}{૧૬}\div\frac{૨૧}{૧}=\frac{૧૨૫}{૧૬}\times\frac{૧}{૨૧}=\frac{૧૨૫}{૩૩૬}$ વ્યાસના ઘનના અર્ધનો એકવિશમો ભાગ.

$\frac{૧૨૫}{૧૬}+\frac{૧૨૫}{૩૩૬}=\frac{૨૬૨૫+૧૨૫}{૩૩૬}=\frac{૨૭૫૦}{૩૩૬}=૮\frac{૬૨}{૩૩૬}=૮\frac{૩૧}{૧૬૮}$. જવાબ $૮\frac{૩૧}{૧૬૮}$ ઘનહાથ.

૨॥×૩=૭॥

$\frac{૫}{૨}\div૭=\frac{૫}{૨}\times\frac{૧}{૭}=\frac{૫}{૧૪}+\frac{૧૫}{૨}=\frac{૫+૧૦૫}{૧૪}=\frac{૧૧૦}{૧૪}=૭\frac{૧૨}{૧૪}=૭\frac{૬}{૭}$. જવાબ $૭\frac{૬}{૭}$ હાથ પરિઘ.

(૨) એક લાકડાનો ગોળો બનાવ્યો તેમાં ૧૪ હાથ તેનો વ્યાસ થયો તો તેનો પરીઘ કેટલો ? તથા તે લાકડું કેટલા ઘનહાથ જગા રોકશે ?

૧૪×૩=૪૨. ૧૪÷૭=૨. ૪૨+૨=૪૪. જવાબ ૪૪ હાથ પરિઘ.

૧૪×૧૪×૧૪=૨૭૪૪÷૨=૧૩૭૨ વ્યાસના ઘનનો અર્ધ ભાગ.

૧૩૭૨÷૨૧=$૬૫\frac{૭}{૨૧}=૬૫\frac{૧}{૩}$+૧૩૭૨=$૧૪૩૭\frac{૧}{૩}$ ઘનહાથ લાકડું.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—*વૃત્તની પરિધિ અથવા પરીઘને વ્યાસે ગુણીને (૪) ચારે ભાગતાં જે આવે તે વૃત્તનું ક્ષેત્રફળ જાણવું અને તે [1]ક્ષેત્રફળને ચારે ગુણીએ તો તે દડા જેવી આકૃતિનું પૃષ્ઠફળ આવે અને તે [2]પૃષ્ઠફળને વ્યાસે ગુણીને છએ (૬) ભાગીએ તો તેથી ગોળનું ઘનફળ નીકળે છે. ૭

## उपजाति.

**जीवाशरैक्यस्यदलंशरेणहत्वास्यवर्गंदशभिर्विगुण्यं ॥**
**अंकैर्विभक्तेसतिलब्धमूलंप्रजायतेचापफलंस्फुटंतत् ॥ ८ ॥**

**અર્થઃ**—*જીવા (પણછ અથવા પ્રત્યંચા) અને બાણ, એ બેનો સરવાળો કરી તે સરવાળાનો અર્ધભાગ કરવો, અથવા બેએ ભાગતાં જે આવે તેને બાણના માપ સાથે ગુણતાં, જે આવે તે અંકનો વર્ગ કહાડતાં, જે આવે તેને દશે ગુણતાં, જે આવે તે અંકને નવે ભાગતાં; તેનું મૂળ કહાડવે જે અંક આવે તે ધનુષ્યનું ક્ષેત્રફળ જાણવું. ૮

**मूलावशेषांहितदेकयुक्तंजिनाहतंसंयुतमंगुलैश्च ॥**
**द्वाभ्यांयुतेनद्विगुणेनमूलेनाप्तंस्फुटंतत्फलमुक्तमाद्यैः ॥ ९ ॥**

---

* વૃત્તનું ક્ષેત્રફળ કાઢવું હોય તો $\frac{\text{પરિધ}\times\text{વ્યાસ}}{૪}$ = ક્ષેત્રફળ આવે. ઉપરના શ્લોકમાંના દૃષ્ટાંતમાં ૪૨ હાથ વ્યાસ અને ૧૩૨ પરિધ છે તેનું ક્ષેત્રફળ કાઢવું હોય તો ૪૨ હાથ વ્યાસને ૧૩૨ પરિધે ગુણતાં ૫૫૪૪ આવ્યા તેને ૪ ચારે ભાગ્યા તો ૧૩૮૬ ચોરસ હાથ ગોળનું ક્ષેત્રફળ સમજવું.




૧ તે ક્ષેત્રફળને એટલે ૧૩૮૬ ચોરસ હાથને ૪ ચારે ગુણીએ તો ૫૫૪૪ ચોરસ હાથ ગોળ દડા જેવી આકૃતિનું પૃષ્ઠફળ સમજવું.

૨ ગોળાનું ઘનફળ કાઢવું હોય તો ગોળાના પૃષ્ઠફળને તેના વ્યાસે ગુણી છએ ભાગવા. ઉપરના દાખલામાં ૫૫૪૪ ચોરસ હાથ ગોળાનું પૃષ્ઠફળ છે તેને તેના વ્યાસ ૪૨ એ ગુણતાં ૨૩૨૮૪૮ આવ્યા તેને ૬ એ ભાગ્યા તો ૩૮૮૦૮ ઘનહાથ એ ગોળ દડા જેવી આકૃતિનું ઘનફળ આવ્યું.

* જીવા અથવા જ્યા નામ છે. તે ધનુષ અથવા કામઠાને બાંધેલી હોય છે તેવી આકૃતિનું ક્ષેત્ર હોય તેનું ક્ષેત્રફળ કહાડવાની એવી રીત છે કે—

"Aho Shrutgyanam"

**અર્થ:**—ધનુષનું ક્ષેત્રફળ પ્રથમ શ્લોકમાં કહાડતાં આવેલા મૂળના રહેલા શેષમાં એક ઉમેરી ચોવીસે (૨૪) ગુણી તેમાં પાંચ ઉમેરી બમણા કરી; તેમાં બે ઉમેરવાથી જે અંક આવે તે અંકનું મૂળ કહાડતાં જે અંક આવે તે શેષ રહેવાનું ફળ સમજવું.

## इंद्रवज्रा.

अष्टास्रकस्यपृथुलेनदैर्घ्यंगुण्यंहितद्भागविभागहीनं ॥
षड्भागकस्याष्टयुगांशभागंकुर्याद्विहीनंपुनरेवशेषात् ॥ १० ॥

**અર્થ:**—*અષ્ટાસ્ર અથવા આઠ હાંસ અઠાંસ ભૂમિની પહોળાઇ સાથે લંબાઇને ગુણતાં જે આવે તેમાંથી તેનો છઠ્ઠો ભાગ ઓછો કરી ઓછા કરેલા ભાગમાંથી બાકી રહેલામાંથી (શેષ પાંચ ભાગ રહ્યા તેમાંથી) વળી છઠ્ઠો ભાગ કહાડી તે છઠ્ઠા ભાગને અડતાળીશે ભાગતાં જે આવે તે બાકીના ભાગોમાંથી કહાડતાં (પાંચ ભાગોમાંથી કહાડતાં) જે રહે તે અષ્ટાસ્રનું ક્ષેત્રફળ સમજવું.

---

**દા:**—તેર હાથ (૧૩) જીવા અને (૩) ત્રણ હાથ બાણ હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

**રીત:**—જીવા તેર છે અને બાણ ત્રણ છે એ બેનો સરવાળો કરતાં સોળ થાય; તેને બેએ ભાગતાં અથવા એ સરવાળાનું અર્ધ કરતાં આઠ (૮) થાય, તે આઠને બાણે એટલે ત્રણે ગુણતાં (૨૪) ચોવીસ થાય અને એ ગુણાકાર અથવા ચોવીસનો વર્ગ કરતાં ૫૭૬ પાંચસેં છોતેર થાય, તે વર્ગને દશે ગુણતાં ૫૭૬૦. પાંચહજાર સાતસેં ને સાઠ થાય, તેને નવે ભાગતાં ૬૪૦ છસેં ને ચાળીસ આવ્યા તેનું વર્ગમૂળ કહાડતાં (૨૫) પચીસ હાથ ચોરસ ક્ષેત્રફળ આવ્યું અને (૧૫) પંદર શેષ રહ્યા.

રીત $\sqrt{\left\{\frac{\text{જીવા}+\text{બાણ}}{૨} \times \text{બાણ}\right\}^{૨} \times ૧\frac{૧}{૯}}$ એટલે જવાબ આવશે.

ઉપર બતાવેલી કઠિણ રીત છે પણ બીજી સહેલી રીત એવી છે કે—

જીવાનો અંક અને શરના અંકનો સરવાળો કરતાં જેટલો અંક થાય તે અંકનું અર્ધ કરતાં જે આવે તેને બાણના અંકવડે ગુણતાં-જે અંક આવે તે અંકનો ( ૧૮ ) અરાઢમો અંશ ગુણાકારના અંકમાં ઉમેરી ગુણતાં જેટલો અંક થાય તે ક્ષેત્રફળ જાણવું જુઓ.—

**દા:**—એક ધનુષની જીવા (૧૪) ચૌદ અને બાણ (૪) ચાર હાથ છે તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

૧૪ ચૌદની સાથે ૪ ચાર મેળવતાં ૧૮ અરાઢ થાય તેનું અર્ધ ૯ નવ થાય તે નવને બાણે એટલે ( ૪ ) ચારે ગુણતાં ( ૩૬ ) છત્રીશ થાય, તેનો ૧૮ અઢારમો ભાગ (૨) બે આવે તે (૩૬) છત્રીશમાં ઉમેરતાં ( ૩૮ ) આડત્રીશ થાય એ ક્ષેત્રફળ સમજવું.

$૧૪+૪=૧૮÷૨=૯×૪=૩૬+\frac{૩૬}{૧૮}$ = ૩૮ ચો. હા. જવાબ.

* સમબાજુ અષ્ટકોણની લંબાઈ અને વ્યાસ (૧૨) બાર હાથ છે તેનું ક્ષેત્રફળ કેટલું ?

"Aho Shrutgyanam"

यत्षोडशास्त्रंसभागहीनंतद्वर्गमूलस्यषडंशकस्य ॥
शक्रांशहीनंकथितंपुनश्चेच्छेषंबुधैर्वास्तुमतानुसारि ॥ ११ ॥

**અર્થઃ**—૧ષોડશાસ્ત્રની જેટલી લંબાઈ હોય તેટલી લંબાઇનો છઠ્ઠો ભાગ કહાડીને તે છઠ્ઠા ભાગનું મૂળ કહાડવું, અને તે મૂળનો જે અંક હોય તે અંકને ષોડશાસ્ત્રની લંબાઈના કહાડેલા છઠ્ઠા ભાગમાં મેળવતાં જેટલો અંક થાય તે અંકનો ચઉદમો અંશ $\frac{૧}{૧૪}$ કહાડતાં શેષ જે રહે તે, ષોડશાસ્ત્રનો એક બાહુ થયો. એમ બુદ્ધિમાન્ પુરુષે વાસ્તુમતાનુસારે જાણવું. ૧૧

---

**રીત**—૧૨ ને ( ૧૨ ) બારે ગુણ્યા એટલે બારનો વર્ગ કર્યો તો ૧૪૪ થયો. તેનો ૬ ઠો ભાગ એટલે ૨૪ બાદ કર્યા તો ૧૨૦ રહ્યા તેમાંથી છઠ્ઠા ભાગનો એટલે ૨૪ નો ૪૮ મો ભાગ અડધો બાદ કર્યો એટલે બાકી ૧૧૯॥ ચોરસ હાથ રહ્યા તે અષ્ટાસ્ત્રનું ક્ષેત્રફળ સમજવું.

**દાખલાઃ**—(૧) કોઇ સમબાજુ અષ્ટકોણની લંબાઇ તથા પહોળાઇ ૨૧ હાથ હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

$૨૧×૨૧=૪૪૧.\ ૪૪૧÷૬=\frac{૪૪૧}{૬}=\frac{૧૪૭}{૨}=૭૩\frac{૧}{૨}$

$\frac{૧૪૭}{૨}÷૪૮=\frac{૧૪૭}{૨}×\frac{૧}{૪૮}=\frac{૪૯}{૩૨}=૧\frac{૧૭}{૩૨}$

| | |
|---|---|
| $૭૩\frac{૧}{૨}$ | $૪૪૧$ |
| $૧\frac{૧૭}{૩૨}$ | $૭૫\frac{૧}{૩૨}$ |
| $૭૫\frac{૧}{૩૨}$ | $૩૬૫\frac{૩૧}{૩૨}$ |

જવાબ $૩૬૫\frac{૩૧}{૩૨}$ ચો. હાથ.

(૨) એક સમબાજુ અષ્ટકોણની લંબાઇ તથા પહોળાઈ ૨૪ હાથ હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું ?

૨૪×૨૪=૫૭૬ ૫૭૬÷૬=૯૬ ૯૬

૫૭૬–૯૮=૪૭૮ ૯૬÷૪૮=૨ $\frac{૨}{૯૮}$

જવાબ ૪૭૮ ચોરસ હાથ.

ચોવીશને ચોવીશે ગુણ્યા તો **૫૭૬** આવ્યા તેમાંથી તેનો **૬** ઠો ભાગ **૯૬** તથા છઠ્ઠા ભાગનો એટલે **૯૬** નો અડતાળીશમો ભાગ **૨** બે મળી **૯૮** બાદ કર્યા તો બાકી **૪૭૮** ચોરસ હાથ રહ્યા તે જવાબ સમજવો.

૩ એક સમબાજુઅષ્ટકોણની લંબાઇ તથા પહોળાઇ **૧૮** હાથ હોય તો તેનું ક્ષેત્ર ફળ શું ?

સમબાજુ અષ્ટકોણ.

$૧૮×૧૮=૩૨૪ \} \quad ૩૨૪÷૬=\frac{૩૨૪}{૬}=૫૪.$

$૩૨૪ - ૫૪ = ૫૭૦ \quad ૫૪÷૪૮=\frac{૫૪}{૪૮}=\frac{૯}{૮}$

$૨૭૦-\frac{૯}{૮}=\frac{૨૧૬૦}{૮}-\frac{૯}{૮}=\frac{૨૧૫૧}{૮}=૨૬૪\frac{૭}{૮}$

ક્ષેત્રફળ.
$૨૬૪\frac{૭}{૮}$

જવાબ $૨૬૪\frac{૭}{૮}$ ચો. હાથ.

"Aho Shrutgyanam"

१७४ राजवल्लभ. अध्याय. १०

अष्टकोण.



२४इंचसमचाज तेहना १० इंचनो एकबाहु थाय.

सहीन
८९ यंत्रषट्कोण.



"Aho Shrutgyanam"

रा। घ। अ। १०



पंचकोण.

"Aho Shrutgyanam"

## शालिनी.

**सर्वमानंज्ञायतेभ्यासयोगाद्धिनाधिक्यंस्थानयोगेगतेपि ॥**
**अन्यक्षेत्रंवैषमंवासमंवाज्ञेयंलोकाल्लक्षतःसूत्रधारैः ॥ १२ ॥**

**અર્થ**:—સર્વ પ્રકારના ગણિતનું માન ( રીતિ ) અભ્યાસના યોગે કરી સમજાય છે, તેમાં હીન અને અધિકપણું તો સ્થાનના યોગે સમજવાનું છે, ( જેટલા ખુણાનું ક્ષેત્ર હોય તેના અનુક્રમે કરવું ) પણ વિષમ કોણનું જે ક્ષેત્ર હોય (બે, ચાર, છ, આઠ, દશ ઇત્યાદિ કોણનું) તો તેને સૂત્રધારોએ વિચારશક્તિવડે અને લોકમાં ચાલતી રીતભાતથી સમજવું. ૧૨

## शार्दूलविक्रीडित.

**यद्वृत्तंपरिलेखकेनलिखितंषण्मत्स्यपातास्ततः**
**षट्कोणंरसबाहुकंतदुदितंबाहुंभजेत्सप्तभिः**
**सप्तास्रेरसभागबाहुरुदितःसप्तास्रतोऽष्टास्रकं,**
**त्वेवंनंददशादिबाहुबहुशोज्ञेयाःस्वबुद्ध्याखिलाः॥१३॥**

**અર્થ**:—પ્રાકારવડે વૃત્ત રચિને તે વૃત્તમાં છ (૬) મત્સ્ય પાડવા એટલે તેથી છ બાહુનું ષટ્કોણ થાય, એ છ બાહુમાંથી એક બાહુના સાત ભાગો કરવા અને એ સાત ભાગોમાંથી એક ભાગ ઓછો કરવો; એટલે છ ભાગ બાકી રહ્યા. એજ છ ભાગ છે તે સપ્તાસ્રનો એક બાહુ થાય.

---

**૧ દૃષ્ટાંત:**—એક ષોડશાસ્રની લંબાઇ ૨૧૬ આંગળની હોય તો તેનો બાહુ ઉપરની રીત પ્રમાણે કેટલો થાય ?

**રીત**—૨૧૬ બસેં સોળને ૬ ‘૭ એ ભાગ્યા તો તેનો છઠ્ઠો ભાગ ૩૬ છત્રીશ થાય તેમાં તેનું વર્ગમૂળ ૬ ‘૭ ઉમેરતાં ૪૨ બેંતાલીશ થાય તેમાંથી તેનો ૧૪ ચૌદમો ભાગ ૩ ત્રણ કાઢતાં બાકી ૩૯ ઓગણચાલીશ રહ્યા તે તેનો બાહુ સમજવો.

સમબાજુ ષોડષકોણ.




૨ એક ષોડશાસ્ર વાલયની લંબાઇ ૨૪ ચોવીશ હાથ છે ત્યારે તેનો બાહુ કેટલા હાથનો હશે ? **જવાબ**:—૫$\frac{૪}{૭}$ હાથ બાહુ થાય.

૩ એક ષોડશાસ્રવાળી છત્રીની લંબાઇ ૫૪ ચોપન આંગુળની છે ત્યારે તેનો બાહુ (વેશલી) ના અગ્રભાગની વચ્ચેનો ભાગ કેટલો હોવો જોઇએ ? **જવાબ**:—૧૧$\frac{૧}{૭}$ આંગળનો બાહુ.

૪ એક ષોડશાસ્રવાળા તળાવની લંબાઇ ૨૯૪ બસેં ચોરાણું હાથની છે.ત્યારે તેનો એક બાહુ કેટલા હાથનો હશે ? **જવાબ**:—૫૨ બાવન હાથનો.

"Aho Shrutgyanam"

એ રીતે આખા ષટ્કોણના છ બાહુના બેંતાળીસ (૪૨) ભાગો કરી ષટ્કોણના દરેક બાહુમાંથી એક એક ભાગ ઓછો કરવાથી જેટલા ભાગમાં ષષ્ટાસ્ર હોય એટલાજ ભાગમાં સપ્તાસ્ર થઇ જાય; અને તેજ પ્રમાણે સપ્તાસ્રથી અષ્ટાસ્ર થાય છે. તથા તેજ રીતે અષ્ટાસ્રમાંથી નવાસ્ર થાય અને નવાસ્રમાંથી તેજ રીતે દશાસ્ર થાય, માટે બુદ્ધિવાને પોતાની બુદ્ધિથી એ રીતે મરજીમાં આવે તેટલા બાહુઓ અથવા અસ્ર કરવા. ૧૩

## शालिनी.

षट्बाहोर्योबाहुरस्येषुभागेयुक्तेबाहुःपंचकोणस्यसस्यात् ॥
यावान्बाहुःस्वेनमानेनगुण्योबाह्वोर्योगस्तस्यमूलंविकर्णं ॥१४॥

**અર્થઃ**—ષટ્કોણના એક બાહુનો પાંચમો ભાગ [ એક બાહુના પાંચ ભાગ કરવા ] એજ બાહુમાં મેળવીએ એટલે તે ષટ્કોણનો બાહુ મટી પંચકોણનો અથવા પંચાસ્રનો એક બાહુ થાય. એજ અનુક્રમે એટલે જેટલા ખૂણાનું ક્ષેત્ર કરવું હોય તેટલામો ભાગ એક ભુજામાં અથવા બાહુમાં અથવા અસ્રમાં અંબોરીએ તો અનુક્રમે ચતુરસ્ર તથા ત્રિકોણ ક્ષેત્ર થાય; એટલુંજ નહિ પણ, બે બાહુને ભેગા કરીએ એટલે એ બન્ને બાહુનું જે મૂળ ( મધ્ય ભાગ ) તે વિકર્ણ અથવા ખૂણો કહેવાય.

## उपजाति.

दैर्घ्यात्पृथुत्वंजिनभागहीनंतिथिप्रमाणाःकथिताभुजाश्च ॥
पंचास्रमेतत्परिलेखनीयंपुष्पेषुकेष्वेवहितस्यरूपं ॥ १५ ॥

**અર્થઃ**—ચતુરસ્ર ભૂમિને પંચાસ્ર અથવા ચોખંડી ભૂમિને પાંચ કોણવાળી કરવી હોય તો તેની લંબાઇ અથવા પહોળાઇમાં તેનો ચોવીશમો ભાગ $\frac{1}{24}$ ઓછો કરવો અને તે ઓછા અથવા કમી કરેલા ભાગમાંથી એક પંદરાંશ $\frac{1}{15}$ લેવામાં આવે તો તે પંચાસ્રનો એક બાહુ થયો એમ સમજવું. એ પંચકોણનું રૂપ કેટલાંક પુષ્પોમાં થાય છે. ૧૫

## इंद्रवज्रा.

आयामतोविस्तरमष्टमांशहीनंप्रकुर्याद्रथकारसुज्ञः ॥
दैर्घ्यार्धदैर्घ्येणसमास्तदास्रायंत्रादिषट्कोणकमेतदुक्तं ॥१६॥

**અર્થઃ**—સારૂં જ્ઞાન ધરનાર શિલ્પિએ જ્યારે ષટ્કોણ કરવું હોય ત્યારે ચતુરસ્ર ક્ષેત્રની જેટલી લંબાઇ હોય તેટલી લંબાઇનો અષ્ટમાંશ $\frac{1}{8}$ ઓછો

"Aho Shrutgyanam"

કરતાં શેષ જે રહે તે પહોળાઈ જાણવી; અને તે ષટ્કોણના ખૂણા વિસ્તારના અર્ધ ભાગમાં (મધ્યમાં) આવે, પણ લંબાઇના ખૂણા તો [1]સમ ( બરોબર ) આવે, એ રીતે યંત્રાદિ ષટ્કોણ કહ્યું. ૧૬

## शालिनी.

अष्टास्त्रंयत्तत्पृथुत्वेचदैर्घ्ये । तुल्यंकार्यंकर्णवैकर्णहीनं ॥
चातुःकोणंहस्तमेयंयदास्या । द्बाहुस्तस्मिन्नंगुलैर्दिक्प्रमाणैः १७

**અર્થઃ**—અષ્ટાસ્રની લંબાઇ અને પહોળાઇ સમ કરવી, પણ ચતુષ્કોણમાં જે ઠેકાણે કર્ણ આવે તે ઠેકાણેથી તે કર્ણને ભાગી બીજે ઠેકાણે કર્ણ (ખૂણો) કરવો; પણ તે ક્ષેત્ર એક હાથના પ્રમાણનું હોય તો તેને વિષે દરેક બાહુ દશ દશ આંગુળોના આવે છે એમ જાણવું. ૧૭

## इंद्रवज्रा.

षष्ठोविभागोपिचदैर्घ्यकस्य । तस्यैवषड्भागयुतोविधेयः
बाहुप्रमाणंकथितंकलास्त्रे । क्षेत्रेतथान्यानिविचार्यकुर्यात् ॥१८॥

**અર્થઃ**—ષોડશાસ્ર ક્ષેત્ર કરવા માટે ક્ષેત્રની લંબાઇનો છઠ્ઠો ભાગ લઈ બાકીના પાંચ ભાગ મુકી દેવા અને લીધેલા છઠ્ઠા ભાગને વળી છએ ભાગતાં જે ભાગ આવે તે, પ્રથમ લીધેલા છઠ્ઠા ભાગમાં ઉમેરવેથી જેટલું થાય તે ષોડશાસ્ર ક્ષેત્રનો એક બાહુ થાય.

પ્રથમની રીતિમાં જે પ્રમાણે કહ્યું છે તેજ પ્રમાણે ઘણા ખુણાનાં જે જે ક્ષેત્રો કરવાં હોય તો પ્રથમની રીતિ યાદ રાખી તે પ્રમાણે ક્ષેત્રો કરવાં. ૧૮

## वसंततिलका.

श्येनःकपोतबकपेचकभासगृध्रा॥श्विलःसृगालमृगशूकरसिंहकीशाः
इत्यादयोधनहराभवनेप्रविष्टा । गेहंयदाकटकटायतिकंपतेवा॥१९॥

**અર્થઃ**—ઘરને વિષે શ્યેન (બાજ), કપોત (હોલો), બગલુ, ઘૂવડ, *ભાસપક્ષી, (ધોળી સમળી) ગીધપક્ષી, સમળી, શિયાળ, મૃગ (હરણ), સૂવર, સિંહ અને વાનર એટલામાંથી કોઈ-પણ ઘરમાં પ્રવેશ કરે તો ધનનો તે નાશ

---

૧ સમ એટલે લંબાઇમાં બે ખૂણાઓ આવે અને પહોળાઇમાં મધ્યે એક ખૂણો આવે, જુઓ આકૃતિ.

* વાસ્તુમંજરી નામના ગ્રંથમાં ભાસ પક્ષીના ઠેકાણે ચર્મચિલ્લી અથવા ચામાચીડી અથવા છાપું. ઘરમાં ઉંધાં લટકે છે (વાગોલ જેવાં) એ પક્ષી બતાવ્યું છે.

"Aho Shrutgyanam"

करे तथा घरने विषे कट-कट शब्द थाय [ लाकडाओमां तथा कमाड वगेरेमां ] तथा घर[1] कंपे अथवा ध्रुजे तो ते पण धननो नाश करे. १९

प्राकारदेवभवनेनृपमंदिरेचचैत्येध्वजादिषुयदाऽद्भुतमेवदृष्टं ॥
इत्यादिकंसुदृढमेवपतत्यऽकस्मात्तद्भूपतेर्भयकरंग्रहिणांग्रहोत्थं॥२०॥

**अर्थः**—प्राकार विषे ( किल्लामां ), देवमंदिर विषे, राजमंदिर विषे, देववृक्ष विषे ( देवनी पेठे जे पूजातुं होय ते झाड-पीपळा आदि ) अने ध्वजा विषे, एटलामांथी कोई पण ठेकाणे कांई आश्चर्य जोवामां आवे अथवा एटला ठेकाणामांथी कोई पण ठेकाणेथी ( एवां ठेकाणां मजबुत छतां ) कांई पण अकस्मात् वस्तु पडे तो ते वस्तु राजाने भयकर्त्ता छे अने तेवोज अकस्मात् घरमां थाय तो ते घरधणीने भयकर्त्ता छे एम समजवुं. २०

स्थानेषुपूर्वविहितेष्वपितोरणेच । द्वारेग्रहेभवतिचेत्मधुवामल्लूरौ ॥
स्थूणाकपाटदृढकोष्टकभंगएव । भूमेर्विदारइतिमृत्युकरंवदंति॥२१॥

**अर्थः**—पूर्वे कहेला स्थानको विषे, ( एकवीसमा श्लोकमां ) तथा तोरण विषे, तथा द्वारविषे, अने घरविषे मधपुडो थाय अथवा राफडो थाय, तेमज स्तंभो, कमाड अथवा मजुसो, (द्वारनी शाख साथे रहेलो होय छे ते) एटली वस्तु मजबुत छतां तेमांथी कोई पण वस्तु अकस्मात् भागे तथा पृथ्वी फाटे तो ते स्थानना मालिकनुं मृत्यु करे. २१

## उपजाति.

द्वारेग्रहस्यापिविशेद्भुजंग । स्तदाविनाशंकुरुतेगृहिण्याः ॥
तत्रैवदुर्गाप्रकरोतिनीडं । रटत्युलूकोऽपिविनाशहेतुः ॥ २२ ॥

**अर्थः**—घरना द्वारमां[2] सर्प प्रवेश करे तो स्त्रीनो नाश करे तथा घरना द्वारमां देवचकली माळो करे तो तेथी घरना स्वांमीनो नाश थाय अने घर उपर बेसी घुवड बोले तो तेथी पण घरना मालिकनो नाश थाय. २२

## वसंततिलका.

रोगायतैलघृतभक्तवसादिधारा । दुःखंभवेद्ग्रहपतेर्यदिरक्तधारा ॥
वादित्रगीतनिनदोभवनेष्वकस्मात्।संजायतेयदितदाकथयत्यसौख्यं

१ धरतीकंप थतो होय ते वखत घर कंपे ते नहि पण स्वभाविकपणे कंपतु होय तो ते हानि कर्त्ता छे.

२ द्वारना भागोमांथी कोइ पण ठेकाणे पेसे.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—ઘર વિષે તેલની અથવા ઘીની ધારા થાય અથવા ભાતની અથવા ચરબીની ( હાડકામાં રહેલા માંસની ) વૃષ્ટિ થાય તો તેથી ઘરના માલિકને રોગ થાય, તથા રુધિરની ધારા થાય તો ઘરના સ્વામીને દુઃખ પ્રાપ્ત થાય તેમજ ઘર વિષે વાદિત્રના અથવા ગાયનના અકસ્માત્ નાદો અથવા શબ્દો થાય તો તે પણ ઘરધણીને દુઃખ કરનાર છે. ૨૪

**गेहेद्भुतंयदितदाभवनंविहाय । कुर्याद्बलिंचविधिवद्धवनंसुरार्चां ॥**
**दानंद्विजातियतिदुर्बलदुःखितेभ्यो।दद्यात्ततोपिनिवसेद्भवनेसुखार्थी॥**

**અર્થ**:—એ રીતે બતાવ્યા પ્રમાણે ઘર વિષે કોઈ પણ તરેહનું [1]આશ્ચર્ય થાય તો તે ઘરમાંથી નીકળી વાસ્તુદેવને ફરીથી વિધિપૂર્વક બળિદાન આપી હવન તથા દેવપૂજા કરાવી તેમજ બ્રાહ્મણ, યતિ, દુર્બળ અને દુઃખી હોય એવાઓને દાન આપી પોતાના સુખના અર્થે તે ઘરમાં રહી વસવું જોઇએ. ૨૫

**इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते क्षेत्राद्भुत लक्षणं नाम दशमोऽध्यायः ॥ १० ॥**

૧ આશ્ચર્ય થવાની મુદત આ ગ્રંથમાં બતાવી નથી પણ નવીન ઘર કરી તેમાં જે દિવસે વસવાનું થાય તે દિવસથી બાર માસ સુધીમાં તેવું કોઇપણ આશ્ચર્ય થાય તો તેનો દોષ છે, માટે તે ઘરમાં ફરી વસવા માટે વાસ્તુપૂજન વગેરે કરવું એમ બીજા ગ્રંથોમાં બતાવ્યું છે.

"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ. ॥

## अध्याय ११ मो.

### उपजाति.

नंदातिथिःषट्प्रतिपच्चरुद्रा । द्विद्वादशीसप्तमिकाचभद्रा ॥

जयातृतीयाष्टमिकाचविश्वा । रिक्ताचतुर्थीनवमीचभूता ॥ १ ॥

**અર્થ**:—છઠ, પડવો અને અગિયારશ, એ ત્રણ તિથિઓને **નંદા**તિથિ જાણવી; બીજ, બારશ અને સાતમ, એ ત્રણ **ભદ્રા**તિથિ જાણવી; ત્રીજ, આઠમ અને તેરશ, એ ત્રણ **જયા**તિથિ જાણવી, અને ચોથ, નવમી ને ચૌદશ, એ ત્રણ **રિક્તા**તિથિ છે એમ જાણવું. ૧

प्रोक्तापूर्णापंचदिक्पौर्णमासीशुक्रेनंदाराजपुत्रेचभद्रा ॥

पृथ्वीपुत्रेसिद्धिदावैजयास्यान्मंदेरिक्तादेवपूज्येचपूर्णा ॥ २ ॥

**અર્થ**:—પાંચમ, દશમ અને પૂર્ણિમા, એ ત્રણ પૂર્ણાતિથિ જાણવી, અને હવે ઉપર કહેલી તિથિ અને વારના યોગથી સિદ્ધિયોગ થાય છે તે કહે છે; તે એવી રીતે કે—

શુક્રવાર અને નંદાતિથિ; બુધવાર અને ભદ્રાતિથિ; મંગળવાર અને જયાતિથિ; શનીવાર અને રિક્તાતિથિ; ગુરૂવાર અને પૂર્ણાતિથિ. એટલા **સિદ્ધિયોગ** જાણવા. ૨

एकादशीजीवदिनेचषष्ठी । भौमेत्रयोदश्यपिशुक्रवारे ॥

सूर्येनवैकाष्टमिकाश्चसिद्धाश्चंद्रेद्वितीयादशमीनवम्यः ॥ ३ ॥

**અર્થ**:—એકાદશીના દિવસે ગુરૂવાર હોય; છઠને દિવસે મંગળવાર હોય; તેરશના દિવસે શુક્રવાર હોય; નવમી, એકમ અને આઠમ, એ ત્રણ તિથિઓમાંથી ગમે તે તિથિના દિવસે રવિવાર હોય; બીજ, દશમ અને નવમી એ ત્રણ તિથિઓમાંથી ગમે તે તિથિના દિવસે સોમવાર હોય તો તે **સિદ્ધિયોગ** જાણવો. ૩

"Aho Shrutgyanam"

## उपजाति.

**रवौशुभान्यश्विनिकाचमूलं । पुष्योपिहस्तोत्तरकत्रयंच ॥**
**दुष्टामघाद्वादशिकाचयाम्या । मैत्रद्वयंसप्तमिकाविशाखा ॥ ४ ॥**

**અર્થઃ—રવિવારના** દિવસે અશ્વિની, મૂળ, પુષ્ય, હસ્ત અને ત્રણ ઉત્તરા ( ઉત્તરાફાલ્ગુની; ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદા ) એ સાત નક્ષત્રો સારાં છે; એજ રવિવારના દિવસે મઘા, ભરણી, અનુરાધા, જ્યેષ્ઠા અને વિશાખા, એ પાંચ નક્ષત્રો સારાં નથી; તેજ રીતે રવિવારના દિવસે દ્વાદશી ( બારસ ) અને સાતમ એ બે તિથિ પણ સારી નથી એમ સમજવું. ૪

**शुभानिचंद्रेश्रवणानुराधे । पुष्योमृगोरोहिणिकातथैव ॥**
**नशोभनैकादशिकाभिजिच्च । षाढाद्वयंचित्रविशाखिकेच ॥ ५ ॥**

**અર્થઃ—સોમવારના** દિવસે શ્રવણ, અનુરાધા, પુષ્ય, મૃગ અને રોહિણી એ પાંચ નક્ષત્રો શુભ છે; સોમવારના દિવસે અગિયારશ તિથિ અશુભ છે અને સોમવારના દિવસે અભિજિત્, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, ચિત્રા, અને વિશાખા, એ પાંચ નક્ષત્રો પણ અશુભ છે. ૫

**भौमेशुभंवन्हिभमाश्विनीचाश्लेषाचमूलोत्तरभद्रपच्च ॥**
**नेष्टादशम्युत्तरषाढभंचतथात्रयंवासवतश्चरौद्रं ॥ ६ ॥**

**અર્થઃ—મંગળવારના** દિવસે કૃતિકા, અશ્વિની, અશ્લેષા, મૂળ અને ઉત્તરાભાદ્રપદા, એટલાં નક્ષત્રો શુભ જાણવાં, પણ મંગળવારના દિવસે તિથિ દશમ હોય તો તે અશુભ જાણવી, તેમજ મંગળવારના દિવસે ઉત્તરાષાઢા ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા અને આર્દ્રા, એટલાં નક્ષત્રો પણ અશુભ છે એમ સમજાવું. ૬

**बुधेशुभौपूष्यकरौमृगश्च ब्रह्माग्निभंसिद्धिकरंचमैत्रं ॥**
**वर्ज्याधनिष्ठाप्रतिपन्नवम्यौ । याम्याश्विनीरेवतिकातथैव ॥ ७ ॥**

**અર્થઃ—બુધવારના** દિવસે પુષ્ય, હસ્ત, મૃગશીર્ષ, રોહિણી, કૃતિકા અને અનુરાધા, એટલાં નક્ષત્રો શુભ છે, પણ બુધવારના દિવસે પ્રતિપદા (પડવો અથવા એકમ) અને નવમી એ બે તિથિઓ અશુભ છે, અને **બુધવારના** દિવસે ધનિષ્ઠા, ભરણી, અશ્વિની અને રેવતી, એ ચાર નક્ષત્રો પણ અશુભ છે એમ જાણવું. ૭

"Aho Shrutgyanam"

जीवेश्विनीसिद्धिकरानुराधा । पुनर्वसूरेवतिकाचपूष्यं ॥
नशोभनंवारुणमष्टमीच । ब्राह्मात्रयंचोत्तरफाग्निधिष्ण्यं ॥ ८ ॥

**અર્થઃ—ગુરૂવારના** દિવસે અશ્વિની, અનુરાધા, પુનર્વસુ, રેવતી અને પુષ્ય, એ પાંચ નક્ષત્રો શુભ છે, પણ તેજ વારના દિવસે ( ગુરૂવારે ) અષ્ટમી તિથિ અશુભ છે, તેમજ તેજ વારના દિવસે શતભિષા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, ઉત્તરાફાલ્ગુની અને કૃતિકા. એટલાં નક્ષત્રો પણ અશુભ છે એમ જાણવું.૮

## इंद्रवज्रा.

शुक्रेशुभंपौष्णयुगंचपूफा । श्रुत्युत्तराषाढभमैत्रभंच ॥
वर्ज्याभृगौसप्तमिकाचपूष्पोऽश्लेषामघारोहिणिकाचज्येष्टा ॥ ९ ॥

**અર્થઃ—શુક્રવારના** દિવસે રેવતી, અશ્વિની, પૂર્વાફાલ્ગુની, શ્રવણ, ઉત્તરાષાઢા અને અનુરાધા, એટલાં નક્ષત્રો શુભ જાણવાં; પણ શુક્રવારના દિવસે સાતમ તિથિ હોય તો તે અશુભ છે, તેમજ શુક્રવારના દિવસે પુષ્ય, અશ્લેષા,મઘા,રોહિણી અને જયેષ્ઠા એ પાંચ નક્ષત્રો પણ અશુભ છે એમ જાણવું.૯

## उपजाति.

शनौशुभारोहिणिकाश्रुतिश्च । स्वातिस्तथावारुणभंचशस्तं ॥
नशोभनंचोत्तरफात्रयंचा । षाढाद्वयंरेवतिकाचषष्ठी ॥ १० ॥

**અર્થઃ—શનીવારના** દિવસે રોહિણી, શ્રવણ, સ્વાતી અને શતભિષા, એટલાં નક્ષત્રો શુભ જાણવાં, પણ એ શનીવારના દિવસે ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા અને રેવતી, એ છ (૬) નક્ષત્રો અશુભ જાણવાં તેમજ શનીવારના દિવસે છઠ તિથિ હોય તો તે પણ અશુભ જાણવી. ૧૦

## शार्दूलविक्रीडित.

सूर्येरूपरसाद्धिकाःशशिदिनेऽष्टौपंचचैकस्तथा
चत्वारोमुनयोष्टभूमितनयेषट्अष्टचंद्रात्मजे ॥
जीवेयुग्मशराःस्वराभृगुसुतेरागैकवेदाष्टमा
मंदेष्टौगुणसप्तपंचादिवसेऽष्टांशाःशुभावासरे ॥ ११ ॥

"Aho Shrutgyanam"

**અર્થઃ—રવિવારના** દિવસે પાંચમો, છઠ્ઠો અને બીજો, એટલા અષ્ટમાંશમાંથી જે અષ્ટમાંશ હોય તે સારો; સોમવારના દિવસે આઠમો, પાંચમો અને પહેલો, એટલામાંથી ગમે તે હોય તો તે સારો; મંગળવારના દિવસે ચોથો સાતમો અને આઠમો, એટલામાંથી ગમે તે હોય તો તે સારો; બુધવારના દિવસે છઠ્ઠો, ત્રીજો અને આઠમો, એટલામાંથી જે હોય તે સારો; ગુરૂવારના દિવસે બીજો, પાંચમો અને સાતમો એટલામાંથી ગમે તે હોય તે સારો; શુક્રવારના દિવસે ચોથો, છઠ્ઠો, પેહેલો અને આઠમો એટલામાંથી ગમે તે હોય તે સારો અને શનૈશ્ચર વારના દિવસે આઠમો, ત્રીજો, સાતમો અને પાંચમો એટલામાંથી ગમે તે અષ્ટમાંશ હોય તો તે સારો છે. ૧૧

## उपजाति.

**कृष्णेनिशायांदशमीतृतीये भद्रादिनेसप्तचतुर्दशेतु ॥**
**शुक्लेरजन्यांयुगरुद्रसंख्ये । दिनेष्टमीपूर्णिमयोश्चवर्ज्या ॥ १२ ॥**

**અર્થઃ**—કૃષ્ણ પક્ષમાં ( અંધારિયામાં ) દશમના દિવસે અને ત્રીજના દિવસે રાત્રીના ભાગની એટલે તિથિ જેટલી ઘડી હોય તેટલી ઘડીથી પહેલાં ત્રીશ ઘડી ( ૩૦ ) ભદ્રા હોય; કૃષ્ણ પક્ષની સાતમ અને ચઉદશ એ બે દિવસના ભાગની એટલે પ્રથમના દિવસે ( સાતમ અથવા ચૌદશે ) જેટલી ઘડીએ તિથિ બેસતી હોય ત્યાંથી માંડી ત્રીશ (૩૦) ઘડી સુધી ભદ્રા જાણવી;

શુકલ પક્ષમાં ચોથ અને અગિયારશના દિવસે રાતના ભાગની એટલે, જેટલી ઘડી તિથિ હોય તે પહેલાં ત્રીશ ( ૩૦ ) ઘડી સુધી ભદ્રા જાણવી, અને શુકલ પક્ષની આઠમ તથા પૂર્ણિમા, એ બે દિવસમાં, દિવસના ભાગની એટલે, પ્રથમના દિવસે જેટલી ઘડીએ આઠમ અથવા પુનમ બેસતી હોય ત્યાંથી માંડી ત્રીશ ( ૩૦ ) ઘડી સુધી ભદ્રા જાણવી. ૧૨

**सूर्येकार्मुकमीनगेसुरगुरौसिंहेविधौदुर्बले**
**गंडांतव्यतिपातवैधृतिदिनेदग्धेतिथौभेतथा ॥**
**शुक्रेस्तेथगुरौचपातसमयेविष्ट्यांचमासाधिके**
**चंद्रेपापविलोकितेचसहितेकार्यंनकिंचिच्छुभं ॥ १३ ॥**

"Aho Shrutgyanam"

**અર્થઃ**—ધન રાશિનો અને મીન રાશિનો સૂર્ય હોય; સિંહનો ગુરૂ હોય; ચંદ્રમા દુર્બળ હોય; ગંડાંત નામા યોગ હોય તથા વ્યતિપાત હોય; વૈધૃત હોય; દગ્ધા તિથિ હોય; દગ્ધ નક્ષત્ર હોય; શુક્રઅસ્ત હોય; ગુરૂઅસ્ત હોય; પાત યોગ હોય; વિષ્ટિ હોય; અધિક માસ હોય અને ચંદ્રમા ઉપર પાપગ્રહની દૃષ્ટિ પડતી હોય અથવા પાપગ્રહના ભેગો ચંદ્રમા હોય, તો એવા દિવસોમાં શુભ કામનો ત્યાગ કરવો. ૧૩

**आदौभूमिपरीक्षणंशुभदिनेपश्चाच्चवास्त्वर्चनं**
**भूमेःशोधनकंततोपिविधिवत्पाषाणतोयांतकं ॥**
**पश्चाद्वेश्मसुरालयादिरचनार्थंपादसंस्थापनं**
**कार्यंलग्नशशांकशाकुनबलैःश्रेष्ठेदिनेधीमता ॥ १४ ॥**

**અર્થઃ**—શુભ દિવસે પ્રથમ ભૂમિની પરીક્ષા કરવી, પછી વાસ્તુદેવનું પૂજન, પછી વિધિ સહિત પૃથ્વીમાં પાષાણની ભૂમિ આવે ત્યાં સુધી અથવા પાણી આવતાં સુધી ભૂમિનું શોધન કરવું અને ત્યાર પછી ઘર અથવા દેવ-મંદિર કરવા માટે લગ્ન, ચંદ્રમા અને શકુન બળ હોય તેમજ શ્રેષ્ઠ દિવસ હોય તે દિવસે બુદ્ધિમાન્ પુરુષે પાયાનું સ્થાપન કરવું. ૧૪

**वास्तोःकर्मणिधिष्ण्यवारतिथयोश्विन्युत्तराणांत्रिकं**
**हस्तादित्रयमैत्रतोद्वयमिदंपुष्योमृगोरोहिणी ॥**
**निंद्यौभूसुतभास्करौचशुभदापूर्णाचनंदातिथिः**
**नेष्टावैधृतिशूलगंजपरिघाव्याघातवज्रावपि ॥ १५ ॥**

**અર્થઃ**—વાસ્તુના કામમાં નક્ષત્ર, વાર અને તિથિઓ લેવાનું કહ્યું છે તે એવી રીતે કે—અશ્વિની, ત્રણ ઉત્તરા ( ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાષાઢા અને ઉત્તરા ફાલ્ગુની ) અને હસ્ત આદિ લઈને ત્રણે નક્ષત્રો ( હસ્ત, ચિત્રા અને સ્વાતી ) અનુરાધાથી બે નક્ષત્રો ( અનુરાધા અને જ્યેષ્ઠા); પુષ્ય, મૃગશીર્ષ અને રોહિણી. એટલાં નક્ષત્રો લેવાં, પણ મંગળ અને રવિ એ બે વાર લેવા નહિ, પૂર્ણા અને નંદા, એ તિથિઓ લેવી સારી છે અને વૈધૃત, શૂળ, ગંજ, પરિઘ, વ્યાઘાત અને વજ્ર, એટલા યોગો સારા નથી. ૧૫

"Aho Shrutgyanam"

विष्कुंभव्यतिपातकौचनशुभौयोगाःपरेशोभनाः
शस्तंनागबवाव्हतैतलगिरंयुग्मांतिथिंवर्जयेत् ॥
मौहूर्तंत्वथविश्वमष्टनवमंपंचत्रिरागादिकं
श्रेष्ठंचद्वितियंतुलावृषघटौयुग्मंधनुःकन्यके ॥ १६ ॥

**અર્થઃ**—વિષ્કુંભ અને વ્યતિપાત એ બે યોગ સારા નથી, તેમજ પ્રથમના શ્લોકમાં નિષેધ કરેલા યોગો, અને આ બે યોગો, એ શિવાયના બીજા સર્વ યોગો સારા છે; તેમજ કરણુમાં નાગ, બવ, તૈતલ અને ગિર, એ ચાર કરણુ સારાં છે; પણુ યુગ્મ* તિથિ હોય તેને તજવી. વળીઃ—

દિવસનાં બે ઘડિયોનાં મુહુર્ત્તોમાં તેરમું (૧૩), આઠમું (૮), નવમું (૯), પાંચમું (૫), ત્રીજું (૪), છઠ્ઠું (૬), સાતમું (૭), અને બીજું (૨), એટલાં મુહુર્તો સારાં છે, તેમજ તુળા, વૃષ, કુંભ, મિથુન, ધન, અને કન્યા, એટલાં લગ્નો પણુ સારાં છે. ૧૬

द्व्यंगेवास्थिरभेचसौम्यसहितेलग्नेशुभैर्वीक्षिते
सौम्यैर्वीर्यसमन्वितैश्चदशमैर्निर्माणमाहुर्बुधाः ॥
तैर्वाधीनवकेंद्रगैःसुफलदंपापैस्त्रिषष्ठायगैः
क्रूरोह्यष्टमसंस्थितोपिमरणंकर्त्तुर्विधत्तेतरां ॥ १७ ॥

**અર્થઃ**—દ્વિ સ્વભાવ લગ્ન અથવા સ્થિર લગ્ન, એવાં લગ્ન વિષે સૌમ્યગૃહ પડ્યા હોય અથવા તેવા લગ્ન ઉપર શુભ ગૃહની દૃષ્ટિ હોય, વળી દશમા સ્થાનમાં સૌમ્ય ગૃહ બળવાન હોય તો એવા વખતે ઘરનો પ્રારંભ કરવો, તેમજ પાંચમા ભવનમાં તથા બીજા ભવનમાં અને કેંદ્ર સ્થાનમાં, એટલે ઠેકાણે શુભ ગૃહ બળવાન હોય તો તે સારૂં ફળ આપે માટે તેવા વખતે ઘરનો પ્રારંભ કરવો; ત્રીજા, છઠ્ઠા અને અગિયારમા ભવનમાં પાપગ્રહ હોય તોપણુ તે શુભ ફળ આપે પરંતુ ઘરના પ્રારંભના વખતે ક્રૂર ગ્રહ આઠમા ભવનમાં રહ્યો હોય તો તે ઘરના સ્વામીનું મૃત્યુ કરે. ૧૭

जीवःसौख्यमुपाकरोतिभृगुजोधान्यंश्रियंचंद्रमाः
सूर्योवेश्मपतिंचतुष्टयमिदंनीचास्तगंनिर्बलं ॥

* યુગ્મ એટલે ક્ષય તિથિ હોય અથવા વૃદ્ધિ તિથિ હોય ( એક તિથિમાં બીજી તિથિ મળી હોય તે વૃદ્ધિ તિથિ ) એવી બે તિથિઓ ત્યાગવી કહ્યું છે.

"Aho Shrutgyanam"

जीवेलग्नसमागतेशशिसुतेजामित्रगेर्केरिपौ
शुक्रेऽब्धौसहजेशनौचशरदांगेहंशतंतिष्ठति ॥ १८ ॥

**અર્થ**:—ઘરના પ્રારંભ વખતે ચોથા ઘરનો સ્વામી બૃહસ્પતિ બળવાન હોય તો તે સુખ આપે; ચોથા ઘરનો સ્વામી શુક્ર બળવાન હોય તો તે ધાન્યની વૃદ્ધિ કરે. ચોથા ઘરનો સ્વામી ચંદ્રમા બળવાન હોય તો તે લક્ષ્મીની પ્રાપ્તિ કરાવે; સૂર્ય ચોથા ઘરનો સ્વામી બળવાન હોય તો તે સુખ, ધાન્ય અને લક્ષ્મી, એ ત્રણ આપે; પણ એ ચારે ગ્રહો નીચ સ્થાનમાં હોય અથવા અસ્તના હોય તો તે નિર્બળ જાણવા અથવા બૃહસ્પતિ લગ્નમાં હોય; બુધ સાતમે ભવને હોય, સૂર્ય છઠ્ઠે ભવને હોય, શુક્ર ચોથે ભવને હોય, શનૈશ્ચર ત્રીજે ભવને હોય તો તે ઘર સો ( ૧૦૦ ) વર્ષ સુધી ટકે. ૧૮

## मालिनी.

भृगुसुतइहलग्नेह्यायगेर्केचखेज्ञे
गृहमपिशतमब्दान्स्थायिकेंद्रेसुरेज्ये ॥
द्विगुणमपिचशुक्रेमूर्तिगोविक्रमेर्के
सुरगुरुसुतसंस्थेभूमिपुत्रेचषष्ठे ॥ १९ ॥

**અર્થ**:—લગ્ન વિષે શુક્ર હોય, અગિયારમા ભવનમાં સૂર્ય હોય, દશમા ભવનમાં બુધ હોય, કેંદ્રસ્થાનમાં બૃહસ્પતિ હોય તો તે ઘર સો (૧૦૦) વર્ષ સુધી ટકે; અને લગ્નને વિષે તો શુક્રજ હોય પણ, જો સૂર્ય પરાક્રમ[1] ભવનમાં હોય, પાંચમા ભવનમાં બૃહસ્પતિ હોય અને મંગળ છઠ્ઠા ભવનમાં હોય તો તે ઘર બસો વર્ષ ( ૨૦૦ ) સુધી રહે. ૧૯

## उपजाति.

प्रारंभकालेयदिमंदभौमौ । लाभाश्रितौदेवगुरुश्चतुर्थे ॥
चंद्रोंबरेचेच्छरदामशीतिः । स्थितिर्नियुक्ताभवनस्यसद्भिः ॥२० ॥

**અર્થ**:—ઘરનો આરંભ કરતી વખતે શનૈશ્ચર અને મંગળ, એ બે અગિયારમા ભવનમાં હોય; બૃહસ્પતિ ચોથા ભવનમાં હોય અને ચંદ્રમા દશમા ભવનમાં હોય, એવા વખતમાં પ્રારંભ કરેલું ઘર એંશી વર્ષ ( ૮૦ ) સુધી ટકે. ૨૦

---

૧ પરાક્રમ એટલે ત્રીજું ભવન થાય છે.

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

लग्नंकर्कटमाश्रितेहिमकरेदेवार्चितेकेंद्रगे
लक्ष्मीवद्भवनंखगैश्चसुहृदःस्वांशोच्चसंस्थैस्तथा ॥
नीचांशैरपिनिर्धनंतुखचरोह्येकःपरांशस्थितः
जामित्रेदशमेब्दमध्यतइदंगेहंपरैर्नीयते ॥ २१ ॥

અર્થઃ—કર્ક લગ્નમાં ચંદ્રમા હોય; કેંદ્ર સ્થાનમાં બૃહસ્પતિ હોય; મિત્રના સ્થાનમાં ગ્રહ હોય તે વખતે ઘરનો પ્રારંભ થાય તો તે ઘર લક્ષ્મીવાન્ થાય; પણ નીચ અંશના ગ્રહ હોય તેવા વખતમાં પ્રારંભ કરેલા ઘરમાં નિર્ધનપણું રહે અને એક પણ ગ્રહ શત્રુના ઘરમાં સાતમા અથવા દશમા ભવનમાં હોય એવા વખતમાં પ્રારંભ કરેલું ઘર એક વર્ષની અંદરમાં તે ઘર શત્રુના સ્વાધીનમાં થાય. ૨૧

## उपजाति.

भृगुर्विलग्नेयादिमीनसंस्थः । कर्केगुरुस्तुर्यगृहंगतश्चेत् ॥
शनिस्तथैकादशगस्तुलायां । गेहंचिरंश्रीसहितंतदास्यात्॥२२॥

અર્થઃ—મીન રાશિના લગ્નમાં શુક્ર હોય તે વખતે પ્રારંભ કરેલું ઘર લક્ષ્મી સહિત ઘણા દિવસ સુધી ટકે; કર્કનો બૃહસ્પતિ ચોથા ભવનમાં હોય તે વખત પ્રારંભ કરેલું ઘર પણ લક્ષ્મી સહિત ઘણા દિવસ સુધી ટકે, અને શનૈશ્ચર તુળાનો અગિયારમા ભવનમાં હોય એવા વખતમાં પ્રારંભ કરેલું ઘર પણ લક્ષ્મી સહિત ઘણા દિવસ સુધી ટકે. ૨૨

गृहप्रवेशोमृगमैत्रपुष्ये । चित्राधनिष्ठोत्तरवारुणर्क्षे ॥
स्वात्याश्विनीपूषभरोहिणीषु । शुभोथरिक्तारविभूमिजेनो ॥ २३ ॥

અર્થઃ—મૃગશીર્ષ, અનુરાધા, પુષ્ય, ચિત્રા, ધનિષ્ઠા, ત્રણ ઉત્તરા, શતભિષા, સ્વાતી, અશ્વિની, રેવતી અને રોહિણી. એટલાં નક્ષત્રોમાં ઘરમાં પ્રવેશ કરવો એ સારું છે. પણ રિક્તા તિથિ, રવિવાર અને મંગળવાર, એટલા દિવસમાં ઘરમાં પ્રવેશ કરવો એ સારું નથી. ૨૩

"Aho Shrutgyanam"

## मालिनी.

अजवृषमृगकन्याःकर्कमीनौतुलार्का
द्विहितमिहसमुच्चंसप्तमंनीचमस्मात् ॥
क्रथमृगधृटकर्काद्यानवांशाअजादेः
चरलवमपिलग्नंवर्जनीयंप्रवेशे ॥ २४ ॥

**અર્થઃ**—મેષનો સૂર્ય ઉચ્ચસ્થાનનો, વૃષનો ચંદ્રમા ઉચ્ચસ્થાનનો, મકરનો મંગળ ઉચ્ચસ્થાનનો, કન્યાનો બુધ ઉચ્ચસ્થાનનો, કર્કનો બૃહસ્પતિ ઉચ્ચસ્થાનનો, મીનનો શુક્ર ઉચ્ચસ્થાનનો, અને તુળાનો શનૈશ્ચર ઉચ્ચસ્થાનનો, એ રીતે ઉચ્ચસ્થાનના જાણવા.

ઉપર કહેલી રાશિઓથી સાતમી રાશિ નીચ સ્થાન જાણવું, જેમકે—સૂર્ય તુળાનો નીચ સ્થાનનો, ચંદ્રમા વૃશ્ચિકનો નીચ સ્થાનનો, મંગળ કર્કનો નીચ સ્થાનનો, બુધ મીનનો નીચ સ્થાનનો, ગુરુ મકરનો નીચ સ્થાનનો, શુક્ર કન્યાનો નીચ સ્થાનનો અને શનૈશ્ચર મેષનો નીચ સ્થાનનો, એટલા નીચ સ્થાનના જાણવા.

મેષલગ્ન, સિંહલગ્ન અને ધનલગ્ન, એ ત્રણ નવમાંશ મેષાદિથી ગણવા વૃષ, કન્યા અને મકર, એ ત્રણના નવમાંશ મકરથી ગણવા; મિથુન, તૂળા અને કુંભ, એ ત્રણના નવમાંશ તુળાદિથી ગણવા; કર્ક, વૃશ્ચિક અને મીન એ ત્રણના નવમાંશ કર્કાદિથી ગણવા.

એ રીતે બતાવેલા લગ્નોના નવમાંશોમાંથી—ચર નવમાંશ અને ચર લગ્ન, એ બેને ઘરમાં પ્રવેશ કરતી વખતે ત્યાગવાં. ૨૪

मूर्त्तौतथैवोपचयेस्वराशि, लग्नंयदास्यात्सुखकृत्प्रवेशः ॥
द्विवेदपंचास्तनवाष्टमांत्ये, राशिस्वलग्नंचविनाशहेतुः ॥ २५ ॥

**અર્થ**—પહેલું ભવન, ત્રીજું ભવન, છઠું ભવન, દશમું ભવન અને અગિયારમું ભવન. એટલાં ભવનોમાં કોઈ પણ ભવનની રાશિ અને ઘરની રાશિ, એ બન્ને એક રાશિ હોય તે વખત ઘરમાં પ્રવેશ કરે તો તે સુખકારી જાણવું, પરંતુ બીજું, ચોથું, પાંચમું, સાતમું, આઠમું, નવમું અને બારમું ભવન;

"Aho Shrutgyanam"

એટલા ભવનોમાંથી કોઈ પણ ભવનની રાશિ અને ઘરની રાશિ, એ બન્નેની એક રાશિ હોય તેવા વખતમાં ઘર વિષે પ્રવેશ કરે તો તે પ્રવેશ કરનાર ઘરધણીનો નાશ થાય. ૨૫

**त्रिकोणकेंद्रेषुशुभायसौम्याः । केंद्राष्टमांत्येनविनाचपापाः ॥**
**भवंतिशस्तास्त्रिषडायगाश्च । चंद्रेऽनुकूलेस्थिरभेप्रवेशः ॥ २६ ॥**

**અર્થઃ**—ત્રિકોણ વિષે તથા કેંદ્ર વિષે સૌમ્ય ગ્રહ હોય તો તે શુભ છે; કેંદ્ર ભવન, આઠમું ભવન અને બારમું ભવન; એટલાં સ્થાનો મુકીને બીજા ઠેકાણે પાપ ગ્રહ હોય તો તે સારા છે અને તે શુભ ફળ આપે; ત્રીજા, છઠ્ઠા અને અગિયારમા ભવનમાં શુભ ગ્રહો હોય તો તે પણ શુભ ફળ આપે, તેમજ ચંદ્રમા અનુકૂળ હોય અને નક્ષત્ર સ્થિર હોય, એટલા યોગોમાં ઘરને વિષે પ્રવેશ કરવો. ૨૬

**गृहप्रवेशंगमनंनकुर्याच्छुक्रेबुधेदक्षिणसन्मुखस्थे ॥**
**नवोढकन्यैकपुरेभयादौनदोषदौदक्षिणसन्मुखस्थौ ॥ २७ ॥**

**અર્થઃ**—શુક્ર અને બુધ એ બે જમણા હોય અથવા સન્મુખ હોય તો તેવા વખતમાં ગૃહપ્રવેશ કરવો નહિ, તેમજ પ્રયાણ પણ કરવું નહિ; વળી—શુક્ર અને બુધ એ બે જમણા હોય અથવા સન્મુખ હોય તેવા વખતમાં નવોઢા કન્યાને બીજે ગામ સાસરૂં હોય તો તેને ત્યાં વોળાવવી નહિ, પણ એક ગામમાં અથવા એક નગરમાં પરણેલી હોય તો તેવો વખત છતાં વોળાવવાનો દોષ નથી, તેમજ ભયના વખતમાં બુધ અને શુક્ર ગમે તો જમણા હોય અથવા સન્મુખ હોય તોપણ તેવા વખતમાં ( ભયના વખતમાં ) ઘર પ્રવેશ, પ્રયાણ અને કન્યાને ગમે તો અન્યગામ હોય તોપણ વોળાવવાનો કાંઇ દોષ નથી. ૨૭

## शार्दूलविक्रीडित.

**पूज्यासौकुलदेवतागणपतिःक्षेत्राधिनाथास्तथा**
**वास्तुर्दिक्पतयःप्रवेशसमयेप्रारंभणेधीमता ॥**
**आचार्यद्विजशिल्पिनश्चविधिवत्संतोषयेच्छिल्पिनं**
**वस्त्रालंकरणैर्गृहंप्रविशतःसौख्यंभवेत्सर्वदा ॥ २८ ॥**

**અર્થઃ**—ઘરને વિષે પ્રવેશ કરતી વખતે અને ઘરના પ્રારંભ વખતે બુદ્ધિમાન પુરૂષે કુળદેવતા, ગણપતિ, ક્ષેત્રના સ્વામિઓ, વાસ્તુદેવતા અને

"Aho Shrutgyanam"

દિક્પાળો, એટલા દેવતાઓને પૂજવા; આચાર્ય, બ્રાહ્મણ અને શિલ્પિ, એ-ઓને વિધિ સહિત સંતોષવા; તેમજ શિલ્પિને વસ્ત્ર અને અલંકાર આપવા, એ રીતે કરવાથી ઘરમાં પ્રવેશ કરનાર માણસને નિરંતર સુખ પ્રાપ્ત થાય છે. ૨૮

तन्वंग्याकरपीडनेमृगमघामूलंतथैवोत्तरा
हस्तस्वात्यऽनुराधिकाश्चसुखदाःपौष्णंतथारोहिणी ॥
यस्याश्चारुमुखंनितंबजघनेस्थूलेकूचौश्रीफलैः
तुल्यौक्षामकटिर्विशालनयनेताम्रोधरःसत्कचाः ॥ २९ ॥

**અર્થઃ**—કન્યાના લગ્ન વિષે મૃગશીર્ષ, મઘા, મૂળ, ત્રણ ઉત્તરા, હસ્ત, સ્વાતી, અનુરાધા, રેવતી અને રોહિણી, એટલાં નક્ષત્રો સુખકારી છે, પણ કેવી સ્ત્રી સાથે લગ્ન કરવું ? તે કહે છે.

જેનું અંગ સુકોમળ હોય; સુંદર મુખ હોય; [1]નિતંબ અને [2]જઘન એ બે [3]સ્થૂળ હોય અને જેનાં સ્તન [4]શ્રીફળ જેવાં હોય, [5]કટિ દુર્બળ હોય, વિશાળ (મોટાં) જેનાં નેત્રો હોય; [6]અધર લાલ હોય અને જેના કેશ સુંદર હોય એવી સ્ત્રી સાથે લગ્ન કરવું. ૨૯

शुक्रेज्येस्तगतेमुकुंदशयनेसूर्येधनुर्मीनगे
भद्रायांयममृत्युवेधसहितंगोधूलिकंवर्जयेत् ॥
युक्तंपंचविशोपकैर्विधुबलंशस्तंविवाहस्यमे
दोषाणांशमनंविलोक्यमुनिनासंध्यागमेनिर्मितं ॥ ३० ॥

**અર્થઃ**—શુક્ર અથવા બૃહસ્પતિ અસ્ત હોય; વિષ્ણુએ શયન કર્યું હોય; સૂર્ય ધનનો અથવા મીનનો હોય; ભદ્રા હોય તે વખતે; યમઘંટ હોય; મૃત્યુ-યોગ હોય; વેધ હોય. એટલાં કારણોમાંથી કોઈ પણ કારણ હોય તેવા વખ-તમાં *ગોધૂળિક લગ્ન કરવું નહિ, પણ પાંચ વિશ્વાનું લગ્ન હોય; ચંદ્રમાનું બળ હોય, અને વિવાહનું નક્ષત્ર હોય તે દિવસે ઉપર બતાવેલા દોષો શિવાય બીજા દોષોને શાંતિ કરનાર ગોધૂળિક લગ્ન કરવું એમ મુનીશ્વરે કહ્યું છે. ૩૦

૧ કમ્મરનો પાછલો ભાગ. ૨ પેડુ. ૩ મોટા અથવા ભારે હોય. ૪ બીલીનું ફળ=બીલું. ૫ કમ્મર પાતળી હોય તે. ૬ હોઠ.

* વગડામાંથી આવતી ગાયોના પગવડે સંધ્યાકાળે રજ ઉડે છે તેનું નામ ગોધૂળિક છે માટે તે વખત લગ્ન કરવું.

"Aho Shrutgyanam"

गोधूलेष्टमषष्टमूर्तिषुविधुर्लग्नेष्टमेस्तेकुजः
चान्यक्रांतिसमानमेवकुलिकंमृत्योर्भयाद्वर्जयेत् ॥
ऐंद्रार्द्धेप्रथमंध्रुवस्यचपरंक्रांत्योस्तुसाम्यंभवेत्
भानोर्बिंबसमन्वितंसुखकरंमंदेथजीवेतथा ॥ ३१ ॥

**અર્થઃ**—ગોધૂળિક લગ્નમાં આઠમા, છઠ્ઠા અને લગ્ન, એટલાં સ્થાનકોમાં જો ચંદ્ર હોય નહિ, તેમજ લગ્નમાં આઠમામાં અને સાતમામાં, એટલાં સ્થાનકોમાં જો મંગળ હોય નહિ, તેમજ ક્રાંતિસામ્ય હોય નહિ,તેમજ કુળીક (યોગ) હોય નહિ તો એવા વખતમાં ગોધૂળિક લગ્ન કરવું કહ્યું છે; પણ ઉપર જે બતાવેલાં છે તેમાં લગ્ન કરે તો મૃત્યુનો ભય થાય. વળી ઇંદ્રયોગનું પ્રથમ અર્ધ તજવું, ધ્રુવયોગનું ઉત્તર અર્ધ (છેલ્લું) તજવું, અને ગોધૂળિક લગ્ન સૂર્યના અસ્ત વખત એટલે પશ્ચિમ તરફ સૂર્યનું બિંબ દેખાતું હોય એવા વખતે; શનૈશ્ચર અને ગુરુવારના દિવસે ગોધૂળિક લગ્ન કરવું. ૩૧

मासेजन्मतिथौतथैवजनिभेज्येष्ठेनज्येष्ठोत्सवेः
षण्मासान्नविवाहमुंडनविधिर्भ्रात्रोःसहोदर्ययोः ॥
षष्ठेवात्रितयेतथैवनवमेलग्नान्नकार्यंदिने
वेदीवर्णयवारकादिमकलंपाणिग्रहात्पूर्वतः ॥ ३२ ॥

**અર્થઃ**—જન્મના માસ વિષે, જન્મની તિથિ વિષે અને જન્મના નક્ષત્રમાં લગ્ન કરવું નહિ. વળી પહેલા પુત્રનું લગ્ન જ્યેષ્ઠ માસમાં કરવું નહિ, તેમજ સહોદરનું (સગા ભાઈનું) એકનું લગ્ન થયા પછી છ માસમાં બીજાનું લગ્ન કરવું નહિ, તથા એકનું મુંડન કરાવ્યા પછી છ માસમાં બીજાનું મુંડન પણ કરાવવું નહિ (બાળવાળ ઉતરાવવા નહિ); લગ્નના દિવસથી છ દિવસ પહેલાં, ત્રણ દિવસ પહેલાં અને નવ દિવસ પહેલાં વેદી, ચિત્ર અને ઝવેરા વગેરે કાર્યો કરવાં નહિ. (પાંચ દિવસ, ચાર દિવસ, સાત દિવસ, આઠ દિવસ અને બે દિવસ પહેલાં તે કામો કરવાં. ) ૩૨

**इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते दिनशुद्धि गृहनिवेश विवाहमुहूर्तलक्षणो नाम एकादशोऽध्यायः ॥ ११ ॥**

"Aho Shrutgyanam"

## ॥ राजवल्लभ ॥

### अध्याय १२ मो.

**शार्दूलविक्रीडित.**

प्राक्पक्षेधवलेशशीयादिशुभःपुंसांसपक्षःशुभः
कृष्णेचेदशुभस्तदाशुभकरोव्यत्यासतोनिःफलः ॥
तारावीर्यवशाच्छशीविधुबलादिष्टोरवेःसंक्रमः
शस्ताभानुबलाद्भवंतिखचरादुष्टाःस्थितागोचरे ॥ १ ॥

**અર્થઃ**—શુક્લ પક્ષના પ્રથમ દિવસે પુરુષને ચંદ્રમા શુભ હોય તો તે આખું અજવાળિયું પક્ષ શુભકારી જાણવું. કૃષ્ણપક્ષના પ્રથમ દિવસે પુરુષને ચંદ્રમા નિર્બળ હોય, તોપણ તારા સારી હોય તો; તે તારાના બળથી કૃષ્ણપક્ષમાં પણ પુરુષને શુભકારી થાય; અને જો એ બતાવેલી રીતિથી વિપરીત હોય તો નિષ્ફળ જાણવું. જેમકે, શુક્લપક્ષના પ્રથમ દિવસે ચંદ્રમા નિર્બળ હોય પણ તારા બળવાન હોય; કૃષ્ણપક્ષના પ્રથમ દિવસે ચંદ્રમા બળવાન હોય; અને તારા નિર્બળ હોય તો તે નિષ્ફળ જાણવું, તેમજ સૂર્ય જે દિવસે રાશિ બદલે તે દિવસે ચંદ્રમા બળવાન હોય તો તે સારો છે; મંગળ વગેરે દુષ્ટ ગ્રહો છે તેનો રાશિ બદલો થતો હોય તે દિવસે સૂર્ય બળવાન હોય તો સારો છે. ૧

**उपजाति.**

सर्वेग्रहालाभगताःशुभाःस्युः । त्रिषट्दशार्कस्तुतथैवराहुः ॥
शनिस्त्रिषष्टःशुभकृन्महीनः । शुभाग्रहागोचरगाःस्वराशेः ॥ २ ॥

**અર્થઃ**—સર્વ ગ્રહો અગિયારમી રાશિના હોય તો તે શુભ જાણવા; ત્રીજો, છઠ્ઠો અને દશમો સૂર્ય હોય તો તે પણ શુભ જાણવો; ત્રીજો, છઠ્ઠો અને દશમો રાહુ હોય તો તે પણ શુભ જાણવો; ત્રીજો ને છઠ્ઠો શનૈશ્ચર હોય તો તે પણ શુભ જાણવો; ત્રીજો અને છઠ્ઠો મંગળ હોય તો તે પણ શુભ જાણવો. હવે એ ગ્રહ ગણવાની રીત એવી છે કે ઉપર કહેલા ગ્રહો પોતાની રાશિથકી જે રાશિ ઉપર ચાલતા હોય ત્યાં સુધી ગણવાનું કહ્યું છે. ૨

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

चंद्रःषट्त्रिदशाद्यसप्तमशुभःशुक्लेंकपंचाश्विगः
ज्ञोयुग्मेंत्यविवर्जितेसुरगुरुर्द्वमांस्तधीयुग्मगः ॥
शुक्रोस्तारिखवर्जितोथसकलेचंद्रःसदालोक्यते
होरासार्द्धघटीद्वयंनिजदिनात्षष्ठीचषष्ठीभवेत् ॥ ३ ॥

**અર્થ**:—છઠ્ઠો, ત્રીજો, દશમો, પહેલો અને સાતમો, એટલા ચંદ્રમા હોય તો તે શુભ છે; શુકલપક્ષ વિષે નવમો, બીજો અને પાંચમો એટલા ચંદ્રમા હોય તો તે પણ શુભ છે; બારમી રાશિને ત્યાગી સમ રાશિમાં રહેલો બુધ ( બીજી, ચોથી, છઠ્ઠી, આઠમી, અને દશમી. ) શુભ જાણવો; નવમો, સાતમો, પાંચમો અને બીજો એટલા બૃહસ્પતિ શુભ જાણવા; સાતમી અને છઠ્ઠી રાશિ ત્યાગી બીજી સર્વ રાશિઓમાં શુક્ર શુભ જાણવો, પણ ચંદ્રમાને તો સર્વ કાર્યમાં અવશ્ય જોવો. હોરા અઢી ઘડીની જાણવી. તે હોરા પહેલી હોરાથી અનુક્રમે ગણવી હોય તો પોતાના વારથી છઠ્ઠાવારની લેવી. ૩

## उपजाति.

षट्विंशतिर्द्वादशाभिःपलैश्च । दिनप्रमाणंमकरेऽन्हिपूर्वे ॥
त्रिंशत्तुलामेषदिनेचपूर्वे । मृगेदिनंकर्कटरात्रिमानं ॥ ४ ॥

**અર્થ**:—મકરસંક્રાંતિના પ્રથમ દિવસે ( ૨૬ ) છવ્વીસ ઘડી અને ( ૧૨ ) બાર પળ સુધી દિવસનું માન જાણવું; તુળા સંક્રાંતિ અને મેષ સંક્રાંતિના પ્રથમ દિવસે ( ૩૦ ) ત્રીસ ઘડીનો દિવસ જાણવો અને મકર સંક્રાંતિમાં દિવસનું જે માન કહ્યું છે તેટલુંજ કર્ક સંક્રાંતિના પહેલા દિવસની રાત્રિનું માન સમજવું. ૪

## वसन्ततिलका.

पंचांशयुक्तपलमेवमृगेचयुग्मे । मेषेझषेत्वनुदिनंत्रिपलंचसार्धं ॥
अष्टाक्षरेणरहितंत्रिपलंघटाद्गो।वृद्धिक्षयौमकरकर्कटतोदिनादेः ॥ ५ ॥

**અર્થ**—મકર અને મિથુન, એ બે સંક્રાંતિઓમાં પ્રતિદિવસે પાંચ અંશ સાથે એક પળ પ્રમાણે દિવસની વૃદ્ધિ થાય; મેષ અને મીન, એ બે સંક્રાં-

"Aho Shrutgyanam"

તિઓમાં પ્રતિદિવસે સાડીત્રણ પળ દિવસ વૃદ્ધિ પામે; કુંભ અને વૃષ, એ બે સંક્રાંતિઓમાં પ્રતિદિવસે અષ્ટાંશ હીન ત્રણ પળ દિવસ વૃદ્ધિ પામે (એક પળનો અષ્ટમાંશ ઓછો કરતાં બે પળ અને બાવન અંશ વૃદ્ધિ પામે). એ રીતે મકર સંક્રાંતિથી દિવસની વૃદ્ધિ થાય અને કર્ક સંક્રાંતિથી દિવસની હાનિ અર્થાત્ દિવસ નાનો થાય. ૫.

## इंद्रवज्रा.

सिंहालिराशौमृगकुंभवत्स्यात्कन्यातुलायांझषमेषतुल्याः ॥
कोदंडकर्कैमृगयुग्ममानातावत्पलैर्हानिरथोपदिष्टा ॥ ६ ॥

**અર્થઃ**—મકર સંક્રાંતિમાં દિવસ જેટલો વૃદ્ધિ પામે છે તેટલોજ સિંહ સંક્રાંતિમાં ક્ષય પામે છે; કુંભ સંક્રાંતિમાં દિવસ જેટલો વૃદ્ધિ પામે છે તેટલોજ વૃશ્ચિક સંક્રાંતિમાં ક્ષય પામે છે; મીન સંક્રાંતિમાં દિવસ જેટલો વૃદ્ધિ પામે છે તેટલોજ કન્યા સંક્રાંતિમાં ક્ષય પામે છે; મેષ સંક્રાંતિમાં દિવસ જેટલો વૃદ્ધિ પામે છે તેટલોજ તુળા સંક્રાંતિમાં દિવસ ક્ષય પામે છે; મકર સંક્રાંતિમાં દિવસ એટલો વૃદ્ધિ પામે છે તેટલોજ ધન સંક્રાંતિમાં દિવસ ક્ષય પામે છે અને મિથુન સંક્રાંતિમાં દિવસ જેટલો વૃદ્ધિ પામે છે તેટલોજ કર્ક સંક્રાંતિમાં દિવસ ક્ષય પામે છે. ૬

## शार्दूलविक्रीडित.

मेषादेस्त्रिकरेंदुखेंदुनयनंरामाब्धिपंचत्तवः
पंचाब्धिकमतोंगुलैश्चसमतामाध्योऽन्हिकीस्यात्प्रभा ॥
छायासप्तमितस्यसप्तसहिताशकोश्चमध्योज्झिता
तैस्तत्सप्तगुणंभजेद्दिनदलंयाताःस्थितानाडिकाः ॥ ७ ॥

**અર્થઃ**—દિવસનું પ્રમાણ જોવા માટે ઉંચી નીચી ન હોય એવી સરખા મથાળા વાળી પૃથ્વીપર સાત આંગુળનો શંકુ સ્થાપન કરી શંકુની છાયા પડે તે આંગુળો વડે માપી લેતાં જેટલા આંગુળો થાય તેટલામાં (૭) સાત ઉમેરતાં જેટલો અંક થાય તે અંકનો મધ્ય અંક અથવા ધ્રુવાંકને હીન કરવા, એ ધ્રુવાંકની એવી રીત છે;—

મેષ સંક્રાંતિના (૩) ત્રણ ધ્રુવાંક; વૃષ સંક્રાંતિના (૨) બે; મિથુનના (૩) ત્રણ; કર્કની (૦) શુન્ય; સિંહનો (૧) એક; કન્યાના (૨) બે; તુળાના ૩

વૃશ્ચિકના (૪) ચાર; ધનના ( ૫ ) પાંચ; મકરના (૬) છ; કુંભના (૫) પાંચ; અને મીન સંક્રાંતિના (૪) ચાર ધ્રુવાંકો હોય છે.

એ પ્રમાણે અનુક્રમે કહેલા ધ્રુવાંકોની રીતે દરેક સંક્રાંતિમાં ઉપર બતાવેલા અંકમાંથી જે સંક્રાંતિ ચાલતી હોય તે સંક્રાંતિના ધ્રુવાંક ઓછા કરવા અને ત્યારપછી ચાલતી સંક્રાંતિના દિવસનો જેટલો દિનમાન હોય તેટલા દિનમાનનું અર્ધ કરતાં જે થાય તે અર્ધને સાતગુણા કરી તેનો જે અંક થાય તે અંકને શંકુની છાયાનો જેટલો અંક થયો હોય તેટલા અંકવડે ભાગતાં ( સંક્રાંતિના દિનમાનનું અર્ધ કરી, અર્ધને સાતગુણા કરતાં જે આંકડો થાય તે આંકડાને શંકુની છાયાના માપના આંકડાથી ભાગવો) લબ્ધાંક જે આંકડો આવે તે પૂર્વ દિવસની ગએલી ઘડી સમજવી, અર્થાત્ દિવસ ઉદય થઇ ચઢેલા દિવસની ગયેલી ઘડી સમજવી; અને જો પાછલા પહોર વખતે શંકુની છાયા ભરી હોય તે છાયાના આંક સાથે સાતગુણા આંકડાને ભાગવામાં આવે તો તે ભાગતાં લબ્ધાંક જે આવે તે પાછલા પહોરના રહેલા દિવસની ઘડી સમજવી. ૭

**भानोर्दक्षिणनाडिकाशशिवहावामासुषुम्णातयोः**
**प्राक्कृष्णेरविरिंदुरेवधवलेपक्षेत्र्यहंचत्र्यहं ॥**
**शांतेकर्मणिचंद्रमादिनपतिःप्रोक्तोभयेभोजने**
**पूर्णांगेयादिपृच्छकस्तदखिलंकार्यंव्रजेत्सिद्धये ॥ ८ ॥**

**અર્થઃ**—નાસિકાની જમણી નાડી વહેતી હોય તો તે [૧]સૂર્યની નાડી સમજવી; ડાબી ચાલતી હોય તો તે ચંદ્રની નાડી જાણવી અને એ બન્ને નાડિઓ વચ્ચે ચાલતી હોય તો તે "સુષુમ્ણા" નાડી સમજવી. કૃષ્ણપક્ષમાં સૂર્યોદય થતે પ્રથમ સૂર્યની નાડીનો ઉદય હોય અને શુકલપક્ષમાં સૂર્યોદય થતે પ્રથમ ચંદ્રની નાડીનો ઉદય હોય તો તેનો અનુક્રમ એવો છે કે—

શુકલપક્ષમાં લાગલગી ત્રણ દિવસ સુધી સૂર્યોદય થતી વખતે ચંદ્રની નાડી ચાલે અને તે પછી ત્રણ દિવસ સુધી લાગલગી સૂર્યોદય થતી વખતે સૂર્યની નાડી ચાલે. એ રીતે ત્રણ દિવસનો અનુક્રમ છે. તે અનુક્રમ એક એક

---

૧ નાકનાં બે છિદ્રો છે તેમાંથી જમણી તરફના એક છિદ્રમાંથી વાયુ નીકળતો હોય અને બીજું ડાબી તરફનું છિદ્ર બંધ હોય તો તે સૂર્યનું ઘર જાણવું, અને જમણી તરફનું છિદ્ર બંધ હોય ને ડાબી તરફના છિદ્રમાંથી પવન ચાલતો હોય તો તે ચંદ્રનું ઘર ચાલે છે એમ સમજવું; પણ, નાસિકાનાં બન્ને છિદ્રોમાંથી એકસરખો વાયુ વેહેતો હોય તો તે "સુષુમ્ણા" છે એમ સમજવું.

"Aho Shrutgyanam"

પક્ષ સુધીનો જાણવો, અને તેજ રીતે કૃષ્ણપક્ષમાં સૂર્યોદય થતી વખત ત્રણ દિવસ સુધી સૂર્યની નાડી ચાલે અને તે પછી ત્રણ દિવસ સુધી ચંદ્રની નાડી ચાલે. એ રીતે કૃષ્ણપક્ષનો અનુક્રમ એક પક્ષનો જાણવો.

શાંત કર્મ કરવાના કામમાં ચંદ્રની નાડી સારી છે; ભોજન અને ભય વિષે સૂર્યની સારી છે પણ તેમાં એવો ભેદ છે કે, સ્વરોદય જાણનારની જે તરફની નાડી ચાલતી હોય તે તરફ બેસી કોઈ પ્રશ્ન કરે તો જે કાર્યનું પ્રશ્ન કરેલું હોય તે કાર્યની સિદ્ધિ, એમ સ્વરોદય જાણનાર પુરુષે કહેવું. ૮

**भानुश्चंद्रसमोदयेदिनकरेचंद्रस्तदोद्वेगता**
**दूतःसन्मुखउर्ध्वगोहिमकरेपृष्ठेह्यधोभानुगः**
**सूर्येचेद्विषमःसमश्चहिमगौप्रश्नस्तदासिद्धये**
**मध्येभूरधआपउर्ध्वमनलस्तिर्यङ्मुरुद्दुष्टदः ॥ ९ ॥**

**અર્થઃ**—ચંદ્રની નાડીના ઉદય વખતે સૂર્યની નાડીનો ઉદય થાય અને સૂર્યની નાડીના ઉદય વખતે ચંદ્રની નાડીનો ઉદય થાય તો તેથી ઉદ્વેગ થાય; પ્રશ્ન પૂછવા આવનાર કોઈ દૂત સ્વરોદય જાણનારના સામેથી આવી પૂછે અથવા ઉંચા સ્થળ ઉપર રહી પૂછે તે વખત ચંદ્રની નાડી ચાલતી હોય તો કાર્યની સિદ્ધિ થશે એમ જાણવું; સ્વરોદય જાણનારની પાછળથી આવી પૂછે અથવા નીચી જગો ઉપર રહી પૂછે તે વખત સૂર્યની નાડી ચાલતી હોય તો પણ કાર્યની સિદ્ધિ થશે એમ જાણવું.

જે વખત સૂર્યની નાડી ચાલતી હોય તે વખત પ્રશ્ન પૂછનારે કરેલા પ્રશ્નના અક્ષરો ગણતાં વિષમ ( એકી ) અક્ષરો થાય તો કાર્યની સિદ્ધિ જાણવી, તથા ચંદ્રની નાડી ચાલતી હોય તે વખત પ્રશ્ન પૂછનારે અક્ષરો ગણતાં સમ (બેકી) અક્ષરો થાય તોપણ કાર્યસિદ્ધિ થશે એમ જાણવું.

ઉપર બતાવેલા સ્વરમાં ચાલતાં તત્વ ઓળખવાની રીત એવી છે કે, સ્વરનો વાયુ મધ્યમ ભાગે ચાલતો હોય તો તેને પૃથ્વીતત્વ જાણવું; સ્વરનો વાયુ નીચે સ્વરે ચાલતો હોય તેને જળતત્વ જાણવું; સ્વરનો વાયુ ઉંચો ચાલતો હોય તો તેને અગ્નિતત્વ જાણવું, અને સ્વરનો વાયુ તિરછો અથવા ત્રાંસો ચાલતો હોય તો તેને વાયુતત્વ જાણવું, એ વાયુતત્વનું ફળ દુષ્ટ છે એમ જાણવું. ૯

## उपजाति.

**नभोवहेत्संक्रमणेऽतिदुष्टः । शून्येकृतोम्टत्युमुखेतिशत्रुः ॥**
**श्वासप्रवेशेसकलार्थसिद्धिर्वहन्यदग्रेजळभूमितत्वे ॥ १० ॥**

"Aho Shrutgyanam"

**અર્થઃ**—આકાશતત્વ ચાલતું હોય તે વખત કોઈ પ્રશ્ન પૂછે તો તેનું દુષ્ટ ફળ જાણવું; જે તરફની નાડી ચાલતી હોય તે તરફથી આવી જે તરફની નાડી બંધ હોય તે તરફ રહી કોઈ પ્રશ્ન કરે તો તેનું ફળ એવું છે કે, જેને માટે પ્રશ્ન કરવામાં આવ્યું હોય તેને માથે શત્રુઓ ઘણા છે તેથી તે મૃત્યુના મુખમાં પડેલો છે એમ સ્વરોદય જાણનારે પ્રશ્ન પૂછનારને કહેવું; જે વખત કોઇએ પ્રશ્ન કર્યું તે વખત શ્વાસનો પ્રવેશ અથવા શ્વાસ પુરક થતો હોય અર્થાત્ શ્વાસ પાછો બેસતો હોય તેવો વખત હોય તો પ્રશ્ન કરનારને કહેવું કે, સર્વ કાર્યની સિદ્ધિ થશે અને તેવા વખતમાં જળતત્વમાં કે પછી પૃથ્વીતત્વમાં વાયુ ચાલતો હોય તોપણ કાર્યની સિદ્ધિ થશે એમ સ્વરોદય જાણનારે પ્રશ્ન પૂછનારને કહેવું. ૧૦

---

# अथ बालादिपंचस्वरविचार.

**उर्ध्वाधोरेखारससंख्या, भिन्नाएकादशभिस्तिर्यक् ॥**
**अ,क,छ,ड,ध,भ,वा.वर्णानंदा, भौमार्कौरेवत्यामुनयः ॥ ११ ॥**

**અર્થઃ**—સ્વરોદયના શકુન જોવામાટે યંત્ર કરવો. તેમાં પ્રથમ ઉભી ( ૬ ) છ લીટી અથવા રેખાઓ કરી તેમાં ( ૧૧ ) અગિયાર આડી રેખાઓ કરવી. અને તે રેખાઓ કરવેથી પડેલાં કોષ્ટકો ( કોઠાઓ ) વિષે અક્ષરો ભરવા, તે એવી રીતે કે—

પ્રથમના કોષ્ટકમાં 'અ', બીજામાં 'ક', ત્રીજામાં 'છ', ચોથામાં 'ડ', પાંચમામાં 'ધ', છઠ્ઠામાં 'ભ' અને સાતમામાં 'વ' ભરવો, અને તે પછીના કોઠામાં (૩) ત્રણ નંદા તિથિઓ ભરવી; તે પછીના કોઠામાં મંગળ અને રવિ, એ બે વારો ભરવા; એ વારોવાળા કોઠાથી આગળ એટલે છેલ્લા કોઠામાં રેવત્યાદિ (૭) સાત નક્ષત્રો ભરવાં. ૧૧ (હવે કોઠાની બીજી પંક્તિ ભરવી તેની રીત)

**ई,ख,ज,ढ,न,म,शा, भद्रातिथय, श्चंद्रज्ञौचपुनर्वसुपंच ॥**
**उ,ग,झ,त,प,य,षा,जयागुरु,उत्तरफापंचकंक्रमेण ॥ १२ ॥**

**અર્થઃ**—કોઠાઓની બીજી પંક્તિના પ્રથમ કોઠામાં 'ઇ', બીજા કોઠામાં 'ખ, ત્રીજામાં 'જ' ચોથામાં 'ઢ', પાંચમામાં 'ન', છઠ્ઠામાં 'મ', અને સાતમામાં 'શ' ભરી આઠમામાં ત્રણ ભદ્રા તિથિઓ; નવમામાં સોમ અને બુધ એ બે વારો ભરી તે પછી છેલ્લા દશમા કોઠામાં પુનર્વસુ આદિ પાંચ નક્ષત્રો ભરવાં, તેમજ કોઠાની ત્રીજી પંક્તિના કોઠા એવી રીતે ભરવા કે—

"Aho Shrutgyanam"

ત્રીજી પંક્તિના પ્રથમના કોઠામાં 'ઉ', બીજામાં 'ગ', ત્રીજામાં 'ઝ', ચોથામાં 'ત', પાંચમામાં 'પ', છઠ્ઠામાં 'ય' અને સાતમામાં 'ષ' એ સાત અક્ષરો ભર્યા પછી આઠમા કોઠામાં (૩) જયા તિથિઓ ભરી; નવમા કોઠામાં ગુરૂવાર ભરવો; અને છેલ્લા દશમા કોઠામાં ઉત્તરાફાલ્ગુન્યાદિ પાંચ નક્ષત્રો ભરવાં. ૧૨

**ए,घ,ट,थ,फ,र,सा,रिक्ताशुक्र, स्त्वनुराधापंचकमृक्षंतु ॥**
**ऊ,च,ठ,द,ब,ल,ह,पूर्णानंद,श्रुतिपंचकांलिखेत्स्वरचक्रे ॥ १३ ॥**

**અર્થ**:—ચોથી પંક્તિના આદ્યના કોઠામાં 'એ' બીજામાં 'ઘ' ત્રીજામાં 'ટ', ચોથામાં 'થ', પાંચમામાં 'ફ', છઠ્ઠામાં 'ર', સાતમા કોઠામાં 'સ', આઠમામાં ( ૩ ) ત્રણ રિક્તા તિથિઓ, નવમામાં શુક્રવાર અને છેલ્લા દશમા કોઠામાં અનુરાધાદિ પાંચ નક્ષત્રો ભરવાં વળીઃ.—

પાંચમી પંક્તિના આદ્યના કોઠામાં 'ઊ', બીજામાં 'ચ', ત્રીજામાં 'ઠ', ચોથામાં 'દ', પાંચમામાં 'બ', છઠ્ઠામાં 'લ' સાતમામાં 'હ', આઠમામાં (૩) ત્રણ પૂર્ણા તિથિઓ, નવમામાં શનૈશ્ચરવાર અને છેલ્લા દશમા કોઠામાં શ્રવણાદિ પાંચ નક્ષત્રો ભરવાં. ૧૩

## उपजाति.

**अकारपंक्त्यावृषमेषराशी। लिखेत्षडंशान्मिथुनस्यपूर्वान् ॥**
**त्र्यंशास्तदग्रेमिथुनस्यकर्कः। सिंहस्तदग्रेहितुलाचकन्या ॥ १४ ॥**

**અર્થ**:—'અ' સ્વરની પંક્તિના છેલ્લા કોઠામાં જ્યાં નક્ષત્રો મુકયાં છે તે ભેગી 'મેષ' અને 'વૃષ' રાશિસાથે મિથુનરાશિના પ્રથમના છ (૬) અંશો મુકવા, તથા—

'ઈ' સ્વરની બીજી પંક્તિમાં છેલ્લા કોઠામાં મિથુન રાશિના છેલ્લા (૩) ત્રણ અંશો સાથે 'કર્ક' અને 'સિંહ' રાશિ મુકવી તથા તેની આગળ—

'ઊ' સ્વરની ત્રીજી પંક્તિમાં 'કન્યા' અને 'તુલા' રાશિ સાથે વૃશ્ચિક રાશિના પ્રથમના ત્રણ અંશો મુકવા. ૧૪ તથા તેના આગળ—

**त्र्यंशास्तृतियेपिचवृश्चिकाद्या। स्तदंत्यचापोमकराद्यषट्कं ॥**
**तुर्येतथापंचमकेमृगस्य। त्र्यंशाविलेख्याअपिकुंभमीनौ ॥ १५ ॥**

**અર્થ**:—'એ' સ્વરની ચોથી પંક્તિમાં વૃશ્ચિક રાશિના છેલ્લા ( ૬ ) છ અંશો સાથે 'ધન' રાશિ અને તેના સાથે 'મકર' રાશિના ( ૩ ) અંશો મુકવા અને છેલ્લા—'ઊ' સ્વરની પાંચમી પંક્તિમાં ' મકર ' ના છેલ્લા ( ૩ ) ત્રણ અંશો સાથે 'કુંભ' અને 'મીન' રાશિ મુકવી. ૧૫ ( ત્યાર પછી )

"Aho Shrutgyanam"

प्रसिद्धनामादिमवर्णमात्रा । यामात्रिकासागमनेचयुद्धे ॥
तथैववर्णाःस्वरएवचिंत्यः । सर्वत्रकार्येस्वरराजएषः ॥ १६ ॥

**અર્થ:**—પ્રસિદ્ધ એવું જે નામ મળ્યું હોય તે નામના આદ્યનો અક્ષર છે તે અક્ષરને માત્રા કહેવાય છે, એ માત્રિકા છે તે પ્રયાણ તથા યુદ્ધ વિષે અક્ષર અને સ્વરવિચાર જરુર કરવો; કારણકે, સર્વ કાર્યમાં સ્વર છે તે રાજા છે. ૧૬

## इंद्रवज्रा.

बालःकुमारस्तरुणोथवृद्धो । मृत्युःस्वराःपंचकमग्रवर्णात् ॥
तिर्यक्क्रमेणापिविचिंतनीयाः । सर्वत्रसंग्रामविधौविशेषात् ॥१७॥

હવે સ્વરો ગણવાની રીત એવી છે કે—

**અર્થઃ**—પ્રથમની ઓળેથી આડી ઓળે અનુક્રમે સ્વરો ગણવા તે ઓળમાંથી પ્રથમ ઓળના "અ" સ્વરનું નામ "બાલ" છે; બીજી ઓળના "ઇ" સ્વરનું નામ 'કુમાર' છે; ત્રીજી ઓળના "ઉ" સ્વરનું નામ 'તરુણ' છે; ચોથી ઓળના "એ" સ્વરનું નામ 'વૃદ્ધ' છે અને પાંચમી ઓળના પ્રથમના કોઠાના "ઓ" સ્વરનું નામ 'મૃત્યુ' છે. એ પાંચે સ્વરો સર્વ કાર્યોમાં વિચારવાના છે, પણ સંગ્રામના કામમાં તો વિશેષે કરી વિચારવાના છે. ૧૭

बालोनराणांकुरुतेऽल्पलाभमर्धंकुमारस्तरुणःसमग्रं ॥
हानिंतुवृद्धोमरणंमृतिश्च । युद्धोद्यमेबालमृतीनशस्तौ ॥ १८ ॥

**અર્થ:**—"**બાલ**" સ્વર જો હોય તો તે થોડો લાભ કરે; "**કુમાર**" સ્વર હોય તો તે અર્ધ લાભ કરે; "તરુણ" સ્વર હોય તો તે પૂર્ણ લાભ કરે; "વૃદ્ધ" સ્વર હોય તો તે હાનિ કરે, અને મૃત્યુ સ્વર હોય તો તે મરણ કરે; માટે યુદ્ધ પ્રસંગે બાળ અને મૃત્યુ, એ બે સ્વરો સારા નથી. ૧૮

## उपजाति.

नंदादिपंचस्त्रपिबालकाद्याः स्वरास्तथामानवशाद्भवंति ॥
दिवानिशोरुद्रमिताश्चचिंत्याः पृच्छाविवाहादिषुजन्मकाले ॥ १९ ॥

**અર્થ:**—નંદાદિ પાંચ તિથિઓની ઓળમાં બાળાદિ પાંચ સ્વરો અનુક્રમે જાણવા, ને તે દિવસમાં અથવા રાત્રીવિષે અગિયાર કોઠાઓમાં રહેલા છે; તે વિવાહાદિક તથા જન્મકાળમાં પ્રશ્ન થયેલું હોય તે વખતે વિચારવા. ૧૯

"Aho Shrutgyanam"

| | | | | |
|---|---|---|---|---|
| અ | ઈ | ઉ | એ | ઊ. |
| ક | ખ | ગ | ઘ | ચ |
| છ | જ | ઝ | ટ | ઠ |
| ડ | ઢ | ત | થ | દ |
| ધ | ન | પ | ફ | બ |
| ભ | મ | ય | ર | લ |
| વ | શ | ષ | સ | હ |
| ૧-૬<br>૧૧ | ૨-૭<br>૧૨ | ૩-૮<br>૧૩ | ૪-૯<br>૧૪ | ૫-૧૦<br>૧૫ |
| રવિ. મં. | ચંદ્ર. બુધ. | ગુરૂ. | શુક્ર. | શની. |
| રે.અ.ભ.કૃ.<br>રો. મૃ. આ.<br>મે. વૃ. મિ.<br>અં. ૬ | પુ પૂ. અ.<br>મ. પૂ.<br>મિ.અં.૩<br>ક સિં | ઉ. હ. ચિ.<br>સ્વા. વિ.<br>ક. તુ. વૃ.<br>અં. ૩. | અ. જ્યે. મૂ.<br>પૂ. ઉ.<br>વૃ. અં. ૬<br>ધ.મ.અં.૬. | શ્ર. ધ. શ.<br>પૂ. ઉ.<br>મ. અં. ૩<br>કું.મી. |

## अथ प्राकार चक्र.

### उपजाति.

प्राकारचक्रंतुभणाम्यथातो । यत्रस्थितोवैरिषुदुर्जयोरिः ॥
ईशानभागेपुरभंविलिख्य । कोणेप्रवेशंदिशिर्निगमंच ॥ २० ॥

**અર્થ:**—પ્રાકારચક્રમાં રહેલા રાજા સામે આવેલા શત્રુથી પ્રાકારચક્રવાળા રાજાને જીતવા માટે આવેલો શત્રુ જીતી શકે નહિ એવું જે પ્રાકારચક્ર તે એવી રીતે કરવું કે—

નગરનું જે નક્ષત્ર હોય તે નક્ષત્ર કિલ્લાના ઈશાનકોણે કિલ્લાના મથાળે લખી તે નક્ષત્ર પછીનું જે નક્ષત્ર હોય તે મથાળે લખેલા નક્ષત્ર નીચે

"Aho Shrutgyanam"

એટલે કિલ્લાના અંદરના ભાગમાં લખવું; અને એ બે નક્ષત્ર પછીનું જે નક્ષત્ર હોય તે પૂર્વ દિશામાં કિલ્લાના અંદરના ભાગમાં લખી તે પછીનું નક્ષત્ર કિલ્લાના મથાળે અને તે પછીનું નક્ષત્ર કિલ્લાના બહારના ભાગે લખવું; તે પછીનાં બે નક્ષત્રો અનુક્રમે આવે તે અગ્નિકોણે કિલ્લાના બહારના ભાગે લખી તે બે પછીનું એક નક્ષત્ર કિલ્લાના મથાળે અને તે પછીનું અનુક્રમે આવેલું નક્ષત્ર કિલ્લાના માંહેના ભાગે ( એક ) લખવું; તે પછીનું નક્ષત્ર આવે તે દક્ષિણ કિલ્લાના માંહીના ભાગે લખી તે પછીનું નક્ષત્ર કિલ્લાના મથાળે લખીને તે પછી આવેલું નક્ષત્ર કિલ્લાના બહારના ભાગે લખવું; તે પછીનું નક્ષત્ર હોય તે (બેનક્ષત્રો અનુક્રમે ) નૈઋતકોણે કિલ્લાની બહાર લખવાં ને એ બે પછીનું એક નક્ષત્ર કિલ્લાના મથાળે લખી વળી એક નક્ષત્ર કિલ્લાના માંહી લખવું તથા તે પછી અનુક્રમે આવેલું એક નક્ષત્ર પશ્ચિમે કિલ્લાના માંહી લખી તે પછીનું કિલ્લાના મથાળે અને તે પછીનું નક્ષત્ર કિલ્લાના બહારના ભાગે લખવું; તે પછીના નક્ષત્રો અનુક્રમે આવે તે બે નક્ષત્રો વાયવ્યકોણના કિલ્લાના બહારના ભાગે- લખી તે પછીનું એક નક્ષત્ર કિલ્લાના મથાળે લખીને એક નક્ષત્ર કિલ્લા માંહી લખવું; તે પછી અનુક્રમે આવેલું નક્ષત્ર ઉત્તર દિશાના કિલ્લા માંહી લખી તે પછીના ન ક્ષત્રને કિલ્લાના મથાળે લખ્યા પછી એક નક્ષત્ર કિલ્લાના બહારના ભાગે લખવું અને ત્યારપછી અનુક્રમે આવેલાં છેવટનાં બે નક્ષત્રો ઇશાન કોણના કિલ્લાના બહારના ભાગે લખી પૂરાં કરવાં, કોણને રસ્તે પ્રવેશ અને દિશા સામે નીકળતા જવું.

એ રીતે ઉપર બતાવ્યા પ્રમાણે પ્રાકારચક્રમાં નક્ષત્રો ભરવાં કહ્યાં છે, તે બાબતની વિશેષ સમજુત એવી છે કે નગર અથવા શેહેરની રાશિનું જે નક્ષત્ર હોય તે ઇશાન ભાગના કિલ્લાના મથાળે લખી અનુક્રમે બીજું નક્ષત્ર કિલ્લા માંહી લખવું; તે નક્ષત્રો અનુક્રમે આવતાં જાય તે લેતા જવું અને દરેક કોણના કિલ્લાના ભાગમાં ચાર નક્ષત્રો આવે અને પૂર્વાદિ દિશાઓના કિલ્લાના ભાગમાં દરેક ઠેકાણે ત્રણ નક્ષત્રો આવે. ૨૦

"Aho Shrutgyanam"




## इंद्रवज्रा.

बाह्येलिखेद्द्वादशभानिकोष्टे । ह्यष्टौतथामध्यगतानिचाष्टौ ॥
मध्येशुभाजीवभृगुज्ञसोमाः । क्रूरास्तुबाह्येगदरक्षणाय ॥ २१ ॥

**અર્થઃ**—કિલ્લાના બહારના ભાગે (૧૨) બાર નક્ષત્રો; તેના મથાળે આઠ તેમજ માંહીની બાજુએ પણ આઠ નક્ષત્રો લખવાં અને એમાં જે નક્ષત્ર ઉપર જે ગ્રહ ચાલતો હોય તે ગ્રહ તે નક્ષત્રના સ્થાનકે મુકવો, એ રીતે અનુક્રમે ગ્રહો મુકવાથી કિલ્લાના મધ્યના ભાગમાં બૃહસ્પતિ; શુક્ર; બુધ અને ચંદ્રમા, એ શુભ ગ્રહો આવે અને કિલ્લાના બહારના ભાગે જો ક્રૂર ગ્રહ આવે તો તે ગ્રહો તે કિલ્લાનું રક્ષણ કરે એમ સમજવું. ૨૧

## शालिनी.

क्रूरामध्येघ्नंतिमध्यंतुकोट्टे । कोट्टंबाह्येवेष्टकांश्चक्रमेण ॥
मध्येदुष्टाःसौम्यखेटास्तुकोट्टे । भेदैर्भंगःस्याद्विनायुद्धकेन ॥२२॥

**અર્થઃ**—કિલ્લાના મધ્યમાં ક્રૂર ગ્રહ હોય તો તે કિલ્લામાં રહેલા મનુષ્યોનો નાશ કરે; તે ક્રૂર ગ્રહ કિલ્લાના મથાળે હોય તો કિલ્લાનો ભંગ કરે,

"Aho Shrutgyanam"

પણ કિલ્લાના બહારના પાસે તે ક્રૂર ગ્રહ હોય તો સામે આવેલા શત્રુનો નાશ કરે, અને જો કિલ્લાના માંહી એ ક્રૂર ગ્રહ અથવા દુષ્ટ ગ્રહ હોય અને કિલ્લાના મથાળે સૌમ્ય ( શુભ ) ગ્રહ હોય તો યુદ્ધ થયા વિના છળભેદવડે તે કિલ્લાનો ભંગ થાય. ૨૨

**मध्येसौम्याःकोट्टबाह्येतुदुष्टा । दुर्गेखंडिनैवभंगःकदाचित् ॥**

**पापामध्येसौम्यखेटाश्चदुर्गे । बाह्येऽपिस्युस्तत्प्रयच्छंतिपौराः ॥ २३ ॥**

**અર્થ**:—કિલ્લામાંહી સૌમ્ય ગ્રહ હોય; મથાળે અને કિલ્લા બહારના પાસે દુષ્ટ ગ્રહ હોય તો તેથી તે કિલ્લો ખંડિત થાય પણ શત્રુના હાથમાં જાય નહિ, પણ કિલ્લામાંહી પાપ અથવા ક્રૂરગ્રહ હોય, તથા મથાળે અને કિલ્લાના બહારના પાસે સૌમ્ય ગ્રહ હોય તો નગરવાસી લોકો પોતેજ સમાવાળા શત્રુના સ્વાધીનમાં તે કિલ્લો કરી આપે. ૨૩

**क्रूराक्रूरामध्यकोट्टेऽथबाह्ये । युद्धंकुर्युर्दारुणंसैन्ययोस्ते ॥**

**मध्येबाह्येयत्रदुष्टाग्रहाःस्युःस्थायीयायीतत्रयंत्रांविदध्यात् ॥ २४ ॥**

**અર્થ**:—કિલ્લામાંહી તથા તેના મથાળે અને બહારના પાસે, એ ત્રણે ઠેકાણે ક્રૂરગ્રહ હોય અથવા એ ત્રણ ઠેકાણે સૌમ્યગ્રહ હોય તો વાદિ અને પ્રતિવાદી એ બન્ને સૈન્યમાં દારુણ યુદ્ધ થાય. વળી, કિલ્લામાંહી જે ઠેકાણે દુષ્ટગ્રહ હોય તેજ ઠેકાણે [1]સ્થાયીએ તોપ માંડવી અને કિલ્લાના બહારના પાસે જે ઠેકાણે દુષ્ટ ગ્રહ હોય તે ઠેકાણે [2]યાયીએ તોપ માંડવી.

## शार्दूलविक्रीडित.

**आदित्येजलनाशनंहिमकरेभंगःकुजेवन्हिभीः**
**सौम्येबुद्धिबलंगुरौतुगदतोमध्येसुभिक्षंजलं ॥**
**स्याच्छुक्रेचलचित्ततारविसुतेरोगानृणांवामृतिः**
**राहौभेदभयंध्वजेतुविषभीर्दुर्गेऽथवावेष्टके ॥ २५ ॥**

**અર્થ**:—કિલ્લાના માંહે અથવા બહાર, એ બેમાંથી જે જે સ્થાનવિષે સૂર્ય હોય તે સ્થાનમાં જળનો નાશ કરે; કિલ્લા બહાર અથવા માંહે, એ બે સ્થાનોમાંથી જે સ્થાનમાં ચંદ્ર હોય તે સ્થાનનો તે ભંગ કરે; એ બે સ્થાનોમાંથી જે સ્થાનમાં મંગળ હોય તે સ્થાનમાં તે અગ્નિનો ભય કરે; એ બે સ્થાનો-

૧ સ્થાયી એટલે કિલ્લાના માલિક રાજા હોય તે અથવા કિલ્લામાં રહી લડનાર.
૨ યાયી એટલે બહારથી યુદ્ધ કરવા આવેલો શત્રુ હોય તેનું નામ યાયી છે.

"Aho Shrutgyanam"

માંથી જે સ્થાનમાં બુધ હોય તે સ્થાનમાં રહેલા મનુષ્યોને તે બુદ્ધિબળ આપે; એ બે સ્થાનોમાંથી જે સ્થાનમાં ગુરૂ હોય તે સ્થાનમાંથી અન્ન ખૂટે નહિ; એ બે સ્થાનમાંથી જે સ્થાનમાં શુક્ર હોય તે સ્થાનમાંથી પાણી ખૂટે નહિ; એ બે સ્થાનોમાંથી જે સ્થાનમાં શનિ હોય તે સ્થાનમાં રહેનાર લોકોનાં ચિત્ત ચંચળ હોય; તેમજ લોકોમાં રોગ પણ હોય, અથવા મૃત્યુ હોય; એ બે સ્થાનો-માંથી જે સ્થાનમાં રાહુ હોય તે સ્થાનમાં ભેદવડે ભય ઉત્પન્ન થાય, અને એ બે સ્થાનોમાંથી ( કિલ્લામાંહી અથવા કિલ્લા બહાર ) જે સ્થાનમાં કેતુ હોય તે સ્થાનમાં વિષપ્રયોગનો ભય ઉત્પન્ન થાય. ૨૫

## वसंततिलका.

सर्वेंव्ययाष्टमगताःसकलेनशस्ताः ।
केंद्रत्रिकोणधनगास्तुतथैवपापाः ॥
सौम्यान्वितोऽपिविधुरेवशुभोनलग्ने ।
मुत्तौतथैवनिधनेनशुभंशुभेषु ॥ २६ ॥

**અર્થ**:—સર્વ ગ્રહો બારમે અને આઠમેસ્થાનકે કોઈ પણ કાર્યમાં સારા નહિ; કેંદ્રસ્થાનમાં, ત્રિકોણમાં અને ધનસ્થાનમાં, એટલા સ્થાનકોમાં પાપગ્રહ સારા નહિ અને લગ્નસ્થાન વિષે સૌમ્યગ્રહો સહિત હોય તોપણ ચંદ્રમા સારો નહિ, જેવો લગ્નનો ચંદ્રમા સારો નથી તેવોજ આઠમા સ્થાનનો પણ ચંદ્રમા જાણવો, માટે આઠમા સ્થાનમાં કદાચ શુભગ્રહો હોય તોપણ તે તો સારા નથીજ. ૨૬

## उपजाति.

दशतृतीयेनवपंचमेच । तथाचतुर्थाष्टमगेकलत्रे ॥
पश्यंतिखेटाइहपादवृद्ध्या । फलानिचैवंक्रमतोभवंति ॥ २७ ॥

**અર્થ**:—જે સ્થાનકમાં ગ્રહ હોય તે સ્થાનકથી દશમા અને ત્રીજા સ્થાનક ઉપર તે ગ્રહની એકપાદ દૃષ્ટિ પડે, (ચોથા ભાગઉપર) ગ્રહ જે સ્થાનકમાં હોય તે સ્થાનથી નવ અને પાંચમા સ્થાને ગ્રહની દૃષ્ટિ બેપાદ પડે; ગ્રહ જે સ્થાને હોય તે સ્થાનથી ચોથા અને આઠમા સ્થાને ગ્રહની દૃષ્ટિ ત્રણ પાદ અને જે સ્થાનમાં ગ્રહ હોય તે સ્થાનથી *સાતમા સ્થાનઉપર ગ્રહની પૂર્ણ દૃષ્ટિ પડે છે. ૨૭

* સાતમા સ્થાન સુધી કહ્યું છે પણ છઠ્ઠા સ્થાને માટે કાંઇ બતાવ્યું નથી તેનું કારણ એવું છે કે છઠ્ઠા સ્થાને સૌમ્ય ગ્રહની અંધ દૃષ્ટિ છે એટલે તે સ્થાનકને તે દેખી શકતો નથી. તેમજ બીજા, અગિયારમા અને બારમા સ્થાનને પણ ગ્રહ જોઇ શકતો નથી માટે એ ચાર સ્થાનમાટે કાંઇ બતાવ્યું નથી.

"Aho Shrutgyanam"

## शालिनी.

पत्यायुक्तोवीक्षितोवाथसौम्यैर्योभावःस्यात्तस्यवाच्याहिसिद्धिः ॥
हानिःपापैःक्रूरसौम्यैस्तुमिश्रंसर्वेष्वेवंचिंतनीयंस्वबुद्ध्या ॥ २८ ॥

**અર્થઃ**—જે સ્થાનક પોતાના સ્વામીએ કરી યુક્ત હોય ( જે સ્થાનક ઉપર પોતાના સ્વામીની દૃષ્ટિ પડતી હોય ) તથા જે સ્થાનક સૌમ્યગ્રહ યુક્ત હોય અથવા સૌમ્યગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે સ્થાનકસંબંધી ફળની સિદ્ધિ જાણવી, તેમજ જે સ્થાનકમાં પાપગ્રહ હોય અથવા પાપગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે સ્થાનક સંબંધી ફળની હાનિ સમજવી, વળી જે સ્થાનકમાં ક્રૂર અને સૌમ્યગ્રહ એકઠા હોય અથવા ક્રૂર અને સોમ્યગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે સ્થાનક સંબંધી તેનું મિશ્ર ફળ જાણવું, એ પ્રકારેગ્રહ અને ગ્રહના સ્થાનકો વિષે સર્વ ઠેકાણે વિશેષ વિચાર પોતાની બુદ્ધિવડે કરવો. ૨૮

## शार्दूलविक्रीडित.

भौमेज्यौज्ञकवीशनिश्चदशमेसर्वेग्रहाद्वादशे
रंध्रेचंद्ररवीतनौचनिशिपःषष्ठेऽस्तगाज्ञादयः ॥
सूर्येक्षेत्रपतेस्तुखस्याहिमगौप्रोक्ताकुजेशाकिनी
भूतादेवजलोद्भवाश्चपितरोज्ञेर्जीवशुक्रेशनौ ॥ २९ ॥

**અર્થઃ**—મંદગી ભોગવનાર મનુષ્ય માટે કોઇ પ્રશ્ન કરે કે, અમુક મનુષ્યને શાનો દોષ છે ? એવા થએલા પ્રશ્ન વખતે ચાલતું લગ્ન બાંધી તેના અનુક્રમે બાર રાશિઓની કુંડળી કરી જે જે રાશિઓના જે જે ગ્રહો હોય તે તે રાશિના સ્થાનકમાં તે ગ્રહોને સ્થાપન કરવા તેનો અનુક્રમ એવો છે કે, મંગળ, બૃહસ્પતિ, બુધ, શુક્ર અને શનૈશ્ચર. એટલા ગ્રહોમાંથી કોઇપણ ગ્રહ ( ૧૦ ) દશમા સ્થાનકમાં આવે તો તેને ( માંદાને ) દોષ ઉત્પન્ન થયો છે એમ સમજવું; તેમજ સર્વ ગ્રહોમાંથી કોઈપણ ગ્રહ બારમા ( ૧૨ ) સ્થાનક વિષે આવે તોપણ દોષજ ઉત્પન્ન થયો છે એમ સમજવું; આઠમા સ્થાનકમાં ચંદ્ર અને સૂર્ય આવે તોપણ દોષ ઉત્પન્ન થયો છે એમ જાણવું; લગ્નમાં અને છઠ્ઠે સ્થાને ચંદ્ર આવે તોપણ દોષ ઉત્પન્ન થયો છે એમ જાણવું; બુધઆદિ લઈ સાતમા સ્થાનમાં ગ્રહો આવે તો તે પણ દોષ ઉત્પન્ન થયો છે એમ જાણવું.

"Aho Shrutgyanam"

ઉપર બતાવેલા દોષોમાં સૂર્ય સંબંધી દોષ ઉત્પન્ન થયો હોય તો તે ક્ષેત્રપાળનો દોષ જાણવો; ચંદ્રસંબંધી દોષ આવે તો તે આકાશદેવીનો દોષ જાણવો; મંગળસંબંધી દોષ આવે તો તે શાકિનીનો દોષ જાણવો; બુધ સંબંધી દોષ આવે તો તે ભૂતનો દોષ જાણવો; બૃહસ્પતિ સંબંધી દોષ આવે તો તે દેવનો દોષ જાણવો; શુક્ર સંબંધી દોષ આવે તો તે જળસ્થાનનો દોષ જાણવો અને શનૈશ્ચર સંબંધી દોષ આવે તો તે પિતૃ અથવા પૂર્વજ દોષ જાણવો. ૨૯

## वसन्ततिलका.

योगीश्वरींगणपतिंकमलांचनत्वा ।
श्रीमातृकाक्षरमयंशकुनंप्रवच्मि ॥
विद्याचतुर्दशमयीपरमाहिमाया ॥
यादिस्वराक्षरपदादिकचित्स्वरूपा ॥ ३० ॥

**અર્થ**:—યોગીશ્વરી, ગણપતિ અને લક્ષ્મીને હું નમસ્કાર કરી હવે માતૃકા અક્ષરરૂપ શકુનશાસ્ત્ર કહિશ; તે માતૃકા અક્ષર ચૌદ વિદ્યારુપ ઉત્કૃષ્ટ માયારુપ જે આદ્ય છે; તેને વિષે રહેલા સ્વરો, અક્ષરો અને પદ ઇત્યાદિ સર્વે ચૈતન્યરૂપ છે. ૩૦

## द्रुतविलंबित.

*अ,म,र,ए,गुरुषंढयुगै इ,ऊ,।शुभफलाश्चविसर्गसमन्विताः
उ,ऋ,ऌ,ई,नशुभाःप्रणवात्त्रयं।शकुनतोखिलकार्यद"आ"तथा॥३१॥

**અર્થ**:—"અ" "મ" "ર" અને "એ" બે ષંઢ એવા જે ગુરુ "ॠ" "ॡ" એ સહિત "ઐ" હૃસ્વ "ઇ" અને દીર્ઘ "ઊ" એટલા શુભ ફળ આ-

---

* कोष्टेष्वेकोनपंचाशतअकारादिक्रमाल्लिखेत् ॥
सव्येनकोष्टविन्यस्तफलेनफलनिर्णयः ॥ १ ॥

**અર્થ**:—ઓગણપચાસ ( ૪૯ ) કોઠાઓ કરી તે કોઠાઓમાં સવ્ય અથવા સંહાર માર્ગે અકારાદિ સ્વરો અને કકારાદિ અક્ષરો ભરવા અને તે ભરેલા અક્ષરો ઉપર પ્રશ્ન પૂછવા આવનારના હાથે ફળ મુકાવવું. તે પછી જોવું કે જે અક્ષરો ઉપર ફળ મૂક્યું હોય તે અક્ષરથી ફળ સમજવું. અર્થાત્ ઉપર બતાવેલા એકત્રીશમા શ્લોકમાં જે અક્ષરો અને સ્વરો સારા ખોટા બતાવ્યા છે તે અક્ષરો ધ્યાનમાં રાખી, મૂકેલા ફળ નીચેનો અક્ષર જોઇ સારું અથવા માઠું ફલ જાણવું ?

"Aho Shrutgyanam"

પનાર છે, વિસર્ગ ( : ) સહિત "એ" "ઉ" "ઋ" "લૃ" "ઇ" અને "ઓ" કારાદિ ત્રણ સ્વરો ( ઓ, ઐ, અં, ) એટલા શુભ નથી પણ શકુન માટે "આ" સ્વર તો સર્વ કાર્ય સિદ્ધ કરનાર છે. ૩૧

**पूर्वस्यांभचतुष्टयंचाशिवभात्कोणेत्रिकंसृष्टितः**
**षट्सूर्येतिथयोविधौक्षितिसुतेह्यष्टौसमास्याद्दशा ॥**
**ज्ञेसप्तेंदुसमादिशश्चरविजेजीवेनवेंदुस्तथा**
**राहौद्वादशरूपयुक्चभृगुजेक्रूरस्यदुष्टादशा ॥ ३२ ॥**

**અર્થઃ**—આર્દ્રાદિ નક્ષત્રો લઈ અનુક્રમે લખવાં. તે એવી રીતે કે, પૂર્વ દિશામાં ચાર નક્ષત્રો, અગ્નિ કોણમાં ત્રણ, દક્ષિણમાં ચાર, અને નૈર્ઋત કોણમાં ત્રણ એ રીતે સૃષ્ટિમાર્ગે દિશામાં ચાર અને કોણમાં ત્રણ એવા અનુક્રમે લખવાં; અને જોવું કે, આર્દ્રાદિ ચાર નક્ષત્રોમાં જન્મ હોય તો તેને ( જન્મનારને ) સૂર્યની મહાદશા જાણવી; અને તે મહાદશા ( ૬ ) છ વર્ષ સુધી રહે, તથા મઘાદિ ત્રણ નક્ષત્રોમાં જન્મ થયો હોય તો તેને ચંદ્રની મહાદશા જાણવી; અને તે મહાદશા પંદર ( ૧૫ ) વર્ષ સુધી રહે, તથા હસ્તાદિ ચાર નક્ષત્રોમાં જન્મ થયો હોય તો તેને મંગળની મહાદશા જાણવી; અને તે દશા આઠ વર્ષ સુધી રહે, તથા અનુરાધાદિ ત્રણ નક્ષત્રોમાં જન્મ થયો હોય તો તેને બુધની મહાદશા જાણવી; અને તે દશા સત્તર વર્ષ સુધી રહે, તથા પૂર્વાષાઢાદિ ચાર નક્ષત્રોમાં જન્મ થયો હોય તો તેને શનૈશ્ચરની મહાદશા જાણવી; અને તે દશા દશ વર્ષ સુધી રહે, તથા ધનિષ્ઠાદિ ત્રણ નક્ષત્રોમાં જન્મ થયો હોય તો તેને બૃહસ્પતિની મહાદશા છે, એમ જાણવું; અને તે દશા ઓગણીશ વર્ષ સુધી રહે, તથા ઉત્તરાભાદ્રપદાદિ ચાર નક્ષત્રોમાં જન્મ થયો હોય તો તેને રાહુની મહાદશા જાણવી; અને તે દશા બાર વર્ષ સુધી રહે, અને કૃત્તિકાદિ ત્રણ નક્ષત્રોમાં જેનો જન્મ થયો હોય તેને શુક્રની મહાદશા જાણવી અને તે મહાદશા ( ૨૧ ) એકવીસ વર્ષ સુધી રહે, પણ ક્રૂરગ્રહની મહાદશા હોય તો તે દુષ્ટ જાણવી. ૩૨

## शालिनी.

**वर्गोवर्गैर्गुण्यमंकैर्विभक्तंलब्धामासास्त्रिंशताशेषमेवम् ॥**
**गुण्यंभक्तंपूर्ववद्वासराःस्युःप्रोक्तामध्येंतर्दशाखेचराणाम् ॥ ३३ ॥**

**અર્થઃ**—જે ગ્રહની મહાદશા ચાલતી હોય તે મહાદશાના વર્ષોને જે ગ્રહની અંતર્દશા લાવવી હોય તે ગ્રહના વર્ષની સાથે ગુણતાં જે અંક આવે તે

"Aho Shrutgyanam"

અંકને નવે ભાગતાં લબ્ધાંક જે આવે તેટલા માસની તે ગ્રહની અંતર્દશા જાણવી; નવે ભાગતાં શેષ જે અંક રહેલો હોય તે અંકને ત્રીશે ગુણતાં જે અંક આવે તે અંકને નવે ભાગતાં લબ્ધાંક જે આવે તે માસ ઉપર તે પ્રથમ અંતર્દશાના માસ ઉપર તેટલા દિવસની અંતર્દશા જાણવી; અને એ બીજી વખત નવે ભાગતાં શેષ જે રહે તેને સાઠે ( ૬૦ ) ગુણતાં જે અંક આવે તે અંકને ફરી નવે ભાગતાં લબ્ધાંક જે આવે તે અંક જેટલી અંતર્દશાની ઘડી જાણવી; અને ઘડીઓ જે આવેલી હોય તેમાં શેષ જે રહે તેને વળી સાઠે ગુણતાં જે અંક આવે તે અંકને વળી નવે ભાગતાં લબ્ધાંક જે આવે તેટલી પળ જાણવી. એ રીતે ગ્રહોની મહાદશા મધ્યે અંતર્દશા જાણવી. ૩૩

## वसन्ततिलका.

**कर्णोगणेशघनचामरतुच्छझीदबाणोठकारफढभद्रणकारदंडाः ।**
**थंभोहरौधनयकारसकारयुग्मंवातौचसौख्यफलदानवचंद्रवर्णाः ३४**

**અર્થઃ**—[૧]**ક**, [૨]**ગ**, [૩]**શ**, [૪]**ઘ**, [૫]**ન**, [૬]**ચ**, [૭]**છ**, [૮]**ઝ**, [૯]**દ**, [૧૦]**બ**, [૧૧]**ઠ**, [૧૨]**ફ**, [૧૩]**ઢ**, [૧૪]**ણ**, [૧૫]**ડ**, [૧૬]**થ**, [૧૭]**ભ**, [૧૮]**હ**, [૧૯]**ર**, [૨૦]**ધ**, [૨૧]**ય**, [૨૨]**ષ**, [૨૩]**સ**, બે સકાર ( મૂર્ધન્ય અને દંતી ) [૨૪]**વ**, અને [૨૫]*__ત__. એટલા અક્ષરોમાં ઓગણીસ અક્ષરો સુખફળ આપનાર છે. ૩૪

## उपजाति.

**ङखौचजौञटपलाइमेष्टौतेवर्णकानोशुभदाभवन्ति ॥**
**स्वरोहितुर्यस्त्वथपंचमश्चौकारात्त्रयंसप्तनवांत्यपूर्वाः ॥ ३५ ॥**

**અર્થઃ**—ઙ, **ખ**, **ચ**, **જ**, ઞ, ટ, **પ**, **લ**, એ આઠ અક્ષરો શુભ નથી; તેમજ ચોથો અને પાંચમો સ્વર ( ઈ, ઉ, ) તથા ઓકારાદિ ત્રણ સ્વરો ( **ઓ**, **ઔ**, **અં**, ) તથા સાતમો " **ઋ** " નવમો " ઌ " **અને** છેલ્લો " **અઃ** " એટલા સ્વરો પણ શુભ નથી. ૩૫

**खशौविषंरोगदरिद्रपापंतथाजडत्वंमरणंचनाशम् ॥**
**बंधंढकारोघडभाश्चवर्णाःसर्वेषुकार्येष्वपिनिष्फलाःस्युः ॥ ३६ ॥**

* તકારાંત અને કકારાદિ એ મળી પચીસ (૨૫) અક્ષરો બતાવ્યા છે તેમાંથી ( ૧૯ ) ઓગણીશ અક્ષરો શુભ ફળ આપનાર છે અને ૭ અક્ષરો અશુભ ફળ આપનાર છે.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—"ખ" અને "શં" એ બે અક્ષરો તો વિષ સરિખા છે. તે એવા કે, રોગ, દરિદ્ર, પાપ, જડપણું, મરણ અને નાશ કરનાર છે. "ઢ" કાર બંધન કરનાર છે, "ધ" કાર "ડ" કાર અને "ભ" કાર, એટલા અક્ષરો સર્વ કાર્યમાં નિષ્ફળ જાણવા. એ છ અક્ષરો તો બહુજ ખોટા છે. ૩૬

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | જ | છ | ચ | ઙ | ધ | ગ |
| આ | ઝ | ભ | બ | ફ | પ | ખ |
| ઇ | ઞ | મ | સ | ષ | ન | ક |
| ઈ | ટ | ય | હ | શ | ઘ | અઃ |
| ઉ | ઠ | ર | લ | વ | દ | અં |
| ઊ | ડ | ઢ | ણ | ત | થ | ઔ |
| ઋ | ૠ | ઌ | ૡ | એ | ઐ | ઓ |

इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते गोचर, दिन, रात्रीमान स्वरोदय, कोटचक्र ग्रहबालत्वमानाय द्वादशमोऽध्यायः ॥ १२ ॥



"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय १३ मो.

### उपजाति.

**पूर्वात्रयंसार्प्ययमाग्निधिष्ण्य मघोमुखंमूलमघाविशाखाः ॥**
**खातेचभूम्यानिधिरोपणेच तथोग्रकार्येमुनयोवदंति ॥१॥**

**અર્થઃ**—ત્રણ પૂર્વા ( પૂર્વાફાલ્ગુની પૂર્વાષાઢા અને પૂર્વાભાદ્રપદ ), અશ્લેષા, ભરણી, કૃત્તિકા, મૂળ, મઘા અને વિશાખા; એટલાં નક્ષત્રો **અધોમુખ** જાણવાં. એ અધોમુખ નક્ષત્રો ખાતમુહુર્ત વખતે તથા પૃથ્વીમાં ધન મુકવું હોય તે વખત અને ઉગ્ર કાર્યમાં લેવાં એમ મુનિઓ કહે છે. ૧

**चित्राश्विमैत्रादितिवायुधिष्ण्यं ज्येष्ठामृगौपौष्णकरौतथैव**
**स्याद्वाहनेयंत्रहलप्रवाहे चतुष्पदाद्येपिचपार्श्ववक्रम् ॥ २ ॥**

**અર્થઃ**—ચિત્રા, અશ્વિની, અનુરાધા, પુનર્વસુ, સ્વાતી, જ્યેષ્ઠા, મૃગશીર્ષ, રેવતી અને હસ્ત એ નવ નક્ષત્રો **તીર્યગ્મુખ** જાણવાં. એ તીર્યગ્મુખ નક્ષત્રો વાહનના કામમાં, યંત્રના કામમાં, હળ જોડવાના કામમાં અને ઢોરોના કામમાં લેવાં. ૨

### इंद्रवज्रा.

**पूष्योत्तरार्द्राश्रुतयोधनिष्ठा स्याद्रोहिणीवारुणमूर्द्ध्ववक्रम् ॥**
**प्राकारदेवालयछत्रहर्म्यं राज्याभिषेकादिचयातिसिद्धिम् ॥ ३ ॥**

**અર્થઃ**—પૂષ્ય, ત્રણ ઉત્તરા ( ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદા ) આર્દ્રા, શ્રવણ, ધનિષ્ઠા, રોહિણી અને શતભિષા. એટલાં નક્ષત્રો **ઉર્ધ્વવક્ર** જાણવાં (ઉંચા મુખવાળાં) એ ઉર્ધ્વવક્ર નક્ષત્રોમાં કિલ્લો, દેવમંદિર, તેમજ રાજાના શિરે છત્ર ધરાવવું. હવેલી અને રાજાને રાજ્યાભિષેક કરવો, ઇત્યાદિ કામો ઉર્ધ્વવક્ર નક્ષત્રોમાં કરવાથી કાર્યની સિદ્ધિ થાય. ૩

### उपजाति.

**सीमंतकर्माष्टमषष्टमासे कार्यंदिनेर्कस्यगुरोर्महीजे ॥**
**मृगेचपुष्येचपुनर्वसौच हस्तेचमूलेश्रवणेतथैव ॥ ४ ॥**

"Aho Shrutgyanam"

**અર્થ**—જે દિવસથી સ્ત્રીને ગર્ભ રહે તે દિવસથી આઠમે અથવા છઠ્ઠે માસે રવિવારના દિવસે, ગુરુવારના દિવસે, મંગળવારના દિવસે તેમજ મૃગશીર્ષ નક્ષત્ર, પૂષ્ય નક્ષત્ર, હસ્ત નક્ષત્ર, મૂળ નક્ષત્ર અને શ્રવણ, નક્ષત્ર, એટલાં નક્ષત્રો અને બતાવેલા વારોના દિવસે **સીમંતકર્મ** કરવું. ૪

## इंद्रवज्रा.

**षष्ठेशिशोःपंचमकेकुमार्यां मासेन्नसंप्राशनमुत्तरासु ॥**
**श्रुत्यश्विनीवासवहस्तपूष्ये चित्रामृगादित्यविधातृपौष्णे ॥५॥**

**અર્થઃ**—પુત્રને જન્મ થયા પછી છઠ્ઠે માસે અને કન્યા અથવા પુત્રીને જન્મ થયા પછી પાંચમે માસે અન્નપ્રાશન કરાવવું [ ખાતાં શીખવવું ], પણ પ્રાશન કરાવવાના દિવસે ત્રણ ઉત્તરામાંથી ગમે તે એક નક્ષત્ર, શ્રવણ, અશ્વિની, ધનિષ્ઠા, હસ્ત, પૂષ્ય, ચિત્રા, મૃગશીર્ષ, પુનર્વસુ, રોહિણી અને રેવતી; એટલાં નક્ષત્રોમાં **અન્નપ્રાશન** કરાવવું જોઇએ. ૫

## उपजाति.

**वेधःशिशूनामपिकर्णयोःस्यात् पुष्योत्तरावासवरेवतीषु ॥**
**हस्ताश्विनीवैष्णवचित्रिकासु पुनर्वसौमैत्रमृगेषुशस्तः ॥ ६ ॥**

**અર્થઃ**— પુષ્ય, ત્રણ ઉત્તરા, ધનિષ્ઠા, રેવતી, હસ્ત, અશ્વિની, શ્રવણ, ચિત્રા, પુનર્વસુ, અનુરાધા, અને મૃગશીર્ષ; એટલાં નક્ષત્રોમાં બાળકોના **કર્ણ-વેધ** કરવા. ( કાન વિંધાવવા. ) ૬

## शालिनी.

**[1]मौञ्ज्याबंधोमोचनंचाद्विजानां**
**जीवेशुक्रेभूमिपुत्रेबुधेच ॥**
**कार्योहस्तादित्रयेवासवेंत्ये**
**श्रुत्यादित्येपूष्यसौम्याश्विनीषु ॥ ७ ॥**

---

૧ અનુક્રમ એવી રીતે છે કે પ્રથમ ઋગ્વેદીને ગુરુવારે; યજુર્વેદીને શુક્રવારે, સામવેદીને મંગળવારે અને અથર્વણ વેદવાળા બ્રાહ્મણને બુધવારે મૌંજીબંધન તથા મૌંજીમોચન કરવું.

મૌંજી અથવા મુંજની કટિમેખળા અથવા કંદોરો જનોઇ દેતી વખતે કમ્મરે બાંધવામાં આવે છે, ત્યારથી બ્રાહ્મણને બ્રહ્મચર્યપણું પાળવાનું કહ્યું છે; અને તે બ્રહ્મચર્યપણાના ધર્મ પાળવા માટે મનુસ્મૃતિના બીજા અધ્યાયમાં બતાવેલું છે તેમ મૌંજીબંધનમાટે પણ તેજ અધ્યાયના બેંતાળીશમા શ્લોકમાં ( ૪૨ ) બતાવવામાં આવ્યું છે.

"Aho Shrutgyanam"

**અર્થ:**—બ્રાહ્મણોએ વેદના અનુક્રમે **મોંજીબંધન** અને **મોંજીમોચન** માટે ગુરુવાર, શુક્રવાર, મંગળવાર અને બુધવાર એટલા વારો લેવા; તેમજ હસ્ત, ચિત્રા, સ્વાતિ, ધનિષ્ઠા, રેવતી, શ્રવણ, પુનર્વસુ, પૂષ્ય, મૃગશીર્ષ અને અશ્વિની. એટલાં નક્ષત્રોમાં મોંજીનું બંધન અને મોંજીનું મોચન કરવું કહ્યું છે. ૭

## शार्दूलविक्रीडित.

विद्यारंभविधौसुरेज्यभृगुजौशस्तौबुधार्कौतथा
जाड्यंचंद्रदिनेचमंदकुजयोर्मृत्युश्चदर्शोतिथौ ॥
आद्याचाष्टमिकामहेश्वरतिथिस्त्याज्याथमूलंशुभं
पूर्वाकर्णकरत्रयाश्विभमपिश्रेष्ठंमृगात्पंचकं ॥ ८ ॥

**અર્થ:**—ગુરુવાર, શુક્રવાર, બુધવાર, અને રવિવાર, એટલા વારોને દિવસે વિદ્યા ભણવાનો આરંભ કરવો. સોમવારના દિવસે વિદ્યા ભણવાનો આરંભ કરવાથી જડપણું પ્રાપ્ત થાય છે. શનૈશ્ચર અને મંગળવારના દિવસે વિદ્યા ભણવાનો આરંભ કરવાથી મૃત્યુ થાય, તેજ રીતે અમાવાસ્યાના દિવસે વિદ્યાભ્યાસ કરવાનો આરંભ કરવાથી મૃત્યુ થાય. પડવો, આઠમ અને ચૌદશ, એટલી તિથિઓ વિદ્યાના આરંભ સમયે તજવી. અને હવે વિદ્યાનો આરંભ કરવા માટેનાં નક્ષત્રો કહીએ છીએ.

મૂળ નક્ષત્ર, ત્રણ પૂર્વા, હસ્તાદિ ત્રણ ( હસ્ત, ચિત્રા અને સ્વાતિ ) નક્ષત્ર, અશ્વિની, મૃગશીર્ષાદિ પાંચ નક્ષત્રો (મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પૂષ્ય અને અશ્લેષા.) એટલાં નક્ષત્રોમાં વિદ્યા ભણવાનો અથવા શીખવાનો આરંભ કરવો. ૮

## उपजाति.

आधानमग्नेस्तिसृषूत्तरासु
ज्येष्ठाविशाखामृगपूष्यभेषु
सरेवतीब्रह्मभकृत्तिकासु
कर्याद्द्विजःकर्मविधानसिद्ध्यै ॥ ९ ॥

**અર્થ:**—ત્રણ ઉત્તરા, જ્યેષ્ઠા, વિશાખા, મૃગશીર્ષ, પૂષ્ય, રેવતી, રોહિણી અને કૃત્તિકા એટલાં નક્ષત્રોમાં બ્રાહ્મણે **અગ્નિનું આધાન** કરવું. ૯

"Aho Shrutgyanam"

## शार्दूलविक्रीडित.

क्षौरंपुष्टिकरंहरित्रयकृतंहस्तत्रयेपौष्णभे
ज्येष्ठाश्विन्यदितौचपुष्यमृगभेस्याद्दहितारावले ॥
रिक्तायांनशुभंचभास्करदिनेमंदारयोरात्रिषु
ब्राह्मीचोत्तरकत्रयंचपितृभंमैत्राग्निभंमृत्यवे ॥१०॥

**અર્થઃ**—શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, હસ્ત, ચિત્રા, સ્વાતી, રેવતી, જ્યેષ્ઠા, અશ્વિની, પુનર્વસુ, પૂષ્ય અને મૃગશીર્ષ એટલાં નક્ષત્રોમાં **ક્ષૌર** કરાવવાથી ( વાળ ઉતરાવવાથી ) પુષ્ટિ થાય. વળી તારાનું બળ હોય તે દિવસે **ક્ષૌર** કરાવવું કહ્યું છે પણ રિક્તા તિથિ રવિવાર અને શનૈશ્ચર વાર; એટલા વારોને દિવસે તેમજ હરકોઈ રાત્રી વિષે ક્ષૌર કરાવવું નહિ; તેમજ રોહિણી, ત્રણ ઉત્તરા, મઘા, અનુરાધા અને કૃત્તિકા, એટલાં નક્ષત્રોમાં ક્ષૌર કરાવે તો તે મૃત્યુ પામે. ૧૦

## उपजाति.

शुक्लांवरंभास्करजीवशुक्रे बुधैर्विधार्यकरपंचकेच ॥
पूष्याश्विनीपूषभउत्तरासु पुनर्वसौवासवरोहिणीषु ॥ ११ ॥

**અર્થઃ**—રવિવાર, ગુરુવાર, શુક્રવાર અને બુધવાર, એટલા વારને દિવસે તથા હસ્ત, સ્વાતિ, વિશાખા, અનુરાધા, પૂષ્ય, અશ્વિની, રેવતી, ત્રણ ઉત્તરા, પુનર્વસુ, ધનિષ્ઠા અને રોહિણી, એટલાં નક્ષત્રોમાં **ધોળું વસ્ત્ર પહેરવું** કહ્યું છે. ૧૧

## शार्दूलविक्रीडित.

हैमंविद्रुमशंखकाचमणयोदंतोपिरक्तांबरं
स्त्रीणांसौख्यकरंचभौमभृगुजेजीवेरवौपौष्णभे ॥
हस्तात्पंचसुवासवेश्विभदिनेभर्तुःसुखार्थप्रदं
रोहिण्युत्तरमंदचंद्रदिवसेनादित्यपुष्येतथा ॥ १२ ॥

**અર્થઃ**—સુવર્ણનાં આભૂષણ ( ઘરેણાં ), પરવાળાનાં આભૂષણ, શંખનો ચૂડો, કાચનો ચૂડો ( બંગડિયો ), મણિઓથી જડેલો ચૂડો, હાથીના દાંતનો ચૂડો અને વસ્ત્ર, એટલી વસ્તુઓ મંગળવાર, શુક્રવાર, ગુરુવાર, રવિવાર તથા રેવતી, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, ધનિષ્ઠા, અને

"Aho Shrutgyanam"

અશ્વિની; એટલાં નક્ષત્રોમાં અને પ્રથમ કહેલા વારોમાં સ્ત્રી પહેરે તો તે સ્ત્રીને સુખ થાય; અને તેના ભર્તારને સુખ સાથે ધનની પ્રાપ્તિ થાય; પણ રોહિણી નક્ષત્ર; ત્રણ ઉત્તરા, પુનર્વસુ અને પૂષ્ય; એટલાં નક્ષત્રોમાં તથા શનૈશ્ચર અને સોમવાર એ બે વારોના દિવસે સ્ત્રીએ ઉપર બતાવેલી વસ્તુઓ પહેરવી નહિ. ૧૨

## वसंततिलका.

दृष्टिर्नृपस्यतुमृगोत्तरहस्तपूष्ये
चित्रांत्ययुग्महरिधातृधनिष्ठमैत्रे ॥
चित्राख्यवासवविमुक्तकशक्रयुक्ते
राज्याभिषेकउदितोहिबुधैःसमृद्ध्यै ॥ १३ ॥

**અર્થઃ**—મૃગશીર્ષ, ત્રણ ઉત્તરા, હસ્ત, પૂષ્ય, ચિત્રા, રેવતી, અશ્વિની, શ્રવણ, રોહિણી, ધનિષ્ઠા, અને અનુરાધા; એટલાં નક્ષત્રોમાંથી ચિત્રા અને ધનિષ્ઠા, એ બે નક્ષત્રો મુકી બાકી રહેલાં નક્ષત્રો અને જ્યેષ્ઠા નક્ષત્ર, એટલાં નક્ષત્રોમાં રાજાને રાજ્યાભિષેક કરવો; તેટલાંજ નક્ષત્રોમાં રાજાને મળવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય. ૧૩.

## उपजाति.

गजाश्वकर्माणिकरत्रयेच पुनर्वसौपूष्यमृगाश्विपौष्णे ॥
श्रुतित्रयेचैवतथापिमैत्रे ह्यत्रैवभैषज्यविधिःसमूले ॥ १४ ॥

**અર્થઃ**—હસ્ત, ચિત્રા, સ્વાતિ, પુનર્વસુ, પૂષ્ય, મૃગશીર્ષ, અશ્વિની, રેવતી, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને અનુરાધા, એટલાં નક્ષત્રો હાથી અને ઘોડાઓના મુહૂર્ત વિષે લેવાં (હાથી અને ઘોડાઉપર પ્રથમ સ્વારી કરવી) વગેરે બાબતમાં તેમજ તે નક્ષત્રોમાં થયેલો રોગ દૂર થવા માટેનાં ઔષધોની શરૂઆત કરવી. ૧૪

## शालिनी.

स्वातौपूर्वासार्पज्येष्ठासुरौद्रे
रोगोत्पत्तिर्मृत्यवेमानवानाम् ॥
सार्पेमूलेरुद्रयाम्याग्निपैत्र्ये
वैशाखयांसर्पदष्टस्यमृत्युः ॥ १५ ॥

**અર્થઃ**—સ્વાતિ, ત્રણ પૂર્વા, અશ્લેષા, જ્યેષ્ઠા અને આર્દ્રા, એ સાત નક્ષત્રોમાં મનુષ્યને રોગની ઉત્પત્તિ થાય, તો તે તેનું મૃત્યુ કરે. અશ્લેષા, મૂળ,

"Aho Shrutgyanam"

આર્દ્રા, ભરણી, કૃત્તિકા, મઘા અને વિશાખા, એટલાં નક્ષત્રોમાં જેને સર્પનો દંશ થાય તે મૃત્યુ પામે. ૧૫

## उपजाति.

नरोगमुक्तस्यचसोमशुक्रे स्नानंविधेयांतिसृषूत्तरासु ॥
सार्पेचमैत्रेचपुनर्वसौच स्वात्यांतथाधातृभपूषभेच ॥ १६ ॥

**અર્થઃ**—રોગમુક્ત પુરુષે ( રોગ મટી આરામ થયેલા પુરુષને ) સોમ અને શુક્રવારના દિવસે સ્નાન કરવું નહિ; તેમજ ત્રણ ઉત્તરા, અશ્લેષા, મઘા, પુનર્વસુ, સ્વાતિ, રોહિણી અને રેવતી; એટલાં નક્ષત્રોમાં પણ રોગમુક્ત પુરુષે સ્નાન કરવું નહિ. ૧૬

## वसन्ततिलका.

स्नानंचजंतुषुहितंभृगुभौमजीवे
षष्ठीत्रयोदशीदशाद्वितीयाष्टसूर्ये ॥
संक्रांतिपर्वदिवसेनाहितंतुविष्ट्यां
स्त्रीणांमघाशतभिषक्नवमीबुधेषु ॥ १७ ॥

**અર્થઃ**—શુક્રવાર, મંગળવાર, ગુરુવાર અને રવિવાર, એટલા વારોમાં છઠ, તેરશ, દશમ, બીજ અને આઠમ એટલી તિથિઓમાં, સંક્રાંતિમાં, પર્વ-તિથિઓમાં ( અમાવાસ્યા, પૂર્ણિમા, વ્યતિપાત અને વૈધૃત ) અને વિષ્ટિમાં પુરૂષોએ [1]અભ્યંગસ્નાન કરવું નહિ. મઘા અને શતભિષા એ બે નક્ષત્રોમાં નવમીને દિવસે અને બુધવારના દિવસે સ્ત્રીઓએ અભ્યંગસ્નાન કરવું નહિ. ૧૭

## उपजाति.

स्नानंप्रसूतेःपितृभेभरण्यां
पुनर्वसौवन्हिभमूलपुष्ये ॥
आर्द्रासुचित्रासुविशाखिकायां
कुर्यान्निषेधायपुनःप्रसूतेः ॥ १८ ॥

---

૧ તેલ સાથે સુગંધી પદાર્થો મેળવી શરીરે મર્દન કરી સ્નાન કરવામાં આવે છે તેનું નામ અભ્યંગસ્નાન છે, એ સ્નાન દીવાળીમાં ઘણા લોકો કરે છે પણ દક્ષિણ દેશમાં તો હમેશને માટે એ રીતિ છે.

"Aho Shrutgyanam"

**અર્થ**:—મઘા, ભરણી, પુનર્વસુ, કૃત્તિકા, મૂળ, પૂષ્ય, આર્દ્રા, ચિત્રા અને વિશાખા. એટલાં નક્ષત્રોમાં [1]પ્રસૂતિનું સ્નાન કરે તો તે સ્ત્રીને ફરીથી પ્રસૂતિ થાય નહિ. ૧૮

गमागमौनैवशुभौपशूनां
स्नानंश्रुतौचापितथोत्तरासु ॥
दर्शाष्टमीब्रह्मभचित्रयोश्च
भवेच्चतुर्थ्यांनचभूतनाम्न्याम् ॥ १९ ॥

**અર્થ**:—શ્રવણ, ત્રણ ઉત્તરા, રોહિણી, અને ચિત્રા; એટલાં નક્ષત્રોમાં અમાવાસ્યા, આઠમ, ચોથ, અને ચૌદશ; એટલી તિથિઓમાં, પશુને તેના સ્થાનમાંથી બીજા કોઇ સ્થાનમાં મોકલવું નહિ; તેમજ બીજા સ્થાનેથી પશુને લાવવું પણ નહિ; અને પશુને બાંધવાનું નવીન સ્થાનક કરેલું હોય તેમાં તે નક્ષત્રો અને તે તિથિઓમાં બાંધવું પણ નહિ. ૧૯

## शार्दूलविक्रीडित.

त्याज्येयंतिथिरष्टमीचनवमीभूताचतुर्थीकुहुः
पूर्वाणांत्रितयंयमाग्निफाणिभंज्येष्ठातथार्द्राहले ॥
शेषैर्विंशतिधिष्ण्यकैस्तुफलदंमंदार्कभौमांस्त्यजेत्
बीजोप्तौचविशाखिकादितिहरीत्याज्यंतथावारुणम्

**અર્થ**:—આઠમ, નવમી, ચૌદશ, ચોથ અને અમાવાસ્યા, એટલી તિથિઓ તથા ત્રણ પૂર્વા, ભરણી, કૃત્તિકા, અશ્લેષા, જ્યેષ્ઠા અને આર્દ્રા; એટલાં નક્ષત્રોને હળ જોડવાના કામમાં લેવાં નહિ (તજવાં). અને બાકીનાં વીશ નક્ષત્રોમાં હળ જોડવાથી સારું ફળ મળે પણ હળ જોડવાના કામમાં શનૈશ્ચરવાર, રવિવાર અને મંગળવાર; એટલા વારો લેવા નહિ; તેમજ બીજની વાવણીના કામમાં પણ ઉપર બતાવેલાં નક્ષત્રો તથા વારો અને તિથિઓ લેવી નહિ.

પ્રથમ વીશ નક્ષત્રો બાકી રહેલાં શ્રેષ્ઠ બતાવ્યાં છે. તે નક્ષત્રોમાંથી પણ વિશાખા, પુનર્વસુ, શ્રવણ અને શતભિષા, એટલાં નક્ષત્રો બીજની વાવણીના કામમાં લેવાં નહિ. ૨૦

---

૧ બાળકનો જન્મ થયા પછી પ્રથમ જે સ્નાન થાય છે તે.

"Aho Shrutgyanam"

## उपजाति.

लतौषधीपादपरोपणेषु
पूर्वाधनिष्ठाभरणीविवर्ज्या ॥
पुनर्वसुःस्वातिमघाचरौद्रं
सार्पाग्निज्येष्ठाश्रवणंनशस्तम् ॥ २१ ॥

**અર્થઃ**—પૂર્વા, ધનિષ્ઠા, ભરણી, પુનર્વસુ, સ્વાતિ, મઘા, આર્દ્રા, અશ્લેષા, કૃત્તિકા, જ્યેષ્ઠા અને શ્રવણ; એટલાં નક્ષત્રોને વૃક્ષ તથા વેલી અને ઔષધ રોપવાના કામમાં લેવાં નહિ. ૨૧

## वसन्ततिलका.

नाव्यंसुखायकरवारुणवासवेषु
ज्येष्ठोत्तरात्रितयपूषणिमैत्रपूष्ये ॥
तोयंमघोत्तरकरेवसुमैत्रपूष्ये
स्यात्तोयभेचवरुणेचविधातृभेच ॥ २२ ॥

**અર્થઃ**—નાવ અથવા વહાણ ઘડવાના મુહૂર્તમાં હસ્ત, શતભિષા, ધનિષ્ઠા, જ્યેષ્ઠા, ત્રણ ઉત્તરા, રેવતી, અનુરાધા અને પૂષ્ય, એટલાં નક્ષત્રો લેવાં; પણ પાણીમાં વહાણ ચલાવવાના કામમાં મઘા, ત્રણ ઉત્તરા, હસ્ત, ધનિષ્ઠા, અનુરાધા, પૂષ્ય, પૂર્વાષાઢા, શતભિષા અને રોહિણી એટલાં નક્ષત્રો લેવાં કહ્યાં છે. ૨૨

## शार्दूलविक्रीडित.

यात्रापूष्यमृगेश्रुतावदितिभेहस्ताश्विनीवासवे
रेवत्यांफलदाचमैत्रदिवसेचित्रात्रिकंवर्जयेत् ॥
सार्प्यंवन्हिमघासुशैवयमभेवर्ज्यागुरुर्दक्षिणे
प्राक्सोमार्कसुतौजलेर्कभृगुजौसौम्यावनेयावुदक् ॥ २३ ॥

**અર્થઃ**—પૂષ્ય, મૃગશીર્ષ, શ્રવણ, પુનર્વસુ, હસ્ત, અશ્વિની, ધનિષ્ઠા, રેવતી અને અનુરાધા, એટલાં વિષે પ્રયાણ કરવાથી શુભ ફળ મળે, પણ ચિત્રા, સ્વાતિ, વિશાખા, અશ્લેષા, કૃત્તિકા, મઘા, આર્દ્રા અને ભરણી, એટલાં નક્ષત્રો પ્રયાણ વખતે લેવાં નહિ. વળી—

"Aho Shrutgyanam"

ગુરુવારે દક્ષિણ દિશામાં પ્રયાણ કરવું નહિ; સોમવારે અને શનૈશ્વરવાર એ બે વારે પૂર્વ દિશામાં પ્રયાણ કરવું નહિ; રવિવાર અને શુક્રવાર, એ બે વારે પશ્ચિમ દિશામાં પ્રયાણ કરવું નહિ અને બુધવાર ને મંગળવાર, એ બે વારે ઉત્તર દિશામાં પ્રયાણ કરવું નહિ. ૨૩

## इंद्रवज्रा.

प्राच्यांकुबेराग्निदिशोविभागे
नैर्ऋत्ययाम्येवरुणेनिलेशे ॥
योगिन्यउक्ताःप्रतिपन्नवम्यो
यानेभिमुख्यःक्रमतोपिदुष्टाः ॥ २४ ॥

**અર્થ**:—પડવે અને નવમીના દિવસે પૂર્વ દિશામાં યોગિની અથવા જોગણી જાણવી, બીજ અને દશમના દિવસે ઉત્તર દિશામાં, ત્રીજ અને અગિયારશના દિવસે અગ્નિ કોણમાં, ચોથ અને બારસે નૈર્ઋત કોણમાં, પાંચમ અને તેરસે દક્ષિણમાં, છઠ્ઠ અને ચૌદસે પશ્ચિમમાં, સાતમ અને પુનમે વાયવ્ય કોણમાં અને આઠમ તથા અમાવાસ્યા એ બે તિથિઓના દિવસે ઈશાન કોણમાં જોગણી જાણવી. એ જોગણી પ્રયાણના વખતે સન્મુખ હોય તો તે દુઃખ આપે. ૨૪

## वसन्ततिलका.

मेषेवृषेमिथुनकर्कटकादिराशौ
प्राक्याम्यपश्चिमकुबेरदिशासुचंद्रः ॥
यात्रासुदक्षिणकरेभिमुखेर्थलाभो
धान्यक्षयोभवतिवामकरेचपृष्ठे ॥ २५ ॥

**અર્થ**:—મેષ, સિંહ અને ધન, એ ત્રણ રાશિનો ચંદ્રમા હોય તો તે ચંદ્રનું ઘર પૂર્વ દિશામાં જાણવું; વૃષ, કન્યા અને મકર, એ ત્રણ રાશિનો ચંદ્રમા હોય તો તેનું દક્ષિણ દિશામાં ઘર જાણવું; મિથુન, તુળા અને કુંભ, એ ત્રણ રાશિનો ચંદ્રમા હોય તો પશ્ચિમ દિશામાં તેનું ઘર જાણવું; કર્ક વૃશ્ચિક અને મીન એ ત્રણ રાશિનો ચંદ્રમા હોય તો તે ચંદ્રમાનું ઘર ઉત્તર દિશામાં જાણવું.

એ ચંદ્રમા પ્રયાણના વખતે જમણી તરફ અને સન્મુખ હોય તો તે ધ-

"Aho Shrutgyanam"

નનો વાસ આવે તથા પ્રયાણ વખતે ડાબી તરફ અને પાછળ ચંદ્રમા હોય તો તે ધાન્યનો ક્ષય કરે. ૨૫

## उपजाति.

धनस्यवृद्धौधनसंग्रहेतु
श्रुतित्रयंपुष्यपुनर्वसूच ॥
हस्तोमृगांत्याश्विभमैत्रचित्राः
स्वातिःप्रशस्तानतुशेषमृक्षम् ॥ २६ ॥

**અર્થ:**—શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પુષ્ય, પુનર્વસુ, હસ્ત, મૃગશીર્ષ, રેવતી, અશ્વિની, અનુરાધા, ચિત્રા અને સ્વાતિ એટલાં નક્ષત્રો ધનની વૃદ્ધિ કરવામાં શ્રેષ્ઠ કહ્યાં છે માટે તે લવાં અને તે નક્ષત્રો શિવાયનાં નક્ષત્રો તેવા કાર્યમાં લેવાં નહિ.

## वसन्ततिलका.

सौम्यायनेधवलपक्षविमीनचैत्रे
द्व्यंगेस्थिरेमरगणस्याहिताप्रतिष्ठा ॥
युग्मातिथिर्नशुभदानवमीतथाच
श्रेष्ठाशुभेषुविषमादशमीद्वितीया ॥ २७ ॥

**અર્થ:**—ઉત્તરાયણના સૂર્યમાં, શુકલ પક્ષમાં, મીન સંક્રાંતિ અને ચૈત્ર માસ ત્યાગીને દ્વિસ્વભાવ લગ્નમાં તથા સ્થિર લગ્નમાં દેવની પ્રતિષ્ઠા કરવી; તેમજ [1]સમ તિથિને દિવસે તથા નવમીને દિવસે પ્રતિષ્ઠા કરે તો તે સારૂં ફળ આપે નહિ, અને [2]વિષમ તિથિઓમાં પ્રતિષ્ઠા કરવામાં આવે તો તે શુભ છે તેમજ સમ તિથિઓમાં પણ દશમ અને બીજ એ બે તિથિઓ પ્રતિષ્ઠાના કામમાં શુભ છે. ૨૭

## शार्दूलविक्रीडित.

पूर्वाभाद्रपदोत्तरात्रयमृगब्राह्मीषुज्येष्ठाद्वये
पूर्वाषाढपुनर्वसुश्रुतिकरेस्वात्यश्विनीवासवे ॥
रेवत्यार्द्रभपुष्यमैत्रदिवसेश्रेष्ठंसुरस्थापनं
चक्रेसप्तशलाककेचनहितःक्रूरस्यवेधःकुजे ॥ २८ ॥

---

૧ ચોથ, છઠ્ઠ, આઠમ, બારશ અને ચૌદશ એ તિથિઓના દિવસે પ્રતિષ્ઠા થાય નહિ.
૨ વિષમ તિથિઓમાં નવમી વિના પડવો, ત્રીજ, પાંચમ, સાતમ, અગિયારશ, તેરશ, અને પુનમ શુભ છે, તેમજ સમ તિથિઓમાં બીજ અને દશમ પ્રતિષ્ઠાના કામમાં શુભ છે.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—પૂર્વાભાદ્રપદા, ત્રણ ઉત્તરા, મૃગશીર્ષ, રોહિણી, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, પુનર્વસુ, શ્રવણ, હસ્ત, સ્વાતિ અશ્વિની, ધનિષ્ઠા, રેવતી, આર્દ્રા, પૂષ્ય અને અનુરાધા. એટલાં નક્ષત્રોમાં દેવની પ્રતિષ્ઠા કરે તો તે શ્રેષ્ઠ છે પણ [1]સપ્તશલાકા ચક્રમાં જો ક્રૂર ગ્રહનો વેધ આવે તો તે સારો નહિ, તેમજ મંગળનો વેધ તો ઘણોજ ખોટો છે. ૨૮

૧ સપ્તશલાકા ચક્ર એટલે—પ્રતિષ્ટાના કામમાં આ નીચે બતાવેલા કોઠાની રેખાઓ ઉપર અઠ્યાવીશ નક્ષત્રો, લખેલાં છે; તેમાંનું જે નક્ષત્ર પ્રતિષ્ઠાના કામમાં લેવાનું હોય, તે નક્ષત્રની રાશિ ઉપર ક્રૂર ગ્રહ હોય અથવા એ નક્ષત્રની સીધી લીટી ઉપર સામેના નક્ષત્રની રાશિમાં ક્રૂર ગ્રહ હોય; એ બન્ને પ્રકારનો ક્રૂર ગ્રહનો વેધ જાણવો; માટે એવા ક્રૂર ગ્રહના વેધવાળું નક્ષત્ર પ્રતિષ્ઠાના કામમાં લેવું નહિ. અને પ્રથમ કહ્યા પ્રમાણે જે નક્ષત્રને ક્રૂર ગ્રહનો વેધ ન થતો હોય એ નક્ષત્ર પ્રતિષ્ઠાના કામમાં લેવું.

## સપ્તશલાકા ચક્ર.




"Aho Shrutgyanam"

## वसन्ततिलका.

क्रूरास्त्रिषष्टदशमायगताःशुभाःस्यु
स्तद्वात्रिकोणधनकेंद्रगताश्चसौम्याः ॥
चंद्रोदशायसहजेषुधनेचशस्तो
जीवोष्टमःशशिसुतोपिसुखायकैश्चित् ॥ २९ ॥

અર્થ:—[redacted] ત્રીજે, છઠ્ઠે, દશમે અને એકાદશમે સ્થાનકે ક્રૂર ગ્રહો આવ્યા હોય તો તે શ્રેષ્ઠ છે; તેમજ ત્રિકોણ ધનભવન અને કેંદ્ર સ્થાનમાં સૌમ્ય ગ્રહો આવ્યા હોય તો તે સારા છે; દશમે, અગિયારમે, સહજ ભવને (ત્રીજે ભવને) અને ધન ભવને ચંદ્રમા આવે તો તે સારો છે. આઠમા ભવનમાં બૃહસ્પતિ આવે તો તે સારો છે અને કેટલાક આચાર્યો કહે છે કે—આઠમા ભવન વિષે બુધ આવે તો તે સુખકારી છે.

## शार्दूलविक्रीडित.

मूर्तौमृत्युकरःशशीधनगतोधान्यंसुखंविक्रमे
वेश्मस्थःकलहंकरोतिसुतगःसंतानगोत्रक्षयम् ॥
षष्ठेवैरिभयंचसप्तमगतोदुःखंमृतिंमृत्युगः
विघ्नंधर्मगतोबलंचगगनेलाभेर्थमंत्येव्ययम् ॥ ३० ॥

અર્થ:—[redacted] વિષે [1]લગ્નમાં ચંદ્રમા હોય તો તે મૃત્યુ કરે, [2]ધન ભવનમાં ચંદ્રમા હોય તો તે ધાન્યની વૃદ્ધિ કરે, [3]પરાક્રમ ભવનમાં ચંદ્રમા હોય તો તે સુખ આપે, ચોથા ભવનમાં ચંદ્રમા હોય તો તે કલેશ કરાવે, પાંચમા ભવનમાં ચંદ્રમા હોય તો તે સંતાન અને ગોત્રનો ક્ષય કરે, છઠ્ઠા ભવનમાં ચંદ્રમા હોય તો તે શત્રુનો ભય કરે, સાતમા ભવનમાં ચંદ્રમા હોય તો તે દુઃખ કરે, આઠમા ભવનમાં ચંદ્રમા હોય તો તે મૃત્યુ કરે, નવમા ભવનમાં ચંદ્રમા હોય તો તે વિઘ્ન કરે, દશમા ભવનમાં ચંદ્રમા હોય તો તે બળ આપે, અગિયારમા ભવનમાં ચંદ્રમા હોય તો તે ધન આપે અને બારમા ભવનમાં ચંદ્રમા હોય તો તે ખરચ કરાવે. ૩૦

१ પહેલા ભવનમાં. २ બીજા ભવનમાં. ૩ ત્રીજા ભવનમાં.

"Aho Shrutgyanam"

### उपजाति.

कार्यंसदाशान्तिकपौष्टिकंच, कन्याविवाहर्क्षगणेसपुष्ये ॥
तौतथार्केश्विभशुक्रवारे, बुधेचजीवेफलदंप्रदिष्टम् ॥ ३१ ॥

**અર્થઃ**—વિવાહના નક્ષત્રોમાં તેમજ પુષ્ય, શ્રવણ, હસ્ત, અને અશ્વિની, એ ચાર નક્ષત્રોમાં તથા શુક્રવાર, બુધવાર અને ગુરૂવાર, એ ત્રણ વારોને દિવસે શાન્તિક તથા પૌષ્ટિક કર્મ કરવાથી (ગ્રહશાન્તિક કર્મ) ફળદાયિક થાય છે, માટે તે શાન્તિક તથા પૌષ્ટિક કર્મ સર્વ શુભ કાર્યોમાં કરવું. ૩૧

इतिश्री राजवल्लभे वास्तुशास्त्रे मंडनकृते ज्योतिष लक्षणोनाम त्रयोदशो अध्यायः १३

---



"Aho Shrutgyanam"

# ॥ राजवल्लभ ॥

## अध्याय १४ मो.

### पादा कुलक.

तिथिवारर्क्षयुतेपिगुणौघे
किमपिनकार्यंशकुनविरुद्धं ॥
तेषामनुकूलेपिचदोषे
शकुनेसिद्धिमुपैतिसदैव ॥ १ ॥

**અર્થ:**—તિથિ, વાર અને નક્ષત્ર શુભ હોય તોપણ શકુનનો વિરોધ આવતો હોય તો તે કાર્ય કરવું નહિ, પણ તિથિ વાર અને નક્ષત્ર એ સર્વ અનુકૂળ હોય અથવા દોષવાળાં હોય તોપણ શકુન સારા હોય તો સિદ્ધિ મળે. ૧

### शार्दूलविक्रीडित.

प्राक्दग्धाशिवदिक्सुरेश्वरदिशिज्वलाग्निदिग्धूमिता
सौम्याभस्मयुताचभास्करवशाच्छांताश्चतस्रःपराः ॥
प्रत्येकंप्रहराष्टकेनसवितासेवेतरात्र्यंततः
शांताःसर्वशुभप्रदाश्चशकुनेदीप्ताभयादौशुभाः ॥ २ ॥

**અર્થ:**—રાત્રીના છેલ્લા અર્ધ પહોરથકી ( પાછલી ચાર ઘડી રાતથી ) ચાર ઘડી દિવસ ચડતા સુધી સૂર્ય પૂર્વમાં રહે છે તે વખત ઈશાન કોણ દગ્ધ સમજવી; તે વખત પૂર્વ દિશામાં જ્વાળા સમજવી; અગ્નિ કોણ ધૂમવાળી ( ધુંવાડાવાળી ) સમજવી; ઉત્તર દિશા ભસ્મવાળી જાણવી અને બાકીની ચારે દિશાઓ તે વખત શાંત જાણવી, અર્થાત્ પાછલી ચાર ઘડી રાતથી ચાર ઘડી દિવસ ચડતા સુધી એ રીતે પ્રત્યેક દિશા અને પ્રત્યેક કોણમાં અનુક્રમે એક એક પહોર સુધી સૂર્ય રહે છે.

જે દિશામાં અથવા જે કોણમાં સૂર્ય રહે તે દિશામાં અથવા તે કોણમાં જ્વાળા સમજવી અને તે દિશા અથવા તે કોણની આગળની દિશા અથવા કોણ હોય તે કોણ અથવા દિશા ધૂમવાળી સમજવી; જે દિશામાં સૂર્ય હોય અથવા જે કોણમાં સૂર્ય હોય તે દિશા અથવા કોણની પાછળની દિશા અથવા કોણ હોય તે દગ્ધા જાણવી; એ દગ્ધા દિશા અથવા દગ્ધા કોણની

"Aho Shrutgyanam"

આગળની અથવા પ્રથમની દિશા અથવા કોણ ભસ્મવાળી સમજવી જેમ કે:—

ચાર ઘડી દિવસ ચડયા પછી દોઢ પહોર દિવસ ચડતા સુધી અગ્નિ કોણ વિષે સૂર્ય હોય તો તે અગ્નિ કોણમાં જ્વાળા સમજવી; તે વખત પૂર્વ દિશા દગ્ધ સમજવી; ઇશાન કોણ ભસ્મવાળી સમજવી, અને તે વખત દક્ષિણ દિશા ધૂમવાળી સમજવી, એ રીતે સર્વ દિશાઓ અને કોણો માટે સમજવું. સર્વ કાર્યમાં શાંત દિશા અથવા શાંત કોણમાં શકુન થાય તો તે સારા છે, પણ ભયાદિકના કારણે દિપ્ત દિશામાં ( જે દિશા અથવા જે કોણમાં સૂર્ય હોય તે દિશા અથવા તે કોણ જ્વાળાવાળી દિશા અથવા કોણમાં ) શકુન થાય તો તે સારા એમ સમજવું. ૨

## मन्दाक्रांता.

चेष्टास्थानंस्वरगतिदिशोभावकालौचसप्त
शांतादिप्ताविदधतिनृणांसूचनंतत्फलंस्यात् ॥
सद्योनष्टेयुवतिविषयेव्याधिदुर्गादिभीतौ
प्रावेशेयंशकुनउदितोयात्रिकादन्यथावै ॥ ३ ॥

**અર્થઃ**—જનાવરોની ચેષ્ટા; તેમને બેસવાનું સ્થાનક; તેમનો સ્વર; તેમની ગતિ, તેઓ જે દિશામાં હોય તે દિશા; તેઓના અંગની ચેષ્ટા; તેઓ પોતાના અંગની ચેષ્ટા કરે તે ચેષ્ટા અને તેમનો વખત, એ સાતે પ્રકારે જનાવરોના શકુનો તેમજ શાંત અને દિપ્ત એવી દિશાઓ એ વગેરે મનુષ્યને જેવું સૂચવે તેવું ફળ મળે; એવા આ શકુનો કહ્યા અને આગળ કેટલાક પ્રકારના શકુનો કહેવામાં આવશે, માટે જે જે ઠેકાણે જેના જેવા શકુનો કહ્યા હોય તે સમજી લેવા, પણ એવા શકુનો પ્રયાણ સમયના કહેવામાં આવશે તે સ્ત્રી સંબંધી કાર્યમાં અથવા વ્યાધિ સંબંધી અથવા શત્રુએ કિલ્લાને ઘેરો ઘાલ્યો હોય અથવા પ્રવેશ કરવો હોય તો એવા પ્રસંગે તેવા શકુનોનું ફળ પ્રયાણ વખતથી ઉલટી રીતે છે એમ સમજવું. ૩

## शार्दूलविक्रीडित.

छत्रांभोजगजाजवाजिसुरभीवीणायुधंचामरम्
भेरीशंखनिनादमर्दलसुरागीतंचवेदध्वनिः ॥
मत्स्यागोमयमृत्तिकेचपललंदीपोंबुकुंभोभृतः
ताम्रंरूप्यसुवर्णमंबरनृपौमध्वाज्यदूर्वादधि ॥ ४ ॥

"Aho Shrutgyanam"

**અર્થઃ**—પ્રયાણ સમયે છત્ર, કમળ, હસ્તિ, બકરુ, ઘોડો, ગાય, વીણા, આયુધ, ચામર, ભેરીનો નાદ, શંખનો નાદ, મૃદંગ, મદિરા, ગાયન, વેદનો ઉચ્ચાર, મત્સ્ય, છાણ, માટી, માંસ, દીપક, પાણીનો ભરેલો ઘડો, તાંબુ, રુપું, સોનું, વસ્ત્ર, રાજા; મધ, ઘી, દૂર્વા અથવા ધરો, અને દહીં, એટલા પદાર્થો જમણી તરફ આવે તો તે શુભ ફળ આપનાર છે. ૪

भृंगारांजनवाहनंद्विजपयःशाकार्द्रपुष्पंफलम्
वेश्यादर्पणमंकुशौषधसमितासिद्धान्नवर्द्धापनम् ॥
दृष्ट्वादक्षिणपार्श्वगा निगमनंकार्यंसदाधीमता
पृष्ठेगच्छपुरैहिमंगलगिरायात्राचसिद्ध्यैभवेत् ॥ ५ ॥

**અર્થઃ**—ઝારી, કાજળ, વાહન, ( ગાડું, રથ, પાલખી, મ્યાનો, એ વગેરે ) બ્રાહ્મણ, દૂધ, શાક, તાજાં ફૂલ, ફળ, વેશ્યા, દર્પણ, અંકુશ, ઔષધ, *સમિધ, રાંધેલું અન્ન અને અખિયાણું. એટલામાંથી કોઈ પણ પદાર્થ જમણી તરફ આવતો હોય તો તે વખત બુદ્ધિમાને પ્રયાણ કરવું, અને એ પ્રયાણ કરનારની પાછળથી કોઈ " જા " એવો શબ્દ બોલે તથા પ્રયાણ કરનારની આગળ "આવ" એવો શબ્દ કોઈ બોલે અથવા કોઈ મંગળ વચન બોલે તો તે વખત પ્રયાણ કરવાથી [1]સિદ્ધિ થાય. ૫

तैलांगारकचाश्मभस्मफणिनःकर्पासलोहाजिनम्
तक्रंतस्करकृष्णधान्यलवणंकाष्ठास्थिविष्ठावसाः ॥
पिण्याकस्तुषरज्जुशृंखलगुडंपंकोघटोरिक्तकः
नासाहीनविनग्नमुंडितवमत्प्राव्राजखर्वाधकाः ॥ ६ ॥

**અર્થઃ**—તેલ, અંગારા, વાળ, પથ્થર, રાખ, નાગ, કપાસ, લોઢું, મૃગચર્મ, ( હરણનું ચામડું ), છાશ, ચોર કાળું અન્ન (અડદ વગેરે), મીઠું, કાષ્ઠ ( બળતણ અથવા લાકડાં ), હાડકાં, વિષ્ટા, ચરબી, ખોળ, અથવા ખળ, ફોતરાં, દોરડી, સાંકળ, ગોળ, કાદવ, ખાલી ઘડો, નકટો ( નાક કપાએલું માણસ ), નગ્ન મનુષ્ય, મુંડિત મનુષ્ય (માથે ચોટી અને વાળ વિનાનું મનુષ્ય), વમન કરતો (ઉલટી કરતું આવતું હોય એવું મનુષ્ય), સંન્યાસી

* સમિધ એટલે હવનમાં હોમવાની સામગ્રીમાં પિંપળો, ખિજડો, ઉંબરો, અંઘાડો, વગેરે સામગ્રી લઈને કોઈ મનુષ્ય જમણી તરફ આવતો હોય.

૧ કાર્યની સિદ્ધિ થવાના હેતુથી "જા" અને "આવ" એ શબ્દો જાણી બુઝીને પ્રયાણ કરનારના આગળ અને પાછળ કોઇ બોલે તો તે નહિ પણ સ્વાભિક રીતે કોઇ બોલે તો તે શકુન સારા છે.

"Aho Shrutgyanam"

ઠીંગણો અથવા વામન અને આંધળું મનુષ્ય; એટલી બાબતો પ્રયાણ કરનારને સામે મળે તો તે વખત પ્રયાણ કરવું નહિ. ૬

दीनःकेशविमुक्तकोपिहदमानारूढकोगर्दभम्
सोष्ट्रःसैरिभवाहनोविरुदितश्चेत्यादिकंवर्जयेत् ॥
द्वाराघातबिडालयुद्धकलहंरक्तांबरव्यत्ययो
मागच्छकचयासितिष्ठवचनंयात्रानिषेधायच ॥ ७ ॥

**અર્થ**:—પ્રયાણ વખતે દરિદ્રિ, ગંજો ( જેના માથામાં ખોડો થવાથી વાળ જતા રહ્યા હોય તે ), લાદ અથવા છાણ કરતું આવતું હોય એવા વાહન ઉપર બેઠેલો હોય, ગધેડા ઉપર બેઠેલો હોય, ઉંટ ઉપર બેઠેલો હોય, પાડા ઉપર બેઠેલો હોય અને રુદન કરતો; એટલાં પ્રયાણ વખતે સન્મુખ મળે તો તે વખત પ્રયાણ કરવું નહિ; પ્રયાણ વખતે ઘરનાં કમાડ પોતાની મેળે આમણ સામણ અથડાય, બિલાડાંઓનું યુદ્ધ થતું હોય, ઘરમાં કલેશ થાય; કોઇને રાતાં વસ્ત્ર ધારણ કરાવી વધ કરવા લઇ જતા હોય, વસ્ત્રનું વિપરીતપણું થયું હોય, (શરીરે પહેરવાનું વસ્ત્ર જે સ્થાને જોઇએ તે સ્થાને નહોય ને બીજા સ્થાને હોય જેમકે, પહેરવાનું અંગરખું ખભા ઉપર હોય, પાઘડી બગલમાં હોય, પહેરવાનું ધોતીયું માથે બાંધેલું હોય, એ વગેરે પ્રકાર) એટલા સન્મુખ મળે તે વખત પ્રયાણ કરવું નહિ. વળી, પ્રયાણ વખતે કોઈ સ્વભાવેજ બોલે કે જઇશ નહિ. અથવા બોલે કે કયાં જાય છે? અથવા કહે કે, ઉભો રહે. એમ કોઈ સહેજે પણ બોલે તો પ્રયાણ વખતે તે અપશુકન પ્રાણના નાશનું સૂચનકર્ત્તા છે. ૭

श्यामापिंगलिकाशिवापरभृताछुच्छुंदरीशूकरी
पल्लीनांस्वरवामजःशुभकरःपुंसंज्ञकानांतथा ॥
श्येनोभासकपीमयूररुरवःश्रीकंठकाश्चिप्पकाः
शस्तादक्षिणवासिताश्चशकुनाःस्त्रीसंज्ञिकायेचते ॥ ८ ॥

**અર્થ**:—દેવચકલી; ચીબરી અથવા ભૈરવી, શિયાળ, કોયલ, છછુંદરી, શુવરડી અને પલ્લી ( ગરોળી ). એટલાંનો સ્વર પ્રયાણ વખતે ડાબી તરફ થાય તો તે શુભ છે, તેમજ એજ પુરુષવાચક જનાવરો હોય તો તેમનો શબ્દ પણ પ્રયાણ વખતે ડાબી તરફ થાય તો તે શુભ છે; વળી પ્રયાણ વખતે [1]શ્યેન, [2]ભાસપક્ષી, વાંદરો, મોર, [3]કાળોમૃગ, શ્રીકંઠ, અને ચીપક, એટલાં જનાવરો જમણી તરફ બોલે તો તે શુભ છે, અને એજ સ્ત્રીવાચક જનાવર પણ જમણી તરફ બોલે તો તે પણ શુભ છે. ૮

૧ બાજ. ૨ કુકડિયોકુંભાર. ૩ કાળુંહરણ.

"Aho Shrutgyanam"

चाषंखंजनबर्हिणांचनकुलंस्याच्छब्दकीर्तिक्षणं
शस्तंजाहकशूकरोरगशशंगोधंचसंकीर्त्तनम् ॥
सिद्ध्यैचेदृष्टिरवौचभल्लकापिजौनोकीर्त्तनंसिद्धिदं
नोगच्छेत्पथिलंघितैश्चशशकैर्गोधाविडालोरगैः ॥ ९ ॥

**અર્થઃ**—[1]ચાષ, [2]ખંજન, મોર, અને નોળિયો. એટલાં જનાવરો એકેજ વખત અથવા વારંવાર સામાસામી બોલે તો પ્રયાણ વખતે તે શુભ છે એમ સમજવું. તેમજ બાજ, શૂવર, સર્પ, શશલું, અને ઘો, એટલાં જનાવરો પ્રયાણ વખતે સામાસામી બોલે તો તે પણ શુભ છે; અને પ્રયાણ વખતે રીંછ અથવા વાનરાનું દર્શન થાય અથવા તે એકવાર શબ્દ કરે તો સિદ્ધિ પ્રાપ્ત થાય; પણ એ બન્ને અથવા એકના શબ્દો વારંવાર થાય અથવા એ બન્નેમાં પોતપોતાની જાતિનાં જનાવરો સામાસામી વારંવાર બોલે તો તેથી સિદ્ધિની પ્રાપ્તિ સમજવી નહિ, અને પ્રયાણ વખતે માર્ગમાં શશલું, ઘો, બિલાડું, અને સર્પ એ આડાં ઉતરે તો પ્રયાણ કરવું નહિ. ૯

स्थानानीहशुभानितोरणगृहप्रासादभूभृत्ध्वजाः
छायाभूःसुमनोहराचसजलाक्षीरद्रुमोद्दालकाः ॥
नेष्टाःशृंगकपालशुष्कपतितावृक्षास्तथाकंटकाः
दग्धाश्छिन्नमहीरुहोष्ट्रमहिषाकेशोपलाद्याःखराः ॥ १० ॥

**અર્થઃ**—પ્રયાણ વખતે દેવચકલી જો ઘરના [3]તોરણ ઉપર બોલે; પર્વત ઉપર બોલે, ઘર ઉપર, પ્રાસાદ ઉપર ( દેવમંદિર ઉપર ), ધજા ઉપર, છાયાવાળી, મનોહર અને જળસ્થાન હોય એવી જમીન ઉપર, દૂધવાળા વૃક્ષ ઉપર અને વડગુંદો અથવા રાગુંદા ઉપર. એટલે ઠેકાણે બોલે તો તે શુભ ફળ

૧ નીલકંઠ—દસરાના દિવસે લોકો જેનાં દર્શન કરે છે તે પક્ષી. ૨ ખંજન—એટલે લોક રુઢીમાં તેને દીવાળીનો ઘોડો કહે છે. તે ખંજનના માથા ઉપર શિખા અથવા ચોટી ઉગે છે, તે વખતથી ૭ મહિના સુધી અદૃશ્ય રહે છે, તેને કોઈ દેખતું નથી; અને તેના શિર ઉપરથી જ્યારે ચોટી પડી જાય છે ત્યારે સર્વના દેખવામાં આવે છે, તે ખંજન બહુ ચપળ હોય છે તેથી સ્ત્રીનાં નેત્રોને તેની ઉપમા કવિઓ આપે છે. તેનું પૂંછડું તથા માથું હાલતાંજ રહે છે. તે કોઈ ઠેકાણે સ્થિર થઇ બેસતું નથી.

૩. તોરણ એટલે ઘરના દ્વારના આગળ હોય છે. તે અગર દ્વારના ઉત્તરંગ અથવા ઓતરંગ નીચે ટોલા હોય છે, તેના ઉપર બેસી પ્રયાણ વખતે બોલે તો તે સારા શુકન થયા, એમ કેટલાક શુકન જાણનાર શુકનાવળી કહે છે.

"Aho Shrutgyanam"

આપનાર છે; પણ શિંગડા ઉપર, જમીન ઉપર પડેલી માથાની ખોપરી ઉપર, સૂકાયેલા ઝાડ ઉપર, પડેલા ઝાડ ઉપર, કાંટા ઉપર અથવા કાંટાની વાડ ઉપર, બળેલા ઝાડ ઉપર, કાપી નાખેલા ઝાડ ઉપર, ઉંટ ઉપર, પાડા ઉપર, જમીન ઉપર, પડેલા વાળ અથવા કેશો ઉપર, પથ્થર ઉપર, અને ગધેડા ઉપર. એટલે ઠેકાણે બેશી બોલે તો તે સારી નહિ. ૧૦

**शांतोवामरवस्तुतारगमनंभक्षग्रहोमैथुनं**
**नृत्यंदक्षिणचेष्टितंचसुजलेस्नानंचशांताश्रयः ॥**
**वृक्षारोहणसन्मुखीचमुदितापक्षद्वयोत्क्षेपणं**
**श्यामायाइतिचेष्टितंचफलदंदुष्टंवदामस्त्वथ ॥ ११ ॥**

**અર્થઃ**—પ્રયાણ વખતે દેવચકલીનો શાંત શબ્દ થાય તો તે સારો છે, તેમજ ડાબી તરફ શબ્દ થાય તો તે પણ સારો છે; અને તારગતિ કરે તો તે સારી છે; ચારો ચરતી હોય તો તે સારી છે; પ્રયાણ વખતે તે દેવચકલીનું મૈથુન દેખવામાં આવે તો સારૂં છે; નાચતી હોય તો તે સારી છે; જમણી તરફ ચેષ્ટા કરતી હોય તો તે સારી છે; સારા જળમાં સ્નાન કરતી હોય તો તે સારી છે; શીતળ સ્થાનમાં બેઠી હોય તો તે સારી છે; જે સ્થાનકે બેઠી હોય તે સ્થાનકથી ઉડી ઝાડ ઉપર જવાની તૈયારી કરતી હોય તો તે સારી છે; ખુશી થએલી દેખાતી હોય તો તે સારી છે અને એ દેવચકલી પોતાની બન્ને પાંખો પછાડતી હોય અથવા ખંખેરતી હોય અથવા ઉંચાનીચી કરતી હોય તો તે પણ સારી છે; એટલા પ્રકારે શ્યામા અથવા દેવચકલીના શુકન સારા છે, અને હવે આગળ ખોટા શુકન કહીશું. ૧૧

**वामंपक्षमुपक्षिपेत्प्रकुरुतेचेष्टांचवामांवमिं**
**नाशत्रासवियोगकंपनमथोऽयावृत्यविजृंभणं ॥**
**पंकेभस्मनिमज्जनंविदधतीरज्ज्वास्थिकेशान्मुखे**
**वक्रास्याविदधातिमूत्रशकृतीरोमांचितंभीतये ॥ १२ ॥**

**અર્થઃ**—પ્રયાણ તખતે શ્યામા પોતાની ડાબી પાંચ ઉંચી કરે ડાબી, તરફ ચેષ્ટા કરે, વમન (ઉલટી) કરે, ઉડી જાય, ત્રાસ પામે, વિયોગ પામેલી હોય, શરીરે ધ્રુજતી હોય, પાછળ પોતાનું મોઢું ફેરવી બગાસું ખાતી હોય, કાદવ કે રાખમાં આળોટતી હોય, અથવા નહાતી હોય; દોરડી, હાડકું અથવા વાળ તેણે પોતાના મુખમાં પકડેલાં હોય; મોઢું વાંકુ કરી રાખ્યું હોય;

"Aho Shrutgyanam"

મુતરતી હોય અથવા વિષ્ટા કરતી હોય, રોમાંચિત થતી હોય ( પોતાના શરીરનાં તમામ પિંછડાં ઉભાં કરી દીધાં હોય ), એટલી રીતે દેવચકલી અપશુકન કરતી હોય તો તે ભયકારી છે એમ સમજવું. ૧૨

तारादक्षिणगाचवामककुभःस्याद्वामगावामिका
ऋज्वीचोर्ध्वगतिश्चवक्रगमनावक्रोर्द्धगामूर्द्धगा ॥
कापाटीचकपाटवच्चगुलिकाचक्रांडवत्दूरगा
लीनांधापिचपृष्ठगाचहरिवद्यायातिसादुर्दुरी ॥ १३ ॥

**અર્થઃ**—પ્રયાણ વખતે ડાબી તરફથી ઉડી જમણી તરફ ઉતરે તેનું નામ "તારા", જમણી તરફથી ઉડી ડાબી તરફ ઉતરે તેનું નામ "વામિકા", સીધી રીતે ઉંચી ઉડે તેનું નામ "ઋજ્વી", વાંકી ઉડે તેનું નામ "વક્રા", માથા ઉપર થઇને ઉડે તેનું નામ "ઉર્દ્ધગા" સીધી સપાટીમાં ઉડે ( કમાડ અથવા પાટિયાની સીધાઇની પેઠે ) તેનું નામ "કાપાટી", ઇંડાની પેઠે અથવા ચક્રાકાર ( ગોળ ) ઉડે તેનું નામ "ગુલિકા", ઉડતી ઉડતી ઘણે દૂર જાય તેનું નામ "દૂરગા", છુપતી–છુપતી અથવા અટકતી અટકતી ઉડે તેનું નામ "અંધા" પછવાડે અથવા પીઠ પાછળ ઉડે તેનું નામ "પૃષ્ઠગા" અને *હરિની પેઠે ઉડે તેનું નામ "દુર્દુરી" છે. ૧૩

ऋज्वीसिद्धिकरीतथोर्ध्वफलदावक्राचवक्रंफलं
युद्धंचोर्ध्वगताकपाटगमनाभीतिंक्षयंगोलिका ॥
दूरादूरफलातथाशरगति नैष्टासयेपृष्टगा
त्वंधाकर्णसुखंकरोतिगतयस्तुच्छंफलंदुर्दुरी ॥ १४ ॥

**અર્થઃ**—પ્રયાણ વખતે સિદ્ધિ કરનાર "ઋજ્વી" છે, તેમજ આગળ પણ ફળ આપનાર તે છે. વાંકું ફળ આપનાર "વક્રા"છે; ઉંચી ગતિ કરનાર "ઉર્દ્ધગા" યુદ્ધ કરાવનાર છે, કપાટ સરખી ગતિ કરનાર "કાપાટી" ભય આપનાર છે, ક્ષય કરનાર "ગોળિકા અથવા ગુલિકા" છે, ઘણે દિવસે ફળ આપનાર "દૂરગા" છે, પીઠ પાછળ સીધી ઉડનાર "પૃષ્ઠગા,, ઇચ્છિત ફળ આપે નહિ, માત્ર કાને સાંભળવા જેટલુંજ સુખ આપનાર "અંધા" છે; અને તુચ્છ ફળ આપનારી "દુર્દુરી" છે, એ પ્રમાણે પ્રયાણ વખતે દેવચકલીની ગતિઓનું ફળ જાણવું. ૧૪

* હરિ એટલે બપૈયાનું નામ છે. તે ઉડતી વખતે પોતાની પાંખો ભેગી કરતો અને વળી પાંખો પ્રસરાવતો અથવા ફેલાવતો ઉડે છે. તે ઝટ ઝટ તેમ કરતો ઉડે છે. તે બપૈયાની પેઠે પાંખો ભેળી કરતી અને ફેલાવતી શ્યામા ઉડે તો તે દુર્દુરી કહેવાય.

"Aho Shrutgyanam"

यात्रायांफलथस्तुवामनिनदोनर्थप्रयेदक्षिणः
पृष्ठेपृष्ठफलंकरोतिपुरतोयात्रानिषधोहिसा ॥
यानेवामनिनादतारगतयःप्रश्नेचशांताशुभा
प्यग्रेदक्षिणनादिनीचगतयोवामाप्रवेशादिषु ॥ १५ ॥

**અર્થ:**—પ્રયાણ વખતે ડાબી તરફ શ્યામા બોલે તો તે સારી છે, પણ જમણી તરફ બોલે તો તે અનર્થની પ્રાપ્તિ કરાવે; પીઠ પાછળ બોલે તો તે ઘણા દિવસે ફળ આપે; આગળ બોલે તો તે વખત પ્રયાણ કરવું નહિ, પરંતુ પ્રયાણ કરતે ડાબી તરફ બોલી જમણી તરફ ઉતરે તો તે સારી છે; કોઈ પ્રશ્ન પૂછે તે વખત તે શાંત હોય તો સારી છે, ( બોલતી ન હોય તો ) તેમ-જ પ્રવેશ કરતે આગળ બોલે તથા જમણી તરફ બોલી ડાબી તરફ ઉતરે તો તે સારી છે. ૧૫

## उपजाति.

ताराभयंहंतिकरोतियुग्मा
लाभंतृतीयाबहुशोपियाने ॥
वामाभयंमृत्युवशंद्वितीया
तथातृतीयाधनजीवनाशं ॥ १६ ॥

**અર્થ:**—પ્રયાણ વખતે ડાબી તરફથી જમણી તરફ એક તારા ઉતરે તો તે ભયનો નાશ કરનાર છે, બે તારા ઉતરે તો તે લાભ કરે, અને ત્રણ તારા ઉતરે તો તે ઘણોજ લાભ કરે; પણ પ્રયાણ વખતે જમણી તરફથી ડાબી તરફ એક તારા ઉતરે તો તે ભય પ્રાપ્ત કરાવે. બે તારા ઉતરે તો તે મૃત્યુ પ્રાપ્ત કરાવે અને ત્રણ તારા ઉતરે તો તે ધન અને જીવનો નાશ કરાવે. ૧૬

वामेशब्दमुपैतिचतारा
शब्दंकृत्वागच्छतिवामा ॥
पुनरपिशब्दंकुरुतेवामे
साबहुफलदाकथितादुर्गा ॥ १७ ॥

**અર્થ:**—પ્રયાણ વખતે ડાબી તરફ દુર્ગા બોલીને તે પછી ત્યાંથી બે-

"Aho Shrutgyanam"

હતી બોલતી જમણી તરફ જઈને શબ્દ કરે; અને વળી પાછી ડાબી તરફ આવી બોલે તો તે ઘણુંજ શ્રેષ્ઠ ફળ આપે. ૧૭

वामखायादिगंच्छतितारा
दक्षिणतोपिकरोतिचशब्दं ॥
हंतिफलंगातिजंकुरुतेसा
चाल्पफलंप्रथमाखजातं ॥ १८ ॥

**અર્થ**:—પ્રયાણ વખત ડાબી તરફ દુર્ગા બોલીને જમણી તરફ જઈ ત્યાં બોલે તો તે કરેલા પ્રયાણને નિષ્ફળ કરે; એટલુંજ નહિ પણ પ્રથમ થયેલો ડાબો સ્વર પણ પોતાનું અલ્પ ફળ આપે. ૧૮

## वसन्ततिलका.

श्रेष्ठःखगश्चगमनेपिचतारयातो
वामःप्रवेशसमयेफलदाचदुर्गा ॥
चेष्टानिनादगतयःस्थितिभक्षलाभः
सर्वयथोत्तरबलंमहतेसमूहः ॥ १९ ॥

**અર્થ**:—પ્રયાણ વખતે જમણી અને પ્રવેશ વખતે ડાબી શ્યામા સારી છે. વળી પ્રયાણ વખતે એ દેવચકલી જો ચેષ્ટા કરે તો તે ઠેકાણે સ્થિતિ થાય પણ તે વખત જો તે કાંઈ બોલે તો અન્નપાનાદિક મળે, ગતિ કરે તો લાભ થાય; પરંતુ તે વખત ઉપર કહેલી દરેક બાબત એકજ વખત કરે તો તેથી તેનું મોટું ફળ મળે. ૧૯

## शार्दूलविक्रीडित.

श्यामेतोरणसंज्ञिकेचफलदेसव्यापसव्येरवे
भृशब्दोविलिशूलितोथजलगौक्रूविश्चिकार्निस्वनौ ॥
प्रीतिश्वीविलिकूचमारुतभवौकीचुद्वयंचाग्निजं
दीप्तौमारुतजौचचीकुचिररीमिश्रोग्निरन्येशुभाः ॥ २० ॥

**અર્થ**:—પ્રયાણ વખતે પ્રયાણ કરનારની ડાબી અને જમણી તરફ બે શ્યામાઓ અવળા સવળે મુખે તોરણની રીતે હોય, તે બોલે તો તેને તોરણ-

"Aho Shrutgyanam"

સંજ્ઞા કહે છે. તે સંજ્ઞા શુભ ફળ આપનાર છે; અને તે શ્યામાઓ "વિલિ" અને "શૂલિ" એવા શબ્દો કરે તો તે પૃથ્વીતત્વ સમજવું, "કૂવિ" ' અને "ચિકુ" એવા શબ્દો કરે તો તે જળતત્વ સમજવું, એ બે શકુનો પ્રયાણ કરનારને પ્રીતિ ફળદાયક છે. "ચીવિ" અને "લિકુ" એ બે શબ્દો કરે તો તે વાયુતત્વ જાણવું, "કીચુ" એવો એકજ શબ્દ બે વખત કરે તો તે અગ્નિતત્વ જાણવું, અને "ચીકુ" ને "ચિરરી" એવા બે શબ્દો કરે તો તે વાયુતત્વ જાણવું, પણ તે દીપ્ત છે.

. પ્રથમ કહેલા "કીચુ" શબ્દ ભેગો "ચીકુ" અને "ચિરરી" એ બે શબ્દો મળેલા હોય, તો તે અગ્નિતત્વ જાણવું; એ રીતે અગ્નિ અને વાયુતત્વમાં બોલે તો તે સારૂં નહિ પણ બાકીના બીજા શબ્દો શુભ ફળ આપનાર છે. ૨૦

## उपजाति.

आदौनताप्रांतगतोन्नताया
प्रागुन्नताचांतगतानताचेत् ॥
आद्यापितुच्छंफलमेवदूरात्
ददातिचान्याबहुशोऽचिरेण ॥ २१ ॥

**અર્થઃ**—એ દેવચીડી પ્રથમ જો નમેલી હોય અને પછીથી જો ઉંચી થાય, તો તે ઘણા દિવસે અલ્પ ફળ આપે; પણ જો પ્રથમ તે ઉંચી થએલી હોય અને પછીથી તે નીચી નમે તો થોડા વખતનાં પુષ્કળ ફળે આપે. ૨૧

## शालिनी.

रेवानद्यादक्षिणेदेशभागे
वामेपृष्ठेपिंगलासिद्धिदास्यात् ॥
यात्राकालेदक्षिणाग्रेप्रशस्ता
प्रोक्ताप्राज्ञैरुत्तरेदेशभागे ॥ २२ ॥

**અર્થઃ**—રેવા નદીના દક્ષિણ તટના દેશોમાં પ્રયાણ વખતે ડાબી અને પીઠ પાછળ જો પિંગળા બોલે તો તે સિદ્ધિ આપે; પણ એ રેવા નદીના ઉત્તર કિનારાના દેશો વિષે તો પ્રયાણ વખતે જો પિંગળા જમણી અને સન્મુખ બોલેતોતે શ્રેષ્ઠ છે, એમ પંડિતોનું કહેવું છે. ૨૨

"Aho Shrutgyanam"

उपजाति.

सर्वेषुदेशेषुभयेप्रवेशे
रुतंप्रशस्तंखलुदक्षिणांगे ॥
शस्तंस्वदेशाद्विपरीतभावं
स्त्रीणांकृतेभूपनिरीक्षणेच ॥ २३ ॥

**અર્થ**:—સર્વ દેશો વિષે ભય અને પ્રવેશ વખતે જો જમણી તરફ પિંગળાનો શબ્દ થાય તો તે સારો; પણ સ્ત્રી માટે અને રાજાને મળવા માટે પોતાના દેશમાં તો ઉપર બતાવ્યા કરતાં વિપરીત અથવા ઉલટી રીતે હોય તો તે સારું. ૨૩

शार्दूलविक्रीडित.

वामेयंगमनेप्रवेशसमयेश्रेष्ठागतिर्दक्षिणा
शांतेदक्षिणचेष्टितंचसफलंमूत्रादिकंसिद्धिदं ॥
जृंभालोलनछर्दिकासयतनंभुग्नांगविष्टादिकं
वामेचेष्टितमंगधूननमपित्याज्यंशुनोदीरितः ॥ २४ ॥

**અર્થ**:—પ્રયાણ વખતે શ્વાન ડાબો અને પ્રવેશ વખતે જમણો ઉતરે તો તે સારો; તેમજ શાંત કાર્યના વખતે જમણી તરફ ચેષ્ટા કરે, મૂત્રાદિક કરે તો તે સિદ્ધિ આપે; પણ જો ડાબી તરફ બગાસુ ખાય, તે શ્વાન પોતાના કાન ફડફડાવે, વમન કરે, ઉધરસ ખાય, જમીન ઉપર લોટી જાય, પોતાનું અંગ મરડે ( આળસ લે ), વિષ્ટાદિક કરે બીજા કોઈ પ્રકારની ચેષ્ટા કરે અને શરીરને ધૂણાવે તો તે વખત ઉતાવળ કરી પ્રયાણ કરવું નહિ. ૨૪

वामाश्वानगतिःशुभात्रगमनेशून्यागतिस्त्वन्यथा
नोचेष्टागतिभेदएवशुनकीनोमुत्रयंतीशुभा ॥
तेकुर्वंतिभयंरुजंचरुदितावर्षासुवृष्टिंतथा
वामावैबिलवासिनश्चनखिनःशस्ताःप्रवेशेन्यथा ॥ २५ ॥

**અર્થ**:—પ્રયાણ વખતે ડાબી તરફ શ્વાન ઉતરે તો તે સારો, પણ જમણી તરફ ઉતરે તો તે સારો નહિ; તેમજ ડાબી તરફ રહી ચેષ્ટા કરે અથવા પોતાની ગતિમાં કાંઈ ભેદ કરે તો ( ધીમે ચાલતો હોય તો ઉતાવળો ચાલે

"Aho Shrutgyanam"

અથવા ઉતાવળો ચાલતો હોય ને ધીમો ચાલે તો ) તે સારો નહિ; પ્રયાણ વખતે શુનકી ( કૂતરી ) જો મૂતરતી હોય તો તે સારી નહિ; તેમજ તેવા વખતમાં કૂતરાં જો રુદન કરતાં હોય તો તેથી ભય અને રોગ ઉત્પન્ન થાય પણ ચોમાસામાં રુદન કરે તો વૃષ્ટિ થાય, વળી બીલવાસી જનાવરો ( જમીન ખોદીને રહેનારાં અથવા પર્વત વગેરે સ્થળોની ગુફાઓમાં રહેનાર જનાવરો ) અને નખવાળાં જનાવરો પ્રયાણ વખતે ડાબી તરફ ઉતરે તો તે સારાં છે, પણ પ્રવેશ વખતે તે જમણી તરફ ઉતરે તો સારાં છે. ૨૫

गौरैणाविषमाःप्रदक्षिणगताःपुंसांप्रयाणेशुभाः
नोवामानसमाश्चकृष्णामिलिताःसिद्ध्यैसमावामगाः ॥
नेष्टादक्षिणगाश्चकृष्णविषमाआवेष्टनंमृत्यवे
कंडूकंपपुरीषमूत्रमशुभंवामेप्रवेशेशुभं ॥ २६ ॥

**અર્થ**:—પ્રયાણ કરનારને પ્રયાણ વખતે રાતાં અને વિષમ સંખ્યાવાળાં હરણો પ્રદક્ષિણા ફરી જાય તો તે સારાં; પણ ડાબી તરફ ઉતરે તો તે સારાં નહિ. વળી જો સમ હોય અને તે પ્રદક્ષિણા ફરી જાય તો તે પણ સારાં નહિ; પરંતુ રાતાં ભેગાં કાળાં હરણો હોય અને તે કદાચ સમ હોય તો સારાં છે; તેમજ રાતાં અને કાળાં ભેગાં મળેલાં ને તે ડાબી તરફ ઉતરે તો-પણ તે સારાં છે. વળી પ્રયાણ વખતે કાળાં મૃગો સંખ્યામાં વિષમ હોય અને તે જમણી તરફ ઉતરે તો તે સારાં નહિ; એટલુંજ નહિ પણ એ કાળાં હરણો પ્રયાણ કરનારને ચારે તરફ ફરી વળે અથવા ચારે તરફ વીંટી વળે, તો પ્રયાણ કરનારનું મૃત્યુ કરે. એ કાળા મૃગો પ્રયાણ કરનારના ડાબા અંગ તરફ રહી, મૃગ પોતાનું શરીર પોતાના પગવતી ખણે, પોતાનું શરીર કંપાવે ( થરેરી ખાય ), વિષ્ટા કરે, મૂત્ર કરે તો તે અશુભ શુકન છે; પણ પ્રયાણ વખતે એ જે અશુભ શુકન બતાવ્યા છે તેજ અશુભ શુકન પ્રવેશ વખતે તો શુભ છે એમ જાણવું. ૨૬

## वसंततिलका.

वामेचकौशिकशशौखरजंबुकौच
गोवाजिसारसशुकाअपिवायसाश्च ॥
श्रेष्ठौकपिंजलगणाधिपनामधेयो
तौपदक्षिणेचगमनेवसनेन्यथास्युः ॥ २७ ॥

"Aho Shrutgyanam"

**અર્થ**:—પ્રયાણ વખતે ઘૂવડ, સસલું, ખર, શિયાળ, ગાય, ઘોડો, સારસ, પોપટ અને કાગડો. એટલાં ડાબી તરફ બોલે તો તે સારાં છે; પણ [1]કપિંજળ અને [2]ગણપતિ એ બે જમણી તરફ બોલે તો સારાં અને પ્રવેશ વખત એ બે ડાબી તરફ બોલે તો સારાં છે. વળી ઉપર કહ્યું છે કે પ્રયાણ વખતે ડાબી તરફ બોલે તે સારાં ( કાગડો અંતે અને ઘૂવડ આદ્ય છે એટલાં જનાવરો ) પણ પ્રવેશ વખતે તો બપૈયો અને તીતર વિના બીજાં બધાંય જમણાં બોલે તો સારાં છે એમ સમજવું. ૨૭

श्रेष्ठाःप्रदक्षिणगताविषमाःप्रयाणे
एणावयांसिनकुलानखिषुत्वपीह ॥
सार्थेनृणांशकुनइष्टकरःस्वरोत्थो
वामेस्वरेवहातिताररातिःप्रशस्ता ॥ २८ ॥

**અર્થ**:—પ્રયાણ સમયે હરણ, પક્ષીઓ અને નખવાળાં જનાવરોમાં [3]નકુળ એટલાં સંખ્યામાં વિષમ હોય તોપણ પ્રદક્ષિણા કરી જાય તો તે સારાં છે; તેમજ પ્રયાણ કરનારની સંખ્યા વધારે હોય તેમાંથી કોઈ પ્રયાણ કરવાનું પ્રશ્ન કરે, તે વખત સૂર્યનું ઘર ચાલતું હોય ( નાસિકાના ડાબા છિદ્રમાંથી પવન ચાલતો હોય ) તો તે સારૂં છે. વળી એ ઘણા જણાઓ પ્રયાણ કરતી વખતે ઉપર કહેલાં પક્ષી, હરણ, કે નકુળની તારગતિ થાય તો તે પણ સારી છે એમ સમજવું. ૨૮

## उपजाति.

प्रदक्षिणाःपूर्वदिशःपिपील्यः
शून्यंतथेष्टागमनंचसिद्धिं ॥
वृष्टिंसुखंस्त्रीहरणंविदध्यु
र्धनंशुभंवक्रमतोर्थलाभं ॥ २९ ॥

**અર્થ**:—પ્રયાણ વખતે પૂર્વ દિશામાં કીડીઓ દેખવામાં આવે તો ધારેલા કાર્યની નિષ્ફળતા થાય, અગ્નિકોણે દેખવામાં આવે તો કાર્યની સિદ્ધિ કરી સુખે પાછો ઘેર આવે, દક્ષિણ દિશામાં દેખવામાં આવે તો કાર્યની સિદ્ધિ થાય, નૈર્ઋત કોણે દેખવામાં આવે તો વૃષ્ટિ થાય, પશ્ચિમ દિશાએ

૧ બપૈયો. ૨ તીતર. ૩ નોળિયો.

"Aho Shrutgyanam"

દેખવામાં આવે તો સુખ મળે, વાયુ કોણે દેખવામાં આવે તો સ્ત્રીનું હરણ થાય, ઉત્તર દિશાએ દેખવામાં આવે તો ધનની પ્રાપ્તિ થાય અને પ્રયાણ કરતી વખતે કીડીઓનો સમૂહ ઇશાન કોણે દેખવામાં આવે તો પ્રયાણ કરનાર મનુષ્યને તે શુભ છે. એ રીતે દિશાઓના અનુક્રમે કીડીઓ દેખવામાં આવે તો પ્રયાણ કરનારને અર્થ અને લાભ છે. ૨૯

## वसन्ततिलका.

यानेशवेरुदितवर्जितकेर्थसिद्धि
मृत्युःप्रवेशसमयेप्यथवारुजश्च ॥
वामंत्वदृष्टमपिरोदनमाहशस्तं
निंद्यंबिडालनृगवांशुनकस्यचक्षुत् ॥ ३० ॥

**અર્થ:**—પ્રયાણ વખતે સામે મડદું આવતું હોય તો અર્થની સિદ્ધિ થાય, પણ તેની સાથે આવતાં મનુષ્યોમાંથી કોઇ રોતું આવતું ન હોય તો અર્થની સિદ્ધિ થાય, એમ સમજવું; અને પ્રવેશ કરતી વખતે મડદું મળે તેની સાથેનાં મનુષ્ય ગમે તો રૂદન કરતાં ન હોય તોપણ તેવા શુકનથી મૃત્યુ પ્રાપ્ત થાય અથવા તેવા શુકનવડે રોગની ઉત્પત્તિ થાય. પ્રયાણ વખતે ડાબી બાજુએ કોઈ રુદન કરતું હોય તો તે ખોટા શુકન છે, પણ રુદન કરનાર પ્રયાણ કરનારની નજરે પડતું ન હોય તો તે સારા શુકન છે, વળી પ્રયાણ વખતે ડાબી તરફ બિલાડાનું તથા મનુષ્યનું અને બળધનું રુદન અર્થાત્ ત્રાસદાયક વારંવાર રુદન જેવું બોલે તો તે શુકન ખોટા છે; તેમજ પ્રયાણ વખતે કૂતરાને છીંક થાય તો તેવા શુકન પણ ખોટા છે. ૩૦

## शार्दूलविक्रीडित.

पूर्वस्यांमरणंकरोतिमुखतःशोकंचवह्न्युद्भवं
हानिंदक्षिणदिग्विभागजनितंरक्षोदिशीष्टागमं ॥
मिष्टान्नंददतेजलेशादिशिजंवायौचलक्ष्मीप्रदं
सौम्यायांकलहंधनंपशुपतौभीतिंस्वकीयंक्षुतं ॥ ३१ ॥

**અર્થ:**—પ્રયાણ વખતે પૂર્વ દિશામાં છિંક થાય તો મરણ પ્રાપ્ત થાય, અગ્નિ કોણમાં છિંક થાય તો શોક ઉત્પન્ન કરાવે, દક્ષિણ દિશામાં છિંક

"Aho Shrutgyanam"

થાય તો હાનિ કરે, નૈઋતમાં છિંક થાય તો મનોવાંછિત મળે, પશ્ચિમમાં છિંક થાય તો મિષ્ટાન્ન મળે, વાયુ કોણમાં છિંક થાય તો ધનની પ્રાપ્તિ થાય, ઉત્તર દિશામાં છિંક થાય તો કલેશ થાય અને ઈશાન કોણમાં છિંક થાય તોપણ ધનની પ્રાપ્તિ થાય. પણ જો પ્રયાણ કરનારને ( પોતાને ) છિંક થાય તો તેથી ભય ઉત્પન્ન થાય. ૩૧

## इंद्रवज्रा.

स्पंदोनराणांफलदोपसव्यः
स्त्रीणांचवामांगसमुद्भवश्च ॥
हृद्दंतनाभीकटिपृष्ठजोवा
नेष्टोनृणांवामशरीरजातः ॥ ३२ ॥

**અર્થઃ**—પુરૂષોનું જમણું અંગ ફરકે તો સારૂં અને સ્ત્રિઓનું ડાબું અંગ ફરકે તો સારૂં. પુરૂષોનું હૃદય, દાંત, નાભિ, કમ્મર અને પીઠ, એટલાં ડાબાં અંગ ફરકે તો સારાં નહિ. ૩૨

## शालिनी.

उर्ध्वेप्रांतेवामनेत्रेचभीतिं
स्पंदोदक्षेमध्यआदौचदुःखं ॥
कुर्यात्सौख्यंसर्वतोदक्षिणाधो
दुष्टोवामाधोपिमध्यांतमूले ॥ ३३ ॥

**અર્થઃ**—પુરુષના ડાબા નેત્રનો ઉંચો ભાગ ( પોપચું અથવા ડોયું ), તે નેત્રનો ખૂણો ( કાન તરફનો ખૂણો ) ફરકે તો ભય ઉત્પન્ન કરે; તેમજ જમણા નેત્રનો મધ્ય ભાગ, આદ્ય ભાગ ( નાક સામેનો ભાગ ) ફરકે તો દુઃખ કરે; પણ તેજ જમણા નેત્રનો નીચેનો ભાગ, ફરકે તો તે સર્વ પ્રકારે સુખ કરે, અને ડાબા નેત્રનો તો નીચેનો ભાગ, મધ્ય ભાગ, અંત્ય ભાગ અને મૂળ ભાગ, એ સર્વ અથવા કોઇ પણ ભાગ ફરકે તો તે ખોટું ફળ આપનાર છે. ૩૩

"Aho Shrutgyanam"

## उपजाति.

प्रदोषकालेयादिवाप्रभाते
लोकेकचित्किंचनभाषमाणे
उपश्रुतिःकार्यसमुद्यतेन
सार्वत्रकीसापरिभावनीया ॥ ३४ ॥

**અર્થ:**—પ્રદોષ વખતે ( સૂર્ય અસ્ત થયા પછી ), પ્રભાત વખતે, કોઈ ઠેકાણે કોઈ મનુષ્ય કાંઇ બોલતો હોય તે શાંભળી ઉદ્યમવાન પુરૂષે જે કાર્ય કરવું ધાર્યુ હોય તે કાર્યમાં બોલવાનો અર્થ મેળવવો. ( સારી વાત બોલતો હોય તો સારાપણાનો અને ખોટું બોલતો હોય તો વિઘ્નનો આરોપ રાખવો અર્થાત્ કાર્ય થશે અથવા નહિ થાય એવો પોતાના મનને પ્રતીતિ થાય તેવો અર્થ મેળવવો ); એમ સર્વ બાબતમાં વિચાર કરવાનો છે. ૩૪

## शार्दूलविक्रीडित.

शांताःपंचशिवारुतेपरदिशोदीप्तास्तुदग्धादितः
संत्रासव्ययबंधनानिक्रमतःस्यादिष्टवार्त्ताश्रुतिः ॥
इष्टाप्तिःशुभलाभइष्टमशनंसंगःसमंसज्जनैः
सिद्ध्यैवामनिनादएषगमनेप्रावेशकेदाक्षिणः ॥ ३५ ॥

**અર્થ:**—પ્રયાણ વખતે શિયાળના શબ્દમાં પાંચ દિશાઓ શાંત જાણવી, પણ દગ્ધાદિ લઇને ત્રણ દિશાઓ દીપ્ત જાણવી. એ દિશાઓમાં પ્રથમની જે દગ્ધા દિશા છે તેમાં શિયાળ બોલે તો તે ત્રાસ ઉત્પન્ન કરાવે; દીપ્તા દિશામાં બોલે તો વ્યય ( ખરચ ) કરાવે અને ધૂમવાળી દિશામાં બોલે તો તે બંધન કરાવે.

હવે ધૂમ પછીની પાંચ દિશાઓ જે રહી તેમાંની અનુક્રમે પ્રથમની દિશામાં શિયાળ બોલે તો કાંઇક પ્રિય વાર્તા સાંભળવામાં આવે, બીજી દિશામાં બોલે તો મનોવાંછિતની પ્રાપ્તિ થાય, ત્રીજી દિશામાં બોલે તો સારો લાભ થાય, ચોથી દિશામાં બોલે તો ઇચ્છિત ભોજન મળે અને પાંચમી દિશામાં બોલે તો સજ્જનનો સમાગમ થાય, પણ તેમાં એવી રીતે સમજવાનું છે કે, પ્રયાણ વખતે ડાબી તરફ શિયાળનો શબ્દ થાય તો તે સિદ્ધિ કરે; તેમજ પ્રવેશ વખતે જમણી તરફ શિયાળનો શબ્દ થાય તો સિદ્ધિ કરે. ૩૫

"Aho Shrutgyanam"

## शालिनी.

शीर्षेपल्यारोहणेराज्यलाभः
कर्णेभूषैश्वर्यमेवांहिभाले ॥
नेत्रेमित्रंनासिकायांसुगंधो
वक्रेमिष्टान्नंचकंठेप्रियाप्तिः ॥ ३६ ॥

**અર્થ**:—પલ્લી જો માથે ચઢે તો તેથી રાજ્યની પ્રાપ્તિ થાય, કાન ઉપર ચઢે તો આભૂષણ ( ઘરેણું ) મળે, કપાળમાં ચઢે તો સમૃદ્ધિ મળે, નેત્ર ઉપર ચઢે તો મિત્રની મુલાકાત થાય, નાક ઉપર ચઢે તો સુગંધીની પ્રાપ્તિ થાય, મુખ ઉપર ચઢે તો મિષ્ટાન્ન મળે અને કંઠે ચઢે તો તેથી *વલ્લભ જનની મુલાકાત થાય. ૩૬

## वसन्ततिलका.

स्कंधेजयंभुजगताप्रकरोतिलाभ
मर्थंकरेसुभगतांस्तनगाचपल्ली ॥
हृत्कुक्षिपृष्टिकटिनाभिषुपुत्रसौख्यं
लाभंतथांबरसमागमकीर्त्तिवृद्धिं ॥ ३७ ॥

**અર્થ**:—જો ખભા ઉપર પલ્લી ચઢે તો જય કરે, ભુજા ઉપર ચઢે તો લાભ કરે, હાથ ઉપર ચઢે તો ધનની પ્રાપ્તિ કરાવે, સ્તન ઉપર ચઢે તો સૌભાગ્યપણું મળે, હૃદય ઉપર ચઢે તો પુત્રની પ્રાપ્તિ થાય, કુક્ષિ અથવા કુખ અથવા પેટ અને પાંસળીના મધ્યના ભાગે ચઢે તો સુખ પ્રાપ્ત થાય, પીઠ ઉપર ચઢે તો લાભ થાય; કટિ ઉપર ચઢે તો વસ્ત્રની પ્રાપ્તિ થાય અને નાભિ ઉપર પલ્લી ચઢે તો તેથી કીર્ત્તિની વૃદ્ધિ થાય. ૩૭.

## शार्दूलविक्रीडित.

पार्श्वेबंधुविवर्धनंचमरणंगुह्येगुदेरोगता
प्पूरौवाहनमर्थमेवतदधोजंघापदोःस्याद्गतिः ॥
एवंशौनकशुक्रगर्गमुनिभिःप्रोक्तंफलंवामतः
पल्यावासरटस्यदक्षिणसमारोहेफलानांक्षयः ॥ ३८ ॥

* વલ્લભ એટલે પુરુષના કંઠે ચઢે તો તેને સ્ત્રીની મુલાકાત થાય, અને જો સ્ત્રીના કંઠે પલ્લી ચઢે તો તેને તેના પ્રિયની પ્રાપ્તિ થાય.

"Aho Shrutgyanam"

**અર્થઃ**—જો પાસા ઉપર પલ્લી ચઢે તો તેથી બંધુની વૃદ્ધિ થાય, ગુહ્ય ભાગ ઉપર ચઢે તો ( ખાનગી ભાગ ઉપર ચઢે તો ) તેથી મરણ થાય, ગુદા ઉપર ચઢે તો રોગ થાય, સાથળ ઉપર ચઢે તો વાહન મળે, સાથળથી નીચેના ભાગે ચઢે તો ધનની પ્રાપ્તિ થાય, જંઘા અથવા પિંડી ઉપર ચઢે તો તથા પગ ઉપર અથવા પગના પંજા ઉપર ચઢે તો કોઇ ઠેકાણે પ્રવાસ કરવાનું થાય.

એ પ્રકારે ડાબા અંગ ઉપર પલ્લી ચઢવાનું ફળ શૌનક, શુક્ર અને ગર્ગાદિ મુનિઓએ કહ્યું છે; તેજ રીતનું ( પલ્લીની રીતે ) સરડો અથવા સાંડનું ડાબા અંગ ઉપર ચઢવાનું ફળ કહ્યું છે પણ એ સાંઢ કે પલ્લી જમણા અંગ ઉપર ચઢે તો કોઈ પ્રકારના ફળની પ્રાપ્તિ થાય નહિ એમ સમજવું. ૩૮

मूलाख्याज्वलनीतथैवदहनीस्यात्तोरणंसृष्टितो
वामेलूंबककःप्रमाणमितिचस्यात्पंचकोमूलकं ॥
पंचत्वंवरकस्तथाभ्रमणकंप्रोक्तंध्रुवोमागृहं
तस्मात्पूर्वघटीमहेश्वरदिशाप्राच्यादितःषोडश ॥ ३९ ॥
दीप्तासर्वदिशोपिभानुवशतस्तेनाजिताशोभनाः
प्राकमूलाशशिखिवायुराक्षसादिशोदीप्तास्तथाशांकरी ॥
शांतेदक्षिणपश्चिमेमृतघटीमातुर्गृहंपंचमं
सिद्ध्यैलुंबकएवलौकिकमतेनुर्धस्तथाधोधमः ॥ ४० ॥
गोछत्रांबुजकुंजरेषुतुरगेसर्पेचपुर्वेदिने
दृष्टःखंजनकोददातिसनृणांराज्यंसितोवासितः ॥
सौख्यंशांतसमाश्रितःप्रकुरुतेगेहच्छदेर्थक्षयं
श्वानेरज्जुखरोष्ट्रगांत्रिषुभयंसर्वत्रपीतंत्यजेत् ॥ ४१ ॥

**અર્થઃ**—ગાય, છત્ર, કમળ, હાથી, ઘોડો, અને સર્પ. એમાંથી કોઈના ઉપર પેહેલા પહોરમાં બેઠેલું ધોળું અથવા કાળું ખંજનપક્ષી દેખવામાં આવે તો તે રાજ્યની પ્રાપ્તિ કરાવે, ધોળું અથવા કાળું ખંજન શાંત સ્થાનકમાં બેઠેલું હોય તો સુખ આપે, ઘરના છાપેરા ઉપર બેઠેલું હોય તો ધનનો નાશ

"Aho Shrutgyanam"

કરે અને કુતરા ઉપર, દોરી ઉપર, ખર ઉપર અને ઉંટ ઉપર, ખંજન દેખવામાં આવે તો તે ત્રણ લોકમાં ભય કરે, એ ધોળા અને કાળા ખંજન વિષે છે પણ પીળું ખંજન તો કોઇ ઠેકાણે સારું નહિ એમ સમજવું. ૪૧

### उपजाति.

दुर्गागतिःपिंगलिकारुतंच
चेष्टाशुनःस्थानकमेवकाके ॥
दिशःशिवायाःशकुनेमुनींद्रै
रेतद्विशेषात्कथितंबलिष्टं ॥ ४२ ॥

**અર્થઃ**—શકુન વિષે દુર્ગાની ગતિ, પિંગળાનો શબ્દ, શ્વાનની ચેષ્ટા, કાગડાનું સ્થાનક અને શિયાળની દિશા. એટલાંઓના શુકનો માટે તો મુનિશ્વરોએ પણ વિશેષ બળવાનપણું બતાવ્યું છે. ૪૨

श्रीमेदपाटेनृपकुंभकर्ण
स्तदंघ्रिराजीवपरागसेवी ॥
समंडनाख्योभुविसूत्रधार
स्तेनोद्धृतोभूपतिवल्लभोयं ॥ ४३ ॥

**અર્થઃ**—મેદપાટ, ( મેવાડ ) દેશના મહારાજા કુંભકર્ણના ચરણકમળની રજને સેવનાર મંડન નામના સૂત્રધારે ઉદ્ધાર કરી આ રાજવલ્લભ રચ્યો. ૪૩

### मालिनी.

गणपतिगुरुभक्त्याभारतीपादतुष्ट्या
मुनिमतमिदमुक्तंवास्तुशास्त्रंसुवृत्तं ॥
गणितमपिचसारंशाकुनंसारभूतं
भवतुचतुरयोग्यंविश्वकर्मप्रसादात् ॥ ४४ ॥

"Aho Shrutgyanam"

**અર્થ:**—ગણુપતિ અને ગુરુની ભક્તિ; સરસ્વતીના ચરણકમળની પ્રસન્નતાવડે અને મુનિઓના મત પ્રમાણે, શ્રેષ્ઠ વૃત્તાવાળું આ વાસ્તુશાસ્ત્ર કહ્યું છે. તેમાં સારરૂપે ગણીત તથા શુકન શાસ્ત્ર છે. તે સકળશાસ્ત્ર વિશ્વકર્માની કૃપાવડે ચતુર પુરુષોને અંગીકાર કરવા લાયક થાઓ. ૪૪

**इतिश्री वास्तुशास्त्रे राजवल्लभे मंडनकृते शुद्धजनप्रणित शकुनलक्षणं नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥**

---

ઇતિ સંપૂર્ણ.